જૈન ધર્મ ચિંતન

દલસુખભાઈ માલવણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યા વિકાસ ફંડ, ગ્રંથાંક–૭ શ્રેષ્ઠી. ક. લા. સ્મા. નિધિ, ગ્રંથાંક–૫

જૈન ધર્મ ચિંતન

લેખક :
દલસુખ માલવણિયા

સંપાદક :
સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રકાશક :
પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ
અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક :

ડૉ. કે. આર. ચન્દ્રા
માનદ મંત્રી, પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ
૩૭૫, સરસ્વતીનગર, આઝાદ સોસાયટી
અમદાવાદ–૩૮૦ ૦૧૫

પ્રત : ૧૦૦૦, આવૃત્તિ બીજી

ઈ. સ. ૧૯૯૧

મૂલ્ય : રૂા. ૪૦–૦૦

મુખ્ય વિતરક :

પ્રાર્શ્વ પ્રકાશન
નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ
અમદાવાદ–૩૮૦ ૦૦૧

મુદ્રક :

હરજીભાઈ એન. પટેલ
ક્રિશ્ના પ્રિન્ટરી
૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ–૧૩
ફોન : ૪૮૪૩૯૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આભાર

આ ગ્રંથનું પ્રકાશન ખર્ચ
શ્રેષ્ઠી કસ્તૂરભાઈ લાલભાઈ સ્મારક નિધિ
(બી-૧૧, ન્યૂ કલોથ માર્કેટ, અમદાવાદ-૨)
દ્વારા પ્રાપ્ત થયું છે.
એ ટ્રસ્ટના સૌ ઉદારમના ટ્રસ્ટીઓ
શ્રી અરવિન્દભાઈ નરોત્તમભાઈ
શ્રી આત્મારામભાઈ ભોગીલાલ સુતરિયા
શ્રી સંવેગભાઈ અરવિન્દભાઈ
શ્રી કલ્યાણભાઈ પુરુષોત્તમદાસ ફડિયા
શ્રી રમેશભાઈ પુરુષોત્તદાસ શાહ
પ્રત્યે અમે હાર્દિક આભાર વ્યકત કરીએ છીએ.

—પ્રકાશક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ

(૧૮૯૪-૧૯૮૦)

સ્વ. શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના આયુષ્યનો પટ વીસમી સદીના આઠ દાયકા પર એક યુગની જેમ વિસ્તરેલો હતો, અમદાવાદ સ્થપાયું તેનીય પહેલાંથી ગુજરાતમાં મહાજનની જે પરંપરા ચાલી આવતી હતી તેનો લગભગ છેલ્લો કહી શકાય તેવો સ્તંભ કસ્તૂરભાઈ હતા. તે પરંપરાના પ્રતિનિધિ તરીકે તેમણે નીતિ અને પ્રામાણિકતા પર મંડાયેલ વેપારનો આદર્શ પૂરો પાડ્યો હતો. ઉદ્યોગક્ષેત્રે નૂતન યુગ પ્રવર્તાવનાર અગ્રણીઓમાં તેમની ગણના થયેલી છે. ઉદ્યોગમાં 'મૉડર્નાઇઝેશન'ની હવા ફૂંકવા સાથે રાષ્ટ્રનું હિત જોઈને વ્યવહાર કરનાર ભારતના અલ્પસંખ્ય ઉદ્યોગપતિઓમાં તેમનું સ્થાન હતું. વિદેશી પેઢીઓના સહકારથી ભારતમાં રંગ-રસાયણના ઉત્પાદનનો પ્રારંભ કરનાર કસ્તૂરભાઈ અનોખી આવડતથી ભારતીય અર્થનીતિના આધારસ્તંભ બન્યા હતા. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વેપાર અને અર્થકારણની અનેક અટપટી આંટીઘૂંટીઓને બુદ્ધિપૂર્વક ઉકેલી બતાવનાર નિષ્ણાત અને વિચક્ષણ વિષ્ટિકાર તરીકે પણ તેમણે નામના મેળવી હતી. અમદાવાદ કે ભારતના જ નહીં, દુનિયાના કાપડઉદ્યોગના ઇતિહાસમાં તેમનું નામ અને કામ સુવર્ણાક્ષરે લખાય તેવી તેમની એ ક્ષેત્રની સેવા હતી.

ઉદ્યોગની માફક કલા અને શિક્ષણ પરત્વે પણ તેમની દૃષ્ટિ પ્રગતિશીલ હતી. રાણકપુર અને દેલવાડાનાં શિલ્પ-સ્થાપત્ય, અટીરા, પી. આર. એલ. અને આઈ. આઈ. એમ. જેવી સંસ્થાઓ તેમની પ્રગતિઅભિમુખ વિચારશ્રેણીનાં ચિરંજીવ દૃષ્ટાન્તો છે. આઝાદીના સંગ્રામકાળ દરમ્યાન તેમણે રાષ્ટ્રીય નેતાઓને આપેલો સહકાર તેમની હિંમત અને દેશદાઝની ગવાહી પૂરે છે.

ખોટું ખર્ચ એક પૈસાનું પણ ન થાય તેની તેઓ ચીવટ રાખતા પણ જરૂર લાગે ત્યાં લાખો રૂપિયાનું ખર્ચ લોકકલ્યાણ અર્થે દાન રૂપે કરવામાં સંકોચ રાખતા નહીં. તેમના ઉદ્યોગગૃહમાં એક વાર માણસને નીમ્યા પછી સારેમાઠે પ્રસંગે તેની પડખે ઊભા રહીને મદદ કરવામાં તેમનું ઉદાર, માનવતાભર્યું વર્તન પ્રગટ થતું. ધનની માફક શબ્દોની અને સમયની પણ તેઓ કરકસર કરતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાણાં, શબ્દ અને સમય એ ત્રણમાં તેમની કઈ કરકસર ચડે તે કહેવું મુશ્કેલ છે. એ ત્રણે બાબતોનો ચોખ્ખો અને ચોક્કસ હિસાબ રાખવામાં તેમનો આગ્રહ રહેતો. આ બધું તેઓ કોઈ પણ આધુનિકને શરમાવે તેટલી ચીવટ ને સુઘડતાથી કરતા. શિસ્ત ને સંયમના તેઓ ચાહક હતા. વજ્ર જેવા દેખાતા તેમના હૃદયની નીચે સ્વજનો, સ્વધર્મીઓ અને સ્વદેશવાસીઓ માટે પ્રેમનો ઝરો વહેતો. તેમની જાહેર સેવાપ્રવૃત્તિ ૧૯૧૮માં ગુજરાત રેલસંકટના રાહતકાર્યથી શરૂ થયેલી તે મોરબીની હોનારત સુધીનાં રાહતકાર્યો સુધી ચાલેલી. લોકકલ્યાણનાં વિવિધ ક્ષેત્રોમાં તેમણે કરેલા દાનનો પ્રવાહ અમદાવાદથી ગુજરાતમાં ફેલાઈને ભારતભરમાં ફરી વળેલ છે, જેના ફળસ્વરૂપે જૈન તીર્થો અને ધર્મસ્થાનોનો કલાદષ્ટિપૂર્વકનો જીર્ણોદ્ધાર થયો છે, ગુજરાત વિશ્વવિદ્યાલય અને તેને સંલગ્ન વિવિધ શિક્ષણસંસ્થાઓની સ્થાપના થયેલ છે અને પ્રાચ્ય વિદ્યાકલાના સંશોધનની તેમજ કાપડઉદ્યોગ અને વ્યવસ્થાપન (બિઝનેશ મેનેજમેન્ટ)ના તથા ભૌતિકશાસ્ત્ર, પર્યાવરણવિદ્યા વગેરેના શિક્ષણની અભિનવ ઉત્તમ સગવડ ઊભી થઈ શકી છે.

આવી બહુમુખી પ્રતિભા ધરાવતા, ગુજરાતના આ મહાન સપૂતના જીવનની ઝલક જોઈએ.

કસ્તૂરભાઈનો જન્મ ઈ. સ. ૧૮૯૪ના ડિસેમ્બરની ૧૯ મી તારીખે અમદાવાદમાં થયો હતો. તેમના પિતા લાલભાઈ દલપતભાઈ શેઠ બી.એ. સુધી ભણેલા. ધનોપાર્જનની સાથે સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરવાની ભાવના તેમનામાં હતી. એટલે જૈન સમાજનાં અને વ્યાપક લોકહિતનાં કામોમાં તેમનો અગ્રહિસ્સો રહેતો. નગરશેઠ મયાભાઈના અવસાન પછી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પ્રમુખપદ તેમને સોંપાયું હતું. લોર્ડ કર્ઝને માઉન્ટ આબુની મુલાકાત દરમ્યાન દેલવાડાનાં દહેરાંનાં શિલ્પસ્થાપત્યથી પ્રભાવિત થઈને તે મંદિરો સરકારી પુરાતત્ત્વ ખાતાને સોંપવાનો પ્રસ્તાવ મૂકેલો, ત્યારે લાલભાઈ શેઠે તેનો વિરોધ કરેલો, અને પેઢી હસ્તક તેની સુરક્ષા સુપેરે ચાલે છે તેની ખાતરી કરાવવા આઠદસ વર્ષ સુધી મંદિરોમાં કારીગરોને કામ કરતા બતાવ્યા હતા. ૧૯૦૩ થી ૧૯૦૮ સુધી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મહામંત્રી તરીકે તેમણે સેવાઓ આપી હતી. ૧૯૦૮માં સમેતશિખર પર ખાનગી બંગલા બાંધવાની સરકારે મંજૂરી આપેલી તેની સામે વિરોધ નોંધાવીને સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાલાભાઈ શેઠે તે મંજૂરી રદ કરાવી હતી. તેઓ ગુજરાત કૉલેજના ટ્રસ્ટી પણ હતા. શાળાઓ, પુસ્તકાલયો અને સામાજિક સંસ્થાઓના પુરસ્કર્તા દાનવીર તરીકે તેમની સુવાસ ગુજરાતભરમાં ફેલાયેલી હતી. સરકારે તેમની સેવાઓની કદર રૂપે તેમને સરદારનો ખિતાબ આપ્યો હતો. ૧૯૧૨ના જૂનની પાંચમી તારીખે એકાએક હૃદય બંધ પડવાથી ૪૯ વર્ષની વયે તેમનું અવસાન થયેલું.

લાલભાઈને સાત સંતાનો હતાં. ત્રણ પુત્રો અને ચાર પુત્રીઓ, કસ્તૂરભાઈની પહેલાં બે બહેનો, ડાહીબહેન અને માણેકબહેન અને એક ભાઈ, ચીમનભાઈ જન્મેલાં. તેમની પછી જન્મેલાં તે નરોત્તમભાઈ, કાન્તાબહેન અને લીલાવતીબહેન, પિતાના કડપ અને માતાના વાત્સલ્ય વચ્ચે સાત સંતાનોનો ઉછેર થયો હતો.

કસ્તૂરભાઈએ પ્રાથમિક શિક્ષણ ત્રણ દરવાજા પાસેની મ્યુનિસિપલ શાળા નં. ૮માં લીધું હતું. ૧૯૧૧માં આર. સી. હાઇસ્કૂલમાંથી તેઓ મેટ્રિક્યુલેશન પરીક્ષામાં બીજા વર્ગમાં ઊંચે નંબરે પાસ થયેલા. તે વખતે આર. સી. હાઈસ્કૂલના હેડમાસ્તર કોન્ટ્રેક્ટર તથા સાક્ષરશ્રી કેશવલાલ ધ્રુવનો પ્રભાવ તેમના પર પડેલો. સ્વ. બલુભાઈ ઠાકોર અને સ્વ. જીવણલાલ દીવાને સ્વદેશીની હિલચાલ શરૂ થતાં એ સરકારી શાળામાંથી રાજીનામું આપેલું. તે વખતે કસ્તૂરભાઈ અંગ્રેજી ચોથા ધોરણમાં હતા. મેટ્રિક પાસ થયા પછી તેઓ ગુજરાત કૉલેજમાં દાખલ થયા. પરંતુ તે પછી છ મહિનામાં પિતાનું અવસાન થતાં મિલના વહીવટમાં ભાઈને મદદ કરવા સારું તેમને ભણતર છોડવું પડ્યું.

મઝિયારું વહેંચાતાં કુટુંબને ભાગે આવેલી રાયપુર મિલનો વહીવટ કાકાની નિગેહબાની નીચે શરૂઆતમાં ચાલતો હતો. કસ્તૂરભાઈએ ટાઈમકીપરની, સ્ટોરકીપરની અને રૂની ખરીદી અંગેની કામગીરી બજાવતાં બજાવતાં કાપડ-ઉદ્યોગની જાણકારી મેળવી લીધી. પછી આપસૂઝ અને કુનેહથી મિલનો વહીવટ એવી સુંદર રીતે કર્યો કે પ્રથમ પ્રયત્ને જ ઊંચી ગુણવત્તાવાળું કાપડ ઉત્પન્ન કરીને રાયપુર મિલને ભારતના નકશા પર મૂકી આપી. પછી તો અશોક મિલ (૧૯૨૧), અરુણ મિલ (૧૯૨૮), અરવિંદ મિલ (૧૯૩૧), નૂતન મિલ (૧૯૩૨), અનિલ સ્ટાર્ચ (૧૯૩૭), ન્યૂકોટન મિલ (૧૯૩૭), નીલા પ્રોડક્ટ્સ (૧૯૪૪) અને એ સૌના શિરમોર જેવો અતુલ સંકુલ (૧૯૫૦) : એમ તેમના ઉદ્યોગનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો અને 'લાલભાઈ ગ્રુપ'ની ગણના દેશનાં અગ્રગણ્ય ઉદ્યોગગૃહોમાં થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધો વખત કસ્તૂરભાઈએ પિતાની માફક સાર્વજનિક હિતનાં કામોમાં પણ એટલા જ ઉત્સાહથી રસ લીધો હતો. ૧૯૨૧માં સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બનેલાં. તેમના કહેવાથી કસ્તૂરભાઈ અને તેમના ભાઈઓએ મ્યુનિસિપલ પ્રાથમિક શાળા માટે રૂપિયા પચાસ હજારનું દાન આપ્યું. ત્યારથી દાનના શ્રીગણેશ મંડાયા. ૧૯૨૧ના ડિસેંબરમાં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું અધિવેશન ભરાયેલું તે વખતે પં. મોતીલાલ નેહરુ સાથે તેમને મૈત્રીસંબંધ બંધાયો, ૧૯૨૨માં સરદારની સલાહથી કસ્તૂરભાઈ વડી ધારાસભામાં મિલમાલિક મંડળના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા. ૧૯૨૩માં સ્વરાજ પક્ષની સ્થાપના થઈ. તે પક્ષને અમદાવાદ તથા મુંબઈના મિલમાલિકોએ પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. વડી ધારાસભામાં કાપડ પરની જકાત રદ કરવાનું બિલ કસ્તૂરભાઈએ મૂક્યું હતું ને સરકાર તરફથી અનેક વિઘ્નો આવવા છતાં તે બિલ છેવટે પસાર થયું હતું. સ્વરાજ પક્ષના સભ્ય નહીં હોવા છતાં કસ્તૂરભાઈને પં. મોતીલાલજીએ 'સવાઈ સ્વરાજિસ્ટ'નું બિરુદ આપ્યું હતું. ૧૯૨૧ માં અમદાવાદમાં મજૂરો અને મિલમાલિકો વચ્ચે બોનસ અંગે ઝઘડો થયેલો; ૧૯૨૩માં પગારઘટાડાને કારણે મજૂરોએ હડતાળ પાડેલી અને ૧૯૨૮માં મજૂરોની વેતનધારાની માંગણી અંગે ગાંધીજી અને મંગળદાસનું પંચ નિમાયેલું. ૧૯૩૬માં મિલમાલિકોએ વેતનકાપની જાહેરાત કરતાં ગાંધીજી અને કસ્તૂરભાઈના પંચ વચ્ચે મતભેદ ઊભો થયેલો. તે બધા પ્રસંગે કસ્તૂરભાઈએ કોઈની સેહમાં તણાયા વગર પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આપેલો. પણ આ મતભેદને કારણે તેમણે કોઈના તરફ રાગદ્વેષનું વલણ દાખવ્યું નહોતું.

સ્વરાજ આવ્યા પહેલાં મજૂરોના પ્રતિનિધિ તરીકે (૧૯૨૯) અને ભારતના ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ તરીકે (૧૯૩૪) તેમણે જિનીવા મજૂર પરિષદમાં ભાગ લીધો હતો. ભારત અને બ્રિટન વચ્ચેના વેપાર અંગેની સમિતિ પર તેમની નિમણૂક થયેલી (૧૯૩૬) તેમજ ઇજિપ્તમાં ખરીદેલ રૂના પ્રશ્ન અંગે ઇજિપ્ત સરકાર સાથે (૧૯૪૩) અને બ્રિટનના ટેકસ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરર્સ સાથે (૧૯૪૬) વાટાઘાટો કરેલી. સ્વરાજ આવ્યા પછી પણ આ પ્રકારના પ્રતિનિધિ-મંડળોની આગેવાની તેમણે સંભાળેલી. એ બધા પ્રસંગે દેશનું હિત સર્વોપરિ ગણીને તેમણે પરદેશીઓ સાથે ચર્ચા કરી હતી અને કુનેહપૂર્વક પોતાની વાત તેમને ગળે ઉતારી હતી.

કસ્તૂરભાઈની શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રની સેવા તેમણે કરેલી લોકહિતની પ્રવૃત્તિઓના શિખરરૂપ છે. ૧૯૩૫ના મેની ૧૫મી તારીખે અમદાવાદ એજ્યુકેશન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોસાયટીની સ્થાપના થઈ. તેનું આયોજન કસ્તૂરભાઈએ કરી આપ્યું હતું. ભવિષ્યના વિકાસને લક્ષમાં રાખીને તેમણે છસો એકર જમીન ૭૦ લાખ રૂપિયા ખર્ચીને સંપાદન કરાવી હતી, જેને લીધે ગુજરાત યુનિવર્સિટીનું ભવ્ય ને વિશાળ કેમ્પસ અસ્તિત્વમાં આવી શક્યું છે. તેમના પરિવાર તરફથી આર્ટ્સ કૉલેજ, એન્જિનિયરિંગ કૉલેજ તથા પ્રાચ્યવિદ્યામંદિરને માટે મોટાં દાન અપાયાં. છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષમાં લાલભાઈ દલપતભાઈ પરિવાર ટ્રસ્ટ તરફથી પોણા ત્રણ કરોડ રૂપિયાની અને તેમને હસ્તક ચાલતાં ઉદ્યોગગૃહો તરફથી ચાર કરોડ રૂપિયાની સખાવત થયેલી છે. કસ્તૂરભાઈ શેઠને શિક્ષણ પ્રત્યે કેટલી દિલચસ્પી હતી તે આ પરથી જોઈ શકાશે. જો તેમ ન હોત તો અટીરા, પી. આર. એલ., લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ, સ્કૂલ ઑફ આર્કિટેક્ચર, નેશનલ ઇન્સ્ટિટયૂટ ઑફ ડિઝાઈન અને વિક્રમ સારાભાઈ કમ્યૂનિટી સેન્ટર જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલી સંસ્થાઓ અમદાવાદને આંગણે ઊભી થઈ શકી હોત કે કેમ એ શંકા છે. પીઢ ઉદ્યોગપતિ કસ્તૂરભાઈ અને જુવાન વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈના સંયુક્ત સ્વપ્નની એ સિદ્ધિ છે.

કસ્તૂરભાઈની પ્રિય આકાંક્ષા પાર પાડનારી બીજી એક સંસ્થા તે યુનિવર્સિટી કેમ્પસ પર છેલ્લા ત્રણ દાયકાથી આગઓટ આકારના રૂપકડા સ્થાપત્યરૂપે ઊભેલું લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર છે. ૧૯૫૭માં તેની સ્થાપના થયેલી. તેનુ ઉદ્‌ઘાટન જવાહરલાલ નેહરુએ કરેલું. મુનિશ્રી પુણ્યવિજયજીએ આ સંસ્થાને ૧૦,૦૦૦ હસ્તપ્રતો અને ૭૦૦૦ પુસ્તકોની અત્યંત મૂલ્યવાન ભેટ આપી હતી. આજે સસ્થા પાસે ૭૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો એકત્ર થયેલી છે, તેમાંથી દસ હજાર જેટલી હસ્તપ્રતોની યાદી કેન્દ્ર સરકારની સહાયથી અને પાંચ હજાર જેટલી હસ્તપ્રતોની યાદી ગુજરાત સરકારની સહાયથી પ્રસિદ્ધ થયેલી છે. આજ સુધીમાં સંસ્થા તરફથી ૧૮૦ થી પણ વધુ સંશોધનગ્રંથો પ્રકાશિત થયેલા છે અને ૨૦૦૦ જેટલી કીમતી હસ્તપ્રતોની માઈક્રોફિલ્મ ઉતરાવાયેલી છે. આ સંસ્થાનું મુખ્ય આકર્ષણ સાંસ્કૃતિક સંગ્રહાલય છે. કસ્તૂરભાઈ અને તેમનાં કુટુંબીજનો તરફથી ભેટ મળેલી સંખ્યાબંધ પુરાવસ્તુઓ તેમાં સંઘરાયેલી છે. સુંદર ચિત્રો, શિલ્પો, આભૂષણો, ગૃહશોભાની વસ્તુઓ, પોથીઓ અને બારમી સદીની ચિત્રયુક્ત હસ્તપ્રતો મળીને આશરે ચારસો નમૂનાઓ આ સંગ્રહાલયમાં મૂકેલા છે, જે પ્રાચીન ભારતીય જીવન અને સંસ્કૃતિની મોહક ઝલક પૂરી પાડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કસ્તૂરભાઈની કલાદૃષ્ટિને જૂના પ્રેમાભાઈ હૉલની બાંધણી ખૂંચતી હતી. તેનો કાયાકલ્પ કરાવવાની તેમણે યોજના કરી, રૂા. ૫૫,૭૦,૦૦૦ ના ખર્ચે પ્રેમાભાઈ હૉલની નવરચના થઈ તેમાં રૂા. ૩૨,૧૫,૦૦૦નું દાન કસ્તૂરભાઈ પરિવાર અને લાલભાઈ ગ્રુપના ઉદ્યોગગૃહોએ આપેલું.

વિખ્યાત સ્થપતિ લૂઈ કાન્હે કસ્તૂરભાઈને કુદરતી સૂઝવાળા સ્થપતિ કહ્યા હતા તે, તેમણે પોતાની જાતદેખરેખ નીચે રાણકપુર, દેલવાડા, શત્રુંજય અને તારંગા તીર્થનાં મંદિરોના શિલ્પ-સ્થાપત્યનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે તે જોતાં, સાચું લાગે છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ તરીકે તેમણે દાયકાઓથી જીર્ણ અવસ્થામાં પડેલાં તીર્થમંદિરોની રોનક સુધારવાની યોજના ઘડી, ચારે બાજુ ટેકરીઓની વચ્ચે જંગલમાં બિસ્માર હાલતમાં ઉપેક્ષિત રહેલા રાણકપુર તીર્થે પુનરુદ્ધાર પામતાં નવી રોનક ધારણ કરી છે. કસ્તૂરભાઈએ ખૂબ જહેમત ઉઠાવીને જૂની કોતરણી જ્યાંજ્યાં ક્ષત થઈ હતી ત્યાંત્યાં તેમાં ભળી જાય તેવી નવી કોતરણી અને ભાત કારીગરો પાસે ઉપસાવરાવી હતી. એવું જ દેલવાડા. તારંગા અને શત્રુંજય તીર્થનું છે. દેલવાડાનાં દહેરાંના આરસના કુળનો આરસ દાંતના ડુંગરામાંથી મેળવતાં ખૂબ તકલીફ પડી હતી. જીર્ણોદ્ધારનો ખર્ચ શિલ્પીએ ઘનફૂટના પચાસ રૂપિયા કહેલો પણ શિલ્પ તૈયાર થયા પછી તે પચાસને બદલે બસો રૂપિયા થયેલો માલૂમ પડ્યો, પણ એટલી સુંદર પ્રતિકૃતિ બની હતી કે કસ્તૂરભાઈનો કલાપ્રેમી આત્મા પ્રસન્ન થઈ ગયો અને વધુ ખર્ચનો જરા પણ રંજ ન થયો. શત્રુંજય તીર્થમાં તેમણે જૂના પ્રવેશદ્વારોને સ્થાને ભવ્ય દરવાજા મુકાવ્યા છે અને મુખ્ય દેરાસરની કળાને ઢાંકી દેતી નાની દેરીઓ અને તેમાંની મૂર્તિઓને વચ્ચેથી ખસેડી લીધી છે.

ધર્મદૃષ્ટિ ખૂલતાં જીવનદર્શનની ક્ષિતિજોનો વિસ્તાર થાય છે તેવું જીર્ણોદ્ધાર પામેલાં આ ધર્મસ્થાનો જોનારને લાગવાનો સંભવ છે.

એક અમેરિકન મુલાકાતીએ એક વાર કસ્તૂરભાઈને, પ્રશ્ન કર્યો, "આવતી કાલે જ તમારું અવસાન થવાનું હોય તો..."

"મને આનંદ થશે." અટ્ટહાસ્ય કરતાં કસ્તૂરભાઈ કહ્યું.

"પણ પછી શું ?"

"પછી શું થશે તેની મને જરાય ચિન્તા નથી."

"તમારું શું થશે તેનો વિચાર આવે છે ખરો ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હું પુનર્જન્મમાં માનું છું."

"એટલે ?"

"જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે ઈશ્વર જેવું કાંઈ નથી. હું ઈશ્વરની સ્થિતિ પર્યન્ત પહોંચી શકું છું. તેનો અર્થ એ થયો કે મારે મારું ચારિત્ર્ય એટલું ઊંચે લઈ જવું જોઈએ કે એ પદને માટે હું ક્રમેક્રમે પાત્ર થતો જાઉં. આ વિચાર માટે મને ખૂબ માન છે, ગૌરવ છે."

"તે સ્થિતિએ શી રીતે પહોંચી શકાય ?"

"તે પણ અમારા ધર્મમાં બતાવ્યું છે. સત્ય બોલવું, ધનનો પરિગ્રહ ન રાખવો, હિંસા ન કરવી, વગેરે. આ કહ્યા તેનાથી ઊંચા સિદ્ધાન્તો બીજે ભાગ્યે જ જોવા મળશે."

"જૈન ધર્મ એટલે શું ?"

"ખરું પૂછો તો જૈન ધર્મ તે ધર્મ નથી, જીવન જીવવાની એક રીત છે, જેનું અનુસરણ કરવાથી આ જિંદગીમાં જ ઉચ્ચ આધ્યાત્મિક કોટિએ પહોંચી શકાય છે."

"જૈન ધર્મમાં ધનનો સંચય ન કરવાનું કહ્યું છે ખરું ?"

"ના, તેમાં એમ કહ્યું છે કે નક્કી કરેલી મર્યાદાથી અધિક સંપત્તિ ન રાખવી."

"તમે એનું વ્રત લીધું છે ખરું ?"

"ના, પોતે મેળવેલ ધનનો અમુક ભાગ સાર્વજનિક કલ્યાણ અર્થે ખર્ચવો એવો મારો નિયમ છે ખરો."

તા. ૮ જાન્યુઆરી ૧૯૮૦, કસ્તૂરભાઈ મુંબઈમાં માંદા પડ્યા. ડૉકટરે તેમની નાજુક તબિયત જોઈને પંદર દિવસ પથારીમાં રહેવાની સલાહ આપી. 'મને એક વાર અમદાવાદ ભેગો કરો. પછી ત્યાં આરામ લઈશ," કસ્તૂરભાઈએ કહ્યું. ડૉકટરે પ્રવાસનું જોખમ ખેડવાની ના પાડી, પણ કસ્તૂરભાઈએ અમદાવાદ સાથે એવું અદ્વૈત સાધ્યું હતું કે છેલ્લા દિવસો અમદાવાદમાં ગાળવાની તેમની તીવ્ર ઇચ્છા હતી. તેમની બેચેની જોઈને ડૉકટરે છેવટે તેમને અમદાવાદ જવાની સંમતિ આપી. વેદનામાં પણ તેમના મુખ પર આનંદ છવાયો. એમ્બ્યુલન્સ ગાડીમાં તેમને સ્ટેશને લઈ ગયા, બીજે દિવસે સવારે અમદાવાદ પહોંચ્યા ત્યારે મન પ્રફુલ્લ થયું અને સર્વ દર્દ જાણે અદૃશ્ય થઈ ગયું. તે પછી, ૧૯મી જાન્યુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરીએ તેમની પ્રિય કર્મભૂમિ પરથી વિદાય લઈ પ્રિયતર દિવ્યધામ જવા માટેનું તેડું આવ્યું, જેનો તેમણે શાન્તિ ને સંતોષની સ્વીકાર કર્યો.

કસ્તૂરભાઈ માનતા કે માણસ મૃત્યુ પામે તેને લીધે દેશનું ઉત્પાદન અટકવું નહીં જોઈએ. ખરી અંજલિ તો તેની ભાવના મુજબનું કામ કરીને આપવી જોઈએ. તેમણે સ્પષ્ટ સૂચના આપેલી કે મારા અવસાનના શોકમાં એકે મિલ બંધ ન રહેવી જોઈએ. તેમના પુત્રોએ શેઠની આ ઇચ્છા લાલભાઈ ગ્રુપની નવે મિલોના કારીગરોને પહોંચાડી. મજૂરો શેઠની અદબ જાળવીને કામ પર ચડી ગયા. આખા અમદાવાદમાં જેમના શોકમાં હડતાળ હતી, તેમની જ મિલો એ દિવસે ચાલી તે એક અપૂર્વ ને અભિનંદનીય ઘટના ગણાય! દેશના કોઈ નેતાના અવસાન વખતે નહોતું બન્યું, તે કસ્તૂરભાઈના અવસાન વખતે બન્યું.

ધીરુભાઈ ઠાકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય

પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડનું આ સાતમું પુસ્તક 'જૈનધર્મચિંતન' પ્રકાશિત કરતા અમને આનંદ થાય છે. આમાં ખ્યાતનામ વિદ્વદ્વર્ય પં. શ્રી દલસુખભાઈના જૈન તત્ત્વદર્શન, જૈન ઇતિહાસ અને જૈન સંસ્કૃતિ વિષેના લેખોનો સંગ્રહ તો છે જ પણ સાથે સાથે અન્ય ધર્મો સાથે તુલના પણ કરેલી છે જે જૈનો અને જૈનેતરો બન્ને માટે વિશેષ ઉપયોગી છે. પુસ્તકના પ્રારંભમાં લખાયેલ 'વિવિધ પ્રસાદી', 'લેખકનું નિવેદન' અને 'વિદ્યા વિનોદનો અવસર' વાંચતા ખ્યાલ આવશે કે આ પુસ્તક સામાન્ય લોકો માટે પણ કેટલું માહિતી-પૂર્ણ અને મહત્ત્વનું છે, પં. દલસુખભાઈએ તેમના પુસ્તકની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરવા માટે અમને અવસર આપ્યો તે બદલ અમે એમનો આભાર માનીએ છીએ. આ પુસ્તકના પ્રકાશન માટે 'શ્રેષ્ઠી કસ્તૂરભાઈ લાલભાઈ સ્મારક નિધિ' એ પૂરેપૂરી આર્થિક સહાયતા કરી છે તે બદલ તેમના બધાં જ ટ્રસ્ટીઓ અને વિશેષ સહકાર માટે ટ્રસ્ટી શ્રી આત્મારામભાઈ ભોગીલાલ સુતરિયાનો અમે આભાર માનીએ છીએ.

અમારી સંસ્થાની વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં પં. શ્રી દલસુખભાઈ માલવણિયા અને ડૉ. શ્રી હરિવલ્લભ ભાયાણીનો સહયોગ અનવરત મળતો રહ્યો છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

અમારી સંસ્થાના ઉત્સાહી પ્રમુખ શ્રી બખ્તાવરમલજી બાલરના સમ્પૂર્ણ સહયોગ માટે એમને પણ અહિંયા યાદ કરીએ છીએ.

આ ગ્રંથનું સુંદર મુદ્રણ કરવા માટે અમે ક્રિશ્ના પ્રિન્ટરીના માલિક શ્રી હરજીભાઈ એન. પટેલ અને સૌ કારીગર ભાઈઓના આભારી છીએ.

અમદાવાદ

કે. આર. ચન્દ્ર
માનદમંત્રી
પ્રા. જૈ. વિ. વિ. ફંડ

૪–૧૨–૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખકનું નિવેદન

'જૈનધર્મચિન્તન'ને નામે મારાં વ્યાખ્યાનો અને લેખોનો સંગ્રહ ચૂંટીને તૈયાર કરવાનું શ્રેય મારા પરમ મિત્ર શ્રી રતિભાઈ દીપચંદ દેસાઈને છે. તેમણે માત્ર લેખોની ચૂંટણી જ નથી કરી, પણ વાક્યરચના અને ભાવપ્રકટનની જે કચાશ હતી તે પ્રતિ પણ મારું ધ્યાન દોરીને તેને મઠાર્યાં છે. વળી, જે કેટલાક લેખો હિન્દીમાં હતા તેનું ગુજરાતી ભાષાંતર પણ તેમણે જ કર્યું છે. અને છેવટે મુદ્રણની જવાબદારી પણ તેમણે જ ઉપાડીને આ બાબતમાં મારા ઉપર જરા પણ ભાર નાખ્યો નથી. છતાં આભાર માનવાની હિંમત નથી; તેઓ એટલા બધા નિકટ છે કે આટલો નિર્દેશ જ બસ થશે.

આમાંનાં ઘણાખરાં લખાણો માટે શ્રી પરમાનંદભાઈ કાપડિયા અને તેમણે મુંબઈમાં યોજેલ પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્ત છે. આથી આ પ્રસંગે, મને આગ્રહ કરી લખતો કરવા બદલ, તેમનો આભાર માનવો જરૂરી છે. આમાંના ઘણાખરાં લખાણો 'પ્રબુદ્ધ જીવન'માં છપાયાં હતાં; તે માટે પણ તેના તંત્રી શ્રી પરમાનંદભાઈ ધન્યવાદને પાત્ર છે.

આ સંગ્રહને તેના સંપાદકે 'ચિંતન'નું ભારેખમ નામ આપ્યું છે, પણ જો આમાં 'ચિંતન' જેવું કોઈને કંઈ દેખાય તો તેનું શ્રેય હું લેવા માગતો નથી. આ પ્રકારનું ચિંતન મને પૂ. પંડિત શ્રી સુખલાલજી પાસેથી વારસામાં મળ્યું છે. એટલે એને હું મારું તો કહી શકું તેમ નથી. અનેક વર્ષોના સતત સંપર્કને લઈને તેમના ચિંતનને જ મોટે ભાગે મેં મારા શબ્દોમાં મૂકી આપ્યું છે; અને ઘણી વાર એમ પણ બન્યું હશે કે ભાષા પણ અજાણતાં તેમની જ આવી ગઈ હોય. આ માટે તેમનો આભાર કયા શબ્દોમાં માનવો એ મને સૂઝતું નથી, પણ આ પ્રકારે ગુરુઋણ થોડું પણ ચૂકવી શકાય તો તે તેમને વિશેષ ગમે એમ માનું છું.

આ સંગ્રહની મર્યાદા એ છે કે તે જુદે જુદે પ્રસંગે અપાયેલાં વ્યાખ્યાનો અને લેખોનો સંગ્રહ છે, એટલે આમાં પુનરુક્તિનો દોષ રહેવાનો જ. વળી, જૈનધર્મના આવશ્યક બધાં અંગોનું નિરૂપણ આમાં મળવાનું નહિ. છતાં પણ જૈનધર્મ અને દર્શન વિષે, અન્ય હિન્દુ અને બૌદ્ધધર્મની તુલનામાં, વાચકને નવું કાંઈક જાણવાનું મળશે એમ ધારી આ સંગ્રહને પ્રકાશનને યોગ્ય લેખ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રસંગે મારા મિત્ર શ્રી કાંતિભાઈ કોરાનો આભાર માનવો જરૂરી છે, કે તેમણે તેમના સ્વર્ગસ્થ ભાઈ શ્રી જગમોહનદાસ કોરાની સ્મૃતિમાં શરૂ કરેલી ગ્રન્થમાળામાં આ નાનકડા સંગ્રહને સ્થાન આપ્યું અને છાપાંની ફાઈલોમાં અન્યથા ખોવાઈ જાત એવા આ લેખોનો આ રીતે ઉદ્ધાર કરવાનો અવસર આપ્યો. લેખો કયાંથી લેવામાં આવ્યા છે તેનો નિર્દેશ દરેક લેખને અંતે કરવામાં આવ્યો જ છે. તેમાં જણાવેલ અન્ય પ્રકાશકો–સંપાદકોનો પણ આભાર માની લઉં છું.

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
અમદાવાદ–૯
રક્ષાબંધન પર્વ, વિ. સં. ૨૦૨૧

દલસુખ માલવણિયા

બીજી આવૃત્તિવેળા

'જૈનધર્મચિંતન'ની આ બીજી આવૃત્તિ ડૉ. કે. આર. ચન્દ્રના પ્રયાસથી થાય છે તે બદલ તેમનો અત્યંત આભારી છે. આ આવૃત્તિ છાપવાની મંજૂરી પ્રથમ આવૃત્તિના પ્રકાશક શ્રી અશોકભાઈ કોરાએ આપી તે બદલ તેમનો પણ આભારી છું. વિશેષે આ પ્રકાશનમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સ્મારક નિધિ તરફથી જે આર્થિક સહાય મળી છે તે બદલ તેમના ટ્રસ્ટીઓનો આભારી છું. આમાં કશો ફેરફાર કર્યો નથી તેની વાચકો નોંધ લે. આ પૂર્વે આ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર Jainirm નામે પ્રકાશિત થઈ ગયું છે. તે મારે માટે આનંદનો વિષય છે.

૮, ઓપેરા સોસાયટી
અમદાવાદ–૭
તા. ૧–૧૨–૯૧

દલસુખ માલવણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવિધ પ્રસાદી

પ્રસ્તુત લેખસંગ્રહમાં શ્રીયુત દલસુખભાઈના અનેક લેખોનો સંગ્રહ છે. એમાંથી કેટલાક મૂળ હિન્દીમાં લખાયેલા છે. પણ ગુજરાતી જાણનાર સમક્ષ આ લેખનસંગ્રહ અનેક ભાતની જ્ઞાનસામગ્રીની પ્રસાદી રજૂ કરે છે. એનું હાર્દ વાચકો પોતપોતાની કક્ષા પ્રમાણે પકડી શકશે. આમાંના કેટલાક લેખો ઐતિહાસિક દૃષ્ટિને મુખ્ય રાખી લખાયેલા છે; જ્યારે બીજા કેટલાક તત્ત્વદૃષ્ટિને પ્રધાન રાખી લખાયેલા છે. તેથી આ સંગ્રહની સામગ્રી ઇતિહાસરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ બંનેને એકસરખી ઉપયોગી થઈ પડશે.

પં. શ્રી દલસુખભાઈ સાથેનો મારો પરિચય છેક સને ૧૯૩૫ થી આજ સુધી અખંડ રહ્યો છે. અને તે ઉત્તરોત્તર વધારે વ્યાપક અને ઊંડો થયેલો મને ભાસે છે. અમારા બે વચ્ચેનો સંબંધ માત્ર વિદ્યામૂલક શરૂ થયેલ, પણ ધીરે ધીરે એ સંબંધ જીવનના બીજા પ્રદેશો સુધી વિસ્તર્યો છે. આ દૃષ્ટિએ હું શ્રી દલસુખભાઈ વિષે કાંઈક લખું તો એમને ન જાણનાર અથવા ઓછું કે ઉપરછલ્લું જાણનારને લાભપ્રદ નીવડશે એમ ધારી ટૂંકમાં એમનાં આંતર અને બાહ્ય વલણો વિષે સૂચવવાનું યોગ્ય લેખું છું.

શ્રી દલસુખભાઈ નથી મેટ્રિક કે નથી કોઈ ઉચ્ચ કક્ષાની શાસ્ત્રીય પદવીના ધારક; પણ એમનો વિદ્યાવ્યાસંગ એટલો બધો વિશાળ, ઊંડો અને વિવિધવિષયસ્પર્શી પહેલેથી આજ સુધી અખંડપણે ચાલતો મેં નિહાળ્યો છે કે, એમ કહી શકાય કે, એને પરિણામે જ તેઓ અનેક ઉચ્ચ વિદ્યાસ્થાનોને અલંકૃત કરતા આવ્યા છે. કાશી વિશ્વવિદ્યાલયમાં તેઓ લગભગ ૨૫ વર્ષ વિદ્યાની સાધના કરતા રહ્યા. તેઓ જૈન આગમ, જૈન દર્શન અને બૌદ્ધ–પાલિ તથા સંસ્કૃત–ગ્રંથોના અધ્યાપક પણ રહ્યા; એટલું જ નહીં, તેમણે ત્યાં રહી અનેક મહત્ત્વપૂર્ણ જૈન–બૌદ્ધ દાર્શનિક ગ્રંથોનું સંપાદન પણ કર્યું છે. તેને લીધે તેમની વિદ્યાકીર્તિ કલકત્તા અને બિહાર જેવા વિદ્વત્પ્રધાન પ્રદેશોમાં અને વિશ્વવિદ્યાલયોમાં પણ વિસ્તરી છે. છેલ્લાં પાંચેક વર્ષ થયાં તેઓ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર નામક સંસ્થાના મુખ્ય સંચાલક (ડિરેક્ટર) તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયુક્ત છે, અને તેમની આસપાસ એ સંસ્થામાં વિદ્વાનો અને સુવિદ્વાનોનું એક નાનકડું‘શું તેજોમંડળ પણ રચાયું છે.

શ્રી દલસુખભાઈ જન્મે ઝાલાવાડના; ધર્મે સ્થાનકવાસી; પણ એમની જન્મ-સિદ્ધ સરળતા અને તીક્ષ્ણ દૃષ્ટિએ એમને પંથાતીત બનાવ્યા છે. તેઓ જેટલા પ્રમાણમાં જૈન સાહિત્ય આદિનું પરિશીલન કરતા રહ્યા છે, તેટલા જ પ્રમાણમાં બૌદ્ધ અને કેટલીક વૈદિક પરંપરાઓનું પણ પરિશીલન કરતા આવ્યા છે. તેઓ સંસ્કૃત, પાલિ, પાકૃત, ગુજરાતી, હિન્દી, બંગાળી અને મરાઠી આદિ ભારતીય ભાષાઓમાં લખાયેલ પ્રાચીન અને નવીન વાઙ્‌મયનું સતત અવગાહન કરતા રહ્યા છે. એ વાઙ્‌મયમાં અનેક વિષયો અને શાસ્ત્રોનો સમાવેશ થાય છે. અંગ્રેજીમાં પણ એમણે અપાર સાહિત્ય વાંચ્યું છે, અને હજી પણ તેમનો તે યજ્ઞ અખંડ. પણે ચાલે છે. આને લીધે મારા જેવાને જ્યારે જ્યારે શાસ્ત્રીય વિષયો કે રેફરન્સો વિષે જિજ્ઞાસા થાય ત્યારે ત્યારે શ્રી દલસુખભાઈનું વિશાળ વાચન અને તેમની સ્મૃતિ એક વિશ્વકોષની ગરજ સારે છે.

વિદ્યાવ્યાસંગની તેમની તપસ્યા કેવી રીતે ચાલે છે, એ તો તેમના સીધા પરિચયમાં આવનાર જ ખરી રીતે જાણી શકે. હું મારા તરફથી એટલું કહી શકું કે મારા ૧૯૩૫ પછીનાં લખાણો અને સંપાદનોમાં શ્રી દલસુખભાઈનો ઉદાર હાથ રહેલો છે.

શ્રી દલસુખભાઈની વિશેષતા વિદ્યાવ્યાસંગ કરતાં ય બીજી એક સંસ્કારગત પ્રકૃતિમાં છે. મેં આટલાં વર્ષોમાં જોયું છે કે તેઓને કોઈ ગમે તે રીતે લલચાવે તોપણ એવી લાલચથી કદીયે તેઓ અન્યથા ભાષણ કે અન્યથા વર્તન નહીં કરે. જાણે કે તેમનામાં જન્મસિદ્ધ સરળતા છે. જે સરળતા અને અકૃત્રિમતા ધર્મનો મૂળ પાયો ગણાય છે, અને જેને સાધવા અનેક લોકોને અનેક પ્રયત્નો કરવા પડે છે, તે વસ્તુ તેમનામાં મેં સાહજિક રીતે ક્રિયાશીલ હોય તેમ જોયું છે. અજાતશત્રુપણું એ એમનો બીજો ગુણ છે.

પણ એથીયે એમનું વિશેષ આકર્ષક તત્ત્વ એ બીજાઓનું કોઈ પણ રીતે કંઈક સારું અને ભલું થતું હોય તો નિરપેક્ષપણે તે કરી આપવામાં છે. તેઓ જ્યાં જ્યાં રહ્યા છે, ત્યાં સર્વત્ર એમની આને લીધે વિશેષ સુવાસ ફેલાયેલી છે; અને છતાં નિર્ભયતા એવી કે ગમે તેવા મોટા મનાતા પુરુષો સમક્ષ પણ તેઓ પોતાને લાગતી સાચી વાત કહેતાં ખમચાશે નહીં.

શ્રી દલસુખભાઈ વિષે થોડું લખવું હોય તોપણ તે બહુ થઈ જાય એવી સ્થિતિ છે. એટલે વાચકો માટે આટલો પરિચય પૂરતો ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે લેખોના વિષયો વિષે કંઈક નિર્દેશ કરવો જોઈએ.

અનુક્રમ અને અંતર્ગત મથાળાં ઉપરથી લેખોનો સ્થૂળ પરિચય તો થઈ જાય છે. પણ દરેક લેખના વિષયની ચર્ચાને યોગ્ય રીતે સમજવી હોય તો તે માટે વાચકે પોતે જ ધીરજપૂર્વક એનું આકલન કરવું જોઈએ. જ્યારે કોઈ લેખક કોઈ એક વાડા બહારની તટસ્થ દૃષ્ટિથી લખવા કે બોલવા પ્રયત્ન કરે છે, ત્યારે તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વાચકોમાં જેઓ પંથગત સંસ્કારના હોય તેઓને કેટલુંક ન પણ સમજાય, અને સમજાય તો કેટલુંક રુચે પણ નહીં. બીજા કેટલાક વાચકો વિશાળ દૃષ્ટિવાળા હોય તો એમને એમ પણ લાગવાનો સંભવ ખરો કે આ બધું નિરૂપણ પંથોની આસપાસ ચાલે છે. વળી, કેટલાક વગર અભ્યાસે પણ, એવી ઉતાવળી પ્રકૃતિના હોય છે કે તેમને શાસ્ત્ર, ધર્મ, પંથ આદિની વાતો અને ચર્ચાઓ અસામયિક લાગે છે. પણ આ લખાણો બે દૃષ્ટિએ લખાયેલાં છે: એક તો જેઓ ખરા જિજ્ઞાસુ હોય, છતાં પંથ કે વાડાની સાંકડી ગલીથી બહાર ગયા હોય, તેમને તેમની જિજ્ઞાસા સંતોષાય અને તેમની દૃષ્ટિ વિશાળ બને એ દૃષ્ટિથી; બીજી દૃષ્ટિ એ છે કે જેઓ જિજ્ઞાસુ હોય, ઉદાર દૃષ્ટિથી વાંચવા-સમજવાની વૃત્તિવાળા હોય, પણ એક યા બીજે કારણે તેઓ ઇતિહાસ અને શાસ્ત્રીય વહેણોથી વિશેષ પરિચિત ન હોય તેમને એના આધારો પૂરા પાડવા અને તેનું અર્થઘટન પોતાને સમજાયું હોય તે રીતે તેમની સમક્ષ રજૂ કરવું.

ઉપર સૂચવેલ દૃષ્ટિએ જોતાં પ્રસ્તુત લેખસંગ્રહ જૈન કે જૈનેતર દરેકને વિશેષ માર્ગદર્શક અને જિજ્ઞાસાપ્રેરક થઈ પડશે, એમ મને નિઃશંક લાગે છે. તેથી શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા દ્વારા આવા પુસ્તકનું પ્રકાશન થાય એ સમયસરનું છે.

સરિતકુંજ, અમદાવાદ–૯
૧૫મી ઑગસ્ટ, ૧૯૬૫

સુખલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યાવિનોદનો અવસર

જેમ ઉંમર વધે છે, તેમ નવું નવું જાણવા–સમજવાની જિજ્ઞાસા વધતી હોય એવો કંઈક અનુભવ થાય છે; સામે પક્ષે શરીર મનના વેગ સાથે કદમ મિલાવવાની ના પાડે છે એ તો જાણે સમજ્યા, પણ મન અને મગજ પણ થાકવા માંડયાં છે : આવી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે. ઉપરાંત જીવનનિર્વાહ માટેની દોડધામ, વ્યવહારની સાચવણી માટેની પ્રવૃત્તિ અને ઇતર પ્રવૃત્તિઓની ભીડાભીડ સમય અને શક્તિની તાણમાં ઔર ઉમેરો કરે છે. લાગે છે કે આમાં સ્વસ્થ વાચન–મનન કે નિર્દોષ વિદ્યાવિનોદને હવે અવકાશ મળી રહ્યો !

પણ ક્યારેક, વિદ્યાવ્યાસંગની ઓસરતી જતી આશામાં, ગમે તે રીતે સમય અને શક્તિ શોધીને પણ, માતા સરસ્વતીનું કામ કરવાનું આવી જ પડે છે ત્યારે, જાણે બળબળતા રણમાં મીઠી વીરડી સાંપડી હોય એવો આહ્‌લાદ થાય છે. આ પુસ્તકનું સંપાદન કરતાં મેં કંઈક આવો જ મધુર આહ્‌લાદ અનુભવ્યો છે, સાથે જ, જીવનમાં વિદ્યાવિનોદ માણવાનો એક ધન્ય અવસર સાંપડી ગયો !

મારા દિલોજાન દોસ્ત પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાના અગાધ પાંડિત્યનો અને સરળતા, સચ્ચાઈ અને સુજનતાથી મઘમઘતા એમના વ્યક્તિત્વનો વિચાર કરું છું ત્યારે સહેજે પ્રશ્ન થાય છે કે એમનું પાંડિત્ય ચડે કે એમનું વ્યક્તિત્વ ચડે ? સોના અને સુગંધના સુમેળ જેવો અદ્‌ભુત મેળ શ્રી દલસુખભાઈના જીવનમાં આવા વિરલ પાંડિત્યનો અને આવા ઉમદા વ્યક્તિત્વનો માતા કુદરતે સાધી આપ્યો છે. બીજાઓને માટે જે પ્રયત્નથી પણ સાધ્ય નથી થતું, તે દલસુખભાઈમાં આપમેળે આવી મળેલું જોઈને ખરેખર, અદેખાઈ ઊપજે છે !

શ્રી દલસુખભાઈએ સત્યજિજ્ઞાસુની તાલાવેલીથી બધાંય ભારતીય દર્શનો અને ધર્મોનો અભ્યાસ કર્યો છે; અને એમાં જેટલે ઊંડે અને જેટલે દૂર જ પહોંચી શકાય એટલે પહોંચવાનો એમનો હમેશાં પ્રયાસ રહ્યો છે. આજે પણ એમનો આ પ્રયાસ વણથંભ્યો ચાલુ જ છે, એમ કહેવું જોઈએ. એમના આ પ્રયાસમાં પંડિત શ્રી વિધુશેખર શાસ્ત્રી, પૂજ્ય પંડિત શ્રી સુખલાલજી અને પૂજ્ય પંડિત શ્રી બેચરદાસજી જેવા ઋષિઓ સમા સારસ્વતોની લાંબા સમય સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મીયતાભરી પ્રેરણા મળતી રહી : પરિણામે એમની વિદ્વત્તા સોળે કળાએ ખીલી ઊઠી.

'ન્યાયતીર્થ' જેવી એકાદ સામાન્ય પદવી; એ સિવાય ન કોઈ મોટી પરીક્ષા કે ન કોઈ મોટી પદવી; છતાં તેઓ આજે પી.એચ.ડી.ના અભ્યાસીઓના ગુરુ-પદને પામ્યા છે, અને કાશી વિશ્વવિદ્યાલય જેવી વિદ્યાસંસ્થામાં ભારે યશ રળીને અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર જેવી ગુજરાતની એક માતબર અને ખૂબ આશાપ્રેરક સંશોધન–સંસ્થાના ડિરેક્ટરપદે, કોઈ પણ જાતના પ્રયત્ન વગર, પહોંચી શક્યા છે, એ બીના અત્યારના કેવળ વધુ પડતા ડિગ્રીઘેલા સમયમાં વિદ્યાના અર્થીઓને વિચાર કરવા પ્રેરે એવી, અને પ્રશાંત રીતે, નિષ્ઠાપૂર્વક વિદ્યાવ્યાસંગ કરનાર ઉપર માતા સરસ્વતીની કેવી અપાર કૃપા વરસે છે એ બતાવીને બીજાઓને સાચી વિદ્યા-ઉપાસના કરવાની પ્રેરણા આપે એવી છે.

શ્રી દલસુખભાઈ ભારતીય બધાં દર્શનો અને ધર્મોના અભ્યાસી વિદ્વાન હોવા ઉપરાંત પશ્ચિમના અથવા પરદેશના તત્ત્વજ્ઞાનનું પણ તેમણે યથાશક્ય આકલન કર્યું છે. એને લીધે એમની ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિ વધુ વિશદ બની છે. ઉપરાંત ઇતિહાસ અને તુલનાથી પર લેખાતી પ્રાચીન પરંપરાઓનું પણ તેઓ એ રીતે મહત્ત્વ કે મૂલ્યાંકન આંકવા ટેવાયેલા છે, અને છતાં એમની દૃષ્ટિ તો હમેશાં વ્યક્તિ અને સમાજ બંનેનો અભ્યુદય સાધી શકે એવા સત્ય કે સારને તારવવાની જ રહે છે. કહેવું જોઈએ કે સહૃદયતાપૂર્ણ, ગુણશોધક અને સત્યગ્રાહી વિદ્વત્તાનું જ આ સુપરિણામ છે.

જૈન સંસ્કૃતિના તો તેઓ વિશિષ્ટ, સિદ્ધહસ્ત અને મર્મજ્ઞ અભ્યાસી છે. જૈનધર્મના પ્રાણભૂત સમગ્ર આગમગ્રંથોનું અને જૈન દર્શનના પ્રાણરૂપ બધા દાર્શનિક ગ્રંથોનું એમણે સમાનભાવે ઊંડું અધ્યયન કર્યું છે. આને લીધે જૈન આચાર અને એ આચારના પાયારૂપ જૈન તત્ત્વજ્ઞાનના તેઓ એક અધિકૃત વિદ્વાન બની શક્યા છે. જૈમધર્મના બે પ્રાચીન સંપ્રદાયો શ્વેતાંબર અને દિગંબર અને ઉત્તરકાલીન અથવા તો કંઈક અર્વાચીન કહી શકાય એવા બે ફિરકાઓ સ્થાનકવાસી અને તેરાપંથી, તેમ જ બીજા અવાંતર ફિરકાઓના તાત્ત્વિક ભેદ તેમ જ મુખ્યત્વે કરીને આચારભેદને પણ તેઓ સારી રીતે જાણે છે. એ કહેવાની જરૂર નથી કે આને લીધે તેઓ સમગ્ર જૈન સાહિત્યના પણ પંડિત બન્યા છે. જૈન સંસ્કૃતિનું આવું સર્વસ્પર્શી અધ્યયન એમણે ભારતીય દર્શનો, ધર્મો અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્યના પ્રવાહોને નજરમાં રાખીને કર્યું છે, તેને લઈને એમના નિરૂપણમાં વિશેષ સ્પષ્ટતા અને સચોટતા જોવા મળે છે. આ નાના સરખા સંગ્રહમાં આપવામાં આવેલ જૈનધર્મ અને દર્શનને લગતા થોડાક લેખો પણ આ વાતની સાખ પૂરી શકે એમ છે.

આ સંગ્રહમાં શ્રી દલસુખભાઈના ૧૪ લેખો આપવામાં આવ્યા છે; કયો લેખ ક્યાંથી લેવામાં આવ્યો છે તેનો સ્થળનિર્દેશ તે તે લેખને અંતે કરવામાં આવ્યો છે. આમાંના ૪ સિવાયના બધા લેખો મૂળે ગુજરાતીમાં જ છે; જે ચાર હિન્દી લેખોનું ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે, તેમાંના 'ભગવાન મહાવીર' નામક દસમા લેખનું ભાષાંતર અમારા મિત્ર શ્રી શાંતિલાલ વનમાળી શેઠે કરેલું, છપાયેલું તૈયાર મળ્યું છે; બાકીના ત્રણનું ભાષાંતર મેં કર્યું છે.

આ બધાં લખાણો તે તે સ્થાનેથી જેમ ને તેમ લઈ લેવામાં આવ્યાં છે, એવું નથી. એ બધાં ઝીણવટથી વાંચીને અને શ્રી દલસુખભાઈની સલાહ-સૂચનાઓનો લાભ લઈને, એમાંથી કેટલીક આનુષંગિક કે પ્રાસંગિક બાબતો ગાળી નાખવામાં આવી છે, અને અર્થની સુગમતાની દૃષ્ટિએ ક્યાંક ક્યાંક મૂળ લખાણમાં ફેરફાર પણ કરવામાં આવ્યો છે. ઉપરાંત, દરેક લેખમાં બને એટલા વધુ પેટા મથાળાં આપીને વિષયનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ લેખોની એક વિશેષતા તરફ ધ્યાન દોરવું જરૂરી લાગે છે: આ બધાય લેખો જૈનધર્મ કે તત્ત્વજ્ઞાનને લગતા જ છે. આમ છતાં મોટા ભાગના લેખોમાં તે તે વિષયનું નિરૂપણ કેવળ જૈન સંસ્કૃતિને લગતી સામગ્રીને આધારે એકાંગી કરવામાં નથી આવ્યું, પણ હિંદુ અને બૌદ્ધ દર્શન, ધર્મ અને સંસ્કૃતિના પ્રવાહોને નજરમાં રાખીને વ્યાપક રીતે કરવામાં આવ્યું છે. આને લીધે આ લખાણો વિશેષ વિશદ, વાચનક્ષમ, વિચારપ્રેરક અને માહિતીપૂર્ણ બન્યાં છે. આ લખાણોમાં પુનરુક્તિ હોવાનું તો શ્રી દલસુખભાઈએ પોતે જ કહ્યું છે. પણ જૈનધર્મ-દર્શન-સંસ્કૃતિ જેવા વ્યાપક વિષયનાં જુદાં જુદાં અંગોને અનુલક્ષીને જુદે જુદે સમયે લખાણોમાં પુનરુક્તિ આવી જાય એ સ્વાભાવિક છે. એને દૂર કરવા જતાં વિષયનિરૂપણની અખંડિતતા ખંડિત થઈ જાય એમ હોવાથી એને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી. વળી, આવા નાના સરખા સંગ્રહમાં જૈનધર્મ-દર્શન અંગે બધું જ્ઞાતવ્ય રજૂ થઈ ન શકે, એ પણ સમજી શકાય એવી વાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખો વાંચતાં જુદાં જુદાં દર્શનો અને ધર્મોને પોતામાં સમાવતી વ્યાપક ભારતીય સંસ્કૃતિની અખંડતાનું અને જુદા જુદા સંસ્કૃતિપ્રવાહો, પોતપોતાની જુદાઈને જાળવવા છતાં, એકબીજા ઉપર કેવો પ્રભાવ પાડતા રહ્યા છે, તેમ જ એકબીજાથી કેવા પ્રભાવિત થતા રહ્યા છે એનું એક આહ્લાદક ચિત્ર હૃદય સામે ખડું થાય છે. ક્યારેક ક્યારેક વળી કોઈ સાંસ્કૃતિક ખામી તરફ પણ દૃષ્ટિ પહોંચી જાય છે.

આમાંથી જૈન દર્શન, ધર્મ અને સંસ્કૃતિ અંગે ઘણું ઘણું જાણવાનું મળશે, એ જિજ્ઞાસુઓ અને સત્યપ્રેમીઓને માટે વિશેષ લાભની વાત છે. આમાં કેટલીક બાબતો સાવ નવી જાણવા મળતી હોય એવી લાગશે; કેટલીક આપણી જૂની જાણકારીનું પરિમાર્જન કરતી હોય એવી લાગશે; અને કોઈ કોઈ બાબત તો વળી દૃઢ થઈ ગયેલી માન્યતાને આઘાત કે આંચકો આપનારી પણ લાગશે. જો સત્યના ખપી થવું હોય અને અજ્ઞાન, અંધશ્રદ્ધા અને અહંકારના દૂષણોથી મુક્તિ મેળવવી હોય, તો આવી પ્રક્રિયામાંથી પ્રસાર થયા વગર તેમ જ સત્યશોધકની નિર્મળ દૃષ્ટિએ અભ્યાસ કર્યા વગર ન જ ચાલે. આ દૃષ્ટિએ જૈનધર્મ અને દર્શનનું વિશિષ્ટ જ્ઞાન મેળવવા માટે આ પુસ્તક એક પાઠ્યપુસ્તકની ગરજ સારે એવું છે. આથી વિશેષ તો આ લેખો પોતે જ પોતાને વિષે કહે એ જ બરાબર છે.

મારા મિત્ર ભાઈ શ્રી કાંતિભાઈ કોરાએ આ કામ મને સોંપીને અલ્પસ્વલ્પ પણ વિદ્યાવિનોદ માણવાની જે તક આપી છે તેની સાનંદ નોંધ લઈને આ કથન પૂરું કરું છું.

માદલપુર, અમદાવાદ-૬
રાષ્ટ્રીય મહાપર્વ ૧૫મી ઑગસ્ટ
સને ૧૯૬૫

રતિલાલ દીપચંદ દેસાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમ

૧. જૈનધર્મ ૧–૨૬

(૧) **શ્રમણ અને બ્રાહ્મણ :** ઇન્દ્રનો વિજય–૧, બે સંસ્કૃતિનો સમન્વય અને તેનો સમય–૩; શ્રમણોના સંપ્રદાયો–૪; બે વચ્ચેનો ભેદ–૫; ભેદની ગૌણતા–૬; નિષ્ઠાભેદનું કારણ–૮; **(૨) જૈનધર્મનો ઇતિહાસ :** અનાદિ અને શાશ્વત–૧૦; ઐતિહાસિક પુરાવા–૧૦; **(૩) તત્ત્વજ્ઞાન :** ઈશ્વરવાદને સ્થાને કર્મવાદ–૧૩; જીવોના પ્રકાર અને સાધનાનો માર્ગ–૧૩; જૈન સાધનાની વિશેષતા–૧૪; તીર્થંકર–૧૭; જીવ, કર્મ, નિયતિ અને પુરુષાર્થ–૧૭; ચેતન જડ સર્વ વસ્તુઓનું અનેકાંતાત્મક રૂપ–૧૯; આત્માનું શરીરપરિમાણત્વ–૨૦; ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ ૨૧; અજીવતત્ત્વ–૨૨; **(૪) જૈનસંઘ અને એનો આચાર :** આંતરિક અને બાહ્ય બળનું પરિણામ–૨૩; હિંદુ અને બૌદ્ધધર્મની પરિવર્તનશીલતા–૨૪; જૈનધર્મની સ્થિતિશીલતા–૨૪.

૨. જૈન દર્શનનાં તત્ત્વો ૨૭–૩૧

તીર્થંકરોએ ઉદ્‌બોધેલી માનવની શ્રેષ્ઠતા–૨૫; અહિંસા અને અનેકાંત–૨૮; ૭ દ્રવ્ય–૨૯, સાત કે નવ તત્ત્વ–૩૦.

૩. જૈન સંસ્કૃતિનો સંદેશ ૩૨–૩૮

ધર્મ અને શાસ્ત્ર–૩૨; અધ્યાત્મવાદીઓ, જૈન સમાજ અને તીર્થંકરો–૩૨; આત્મજ્ઞાન અને અપ્રમાદ ઉપર ભાર–૩૪; અહં અને મમત્વના ત્યાગનો ભગવાન બુદ્ધનો ઉપદેશ–૩૫; જાતિનો નહીં પણ તપસ્યાનો મહિમા–૩૬; આત્મદમન : સુખનો સાચો માર્ગ–૩૬; કષ્ટસહનની જરૂર–૩૭; અપરિગ્રહની જરૂર–૩૮.

૪. શાસ્ત્રાજ્ઞાઓનો હેતુ ૩૯–૪૦

૫. જૈન આચારના મૂળ સિદ્ધાંતો ૪૧–૫૨

વૈદિક આચારના સ્રોતો–૪૧; બૌદ્ધ આચારનો સ્રોત–૪૩; **જૈન આચાર :** દર્શન અને આચાર–૪૪, જૈન આચારનું અનેકાંતમૂલક ઘડતર–૪૫; આજ્ઞાએ ધર્મ : તર્ક અને આચાર–૪૬; જૈન આચારના સ્રોતો–૪૭;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન આચારના મૌલિક સિદ્ધાંત : જ્ઞાન અને ક્રિયા–૪૮; આત્મૌપમ્યદૃષ્ટિ –૪૯: અપ્રમાદ–૫૦; નિવૃત્તિનું પ્રાધાન્ય–૫૧.

૬. દક્ષિણ ભારત અને જૈનધર્મ **૫૩–૫૬**

બિહારની સ્થિતિ–૫૩; ઉત્તરથી પશ્ચિમ અને દક્ષિણ તરફ ફેલાવો–૫૩; પશ્ચિમમાં શ્વેતાંબરોનું અને દક્ષિણમાં દિગંબરોનુ પ્રાધાન્ય–૫૪; આગમરક્ષા પશ્ચિમમાં; દાર્શનિક સાહિત્યનું સર્જન દક્ષિણમાં–૫૪; પશ્ચિમ અને દક્ષિણનાં જૈન સ્મારકો; દક્ષિણની વિશેષતા–૫૫; પશ્ચિમમાં અને દક્ષિણમાં જૈનોના પ્રભાવની સ્થિતિ–૫૫; દક્ષિણની લોકભાષાના વિકાસમાં જૈનોનો ફાળો–૫૫; દક્ષિણના જૈનોને પંચમવર્ણી જાહેર કર્યા–૫૬; શ્વેતાંબરો અને દિગંબરો સાથે કામ કરે–૫૬.

૭. હિંદુધર્મ અને જૈનધર્મ **૫૭–૭૯**

હિંદુધર્મનો વ્યાપક અર્થ–૫૭; વ્યાપક હિંદુધર્મનાં સામાન્ય લક્ષણો–૫૮, ધર્મનું સનાતન સત્ય–૫૯, ઐતિહાસિક અને સાધક–૬૦; પ્રસ્તુત ચર્ચાની મર્યાદા–૬૧; **ઇતિહાસની દૃષ્ટિએ હિંદુધર્મનાં પાંચ રૂપ–૬૧;** (૧) વૈદિક ધર્મ–૬૨, (૨) બ્રાહ્મણધર્મ–૬૩; (૩) સંક્રાંતિકાળ–૬૩; (૪) સમન્વયની સાધનાનો કાળ–૬૪; સમન્વય–૬૫; **ગીતાના આધારે ઘડાયેલા હિંદુ-ધર્મનાં લક્ષણો** : (૧) કૃષ્ણભક્તિ અને વિભૂતિમત્ તત્ત્વ–૬૫; (૨) જગતની ઈશ્વરમયતા–૬૫; ભક્તિમાર્ગની પ્રતિષ્ઠા–૬૬; (૪) લોકસંગ્રહ–૬૬; **જૈનધર્મ** –૬૭; અહિંસા અને સંન્યાસ–૬૮; વર્ણ કે સ્ત્રીપુરુષના ભેદના મહત્ત્વનો અસ્વીકાર–૬૯; અનેકાંતવાદી દર્શન–૬૯; **જૈન સાહિત્ય** : વેદ અને આગમો વચ્ચેનો ભેદ–૬૯; પ્રવર્તક મહાપુરુષો–૭૧; અહિંસામૂલક જૈન આચાર–૭૩; જૈન વિચાર–અનેકાંતવાદ–૭૪; સંપ્રદાયો–૭૬; શ્વેતાંબર અને દિગંબર–૭૭; મૂર્તિપૂજાના વિરોધી સંપ્રદાયો–૭૯.

૮. જૈનધર્મ અને બૌદ્ધધર્મ **૮૦–૯૦**

શ્રમણ પરંપરાનાં સામાન્ય લક્ષણો–૮૦; તીર્થંકર અને બુદ્ધ–૮૧; મહાવીરનો ધર્મ–પરંપરા પ્રાપ્ત–૮૩; બુદ્ધનો ધર્મ—અપૂર્વ–૮૩; જૈન અને બૌદ્ધધર્મનો પ્રચાર; તેનાં બાહ્ય કારણો–૮૪; પ્રચારનાં આંતરિક કારણો–૮૫; જૈન અને બૌદ્ધધર્મમાં બાહ્યાચારનું ઘડતર–૮૫; આચરણ અને પ્રચારનો સંબંધ–૮૭; બુદ્ધ–મહાવીરની પૃથક્ સાધના અને તેનું પરિણામ–૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. ભક્તિમાર્ગ અને જૈનદર્શન **૯૧-૧૦૪**

જૈનસાધનાનાં સિદ્ધાંતો : (૧) કોઈ કોઈનો નાથ નહીં-૯૧; (૨) પોતાનાં કર્મનો નાશ પોતે જ કરવો જોઈએ-૯૨; (૩) મુક્ત જીવોમાં વૈષમ્ય નહીં-૯૨; (૪) સિદ્ધો કોઈનું ભલું-ભૂડું નથી કરતા-૯૩; (૫) ભક્તિ એ પણ એક સાધન છે-૯૩; **ભક્તિમાર્ગના મૌલિક સિદ્ધાંતો :** (૧) ભગવાન સર્વ જીવોનો નાથ-૯૩; (૨) ઈશ્વરકૃપાથી સર્વસિદ્ધિ-૯૬; (૩) મુક્તિમાં પણ વૈષમ્ય મોજૂદ રહે છે-૯૯; (૪) ભગવાન જ જીવોનું શરણ છે-૯૯; (૫) ભક્તિ એ સાધ્ય છે-૧૦૦; જૈન દૃષ્ટિએ ભક્તિનું રહસ્ય-૧૦૨.

૧૦. ભગવાન મહાવીર **૧૦૫-૧૧૮**

શ્રમણ સંસ્કૃતિ અને ઈશ્વર-૧૦૫; અવતારવાદનો નિષેધ-૧૦૫; પરિસ્થિતિ-૧૦૬; ધર્મક્રાંતિ-૧૦૭; સંક્ષિપ્ત ચરિત્ર-૧૦૭; તપશ્ચર્યાનું રહસ્ય-૧૦૮; સંયમમાર્ગ ૧૦૯; ભગવાનની સાધના-૧૧૦; ઉપદેશ-૧૧૧; સમભાવનો ઉપદેશ-૧૧૨; જૈનસંઘ-૧૧૨; ચરિત્રની વિશેષતા-૧૧૩; કર્મવાદ-૧૧૪; જીવ જ ઈશ્વર છે-૧૧૪; ખરો બ્રાહ્મણ-૧૧૪; ખરો યજ્ઞ-૧૧૫; શૌચ-૧૧૫; સુખની નવી કલ્પના-૧૧૬; વૈશ્ય ધર્મ-૧૧૬; શૂદ્ર ધર્મ-૧૧૭; ક્ષત્રિય ધર્મ-૧૧૭; અહિંસક માર્ગ-૧૧૮.

૧૧. ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર **૧૧૯-૧૩૧**

જીવનકથાનાં ત્રણ સ્તરો : પ્રથમ સ્તર-૧૧૯; બીજો સ્તર-૧૨૦; ત્રીજો સ્તર-૧૨૨; **બન્નેની સમાનતા** : (૧) વૈદિક પરંપરાનો વિરોધ-૧૨૩; **(૨) બન્નેનાં ઉપદેશનું સામ્ય :** (૧) કર્મ-પુનર્જન્મ-૧૨૪; (૨) ઈશ્વરનું નિરાકરણ-૧૨૪; (૩) યોગમાર્ગ-૧૨૪; (૪) સંયમી જીવન-૧૨૫; (૫) તૃષ્ણા અને અજ્ઞાનનો ત્યાગ-૧૨૫; (૬) તપસ્યા-૧૨૬; **બન્નેની વિશેષતા** : (૧) સ્વભાવગત-૧૨૮, (૨) ધર્મગત અને સંઘગત-૧૩૧.

૧૨. અનેકાંતવાદ **૧૩૨-૧૫૦**

(૧) જીવન અને વિચાર માટે અનિવાર્ય : સત્યદર્શન માટે અનેકાંતવાદની જરૂર-૧૩૨; ધાર્મિક અસહિષ્ણુતા-૧૩૪; જૈનધર્મની પ્રગતિશીલતા-૧૩૫; **(૨) અનેકાંતવાદનું મૂળ અહિંસા** : વિચારસંપત્તિનું મૂલ્ય-૧૩૬; સમન્વયની સંજીવની-૧૩૭; (૩) અનેકાંત દૃષ્ટિએ વિવિધ મતોનો સમન્વય-૧૩૯; દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય-૧૪૦; વ્યવહારનય-૧૪૦;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગ્રહનય-૧૪૨; ઋજુસૂત્રનય-૧૪૩; નૈગમનય-૧૪૩; અર્થનય અને શબ્દનય -૧૪૪; **(૩) આક્ષેપપરિહાર** : સંશયાદિ દોષનો પરિહાર-૧૪૫; વેદમાં દેવસમન્વય-૧૪૬; બ્રહ્મમાં સમન્વય-૧૪૬; નિર્વિકલ્પ અને સવિકલ્પ-૧૪૭; શ્રી અરવિંદનો સમન્વય-૧૪૯; બૌદ્ધ વગેરેમાં અનેકાંતવાદ-૧૪૯.

૧૩. ધર્મની કસોટી **૧૫૧-૧૫૨**

કષ-૧૫૧; છેદ-૧૫૧; તાપ-૧૫૧, નિશ્ચય અને વ્યવહારની સમતુલા-૧૫૨.

૧૪. आत्मदीपो भव—**આત્મદીપ બનો** **૧૫૪-૧૫૫**

મૂર્ચ્છા-મોહનો ત્યાગ-૧૫૪; આપણે જ આપણા ઉદ્ધારક-૧૫૪; આત્મદીપ બનીએ-૧૫૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१
જૈનધર્મ

જૈનધર્મનાં બે રૂપ છે: એક આન્તરિક, નૈશ્ચયિક કે વાસ્તવિક અને બીજું વ્યાવહારિક, બાહ્ય કે અવાસ્તવિક. જૈનધર્મ વિષે વિચાર કરવો હોય ત્યારે આ બન્ને રૂપો વિષે વિચાર કરવો પ્રાપ્ત થાય છે. વળી, ભારતીય ધર્મોની એ વિશેષતા છે કે પ્રત્યેક ધર્મનું એક પોતીકું દર્શન પણ હોય છે. ધર્મ એ આચરણની વસ્તુ છે, પણ એ આચરણના મૂળમાં જે કેટલીક નિષ્ઠાઓ છે, એને આપણે દર્શન કહીશું. એટલે જૈનધર્મના વિચાર સાથે દર્શનવિચાર પણ ઓતપ્રોત રહેવાનો જ.

(૧) શ્રમણ અને બ્રાહ્મણ
ઇંદ્રનો વિજય

જૈનધર્મ એ જિનોનો ધર્મ છે, એટલે કે વિજેતાઓનો ધર્મ છે. પ્રાચીન કાળમાં ઇન્દ્ર જેવા દેવોને વિજેતા માનીને તેમની ઉપાસના કરવામાં આવતી. પણ આ જિન વિજેતાઓ અને વિજેતા ઇન્દ્રમાં ઘણો ભેદ છે. ઇન્દ્રે પોતાના સમયમાં જે કોઈ વિરોધીઓ હતા તે સર્વનો નાશ કર્યો અને મહાન વિજેતાપદને તે પામ્યો, અને આર્યોનો સરદાર અને ઉપાસ્ય બન્યો. આ તેનો બાહ્ય વિજય હતો—ભૂતવિજય હતો. વિજયને પ્રતાપે તેણે જે પ્રાપ્ત કર્યું તે ભૌતિક સંપત્તિ હતી. એમાં જ એ મસ્ત હતો અને તેનું ગૌરવ પણ તેમાં જ હતું. આ કાંઈ નવી વાત ન હતી. તે જ રીતે મનુષ્ય અનાદિ કાળથી શક્તિપૂજક હતો. પણ જ્યારે એક પ્રજા ઉપર બીજી પ્રજાએ વિજય મેળવ્યો, ત્યારે એ મહાન વિજયના વિજેતા ઇન્દ્રે એક વિશિષ્ટ પ્રકારે મહત્ત્વ પ્રાપ્ત કર્યું, અને એને લીધે ભારતવર્ષમાં જે સંસ્કૃતિનો વિકાસ થયો, તેને આપણે યજ્ઞસંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ. એ સંસ્કૃતિના વિકાસમાં મૂળે તો ક્ષાત્રતેજ અથવા શારીરિક બળ હતું. પણ બુદ્ધિબળે એના ઉપર વિજય મેળવ્યો ત્યારે તે ક્ષત્રિય સંસ્કૃતિના નામે નહિ પણ બ્રાહ્મણસંસ્કૃતિના નામે પ્રસિદ્ધ થઈ. આર્યો જ્યારે આ પ્રકારનો વિજય કરતા કરતા ભારતવર્ષમાં આગળ વધી રહ્યા હતા ત્યારે પણ ભારતવર્ષમાં નગરસંસ્કૃતિનો વિકાસ ઠીક ઠીક થઈ ગયો હતો. શ્રમણશીલ આર્યોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ઉત્સાહ અને વીર્યની શારીરિક સંપત્તિ હોય તેના કરતાં સ્થિર થયેલ નાગરિકોમાં શારીરિક બળ ઓછું અને બુદ્ધિબળ વધારે હોય, એ સહેજે સમજી શકાય તેવી વાત છે.

શારીરિક બળ સામે બુદ્ધિબળ ટકી શક્યું નહિ અને ઇન્દ્રે અનેક પુરો–નગરોનો નાશ કરી મહાન વિજય મેળવ્યો અને પુરંદરની પદવી પ્રાપ્ત કરી. આમ એ નગરસંસ્કૃતિનો લગભગ નાશ થયો. અનેક મુનિઓ–યતિઓનો નાશ કરવામાં આવ્યો, એવા ઉલ્લેખો મળે છે. મોહન–જો-ડેરો અને હરપ્પામાં અનેક મૂર્તિઓ એવી મળી છે, જેને આપણે ધ્યાનમુદ્રામાં સ્થિત માની શકીએ છીએ. એટલા ઉપરથી એક અનુમાન તારવી શકીએ કે ભારતીય નગરસંસ્કૃતિના ધાર્મિક નેતાઓ યોગનો અભ્યાસ કરતા હશે. ઇન્દ્રે જે મુનિઓ કે યતિઓને માર્યા તે આ જ લોકો હશે, એવું અનુમાન પણ તારવી શકાય. લેખિત કોઈ પણ પુરાવાનો અભાવ હોઈ એમના ધર્મનું શું નામ હશે તે કહેવું કઠણ છે. પણ બુદ્ધ અને મહાવીરના સમયમાં બે વિચારધારાઓ સ્પષ્ટ પૃથક્ હતી, જેનો નિર્દેશ બૌદ્ધ અને જૈન ગ્રન્થોમાં મળે છે. અને તે છે—બ્રાહ્મણ અને શ્રમણ. યજ્ઞ-સંસ્કૃતિનાં યજ્ઞવિધિવિધાનોથી ભરપૂર જે ગ્રન્થો ઉપલબ્ધ છે, તે 'બ્રાહ્મણ' નામથી ઓળખાય છે. એટલે યજ્ઞસંસ્કૃતિનો સંબંધ 'બ્રાહ્મણ' નામે ઓળખાતી વિચારધારા સાથે છે એ સ્પષ્ટ છે. ત્યારે અર્થાત્ જ સિદ્ધ થાય કે બ્રાહ્મણથી જે પૃથક્ વિચારધારા હતી તેનો સંબંધ 'શ્રમણ' સાથે હોવો જોઈએ. એટલે કે, કલ્પી શકાય કે, બુદ્ધ અને મહાવીરના પહેલાં પ્રાચીન કાળમાં ધર્મોના બે સ્પષ્ટ ભેદો હતા—બ્રાહ્મણ અને શ્રમણ.

ભૂતવિજેતા અથવા બાહ્ય-જગત-વિજેતાની સંસ્કૃતિ તે બ્રાહ્મણ સંસ્કૃતિ, એ આગળ કહેવાઈ ગયું છે. એટલે તેથી વિરુદ્ધ આત્મવિજેતાની જે સંસ્કૃતિ તે શ્રમણ સંસ્કૃતિ એમ સહેજે ફલિત થાય છે. જેમ ભૂતવિજેતા ઇન્દ્રાદિ દેવો પ્રસિદ્ધ છે અને તેઓ બ્રાહ્મણ પરંપરામાં ઉપાસ્યપદને પામ્યા છે, તેમ શ્રમણ સંસ્કૃતિમાંના જે આત્મવિજેતાઓ થયા તે 'જિન' નામે ઓળખાતા. મોહન-જો-ડેરો આદિમાં પ્રાપ્ત ધ્યાનમુદ્રાસ્થિત શિલ્પો એમના આત્મવિજયના પ્રયત્નનું સૂચન કરે છે. એમ સહેજે કલ્પી શકાય છે.

ઇન્દ્રમાં ક્ષાત્રતેજ હતું, પણ બ્રહ્મતેજ સામે તે પરાસ્ત થયું અને મૂળમાં ક્ષત્રિયોનું તેજ હોવા છતાં એ સંસ્કૃતિ 'બ્રાહ્મણ સંસ્કૃતિ'ને નામે પ્રસિદ્ધ થઈ; જ્યારે શ્રમણોમાં એ ક્ષાત્રતેજનું જ રૂપાંતર આભ્યંતર તેજમાં–આત્મતેજમાં–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયું. શારીરિક તેજ કે બળ એ ખરું બળ નથી, પણ આભ્યંતર તેજ-આત્મિક બળ-જ ખરું બળ છે એમ માનીને ક્ષાત્રતેજને જ નવો અર્થ આપવામાં આવ્યો. અને એ રીતે શ્રમણ સંસ્કૃતિનો વિકાસ ક્ષત્રિયોએ કર્યો. જ્યાં સુધી ઇતિહાસની નજર પહોંચે છે, ત્યાં સુધી વિચાર કરતાં જણાય છે કે ક્ષત્રિયોએ જ—એટલે કે નવું આધ્યાત્મિક બળ ધરાવતા ક્ષત્રિયોએ જ— શ્રમણસંસ્કૃતિને વિકસાવી છે.

બે સંસ્કૃતિનો સમન્વય અને તેનો સમય

ઉપનિષદોમાં આપણે જોઈએ છીએ કે બ્રહ્મવિદ્યા, જે પ્રથમ યજ્ઞવિદ્યા હતી, તે આત્મવિદ્યાને નામે પ્રસિદ્ધ થઈ અને તેના પુરસ્કર્તાઓ બ્રાહ્મણ વર્ણના લોકો નહિ પણ ક્ષત્રિય વર્ણના લોકો હતા. યજ્ઞવિદ્યામાં કુશળ ઋષિઓ પણ એ આત્મવિદ્યાને પ્રાપ્ત કરવા ક્ષત્રિયો પાસે જતા. આ સૂચવે છે કે શ્રમણ પરંપરાનો વિજય બ્રાહ્મણો ઉપર શારીરિક બળે નહિ પણ આત્માને બળે થયો. તે એટલે સુધી કે ઉપનિષદ્ અને ત્યાર પછીના કાળમાં તો યજ્ઞને બદલે આત્મા જ બ્રાહ્મણ સંસ્કૃતિમાં પ્રધાન થઈ ગયો. આ કાળ શ્રમણ-બ્રાહ્મણસંસ્કૃતિના સમન્વયનો હતો, આર્ય-અનાર્ય સંસ્કૃતિના સમન્વયનો હતો. એ કાળ તે ભગવાન મહાવીર અને બુદ્ધનો સમય છે.

શ્રમણ અને બ્રાહ્મણના સમન્વયના ફળરૂપે શ્રમણોએ બ્રાહ્મણો પાસેથી નવું સ્વીકાર કર્યું અને બ્રાહ્મણોએ શ્રમણો પાસેથી નવું સ્વીકાર કર્યું. બ્રહ્મનો અર્થ, જે પહેલાં યજ્ઞ અને તેના મંત્રો કે સ્તોત્રો થતો હતો, તેને બદલે બ્રહ્મ એટલે આત્મા એમ થવા લાગ્યો. શ્રમણો પોતાના શ્રેષ્ઠ પુરુષોને આર્યોના નામથી ઓળખવા લાગ્યા, અને પોતાના ધર્મને એમણે આર્ય ધર્મનું નામ આપ્યું. યજ્ઞ એ શ્રમણોએ પણ સ્વીકાર્યો અને તેનો આધ્યાત્મિક અર્થ કર્યો. તેઓ પોતાના સંઘના શ્રમણોને બ્રાહ્મણના નામથી પણ સંબોધવામાં ગૌરવનો અનુભવ કરવા લાગ્યા. પોતાના આચારધર્મનું નામ બ્રહ્મચર્ય રાખ્યું, બ્રહ્મવિહાર રાખ્યું. બ્રાહ્મણોમાં બ્રહ્મચર્યનો અર્થ વેદપઠનની ચર્યા એમ હતો તેને બદલે શ્રમણોએ એ જ બ્રહ્મચર્યને પોતાની આધ્યાત્મિક સાધનાના આધારરૂપે ઓળખાવ્યું. બ્રાહ્મણોમાં જ્યાં સંન્યાસ કે મોક્ષનું નામ પણ ન હતું, ત્યાં એ વસ્તુ શ્રમણો પાસેથી લઈને તેમણે આત્મસાત્ કરી દીધી. ભૌતિક બળમાં શ્રેષ્ઠ અને મનુષ્યના પૂજ્ય એવા ઇન્દ્રાદિ દેવોને શ્રમણોએ જિનોના-મનુષ્યના પૂજક-સેવકનું સ્થાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યું અને બ્રાહ્મણોએ એ જ ઇન્દ્રાદિની પૂજાને બદલે આત્મપૂજા શરૂ કરી, અને શારીરિક સંપત્તિ કરતાં આત્મિક સંપત્તિને મહત્ત્વ આપ્યું. અથવા તો, કહો કે, ઇન્દ્રને આત્મામાં ફેરવી નાખ્યો. ટૂંકામાં, બ્રાહ્મણધર્મનું રૂપાન્તર બ્રહ્મધર્મ અર્થાત્ આત્મધર્મમાં થયું. આ સમન્વયને કારણે શ્રમણ અને બ્રાહ્મણ બન્ને સમૃદ્ધ થયા. પણ તેમની ભેદક રેખા વેદશાસ્ત્રમાં મર્યાદિત થઈ. અર્થાત્ જેઓ પોતાની માન્યતાના મૂળમાં વેદને પ્રમાણભૂત માને છે, તેઓ બ્રાહ્મણ પરંપરામાં ગણાયા અને જેઓ વેદશાસ્ત્રને નહિ પણ સમયે સમયે થનાર જિનોને પ્રમાણભૂત માને છે તેઓ શ્રમણો ગણાયા

શ્રમણોના સંપ્રદાયો

જેમ બ્રાહ્મણ પરંપરામાં અનેક મતાન્તરો છે, તેમ શ્રમણ પરંપરામાં પણ અનેક મતાન્તરો છે. એક જ વેદશાસ્ત્રના અર્થમાં મતભેદ થવાથી જેમ બ્રાહ્મણ પરંપરામાં અનેક સંપ્રદાયો થયા, તેમ અનેક જિનોના કે તીર્થંકરોના ઉપદેશમાં પાર્થક્યને કારણે શ્રમણોમાં પણ અનેક સંપ્રદાયો થયા—જેવા કે આજીવક, નિર્ગ્રન્થ. બૌદ્ધ આદિ. એ બધા સંપ્રદાયો જિનના ઉપાસક હોવાથી જૈન કહી શકાય. બૌદ્ધ સંપ્રદાય તો છઠ્ઠી શતાબ્દી સુધી જૈનને નામે ઓળખાતો, એ ઇતિહાસસિદ્ધ હકીકત છે. આજીવકોને પણ દિગંબર જૈન તરીકે કે ક્ષપણક તરીકે ઇતિહાસમાં ઓળખાવવામાં આવ્યા જ છે એ હકીકત છે. પણ આજે રૂઢિ એવી છે કે ભગવાન મહાવીરના અનુયાયીઓને જ જૈન નામથી ઓળખવામાં આવે છે. શ્રમણોનો બીજો સંપ્રદાય, જે ભગવાન બુદ્ધનો અનુયાયીવર્ગ છે, તે બૌદ્ધ કહેવાય છે. અને આજે આજીવકોનું અને ભગવાન બુદ્ધ અને મહાવીરકાલીન બીજા શ્રમણસંપ્રદાયોનું તો નામનિશાન પણ નથી. આ ઉપરથી એમ કહી શકાય કે જૈન નામ એ એક વિશાળ અર્થમાં હોવા છતાં તેનો આજે સંકુચિત અર્થ છે. વિશાળ અર્થમાં જિનના ઉપાસકો તે જૈન; છતાં સંકુચિત અર્થમાં આજે ભગવાન મહાવીરની પરંપરાને અનુસરે તે જૈન છે. જેમ ભગવાન મહાવીર જિન, સુગત, શ્રમણ, તથાગત, અર્હંત, તીર્થંકર, બુદ્ધ એવાં નામોથી ઓળખાય છે, તેમ ભગવાન બુદ્ધ પણ જિન, સુગત, શ્રમણ, તથાગત, અર્હંત, તીર્થંકર, બુદ્ધ એવાં નામોથી ઓળખાય છે. આ વસ્તુ મૂળે તેઓ બન્ને એક જ શ્રમણપરંપરાના છે એ સૂચવવા માટે પૂરતી છે. પણ એક પરંપરાએ અર્હંત કે જિન શબ્દ ઉપર વધારે ભાર આપ્યો, તેથી તે પરંપરા અત્યારે આર્હંત પરંપરા કે જૈન પરંપરાને નામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસિદ્ધ થઈ છે, જ્યારે બીજી પરંપરાએ બુદ્ધ નામ ઉપર વધારે ભાર આપ્યો, તેથી તે પરંપરા બૌદ્ધ પરંપરાને નામે ઓળખાઈ.

બે વચ્ચેનો ભેદ

બ્રાહ્મણ અને શ્રમણોના પાર્થક્ય અને સમન્વયની ચર્ચાના અનુસંધાનમાં એ જણાવવું જરૂરી છે કે શ્રમણોની આત્મવિદ્યા બ્રાહ્મણોએ સ્વીકાર્યા છતાં શ્રમણ અને બ્રાહ્મણ વચ્ચે જે એક મોટો ભેદ ઉપનિષદ્ કાળ અને ત્યાર પછી પણ જોવા મળે છે તેના વિષે થોડો વિચાર કરવો અનિવાર્ય છે. બ્રાહ્મણોની રુચિ આત્મવિદ્યા તરફ વધી અને બ્રહ્મજ્ઞ ઋષિઓનું બહુમાન થવા લાગ્યું, પણ એ બ્રહ્મજ્ઞ ગણાતા ઋષિઓની ચર્યા અને લગભગ તે જ કાળે થનાર તીર્થંકરોની કે થોડા ઉત્તરકાળે થનાર ભગવાન મહાવીર અને બુદ્ધની ચર્યા તરફ આપણે જોઈએ તો એક મોટો ભેદ સામે તરી આવે છે; તે ભેદ જ્ઞાન અને ક્રિયાનો–ચારિત્ર્યનો છે. બ્રહ્મર્ષિઓ બ્રહ્મજ્ઞાનમાં–તત્ત્વજ્ઞાનમાં પાવરધા હતા પણ ચારિત્ર્યની બાજુ તેમની નબળી હતી. યાજ્ઞવલ્ક્ય જેવા મહાન તત્ત્વજ્ઞ બ્રહ્મર્ષિના જીવનની ઘટનાઓ જુઓ અને બુદ્ધ–મહાવીર કે તેમના પૂર્વના શ્રમણોની ચર્યા જુઓ તો વીતરાગભાવનું પ્રાધાન્ય શ્રમણોમાં મળશે, બ્રહ્મર્ષિમાં નહીં. બ્રહ્મજ્ઞ તરીકે પ્રસિદ્ધ છતાં યાજ્ઞવલ્ક્યને ભરી સભામાંથી ઊભા થઈને ગાયો હાંકી જઈ પોતાનું બ્રહ્મજ્ઞાન સર્વશ્રેષ્ઠ છે એમ અભિમાન કરતાં કે એ ગાયોનો પરિગ્રહ સ્વીકાર કરતાં તેમનું બ્રહ્મજ્ઞાન તેમને આડે આવતું નથી; જ્યારે શ્રમણધર્મનો સહેજે પરિચય થતાં બુદ્ધ અને મહાવીર ઘર–બાર અને સમગ્ર પરિગ્રહ છોડી અનગાર બને છે. બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્ક્યને બ્રહ્મર્ષિ છતાં બે પત્નીઓ હતી, અને પોતાની સંપત્તિની વહેંચણીનો પ્રશ્ન તેમની સામે હતો. આ પ્રકારના પરિગ્રહધારીને શ્રમણોમાં કદી આત્મજ્ઞની કે બ્રહ્મજ્ઞની ઉપાધિ મળી શકે નહિ. આ મોટો ભેદ શ્રમણ અને બ્રાહ્મણમાં હતો અને આજે પણ છે.

સંન્યાસને એક આશ્રમ તરીકે સ્વીકાર્યા છતાં બ્રાહ્મણ પરંપરામાં મહત્ત્વ તો ગૃહસ્થાશ્રમનું જ સર્વાધિક રહ્યું છે, જ્યારે શ્રમણોની સંસ્થા એકાશ્રમ સંસ્થા છે. તેમાં સંન્યાસને જે મહત્ત્વ અપાયું છે, તે બીજા કોઈ પણ આશ્રમને નથી અપાયું. ગૃહસ્થાશ્રમ સંન્યાસની પૂર્વ તૈયારી તરીકે પણ અનિવાર્ય નથી મનાયો; એ તો ત્યાજ્ય જ છે. આ ભેદમાંથી જ શ્રાદ્ધાદિની કલ્પના અને સંતાનોત્પત્તિની અનિવાર્યતા બ્રાહ્મણ ધર્મમાં મનાઈ, જ્યારે શ્રમણોમાં એવી કશી જ કલ્પનાને સ્થાન નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રાહ્મણોમાં યજ્ઞસંસ્થાના પ્રાધાન્ય સાથે જ પુરોહિત સંસ્થાનો ઉદ્‌ભવ થયો અને પરિણામે બ્રાહ્મણ વર્ણ શ્રેષ્ઠ અને બીજા હીન એવી ભાવના પ્રચારમાં આવી. એટલે સમાજમાં જાતિગત ઉચ્ચનીચતા થઈ અને તેણે ધર્મક્ષેત્રમાં પોતાનો પગ જમાવ્યો, અને મનુષ્યસમાજના ભાગલા પડ્યા. આથી ઊલટું, શ્રમણોમાં આવી કોઈ પુરોહિત સંસ્થાના ઉદ્‌ભવને અવકાશ જ હતો નહિ. આમ છતાં પણ બ્રાહ્મણ-શ્રમણના મિલનનું એક પરિણામ એ આવ્યું કે શ્રમણોમાં જાતિગત ઉચ્ચ-નીચતા, જેનો તેમના સિદ્ધાન્ત સાથે કોઈ મેળ નથી, તેનો શ્રમણોએ બહુજનસમાજમાં સ્વીકાર કર્યો. જોકે શ્રમણ સંઘમાં એવા કોઈ ભેદને પ્રાચીન કાળમાં સ્થાન ન હતું, પણ આજે આપણે જોઈએ છીએ કે એ શ્રમણ સંઘ પણ જાતિવાદના ભૂતથી ગ્રસ્ત થયેલ છે. આથી ઊલટું, બ્રાહ્મણ પરંપરામાં મધ્ય કાળમાં એવા સંપ્રદાયો અને સંતો થયા છે, જેમણે-જાતિગત ઉચ્ચ-નીચ ભાવને કોઈ મહત્ત્વ આપ્યું નથી : આ શ્રમણ ભાવનાનો વિજય ગણી શકાય.

ભેદની ગૌણતા

શ્રમણ અને બ્રાહ્મણનો એક મોટો ભેદ નિવૃત્તિ અને પ્રવૃત્તિને કારણે છે. શ્રમણોનો સમગ્ર આચાર નિવૃત્તિપ્રધાન હતો અને બ્રાહ્મણોનો સમગ્ર આચાર પ્રવૃત્તિ-પ્રધાન હતો. બ્રાહ્મણોની યજ્ઞસંસ્થા અને સમગ્ર કર્મકાંડો અને તેના ફળાફળની ચર્ચા કરીએ તો સ્પષ્ટ થશે કે એ દ્વારા સ્વર્ગસુખની પ્રાપ્તિ કરવાનો એ પ્રયત્ન હતો. તેમાં નિવૃત્તિને નહિ, પણ પ્રવૃત્તિને સ્થાન હતું. આથી ઊલટું, શ્રમણોને મન પ્રવૃત્તિ એ સર્વથા ત્યાજ્ય છે. તેમને મન ક્રિયાકાંડો પણ ત્યાજ્ય જ છે; 'કરવા' કરતાં 'ન કરવું" એ જ એમને મન મહત્ત્વની વસ્તુ છે. બ્રાહ્મણ કર્મ-કાંડોના રહસ્યનો વિચાર કરીએ તો તેમાં એ કર્મકાંડો કેવળ વ્યક્તિપ્રધાન નથી પણ સામૂહિક છે. એટલે બ્રાહ્મણ ધર્મ વ્યક્તિનો ધર્મ નહીં પણ સમાજનો ધર્મ સિદ્ધ થાય છે. એથી ઊલટું, શ્રમણ ધર્મ એ નિવૃત્તિપ્રધાન હોઈ તે કેવલ વ્યક્તિનો ધર્મ છે. એકલી વ્યક્તિ પણ, કોઈની પણ સહાયતા વિના, એ ધર્મનું આચરણ કરી શકે અને કરવું જોઈએ એ અપેક્ષાથી એમાં સમગ્ર આચારની ગોઠવણ છે. આવી એકાન્તિક નિવૃત્તિમાં પરસ્પરોપકારની ભાવનાને અથવા તો મહાકરુણા કે કરુણાને વિશેષ અવકાશ નથી રહેતો; જ્યારે બ્રાહ્મણ ધર્મ પ્રવૃત્તિ-પ્રધાન ધર્મ હોઈ અને ફળાફળની સમગ્ર જવાબદારી કોઈ ઉપાસ્ય ઉપર હોઈ તેમાં મહાકરુણા કે કરુણાને અવકાશ રહે છે. આથી પરસ્પરોપકારને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાજમાં અવકાશ મળે છે. જ્યારે આ બન્ને પરંપરાનો સમન્વય થયો ત્યારે બ્રાહ્મણોએ સંન્યાસ આશ્રમરૂપે શ્રમણોની નિવૃત્તિને પ્રશ્રય આપ્યો અને શ્રમણોએ બ્રાહ્મણો પાસેથી કરુણા અને મહાકરુણા લીધી; અને બીજા જીવો કરતાં તીર્થંકર–જિનોની એ મહાકરુણાને કારણે જ વિશેષતા સ્વીકારી. આ પ્રમાણે બ્રાહ્મણો અને શ્રમણોના જીવનમાં જે એકાન્તિકતા હતી તેને બદલે સમન્વય થયો અને પરિણામે તે બન્ને પરંપરાઓ બહુ જ નજીક આવી. આથી બ્રાહ્મણોએ અને શ્રમણોએ બન્નેના ઉપાસ્યોને તત્ત્વતઃ એક સ્વીકારવા સુધીની દલીલો આપવા માંડી. બ્રાહ્મણોના અનેક કર્મકાંડોનું રૂપાન્તર શ્રમણોએ કરી નાખ્યું અને પોતાને અનુકૂળ બનાવી તે સ્વીકારી લીધા; એ જ પ્રમાણે બ્રાહ્મણોએ પણ શ્રમણોના આચારોને સ્વીકારી લીધા. આ રીતે બન્ને પરંપરાનો જે તત્ત્વતઃ ભેદ હતો એ ગૌણ બની ગયો અને બન્ને એક જેવા થઈ ગયા, જેને આપણે આજે હિન્દુ સંસ્કૃતિના નામે ઓળખીએ છીએ.

આમ છતાં બન્નેના આંતર પ્રવાહો કદી એક થયા નથી, એ ભૂલવું ન જોઈએ. બહુજનસમાજમાં નાગો, નિર્લજ્જ, મેતર (મહત્તર–ભંગી) આદિ શબ્દો બહુમાનસૂચક નથી રહ્યા. શ્રમણોની દૃષ્ટિએ નગ્ન રહેવું એ બહુ મોટી વાત છે, લજ્જાને જીતવી એ બહુ મોટું કાર્ય છે. છતાં નાગો, નિર્લજ્જ એ શબ્દો નિન્દાસૂચક બની ગયા છે. તે જ પ્રમાણે ‘ભામટો’ એ બ્રાહ્મણનું જ રૂપાન્તર છતાં નિન્દાસૂચક શબ્દ બની ગયો છે. બન્ને પરંપરાના વૈરમૂલક વ્યવહારમાંથી આવા શબ્દોની સૃષ્ટિ થયેલી છે. અને અશોક જેવાની ‘દેવાનાં પ્રિય’ એ બહુજનસંમત પદવીનો બ્રાહ્મણોએ ‘મૂર્ખ પશુ’ અર્થ કર્યો જ છે અને એ જ અર્થમાં એ શબ્દને પ્રચલિત પણ કર્યો છે.

વૈદિક નિષ્ઠા બધા જીવોનો સંબંધ ‘એક’ સાથે માનતી હોઈ સમાજજીવન ઉપર વધારે ભાર આપે છે અને તેથી પણ સામાજિક નીતિનું ઘડતર તેમાં છે. જે વ્યક્તિ સમાજના એકમ તરીકે પોતાને સ્વીકારે તેનું જીવન સમાજને પ્રતિકૂળ સંભવે જ નહિ. અને તે જ કારણે તેમાં સમાજશાસ્ત્રની રચના છે અને એક સામાજિક પ્રાણીનો જીવન–વ્યવહાર અને રીતિનીતિ જેવી હોવી જરૂરી છે, તેથી વિપરીત, જેમને મતે, સમાજને બદલે વ્યક્તિનિષ્ઠા હોય તેની રીતિનીતિ તદ્દન જ અલગ હોય તે સ્વાભાવિક છે. તેથી શ્રમણોમાં સમાજવ્યવસ્થા માટે સ્મૃતિઓ નથી. પણ કેવળ વ્યક્તિનિષ્ઠા માનવામાં આવે તો જીવનવ્યવહાર જ સંભવે નહીં. એટલે શ્રમણોના પણ સંઘો બન્યા અને તેવા સંઘને વ્યવસ્થિત કરવા આચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વિનયના નિયમો પણ બન્યા. એટલે કે ઉક્ત પ્રકારે પરસ્પર સમન્વય થયો છે, છતાં બન્નેની ભેદક રેખા–વેદમાન્યતા અને અમાન્યતા–એ કાયમ હોઈ તેઓમાં સર્વાંશે એકતા કદી આવી નથી અને આવવા સંભવ પણ નથી. કારણ, બન્નેની મૂળ નિષ્ઠામાં જ ભેદ છે. એનું નિવારણ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ એકતાનો સંભવ નથી.

નિષ્ઠાભેદનું કારણ

ત્યારે હવે એ વિચારવું પ્રાપ્ત થાય છે કે એ મૂળ નિષ્ઠા બંનેની કેમ જુદી રહે છે? તેમાં ઐક્યને જે અવકાશ નથી મળતો તેનું કારણ શું છે?

સમગ્ર વિશ્વના મૂળમાં કોઈ એક જ પરમ તત્ત્વ છે, તેમાંથી જ આ વિશ્વપ્રપંચની સૃષ્ટિ છે—આ છે વૈદિક નિષ્ઠા. એ તત્ત્વને બ્રહ્મ, પરમાત્મા, ઈશ્વર આદિ વિવિધ નામે ઓળખાવવામાં આવે છે. આ મૂળ નિષ્ઠાને કાયમ રાખીને જ બધી પરંપરાઓમાં જુદા જુદા નામે એ પરમતત્ત્વની ઉપાસનાને સ્થાન મળ્યું છે; જોકે એ એક તત્ત્વમાંથી કે એ એક તત્ત્વને આધારે કે નિમિત્તે સમગ્ર વિશ્વસૃષ્ટિની ઉત્પત્તિનું સ્પષ્ટીકરણ કરવા અનેક મતમતાંતરો વિવિધ વૈદિક દર્શનો રૂપે વિકસ્યાં છે, પણ એ બધામાં 'એક' ઉપરની નિષ્ઠા કાયમ છે.

તેથી ઊલટું, શ્રમણ પરંપરામાં એવું કોઈ એક તત્ત્વ સ્વીકારાયું નથી, જે સમગ્ર વિશ્વપ્રપંચ માટે જવાબદાર હોય. પણ આ સંસારલીલા અનાદિ કાળથી ચાલી આવી છે, અને તેને માટે જવાબદાર જુદા જુદા જીવો સ્વયં જ છે, બીજું કોઈ નહિ. એટલે અનાદિ કાળથી એક નહીં, પણ અનેક મૂળ તત્ત્વો છે, એટલે ખરી રીતે વિશ્વસ્રષ્ટા તરીકે કોઈની ઉપાસનાને સ્થાન નથી.

વૈદિક પરંપરામાં પરમ ઉપાસ્યની કરુણા હોય તો પરમથી છૂટા પડેલા જીવોને પરમ પોતાની અંદર સમાવી લે—એટલે જીવો પરમભાવ પ્રાપ્ત કરવા પરમની ઉપાસના કરે એ સ્વાભાવિક ક્રમ છે. પણ શ્રમણોમાં એવું કોઈ પરમ તત્ત્વ ન હોઈ તેની સાથે મળવાનો કે તેમાં સમાઈ જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. એટલે શ્રમણોમાં એવા મૌલિક પરમની ઉપાસનાને સ્થાન નથી, પણ અનાદિ કાળથી સંસારનું જે ચક્ર ચાલે છે, એ ચક્રની ગતિને રોકવામાં જ પુરુષાર્થની કૃતાર્થતા છે. એવો પુરુષાર્થ જેણે કર્યો હોય તે આદર્શ વ્યક્તિ બને છે; અને તેવો પુરુષાર્થ કોઈ કરે તો તે એવી વ્યક્તિનું અનુકરણ માત્ર કરે છે, એમ માનવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ શ્રમણોમાં પણ બ્રાહ્મણોની દેખાદેખીએ ઉપાસનાનું તત્ત્વ દાખલ થયું જ છે. પણ મૂળ નિષ્ઠામાં ભેદ હોઈ ઉપાસના છતાં તે એકપક્ષી ઉપાસના છે. ઉપાસ્ય ઉપાસક અર્થે કશું જ કરવા સમર્થ નથી. માત્ર તે ઉપાસ્ય ધ્રુવ તારો છે, જેને નજર સમક્ષ રાખી ઉપાસક પોતાનો માર્ગ નક્કી કરે છે. એટલે ખરા અર્થમાં આને ઉપાસના કહેવાય જ નહિ. છતાં પણ બ્રાહ્મણ પરંપરાની જેમ શ્રમણ પરંપરામાં મંદિર અને મૂર્તિના આડંબરને જે પૂર્ણ સ્થાન મળ્યું છે તે શ્રમણોના તાત્ત્વિક ધર્મમાં નહિ, પણ બાહ્ય ધર્મમાં સમાવિષ્ટ છે એમ માનવું જોઈએ. આનો ખુલાસો આ પ્રમાણે પણ કરી શકાય કે ઉપાસના પરમ તત્ત્વની હોય કે પોતાની, પણ તેનો માર્ગ બાહ્ય આચારમાં તો એક જેવો જ હોઈ શકે. ભેદ જે છે તે એ છે કે એક પરમ તત્ત્વને પ્રાપ્ત કરવા મથે છે, જ્યારે બીજો પોતાને. એકને મતે વસ્તુત: પરમ એ ઉપાસકથી પૃથક્ નથી; જ્યારે બીજાને મતે પણ પોતે પણ પોતાથી ભિન્ન નથી. એકને મતે ઉપાસ્ય આદર્શભૂત પરમ તત્ત્વ મૂળે એક જ છે અને અંતમાં પણ એક જ છે, પણ બીજાને મતે મૂળમાં અને અંતમાં પોતાથી ભિન્ન નહીં છતાં બીજાથી તો ભિન્ન જ છે. આ ભેદને કારણે બ્રાહ્મણ અને શ્રમણની નિષ્ઠામાં જે ભેદ છે તેનો સંપૂર્ણ સમન્વય શક્ય નથી. જેટલી હદે શક્ય હતો તે તો બંને સમાજે કરી જ લીધો છે.

જેને આપણે અત્યારે જૈનધર્મને નામે ઓળખીએ છીએ તેનું પ્રાચીન રૂપ શ્રમણ ધર્મ હતું તેનો ટૂંકો પરિચય આપ્યા પછી હવે આપણે એ જોઈએ કે શ્રમણ ધર્મના એક સંપ્રદાય રૂપે જૈનધર્મનો ઇતિહાસ શો છે? તેની વિશેષતા શી છે? તેનું સ્વરૂપ શું છે?

(૨) જૈનધર્મનો ઇતિહાસ

જૈનધર્મ એ શ્રમણ સંપ્રદાય હોઈને, તથા તેની અને શ્રમણોના બીજા સંપ્રદાયો વચ્ચે ઘણી બાબતોમાં સામ્ય હોઈને, પાશ્ચાત્ય વિદ્વાનોમાં એક વખત એવો ભ્રમ હતો કે બૌદ્ધધર્મથી જૈનધર્મ જુદો નથી. પણ યાકોબી જેવા વિદ્વાનોએ એ ભ્રમને તો ક્યારનોય ભાંગી નાંખ્યો છે. ભારતવર્ષના વિદ્વાનોમાં તો એવો ભ્રમ કદી જ થયો પણ નથી, એટલે પણ એ વિષયની ચર્ચા અહીં અસ્થાને છે.

જૈનધર્મનો ઇતિહાસ છે અને તેનું દર્શન પણ છે. ઇતિહાસ પોતાની રીતે ખુલાસા કરે છે અને દર્શન એ તો શાશ્વત સત્યની ચર્ચા કરતું હોઈ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇતિહાસાતીત છે. એટલે જૈનધર્મનો ઇતિહાસ અને તેનું દર્શન જૈનધર્મની પ્રાચીનતા વિષે જે વિચારો ઉપસ્થિત કરે તેમાં મતભેદ રહેવાનો જ.

અનાદિ અને શાશ્વત

જૈન દર્શને કરેલા પ્રાચીનતાના ખુલાસાને પ્રથમ જોઈ લઈએ. વૈદિક દર્શનમાં કહેવામાં આવ્યું છે કે સૃષ્ટિની આદિમાં કોઈ 'એક' તત્ત્વ હતું, તેમાંથી આ સમગ્ર સૃષ્ટિનો ઉદ્ભવ થયો છે. પણ વૈદિક દર્શન પણ એ કેવળ 'એક' તત્ત્વમાંથી 'ક્યારે' સૃષ્ટિ થઈ તેનો સમય નિશ્ચિત કરી શકતું નથી. એટલે એ અજ્ઞાત કાળને આપણે અનાદિ કહીએ. આમ કહેવું તે જોકે પરસ્પરવિરોધ જેવું ભાસે છે, છતાં પણ ખોટું નથી. કારણ, જે વસ્તુના આદિ કાળને આપણે નિશ્ચિત ન કરી શકીએ તેને અનાદિ કહ્યા સિવાય બીજો કોઈ માર્ગ આપણી સામે રહેતો નથી. એ જ પ્રમાણે જૈન દર્શને સ્વીકાર્યું છે કે સૃષ્ટિ અનાદિ કાળથી ચાલી આવે છે–न कदाचिदनीदृशं जगत्–જગત સદા એકસરખું છે. પણ એ સુમહત્ કાળ અનંત ખંડોમાં વિભક્ત છે, જેને જૈનો અવસર્પિણી અને ઉત્સર્પિણી કહે છે. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થાય છે. અને તેમણે એક જ ઉપદેશ આપ્યો છે કે જીવો કર્મથી બદ્ધ છે; એ કર્મબંધનાં કારણો રાગ અને દ્વેષ છે; બંધનાં કારણોનું નિવારણ કરી જીવ મોક્ષને પામે છે. આ સામાન્ય વાત એકસરખી રીતે બધા તીર્થંકરોએ પ્રતિપાદિત કરી છે. આ દૃષ્ટિએ જૈનધર્મ અનાદિ અને શાશ્વત છે. જ્યારથી જીવો છે ત્યારથી જેમ તેઓ બંધનમાં બદ્ધ થવાનો પ્રયત્ન કરે છે, તેમ છુટકારાનો પણ પ્રયત્ન કરે જ છે. અને છુટકારાનો પ્રયત્ન એ જ તો જૈનધર્મ છે, એટલે જો જીવો અનાદિ હોય તો તેનો ધર્મ પણ અનાદિ હોવો જોઈએ. આ દર્શને કરેલો તર્ક જૈનધર્મને અનાદિ સિદ્ધ કરે છે. પણ સ્વયં દર્શન એ કાળપ્રવાહમાં બાદમાં આવતું હોઈ, ઘટનાઓ ઘટી ગયા પછી તેનો પોતાની દૃષ્ટિએ તાત્ત્વિક ખુલાસો કરતું હોઈ, ઇતિહાસ સાથે તેને બહુ લેવાદેવા નથી. એટલે આ ખુલાસાને વિષે અહીં વિશેષ ચર્ચા કરવી અસ્થાને છે.

ઐતિહાસિક પુરાવા

પણ હવે ઇતિહાસને જૈનધર્મની પ્રાચીનતા વિષે શું કહેવાનું છે તે જોઈએ. વેદાદિ બ્રાહ્મણ ગ્રંથોમાં આવતો 'અરિષ્ટનેમિ' શબ્દ તે નામના જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકરનો સૂચક છે, એમ કેટલાકનું કહેવું છે. જૈન પરંપરા પ્રમાણે તો તેમનો સંબંધ શ્રીકૃષ્ણ સાથે છે : આ જૈન પરંપરાનું સમર્થન વેદમાંથી મળતું નથી. એટલું નક્કી કે પ્રાચીન કાળમાં 'અરિષ્ટનેમિ' નામ પ્રચલિત હતું. તે જૈન તીર્થંકરનું હોય પણ ખરું અને ન પણ હોય. મહાભારતમાં સહદેવે વેશપલટો કરી વિરાટની સભામાં પોતાનો પરિચય આપતા કહ્યું છે કે "वैश्योऽस्मि नाम्नाहमरिष्टनेमि" (વિરાટપર્વ, દશમો અધ્યાય, શ્લોક ૫)—હું વૈશ્ય છું અને મારું નામ 'અરિષ્ટનેમિ' છે. અન્યત્ર મહાભારતમાં અરિષ્ટનેમિને જિનેશ્વર પણ કહ્યા છે. આ ઉપરથી એટલું તારવી શકાય કે અરિષ્ટનેમિના અસ્તિત્વ વિષે સંદેહ કરવાને સ્થાન નથી. તેમને જો કૃષ્ણના સમકાલીન માનીએ તો મહાભારત કાળમાં એટલે કે ઈ. પૂ. ૧૪૦૦-૧૫૦૦માં તેમનો સમય કલ્પી શકાય.

ભગવાન ઋષભદેવ જૈનોના પ્રથમ તીર્થંકર છે. ઋષભ શબ્દનો ઉલ્લેખ બ્રાહ્મણ સંપ્રદાયના વેદોમાં પણ મળે છે. અને પુરાણોમાં તો ઋષભચરિત્ર જે પ્રકારનું આપવામાં આવ્યું છે તે વાંચનારને શંકા રહેતી જ નથી કે જૈન તીર્થંકર ઋષભદેવનું જ એ ચરિત્ર છે. બ્રાહ્મણોના મતે ઋષભદેવ એ મનુની પાંચમી પેઢીએ થયેલ છે. એટલે એમનો કાળ એ પૌરાણિક કાળ ગણાય. એટલે એ કાળ ઇતિહાસની નજર બહાર જ લેખાવો જોઈએ. અને જૈન પુરાણોમાં પણ તેમના કાળને અત્યંત પ્રાચીન ગણવામાં આવ્યો છે. જૈન અને બ્રાહ્મણ બન્ને ગ્રંથોના આધારે કહી શકાય કે ઋષભ એક જબરા તપસ્વી હતા. અને તેમના કાળમાં જેને આપણ સંસ્કૃતિ નામથી ઓળખીએ છીએ તેનો ઉદયકાળ શરૂ થયો હતો, અને એ ઉદયમાં ઋષભદેવનો પોતાનો હિસ્સો મોટા પ્રમાણમાં હતો. અને એમાંથી એ પણ જાણવા મળે છે કે તેમના પુત્ર ભરતના નામથી આપણા આ દેશનું નામ ભારતવર્ષ પડ્યું છે. આ પૌરાણિક વર્ણનોને ઇતિહાસ-સિદ્ધ કાળમાં ગોઠવી શકાય એમ નથી. છતાં ઋગ્વેદ કાળમાં ભાઈ-બહેનના લગ્નની કે સહચારની રૂઢિ અને ઋષભકથામાં આવતી યુગલિયાઓની લગ્નપ્રથાની રૂઢિ એકજેવી છે, જેથી એક સૂચના તો મળી શકે છે કે ઋષભદેવનો કાળ ઋગ્વેદથી બહુ દૂર તો નહિ હોય.

પણ જેને જૈનધર્મના અસ્તિત્વનો અસંદિગ્ધ પુરાવો કહી શકાય એવો ઉલ્લેખ તો સર્વપ્રથમ પાલિ પિટકોમાં મળે છે. તેમાં ભગવાન મહાવીરનો ઉલ્લેખ નિર્ગ્રન્થ નાથપુત્ર કે નિર્ગ્રન્થ જ્ઞાતપુત્રને નામે મળે છે, એટલું જ નહિ પણ, જૈનધર્મના આગવા કહી શકાય એવા સિદ્ધાન્તોનો ઉલ્લેખ પણ સર્વપ્રથમ બૌદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રન્થોમાં જ મળે છે. અને એવા સિદ્ધાન્તોના વિવિધ ઉલ્લેખોને આધારે ભગવાન મહાવીર પહેલાંના તીર્થંકર પાર્શ્વનાથના ઉપદેશનું અસ્તિત્વ પણ ડૉ. યાકોબીએ સિદ્ધ કર્યું જ છે. બૌદ્ધ ગ્રન્થોમાં ભગવાન મહાવીરના ઉપદેશમાં ચાતુર્યામને સ્થાન હતું એમ જણાવવામાં આવ્યું છે, પણ ખરી રીતે જૈન શાસ્ત્રો પ્રમાણે તો, ભગવાન મહાવીરના પાંચ યામો છે, જ્યારે ભગવાન પાર્શ્વનાથના, જૈન શાસ્ત્રો પ્રમાણે, ચાર યામો હતા. તેમાં જ સુધારો કરીને ભગવાન મહાવીરે પાંચ યામોનો ઉપદેશ આપ્યો. બૌદ્ધોની આ નાની સરખી ભૂલે ભગવાન પાર્શ્વનાથના અસ્તિત્વનો એક પુરાવો પૂરો પાડ્યો છે; અને સ્વયં બુદ્ધના વખતમાં સર્વત્ર તેમને નિર્ગ્રન્થોનો સામનો કરવો પડ્યો છે; એ સિદ્ધ કરે છે કે બુદ્ધથી પણ પહેલાં નિર્ગ્રન્થ ધર્મનો પ્રચાર પૂર્વ દેશમાં થઈ ગયો હતો. એ કહેવાની જરૂર નથી કે બુદ્ધના સમયમાં જૈનધર્મનું નામ નિર્ગ્રન્થધર્મ હતું. આ પ્રમાણે ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર વિષે તો ઇતિહાસની પૂરી સાક્ષી છે. તેમાં ભગવાન મહાવીરનો સમય, તેઓ બુદ્ધસમકાલીન હોઈ, ઈ. પૂ. પાંચમી–છઠ્ઠી શતાબ્દી નિશ્ચિત છે. જૈન પરંપરા પ્રમાણે ભગવાન મહાવીર પહેલાં ૨૫૦ વર્ષે પાર્શ્વનાથનું નિર્વાણ થયું. એટલે કે ઈ. પૂર્વ ૮૦૦માં ભગવાન પાર્શ્વનાથનો સમય મૂકી શકાય. આ બંને તીર્થંકર પહેલાંના તીર્થંકરોમાંથી ભગવાન ઋષભદેવ અને અરિષ્ટનેમિ વિષે પહેલાં કહેવાઈ ગયું છે.

આટલી ચર્ચા ઉપરથી આપણે એટલું તો નિશ્ચિતરૂપે કહી શકીએ કે ઈ. પૂ. ૮૦૦ વર્ષ પહેલાં તો જૈનધર્મે પોતાનું એક જુદું રૂપ નક્કી કરી લીધું હતું; અને તે શ્રમણ સંપ્રદાયમાંનો એક પ્રતિષ્ઠિત સંપ્રદાય હતો. તે પહેલાં અરિષ્ટનેમિ કે તેથી પણ પહેલાં ઋષભદેવના સમયમાં જૈનધર્મનું શું સ્વરૂપ હતું એ જાણવાને આપણી પાસે જૈન શાસ્ત્રો સિવાય બીજું કશું જ સાધન નથી. અને જૈન શાસ્ત્રો તો ભગનાન મહાવીરના ધર્મ કે શાસનને જ મહત્ત્વ આપતાં હોઈ શેષ તીર્થંકરોએ પણ એવો જ ઉપદેશ આપ્યો હતો તેવી સામાન્ય વાત કહે છે. એને આધારે સુસંવાદી ઇતિહાસ રચી શકાય એમ નથી. એટલે અત્યારે એટલાથી જ સંતોષ માનવો રહ્યો.

(૩) તત્ત્વજ્ઞાન

જૈનધર્મના ઇતિહાસની આટલી ચર્ચા પછી હવે આપણે જોઈએ કે જૈનધર્મનું સ્વરૂપ શું છે? અને તેની વિશેષતા શી છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈશ્વરવાદને સ્થાને કર્મવાદ

જૈનધર્મમાં જગત્કર્તા ઈશ્વરને સ્થાન નથી. આવા ઈશ્વરની કલ્પના વિનાના ધર્મને ધર્મ કહી શકાય નહિ, એવી ચર્ચા પશ્ચિમના વિદ્વાનોમાં ચાલી હતી. પણ એ ચર્ચા કરનારા વિદ્વાનો સમક્ષ ખ્રિસ્તી ધર્મ અને તેના જેવા ઈશ્વરવાદી ધર્મો જ હતા. જ્યારે તેમને બૌદ્ધ ધર્મ અને જૈનધર્મનો પરિચય થયો ત્યારે જ તેમણે જાણ્યું કે ઈશ્વર વિનાનો પણ ધર્મ હોઈ શકે છે. એટલે તેમણે હવે ધર્મની વ્યાખ્યા જ બદલી નાખી અને બૌદ્ધ–જૈનનો પણ સમાવેશ ધર્મોમાં કરવા લાગ્યા છે. જો ઈશ્વર નથી તો પછી સંસારમાં જે એક વ્યવસ્થા છે તેનો આધાર શો છે? ઈશ્વરવાદી ધર્મો તો કહી શકે છે કે સર્વશક્તિસંપન્ન ઈશ્વર જગન્નિયન્તા છે. તે જ બધું વ્યવસ્થિત કરે છે. આ સંસારચક્ર ઈશ્વર દ્વારા સંચાલિત છે. પણ આ ઈશ્વરના સ્થાનમાં જૈનો કર્મને માને છે. જૈનધર્મની માન્યતા છે કે જીવોનાં કર્મને કારણે જ સંસારચક્ર ગતિમાન છે. અને એમનાં કર્મને કારણે જ વ્યવસ્થા પણ છે. જૈનોના આ કર્મવાદનો ઇતર ભારતીય ધર્મો ઉપર પણ એટલો પ્રભાવ પડ્યો જ છે કે ઈશ્વર માનનાર પણ, ઈશ્વરની કેવળ મરજી ઉપર બધું ન છોડતાં, જીવોનાં કર્મને આધારે ઈશ્વર કર્મફલદાયક છે એમ તેઓ સ્વીકારતા થઈ ગયા છે. આ રીતે એક પ્રકારે ઈશ્વરની અપેક્ષાએ જૈનોનો કર્મવાદ જ પ્રબળ બને છે. કારણ, ઈશ્વરકૃત વ્યવસ્થા પણ છેવટે તો કર્માધીન જ છે. જૈનધર્મની જો કોઈ પણ વિશેષતા હોય તો તે આ કર્મવિવેચનની છે. કર્મને જ્યારે સંસારચક્રના ચાલક બળ તરીકે સ્વીકાર્યું ત્યારે એને આધારે જ બધી ઘટનાઓ અને જીવોની વિશેષતાઓનો ખુલાસો કરવો જરૂરી હતો, એટલું નહિ પણ, એ કર્મના બળને ઘટાડી આત્મબળ કેમ વધારવું એની પ્રક્રિયા પણ શોધવી જરૂરી હતી. જૈનધર્મે એ ખુલાસો અને એ પ્રક્રિયાની શોધ કર્યાં જ છે; અને એમાં જ જૈનધર્મનું સ્વરૂપ સંનિહિત છે.

જીવોના પ્રકાર અને સાધનાનો માર્ગ

સંસારના કોઈ પણ ધર્મનું ધ્યેય જીવને તેની વિદ્યમાન સ્થિતિમાં અસંતોષ જન્માવી ઉન્નતિને માર્ગે લઈ જવાનું છે. જૈનધર્મે ઉન્નતિની પરાકાષ્ઠા સિદ્ધાવસ્થામાં માની છે. એટલે જીવોના સંસારી અને સિદ્ધ એમ બે પ્રકાર સ્વતઃ ફલિત થાય છે. કર્મોના બંધનથી બદ્ધ એ સંસારી છે અને કર્મોના બંધનથી મુક્ત એ સિદ્ધ છે. સંસારી જીવોમાં પણ એવા કેટલાક છે, જે સતત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉન્નતિના માર્ગે આગળ વધી રહ્યા છે, જ્યારે એવા પણ કેટલાક છે, જે અવનતિને માર્ગે જઈ રહ્યા છે. આમ સંસારી જીવોમાં મૂઢ અને અમૂઢ એવા બે ભેદ અથવા તે સંસારાભિનંદી અને સાધક એવા ભેદ કલ્પી શકાય છે. ધર્મનું કાર્ય સંસારાભિનંદીને સાધક બનાવવાનું છે અને સાધકને સાધનાનો માર્ગ ચીંધવાનું છે. એટલે સર્વપ્રથમ સર્વ ધર્મના મૂળમાં વિવેક અથવા સમ્યગ્દૃષ્ટિને સ્થાન મળ્યું છે. વિવેકનો અર્થ થાય છે પૃથક્કરણ. જૈનધર્મે સ્પષ્ટ કર્યું છે કે આત્મા અને અનાત્મા–કર્મનો ભેદ સમજવામાં આવે તો જીવની મૂઢ દશા નિરસ્ત થાય છે. જીવ અને કર્મનું સ્વરૂપ એક નથી—જીવ ચેતન છે અને કર્મ અચેતન છે –છતાં બન્ને એકમેકમાં એવાં ઓતપ્રોત છે કે જીવને એ ભાન નથી કે પોતાનું ખરું સ્વરૂપ શું છે? એટલે માર્ગદર્શકનું પ્રથમ કાર્ય એ છે કે જીવને પોતાના સ્વરૂપની પ્રતીતિ કરાવી આપવી. આવી પ્રતીતિ થાય એટલે વિવેકદૃષ્ટિ જાગે. એ વિવેક જાગે એટલે જીવ કર્મ અને કર્મના વિપાકને કારણે થતી અવસ્થાઓને પોતાની માનતા અચકાય. આવો આંચકો લાગે એટલે આત્મા અને શરીર, જે કર્મજન્ય છે, તે બન્નેનો ભેદ એ સમજી જાય અને એ સમજે એટલે તેની સાધનાની શરૂઆત થાય છે. આવી સાધના એ ધર્મ છે. જિનોએ બતાવેલી સાધના એ જૈનધર્મ છે. અહીં જિનનો અર્થ આપણે તીર્થંકર ભગવાન મહાવીર કરીશું.

જૈન સાધનાની વિશેષતા : અહિંસામયતા

આત્મ-અનાત્મ-વિવેકની તો બધા ધર્મોએ વાત કરી જ છે અને તે વિવેક થયા પછીની ધર્મસાધના પણ સર્વ દર્શનોમાં છે જ. તો પછી જૈનધર્મની આગવી વિશેષતા શી છે? વળી, સર્વ દર્શનોમાં રાગ–દ્વેષ એ બે દોષો દૂર કરવા માટે જ સાધના કરવામાં આવે છે; આમાં પણ જૈનધર્મને કશું જ નવું કહેવાનું નથી. તો પછી એ સાધનાને જૈનધર્મનું નામ કેમ આપવામાં આવે? આ પ્રશ્ન છે. એ સાચું છે કે આત્મ–અનાત્મ વિવેક અને રાગ–દ્વેષનો ત્યાગ એ સર્વસાધારણ છે પણ સાધક કેટલીક નિષ્ઠાઓ લઈને એવી સાધનામાં પ્રવૃત્ત થાય છે અને એ નિષ્ઠાભેદને કારણે જ આદર્શમાં ભેદ પડે છે. એ નિષ્ઠાઓના વિવેચનમાં જ જૈનધર્મ બીજા ધર્મોથી જુદો પડે છે અને એને કારણે જ તેનું જુદું અસ્તિત્વ કાયમ થાય છે. એ નિષ્ઠાનું જ નામ જૈન દર્શન છે.

જૈન દર્શનની પ્રથમ નિષ્ઠા અહિંસામાં છે. ભગવાન મહાવીરના વખતમાં ધર્માચરણમાં પશુવધને સ્થાન હતું. યજ્ઞમાં પશુનો વધ કરી મનુષ્ય પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખની કામના કરતો અને માનતો કે મરનાર પશુ સ્વર્ગે જાય છે. આથી વિરુદ્ધ ભગવાન મહાવીરે કહ્યું કે ;—

'सव्वे जीवा वि इच्छन्ति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति य ॥"

"सव्वे जीवा सुहसाया, दुक्खपडिकूला अप्पियवहा पियजीविणो जीवितकामा । सव्वेसिं जीवियं पियं ।"

"तुमं सि नाम तं चेव जं हन्तव्वं ति मन्नसि । तम्हा न हन्ता, न वि घायए ।"

અર્થાત્ "બધા જીવો જીવવાની ઇચ્છા કરે છે, મરવાનું કોઈ ઇચ્છતું નથી; એટલા માટે પ્રાણીઓના વધને ભયંકર સમજી નિર્ગ્રંથો તેનો નિષેધ કરે છે."

"બધાય જીવો સુખને અનુકૂળ અને દુઃખને પ્રતિકૂળ સમજે છે. રક્ષણને પ્રિય અને વધને અપ્રિય સમજે છે. બધા જીવ જીવવા ઇચ્છે છે, જીવનને પ્રિય ગણે છે."

"વળી, તમે જેને હંતવ્ય ગણો છો તે પણ તમે જ છો, એટલા માટે તમે કોઈને મારો નહિ, કોઈનો વધ કરો નહિ."

ધર્માર્થે હિંસા કરનાર બ્રાહ્મણોને એમણે પૂછ્યું કે તમને પોતાને કોઈ મારે તો તમને એ પ્રતિકૂળ છે કે અનુકૂળ? જો પ્રતિકૂળ હોય તો બીજાને તમે મારો છો તે પ્રતિકૂળ કેમ ન હોય? તેમના અહિંસાપ્રચારમાં આત્મૌપમ્યની દૃષ્ટિ હતી. જેઓ બધા આત્માને એક જ માનતા—બ્રહ્માદ્વૈત માનતા, તેમણે તો વિશેષે હિંસાનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે જેની હિંસા કરવાનું તે વિચારે છે, તે તેનાથી જુદો તો નથી જ. એટલે દ્વૈતનિષ્ઠા હોય કે અદ્વૈતનિષ્ઠા, પણ અહિંસા એ જ ધર્મ હોઈ શકે. જીવનમાં નિરપવાદ અહિંસાને સ્થાન હોવું જોઈએ એવો ભગવાન મહાવીરનો આગ્રહ હતો. સૂક્ષ્મ જીવો સુદ્ધાંની થોડી પણ હિંસા જો પોતાના પ્રમાદથી થાય તો તે પણ અધર્મનું જ કારણ છે એમ તેમણે સ્પષ્ટ કહ્યું છે.

આવી નિરપવાદ અહિંસાને જો સિદ્ધ કરવી હોય તો જીવનમાં આચરણના નિયમો અતિ કઠોર હોવા જોઈએ. અને તેથી જ, એવા આગ્રહમાંથી જ, તેમણે પોતાના જીવનના ઘડતરના અનુભવને આધારે શ્રમણ સાધકો માટેના જે નિયમો ઘડી કાઢ્યા તે નિયમો જ જૈનધર્મના આચારને બીજા ધર્મના આચારથી પૃથક્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે, અને તેનું પૃથક્ અસ્તિત્વ પણ સિદ્ધ કરે છે. જીવનમાં જો સંપૂર્ણ અહિંસા પાળવી હોય તો તેનાં પૂરક વ્રતો—સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—નું પાલન અનિવાર્ય છે જ. વ્રતોનું પાલન તો બીજા ધર્મોમાં પણ નિર્દિષ્ટ છે જ; પણ એ વ્રતોના પાલનને સજીવ કરવું હોય તો ઝીણી ઝીણી બાબતો ઉપર પણ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. અને જ્યારે આપણે એ વ્રતોના આચારની ઝીણી ઝીણી બાબતોને અંગે નિયમોપનિયમની હારમાળ જોઈએ છીએ ત્યારે જણાઈ આવે છે કે શ્રમણનિર્ગ્રંથ બીજા શ્રમણોથી ક્યાં જુદા પડે છે.

બાહ્ય દેખાવે નગ્ન રૂપે સમાન છતાં એક નાગો ભિક્ષુ ધૂણી તપાવીને ચીપિયો લઈને બેઠો હશે, ત્યારે આ શ્રમણ દિગંબર નિર્ગ્રંથ જાણે છે કે અગ્નિમાં પણ જીવો છે તો એનો સમારંભ મારાથી થાય નહિ. આવું તો પ્રત્યેક બાબતમાં—વિહાર, ભિક્ષા, નિવાસ આદિ બાબતોમાં—દેખાઈ આવશે. મતલબ કે નિર્ગ્રન્થનો આચાર અહિંસામય છે, જ્યારે બીજાને હિંસા-અહિંસાનો વિવેક પણ હોતો નથી.

આ અહિંસાની વિવેચના માટે જીવશાસ્ત્રની રચના કરવી પડી. મહાવીરના મુખની વાણીનું પાન કરવું હોય તો આચારાંગ જુઓ. ત્યાં સર્વપ્રથમ શસ્ત્રની ચર્ચા કરી છે; એટલે કે જીવની હિંસા શાથી થાય છે એની જ વિવેચના કરી છે. એ વિવેચના કરવી હોય તો સ્વતંત્ર જીવશાસ્ત્ર પણ રચવું પડે છે. તેમણે કહ્યું છે કે વિશ્વમાં એવું કયું સ્થાન છે, જ્યાં જીવ નથી? પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને વનસ્પતિ જેવી વસ્તુઓ, જ્યાં બીજા લોકો જીવની સંભાવના પણ ન કરી શકે ત્યાં પણ ભગવાન મહાવીરે જીવોનું દર્શન કર્યું, તો પછી દૃશ્ય કીટ-પતંગને અને પશુઓ અને મનુષ્યોને જીવ માનવા વિશે તો કહેવાનું જ ન હોય, આ બધા પ્રકારના જીવોની હિંસા ટાળીને સાધક કેમ જીવન વિતાવે એનો વિવેક ભગવાન મહાવીરે બતાવ્યો છે. આમાં જ જૈનધર્મ સમાયો છે. એક શબ્દમાં કહેવું હોય તો, જીવનમાં સામાયિક એક ધર્મ છે, અને તે જ જૈનધર્મ છે. સામાયિકનો સીધો અર્થ સમતા છે. એટલે કે મહાભારતે જે કહ્યું કે "आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्"—તે જ સામાયિક છે. સંસારમાં બધા પ્રકારના જીવો પોતાની ઉન્નતિ ચાહે છે; પતન કોઈ ચાહતું નથી. બધાને જીવવાનો અને ઉન્નત થવાનો સરખો હક્ક છે. એટલે જ એ ફલિત થાય છે કે એમની ઉન્નતિમાં બાધક નહિ પણ સાધક થવું એ પ્રત્યેક જીવનું કર્તવ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જૈનધર્મની આ મૂળ નિષ્ઠા છે. ભગવાન મહાવીરની, **તીર્થંકર મહાવીરની** આ મૂળ નિષ્ઠા છે.

તીર્થંકર

અહીં **તીર્થંકર** શબ્દ ઉપર ભાર આપું છું તે એટલા માટે જ કે બીજા સામાન્ય સાધકો અને સિદ્ધોની અપેક્ષાએ એ જ એમની વિશેષતા છે. સામાન્ય સાધકો તો માત્ર પોતાનું હિત કરીને જ સિદ્ધ થઈ ગયા. તેમણે પોતાની સાધનામાં સ્વકલ્યાણના જેટલું જ પર કલ્યાણને પણ વિશિષ્ટ સ્થાન આપ્યું ન હતું, પણ રાગ-દ્વેષ દૂર કરીને તેઓ વીતરાગ થયા ત્યારે શેષ આયુ ભોગવી તેઓ સિદ્ધ થઈ ગયા. પણ **તીર્થંકરો** કે મહાવીર વિષે એમ નથી. તેમના તીર્થંકર નામકર્મના ઉપાદાનમાં કરુણાનો અભ્યાસ પ્રથમ અને મુખ્ય કારણ છે. તેથી જ તેમની કરુણા મહાકરુણારૂપે પ્રતિષ્ઠિત થઈ અને તેમણે જગતના જીવોના ઉદ્ધાર અર્થે જૈન શાસનનો ઉપદેશ આપ્યો અને તીર્થંકરપદને પામ્યા.

જીવ, કર્મ, નિયતિ અને પુરુષાર્થ

જીવ અને કર્મનો સંબંધ અનાદિ કાળથી છે. પણ તેવો સંબંધ થયો તેનાં પણ શું કારણ છે? શું એ સંબંધ નિયત જ છે કે અનિયત? અને અનિયત છે તો પછી તેનું કારણ શું? શ્રમણોનો એક સંપ્રદાય આજીવક જીવ-કર્મના સંબંધને નિયત માનતો હતો. એનું માનવું હતું કે એ સંબંધ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. તેમાં જીવના પ્રયત્નના કારણે કશું જ નવું થતું નથી. કાળના પરિપાકે, નિયમ પ્રમાણે જે ક્રમ બંધાઈ ગયો છે એ ક્રમે, કર્મો આપોઆપ છૂટાં થઈ જશે અને જીવે એ માટેનો વિશેષ પ્રયત્ન કરવાની જરૂર નથી. પણ આજીવકોની આ નિયતિવાદની નિષ્ઠા વિરુદ્ધ ભગવાન મહાવીરે માન્યું કે જીવ અને કર્મનો સંબંધ તેના પોતાના પ્રયત્નનું ફળ છે. જીવનો પુરુષાર્થ જ જેમ તેને કર્મ સાથે સંબદ્ધ કરે છે, તેમ તેનો જ પુરુષાર્થ તેને કર્મથી વિયુક્ત પણ કરે છે. આ પ્રકારે ધાર્મિક ઇતિહાસમાં જ્યાં સુધી આપણી નજર પહોંચે છે ત્યાં સુધી જોતાં આપણે કહી શકીએ છીએ કે ભગવાન મહાવીર એ પ્રથમ વ્યક્તિ છે, જેમણે મનુષ્યને નિયતિવાદના ચક્રમાંથી બચાવી તેના પોતાના પુરુષાર્થ ઉપર ભરોંસો રાખતો કર્યો છે. આ કંઈ નાનીસૂની વાત નથી. બધું જ જો નિયત હોય અને એ નિયતિમાં જ નિષ્ઠા હોય તો પછી સાધના જેવું કશું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ જીવનમાં રહેતું નથી. પણ, આથી વિરુદ્ધ, જો આપણે આપણા પોતાના પુરુષાર્થમાં માનતા થઈએ તો, ધાર્યા મુજબ સફળતા મળે કે ન મળે તોપણ, સફળતા માટેનો સતત પ્રયત્ન કરવાનું આપણું બળ અને એ બળનો ઝરો સુકાઈ જતો નથી, જીવનમાં નિરાશાને સ્થાન મળતું નથી, નિરંતર ઉત્સાહ એ જીવનનું અંગ બની જાય છે.

ભગવાન મહાવીરનો નિયતિવાદના ચક્રમાંથી સર્વથા છૂટવાનો પ્રયત્ન છતાં અને તેમની નિયતિવાદને બદલે પુરુષાર્થવાદમાં નિષ્ઠા છતાં, આજે આપણને જૈન શાસન જે રૂપે ઉપલબ્ધ છે એ મૂળમાં જો મહાવીરના ઉપદેશો ઉપર જ આધારિત છે એમ માનવાનો આપણો આગ્રહ હોય તો, આપણે માનવું જોઈએ કે ભગવાન મહાવીર પણ એ નિયતિવાદથી સર્વથા છૂટી શકયા નથી; અથવા, અનેકાંતની ભાષામાં કહેવું હોય તો, એમ કહી શકાય કે કેટલીક બાબતોમાં તેમણે નિયતિવાદ સ્વીકાર્યો અને કેટલીક બાબતમાં તેમણે પુરુષાર્થવાદને મહત્ત્વ આપ્યું. જીવના બે ભેદો 'ભવ્ય' અને 'અભવ્ય'ને નિયતિવાદના સ્વીકારમાં મૂકી શકાય. પણ ભવ્ય જીવ જે પુરુષાર્થ કરી છુટકારો પ્રાપ્ત કરે છે તે પુરુષાર્થવાદના સ્વીકારનું દૃષ્ટાંત છે. ભવ્ય જ મોક્ષનો અધિકારી છે અને અભવ્ય નહિ જ—આ નિયતિવાદ છે. પણ ભવ્ય જો યોગ્ય પુરુષાર્થ કરે તો જ મુક્તિ પ્રાપ્ત કરે છે, અન્યથા નહિ—આ પુરુષાર્થવાદ છે. વળી, શાસ્ત્રોમાં ભગવાન મહાવીરની સર્વજ્ઞતાના સમર્થનમાં જે કેટલાક જીવોના ભાવિ ભવોનું વર્ણન આવે છે એ પણ જૈનધર્મમાં નિયતિચક્ર કેવું કાર્ય કરી રહ્યું છે તેની સૂચના આપી જાય છે. ઉપરાંત, દેશ અને કાળભેદે તીર્થંકરની અસ્તિત્વ–નાસ્તિત્વની જે માન્યતા છે તેમાં પણ નિયતિવાદ જ કામ કરી રહ્યો છે. અને સર્વજ્ઞતા ઉપર અતિ ભાર આપવાથી પુરુષાર્થવાદને સ્થાને કેવી રીતે નિયતિવાદ જ આવીને ઊભો રહે છે તેની પ્રતીતિ કરવી હોય તો શ્રી કાનજી મુનિનાં પ્રવચનો વાંચો એટલે ખાતરી થશે કે જૈનધર્મમાં નિયતિવાદનાં પણ બીજો સર્વથા નિર્મૂળ નથી થયાં.

આ બધું છતાં જૈનધર્મ એ નિયતિવાદી નથી, પણ પુરુષાર્થવાદી છે એ પણ એટલું જ સાચું છે અને તે એટલા માટે કે ભગવાન મહાવીરના ઉપદેશનો ઝોક જીવના પુરુષાર્થ ઉપર છે. કર્મના બંધનનાં કારણોનું જે વિવેચન તેમણે કર્યું છે તે બતાવે છે કે તેઓ નિયતિને નહિ પણ પુરુષાર્થને જ મુક્તિ પ્રાપ્ત કરવામાં બળવાન કારણ માને છે. મનુષ્ય સ્વતંત્ર છે કે તે કષાયમાં લિપ્ત થાય કે તેથી છૂટવાનો પ્રયત્ન કરે. ભવ્ય જીવને કષાયથી છૂટવું જ હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી કોઈ તાકાત નથી, જે તેને તેમ કરતાં રોકી શકે. આ જ પુરુષાર્થવાદ છે અને તેનું પૂરું સમર્થન ભગવાન મહાવીરના ઉપદેશો તથા જીવનમાંથી મળી રહે છે.

ચેતન-જડ સર્વ વસ્તુઓનું અનેકાંતાત્મક રૂપ

જીવોની વિવિધતા અને એમના સૂક્ષ્મ-સ્થૂલ ભેદો તો પ્રત્યક્ષ જેવાં છે. પણ સ્વરૂપે જો બધા જ જીવો સરખા છે અને બધા જ જો અવસર મળે તો સિદ્ધાવસ્થામાં સમાન બનવાની શક્યતા ધરાવે છે, તો આ બધા ભેદનું કારણ શું ? એ કારણ તે કર્મ છે, એ કહેવાઈ ગયું છે. પણ જીવ અને કર્મના એ સંબંધને કેવી રીતે ઘટાવવો, કર્મ સાથે સંબંધ થવામાત્રથી જીવ પોતાના સ્વરૂપમાં વૈવિધ્યને કેવી રીતે પ્રાપ્ત કરે છે અને સંસારપ્રપંચની રચના કેવી રીતે થાય છે, આનું સ્પષ્ટીકરણ દાર્શનિકોએ અનેક રીતે કર્યું છે. તે સ્પષ્ટીકરણમાં જૈનોની આગવી નિષ્ઠા છે; અને તેને આપણે અનેકાંતવાદને નામે અગર જૈન દર્શનને નામે ઓળખી શકીએ.

કેટલાક દાર્શનિકો કહેતા કે જીવ અને શરીરનો સંબંધ થવા છતાં તેથી જીવમાં કશો જ વિકાર નથી થતો. જીવતત્ત્વ શાશ્વત છે. જે કાંઈ વિકારો છે તે જીવનસંબદ્ધ અચેતન પ્રકૃતિમાં જ થાય છે. જ્ઞાન આદિ ગુણો પણ જીવના નહિ પણ પ્રકૃતિના જ છે. પુરુષ-પ્રકૃતિનું ભેદજ્ઞાન કે વિવેકજ્ઞાન થતાં પ્રકૃતિ અલગ થઈ જાય છે અને તે જ પુરુષનો મોક્ષ કહેવાય છે. અર્થાત્ સંસાર અને મોક્ષ એ પ્રકૃતિ-જડ તત્ત્વના જ છે, પણ પુરુષમાં આરોપિત છે. પુરુષ તો અપરિણામી નિત્ય છે. આથી વિરુદ્ધ એવા પણ દાર્શનિકો હતા, જેઓ કહેતા કે સંસાર કે મોક્ષ જેવી વસ્તુ જ નથી. જીવ પણ શાશ્વત નથી, જડ વસ્તુઓના અમુક પ્રકારના સંમિશ્રણથી જીવની ઉત્પત્તિ થાય છે. અને મૃત્યુની સાથે જ જીવની પણ સમાપ્તિ થાય છે. તો તેના પુનર્જન્મના ચક્ર અર્થાત્ સંસારની વાત જ ક્યાં રહી? અને જો સંસાર જ નથી તો મોક્ષ કેમ ? આ પ્રકારના બંને મતો ભગવાન મહાવીરની સામે હતા. તેમણે એ બંને મતોમાંથી સારતત્ત્વ લઈ લીધું અને અનેકાંતવાદની નિષ્ઠા કાયમ કરી. તેમણે જોયું કે જીવને એકાંત શાશ્વત માનવા જતાં તેમાં વિકારની સંભાવના જ રહેતી નથી. જે વિકારો દેખાય છે અને જે આત્માના છે એમ અનુભવાય છે, તે બધાને આત્માના નથી એમ કહેવાનો કશો અર્થ નથી. જડપ્રકૃતિ પુરુષાર્થ માટે પ્રવૃત્ત થાય અને પુરુષ કેવલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રષ્ટા બન્યો રહે તો પછી એવા પુરુષને પૃથક્ માનવાની આવશ્યકતા પણ શી રહે? એટલે પુરુષને જ વિકારસંપન્ન–અનિત્ય માનવો રહ્યો. બીજી બાજુ જન્મ અને મૃત્યુ પર્યંત જ જો જીવની સ્થિતિ હોય તો પછી જીવોની આ સંસારમાં જન્મજાત જે વિવિધતા દેખાય છે, તેનો ખુલાસો મળી રહેતો નથી. અને એ ખુલાસો કર્મને માનવાથી થઈ જાય છે. તે કર્મ પૂર્વજન્મની વાસનારૂપ છે અને તેને જ કારણે જીવમાં જન્મજાત વૈવિધ્ય દેખાય છે. એટલે જીવને પુનર્જન્મના ચક્રમાં ફસાયેલો માનવો જ જોઈએ. અને એ માનવામાં તેની નિત્યતા પણ સ્વીકારવી આવશ્યક છે. અન્યથા એક જ જીવના નાના જન્મ-મૃત્યુ નહિ પણ નાના જીવના નાના જન્મ-મૃત્યુ માનવા જતાં કર્મનો નિયમ ખોટો પડે છે. કર્મ એકે કર્યું પણ કરનારને ફળ મળ્યું નહિ અને જેણે નથી કર્યું તેને ફળ મળ્યું—આવી અવ્યવસ્થા ઊભી થાય. એટલે એથી બચવા જીવમાં નિત્યતા પણ માનવી જોઈએ—આમ વિચારી ભગવાને જીવતત્ત્વને નિત્ય અને અનિત્ય બન્ને રૂપે માન્યું. જીવદ્રવ્ય નિત્ય છે, જીવપર્યાયો અર્થાત્ જીવપરિણામો–વિકારો અનિત્ય છે, તે કાયમ રહી શકે નહિ, એટલે એવા વિકારો, જે સ્વાભાવિક નથી પણ કર્મજન્ય છે, તેને જીવથી દૂર કરી શકાય છે, એમ ફલિત થાય. અને એમ ફલિત થતાં મોક્ષ–પુરુષાર્થને અવકાશ પણ મળે.

જે વસ્તુ ભગવાન મહાવીરે એક જીવ વિષે માની તે જ વસ્તુ સમગ્ર લોક વિષે એટલે કે સંસારના સમગ્ર દ્રવ્યો વિષે—પછી તે જીવ હોય કે અજીવ તે બધાને વિષે—લાગુ કરી. એટલે તેમણે કહ્યું કે વિશ્વની સમગ્ર વસ્તુઓ અનેકાંતાત્મક છે. જેમ જીવ વિષે તેમ અજીવ–કર્મ વિષે પણ કહી શકાય કે જો તે એક જ રૂપ હોય—નિત્ય જ હોય—તો સદા તે જીવ સાથે સંબદ્ધ જ રહે, કદી છૂટું પડે જ નહિ. જો એમ બને તો તો મોક્ષ–પુરુષાર્થ કે ધર્મસાધનાને અવકાશ જ રહે નહિ. એટલે જીવની જેમ કર્મને પણ વિકારી માનવું જ જોઈએ. તેને પણ પરિણામી માનવું જ જોઈએ. એથી એમ સંભવ બને કે આજે જે કર્મ જીવ સંબદ્ધ હોય તે કાલે છૂટું પણ પડી જાય.

આત્માનું શરીરપરિમાણત્વ

જીવ અને કર્મ–એ બન્નેને ઓતપ્રોત માનવાં હોય તો જીવનું પરિમાણ કેવું માનવું એ બાબતમાં ભગવાન મહાવીરની એટલે કે જૈનધર્મની સ્વતંત્ર નિષ્ઠા છે. વૈદિક નિષ્ઠા આત્માને વ્યાપક માનનારી છે. તેથી વિરુદ્ધ ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરે કહ્યું છે કે આત્મા શરીર–પરિમાણ છે. આત્માને વ્યાપક માનીએ તો જીવની ગતિ કે પુનર્જન્મ, એ કેવલ ઔપચારિક ઘટનાઓ માનવી પડે; ત્યારે જો આત્માને શરીરપરિમાણ માનવામાં આવે તો તેની ગતિ કે પુનર્જન્મ બંને ઔપચારિક નહીં પણ મુખ્યરૂપે ઘટી શકે છે. વ્યાપક વસ્તુની ગતિ તો સંભવે જ નહિ. વળી, વ્યાપક આત્મા કૂટસ્થ નિત્ય મનાતો હોઈ તેમાં વિકારનો તો સંભવ જ નથી. તેથી નવું નવું શરીર સંબદ્ધ થાય તે જ તેના પુનર્જન્મો કહેવાય. ખરી રીતે તો શરીરો જ જન્મે છે, આત્મામાં તો તેથી કશો જ વિકાર થયો નથી, તો તે તેનો જન્મ કેવી રીતે કહેવાય? આવા વિચારમાંથી જીવને શરીરપરિમાણ અને કર્મો સાથે ઓતપ્રોત હોઈ વિકારી માન્યો. એટલે મૃત્યુ થતાં અન્યત્ર તેની ગતિ અને જન્મ બંને સંભવી શકે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ

જીવની ગતિ અને એનું દેહપરિમાણપણું માનવાને કારણે જ જૈન દર્શનમાં બે સ્વતંત્ર તત્ત્વોમાં નિષ્ઠા સ્વીકારવી પડી છે. અને તે ધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાય છે. ભારતીય કોઈ પણ દર્શનમાં આ બે તત્ત્વોને માનવામાં આવ્યાં નથી. એટલે આ બે તત્ત્વોને કારણે પણ જૈન દર્શન બીજાં દર્શનોથી જુદું પડે છે. જીવની જો ગતિ હોય તો તેને સહાયક એક દ્રવ્ય હોવું જોઈએ : એ તર્કમાંથી ધર્માસ્તિકાય અને ગતિ છતાં તે ગતિશીલ જ ન રહે તે માટે અધર્માસ્તિકાયની કલ્પના કરવામાં આવી છે. ધર્માસ્તિકાય એ ગતિસહાયક દ્રવ્ય છે, તો અધર્માસ્તિકાય એ સ્થિતિસહાયક દ્રવ્ય છે.

જીવ ગતિસ્વભાવ દ્રવ્ય છે અને મુક્તાવસ્થામાં કર્મ તો નથી, જે તેની ગતિને દિશા આપતું હતું. ત્યારે પ્રશ્ન સહેજે થાય કે મુક્ત જીવની ગતિ ક્યાં થાય? બંધનબદ્ધની મુક્તિ સમયે સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ હોય છે. એ અનુભવની વાત હતી. પાણીમાં તૂંબડાને માટીનો લેપ કરી ડુબાડવામાં આવે તો માટીનો લેપ સરી જતાં તે જેમ ઊંચે આવે છે, શીંગમાં રહેલ એરંડાનું બીજ શીંગ ફૂટતાં જેમ ઊંચે ઊડે છે, તેમ જીવનાં કર્મબંધનો શિથિલ થતાં જીવ પણ સ્વાભાવિક રીતે ઊંચે ગતિ કરે છે. ગતિમાં સહાયક દ્રવ્ય ધર્માસ્તિકાય છે જ. એટલે તેને વચ્ચે ક્યાંય રુકાવટ નથી. પણ આમ તો એ સદા ગતિ કર્યા જ કરે અને સ્થિરતા ક્યાંય થાય જ નહિ. એટલે સર્વદર્શનસંમત આકાશને જૈનધર્મમાં લોકાકાશ અને અલોકાકાશ એમ બે પ્રકારનું કલ્પિત કરવામાં આવ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું અસ્તિત્વ કેવળ લોકાકાશમાં જ માનવામાં આવ્યું. અર્થાત્ જ એમ મનાયું કે સિદ્ધ જીવ લોકાન્તે પહોંચી સ્થિર થાય છે. આ માન્યતા પણ જૈનોની આગવી છે, અને એ પૂર્વોક્ત જીવની ગતિશીલતા, ધર્માસ્તિકાય અને લોકાકાશની જૈન માન્યતાનું તર્કસંગત પરિણામ છે. અથવા એમ કહેવું જોઈએ કે સિદ્ધાલયની કલ્પનાને અનુરૂપ થવા લોકાકાશની કલ્પના કરવામાં આવી. એ ગમે તેમ હોય, પણ એટલું નક્કી કે જીવની ગતિશીલતા, શરીરપરિમાણ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને સિદ્ધાલય એ બધી દાર્શનિક કલ્પનાઓ જૈન દર્શનમાં પરસ્પર અન્વિત છે. એક વિના બીજી નિરર્થક બને છે, એમાં તો સંશય નથી. અને એ જૈન દર્શનની આગવી કલ્પનાઓ છે એ પણ એટલું જ નિશ્ચિત કહી શકાય છે.

અજીવતત્ત્વ

દર્શનનું પ્રયોજન મોક્ષ છે અને મોક્ષ એ સંસારસાપેક્ષ છે. જીવનો સંસાર છે તો મોક્ષ છે. જો સંસાર જ ન હોય તો મોક્ષની કલ્પના નિરર્થક બને. વિશ્વમાં કેવળ જીવોનું જ અસ્તિત્વ હોય, અને બીજું કશું જ ન હોય, તો તેનો સંસાર ઘટમાન બને ?–આ પ્રશ્નમાંથી જીવ સિવાય પણ બીજું તત્ત્વ માનવાની આવશ્યકતા જણાઈ. ઉપનિષદના ઋષિઓનો વિચાર હતો કે જીવની અવિદ્યા જ સંસારનું સર્જન કરે છે. અવિદ્યા એ સ્વતંત્ર તત્ત્વ નથી, પણ જીવનું મિથ્યાજ્ઞાન જ છે. આ મિથ્યાજ્ઞાનને લઈને જ જીવને આત્મ-અનાત્મ એવો ભેદ દેખાય છે; વસ્તુતઃ આત્મા સિવાય કશું જ નથી. જ્યારે જીવનું અજ્ઞાન નષ્ટ થાય છે, ત્યારે તેને અદ્વૈતાત્મની પ્રતીતિ થાય છે અને તે વખતે આત્મેતર બીજી કશી જ વસ્તુની પ્રતીતિ થતી નથી. આ જ તેનો મોક્ષ છે. એટલે કે ઉપનિષદના ઋષિઓના મતે વિશ્વમાં આત્મેતર કોઈ વસ્તુ તત્ત્વતઃ નથી. પણ ભગવાન મહાવીરે જોયું કે જીવનો સ્વભાવ જો જ્ઞાન હોય તો તેનો અવિદ્યારૂપ–અજ્ઞાનરૂપ પરિણામ કેમ બને ? એ પરિણામ અકારણ તો હોય નહીં. આત્માના અવિદ્યા–પરિણામનું જે કારણ તે જ કર્મ, અને તેનું સ્વરૂપ આત્માથી તો ભિન્ન જ હોવું જોઈએ. આ પ્રમાણે તેમણે જીવ ઉપરાંત અજીવ-પુદ્ગલની કલ્પના કરી. અને જીવ અને અજીવ–કર્મપુદ્ગલ–નો સંપર્ક જ જીવમાં અવિદ્યા-પરિણામની ઉત્પત્તિ કરવામાં કારણ બને છે. એ સંબંધને દૂર કરવામાં જ મોક્ષ-પુરુષાર્થની સાર્થકતા છે.

આ પ્રમાણે સંસાર–બંધનો ખુલાસો કરવામાં જ અજીવતત્ત્વ હાથ લાગ્યું અને એ અજીવતત્ત્વ–પુદ્ગલથી જ સમગ્ર બાહ્ય પ્રપંચ નિષ્પન્ન છે એમ ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરે સિદ્ધ કર્યું. પુદ્ગલ–અજીવતત્ત્વ–વિષેની વિચારણામાં પરમાણુતત્ત્વ વિષે જૈન દર્શનમાં જે સૂક્ષ્મ ચિંતન મળે છે તે અન્યત્ર દુર્લભ છે. પરમાણુની વિવિધ વર્ગણાઓનો વિચાર અને એ વર્ગણાઓ વડે કર્મ, ભાષા, મન, ઇંદ્રિય, શરીર આદિ સૂક્ષ્મ–સ્થૂલ પદાર્થો કેવી રીતે ઉત્પન્ન થાય છે એનો સૂક્ષ્મ વિચાર એ જૈન દર્શનની આગવી વસ્તુ છે. અને આજના વૈજ્ઞાનિકો પરમાણુ વિષે જે હદે પહોંચ્યા છે તેથી પણ વધારે સૂક્ષ્મ વિચાર જૈનોએ પરમાણુ વિષે કર્યો છે એમ કેટલાક વૈજ્ઞાનિકો પણ માનવા લાગ્યા છે.

આ પ્રમાણે અહીં જૈન દર્શનનાં મૌલિક તત્ત્વોની તાર્કિક સંગતિ બતાવવાનો આછો પ્રયત્ન કર્યો છે. જૈનધર્મ કે દર્શનનું આંતરિક સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તો આ તત્ત્વોનું જ્ઞાન આવશ્યક છે. પણ પ્રત્યેક ધર્મનું કેવળ આંતરિક સ્વરૂપ જ હોતું નથી; એનું આવરણ–શરીર પણ એ ધર્મના નામે ઓળખાય છે. તો જૈનધર્મના એ શરીરનો પણ વિચાર કરવો આવશ્યક છે.

(૪) જૈન સંઘ અને એનો પ્રચાર

આગળ જે તત્ત્વજ્ઞાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે એ તત્ત્વજ્ઞાનનો જીવનમાં સાક્ષાત્કાર કરવા મથતા સાધકોનો સમુદાય એ જૈન સંઘ છે. જૈન સાધના વ્યક્તિગત સાધનાને પ્રાધાન્ય આપે છે, પણ મનુષ્ય એ સામાજિક પ્રાણી હોઈ એકલવિહારી રહી શકે નહિ, એટલે એવા સાધકોનો સંઘ બન્યો. એ સાધકોએ સ્વના ઉદ્ધાર સાથે જ પરના ઉદ્ધારની પણ પ્રક્રિયા શરૂ કરી, અને એ પ્રક્રિયામાંથી પૂર્વ દેશોમાં ઉત્પન્ન થયેલો જૈન સંઘ સમગ્ર ભારતવર્ષમાં અને થોડા અંશે બૃહત ભારતમાં પણ પ્રચારને પામ્યો.

આંતરિક અને બાહ્ય બળનું પરિણામ

ભગવાન મહાવીરની તપસ્યા અને ઉત્કટ સાધનાનું અનુકરણ જેટલા પ્રમાણમાં થયું એટલા પ્રમાણમાં જૈનધર્મનો પ્રચાર પોતાના આંતરિક બળે થયો. પણ એ સાધનાને પ્રશંસનારા રાજાઓ અને ધનાઢ્યો પણ મળ્યા, અને તેમણે પ્રચારમાં જે બળ વાપર્યું તે કેવળ આધ્યાત્મિક જ હતું એમ ન કહી શકાય. તે બાહ્ય બળ હતું અને તેમાં મુખ્યત્વે મંદિરો અને મૂર્તિઓનાં નિર્માણ ઉપરાંત અમારિની આજ્ઞાઓ પણ ગણાવી શકાય. આ બાહ્ય બળની સાથે આંતરિક બળનો જ્યાં સુધી સુમેળ રહ્યો, ત્યાં સુધી તો જૈનધર્મ ઉન્નત થતો ગયો; પણ જેટલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણમાં આંતરિક બળ ઘટતું ગયું તેટલા પ્રમાણમાં બાહ્ય બળનો આશ્રય વધારે લેવામાં આવ્યો; અને તેટલા પ્રમાણમાં ખરા જૈનધર્મનો નહિ પણ જૈન-ધર્મના શરીરનો પ્રચાર થયો. આત્મા વિનાના શરીરની જે સ્થિતિ થાય, એવી સ્થિતિ જૈનધર્મની પણ થઈ અને બૃહત ભારતમાં તો તેનું નામનિશાન પણ રહ્યું નહિ. અને ભારતમાં પણ જે પૂર્વભારતમાં તે અંકુરિત થયો અને ફાલ્યો-ફૂલ્યો હતો, ત્યાં પણ આજે તેનું નામનિશાન નથી. આત્મા વિનાનાં શરીરો આધુનિક મંદિરોરૂપે ત્યાં ઊભાં છે, પણ તેના પૂજકો ત્યાં છે જ નહિ. પશ્ચિમ અને દક્ષિણના જૈનો જઈ પૂજા કરે છે. ખરી રીતે ભારતવર્ષમાં અશોકના શિલાલેખોની જે સ્થિતિ થઈ હતી, તેવી જ સ્થિતિ પૂર્વભારતમાં જૈનધર્મની આજે પણ છે.

હિંદુ અને બૌદ્ધધર્મની પરિવર્તનશીલતા

હિન્દુધર્મનું બાહ્ય અને આંતરિક સ્વરૂપ જોઈએ તો વૈદિક કાળ અને આજના કાળ વચ્ચે તેમાં ઘણી આંતર-બાહ્ય ઊથલપાથલ માલૂમ પડે છે. વેદ-વારાનો ધર્મ આજે જડતો નથી. તેનો આંતરિક મૂળ પ્રવાહ કાયમ છતાં તેનાં બાહ્ય અનેક રૂપોમાં એ એવો તો પરિવર્તિત થઈ ગયો છે કે જો તેમાં વેદનિષ્ઠા કાયમ ન રહી હોત તો એ કહેવું પણ કઠણ થઈ પડત કે આ એ જ ધર્મનાં રૂપાંતરો છે. બૌદ્ધધર્મ વિષે પણ એવું જ બન્યું છે. તેમાં પણ બુદ્ધનિષ્ઠા જ બધા બૌદ્ધ સંપ્રદાયોને એક સૂત્રમાં બાંધી રહી છે. અન્યથા, દાર્શનિક દૃષ્ટિએ, કે આચાર દૃષ્ટિએ બૌદ્ધધર્મમાં જે સંપ્રદાયો થયા છે તે બધાનું મૂળ એક જ ધર્મ છે એની ઓળખ કરવી અત્યંત કઠણ થઈ પડત.

જૈનધર્મની સ્થિતિશીલતા

પણ જૈનધર્મની બાબતમાં તેમ નથી બન્યું. એ ધર્મનું વૈદિક કે બૌદ્ધ-ધર્મની જેમ પ્રગતિશીલતા એ લક્ષણ નથી. એમાં અનેક સંપ્રદાયો થયા, પણ એ ભેદોએ તેઓમાં કોઈ નવું દર્શન જન્માવ્યું નથી. બૌદ્ધોમાં જેટલા સંપ્રદાયો એટલાં દર્શનો છે. વૈદિક ધર્મમાં પણ નાના દર્શનો પ્રસિદ્ધ છે. પણ જૈન દર્શન વિકસ્યું છે, છતાં તેમાં નવું દર્શન કદી જન્મ્યું નથી. દર્શન એનું એ જ, નિષ્ઠા એની એ જ. બાહ્ય આચારમાં ભેદ, એ જ મુખ્યતઃ સંપ્રદાયભેદ કે સંઘભેદના કારણરૂપે છે. જૈન દર્શનની આ સ્થિતિશીલતા જ તેના પ્રચારમાં બાધક રહી હોય તો ના નહિ. કારણ, જયારે વૈદિકો અને બૌદ્ધો નવા નવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારોને પોતાનામાં સ્થાન આપતા ગયા અને પોતાના તત્ત્વજ્ઞાનને નવું રૂપ આપતા ગયા, ત્યારે જૈનોએ પોતાના દર્શનને નવું રૂપ આપવાનો કદી પ્રયાસ કર્યો નથી. મતલબ કે તે તે વખતે થયેલા જૈનેતર દાર્શનિક વિવાદોનો સમન્વય કરીને જૈનોએ અનેકાંતવાદને સમૃદ્ધ તો કર્યો, પણ નવા કોઈ દર્શનનું સર્જન કર્યું નહીં.

સંભવ છે કે આચાર્યો એમ જ માનતા હતા કે અમારું દર્શન તો પરિપૂર્ણ છે. એમાં પરિવર્તનની આવશ્યકતા જ નથી. અને તેના કારણ રૂપ સર્વજ્ઞને ધરતા હોય. પણ એ દલીલ તો બૌદ્ધો કે વૈદિકો વિશે પણ કરી શકાય. તેઓ પણ વેદ કે બુદ્ધને સર્વજ્ઞ જ માનતા. છતાં તેના નવીનીકરણમાં વેદ કે બુદ્ધ કદી આડે આવ્યા નથી; જ્યારે જૈનોમાં નવીનીકરણ કેમ ન થયું એ એક સમસ્યા છે. આનું કારણ એ હોઈ શકે કે જૈન દર્શન એ વાસ્તવવાદી–અત્યંત વાસ્તવવાદી–રહ્યું છે; એટલે કે એણે કદી માયાવાદનો આશ્રય લીધો નથી. અને તેથી તેમાં કાલ્પનિક દર્શનને અવકાશ ન મળે તે સ્વાભાવિક છે. અને જો કલ્પનાનો દોર છૂટો મૂકવાનો અવકાશ જ ન હોય તો દર્શનભેદ સંભવે ક્યાંથી ? પ્રાચીનતાના મોહને પણ આનું એક કારણ ગણાવી શકાય. પ્રત્યેક સંપ્રદાયનો એ પ્રયત્ન રહ્યો છે કે આસપાસનાં જાળાં દૂર કરીને તાત્ત્વિક જૈનધર્મ ઉપર જવાનો પ્રયત્ન કરવો. સમયબળે જૈનધર્મમાં જે નવી ધારા વહી હોય તે નવી છે માટે જૈનધર્મનું અંગ ન હોઈ શકે, જૈનધર્મ તો ભગવાન મહાવીરે જે કંઈ ઉપદેશ્યું છે તેના પાલનમાં જ છે, એમાં સુધારને અવકાશ નથી, નવીનીકરણને અવકાશ નથી—આવી ધારણાનો ફરી ફરી પ્રચાર કરવામાં આવ્યો છે. એથી, આપણે જોઈએ છીએ કે, સ્થાનકવાસી કે તેરાપંથી સંપ્રદાયે આગમ સિવાયના જૈન સાહિત્યનો વારસો ગુમાવ્યો. અને જૈન કળા કે શિલ્પને નામે જે કાંઈ ઓળખાય છે, તીર્થોને નામે જે પ્રસિદ્ધ છે, એ બધાં સાથે તેમને કાંઈ લેવા દેવા રહી નથી. અને પ્રારંભમાં જૈનધર્મની જે સ્થિતિ હતી તેમાં પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; આ એક રીતે ઊલટી ગંગા વહાવવા જેવો પ્રયત્ન જ ગણાય. મનુષ્યની બુદ્ધિને ધર્મમાં કે દર્શનમાં કશું જ નવું કરવાનો અવકાશ નથી–આવી માન્યતા આના મૂળમાં સ્વીકારવી પડે. પણ આ તો સ્વયં જૈનધર્મે જ ઉપદેશેલી આત્મનિર્ભરતાની જ વિરુદ્ધ ગણાય.

હમણાં હમણાં વળી શ્રી કાનજી મુનિનો એક નવો સંપ્રદાય સ્થપાયો છે. એનો ઉદ્ભવ તો સ્થાનકવાસીમાંથી થયો છે, પણ સ્થાનકવાસીમાંથી નિકળેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેરાપંથી અને આ નવો સંપ્રદાય એ બંનેની દિશા તદ્દન જુદી છે. તેરાપંથી અને આ સંપ્રદાય બંને કહે છે કે અમે મૂળ માર્ગનું અનુસરણ કરવા માગીએ છીએ; પણ એકમાં મૂર્તિને અવકાશ જ નથી, ત્યારે બીજામાં મૂર્તિને અવકાશ છે. વળી, એક પોતાને શ્વેતામ્બર આમ્નાયમાં સ્વીકારે છે, જ્યારે બીજો પોતાને દિગમ્બર કહેવરાવે છે. શ્રી કાનજી મુનિના સંપ્રદાયમાં નિશ્ચયનય ઉપર વધારે ભાર હોઈ એમાં જૈનસંમત પુરુષાર્થવાદને સ્થાન નથી. એક બાજુ તેઓ આત્મચિન્તન-મનનનો માર્ગ અપનાવે છે અને રૂઢ ક્રિયાકાંડોનો વિરોધ કરે છે; અને બીજી બાજુ તેમણે નવા પ્રકારનાં મંદિરો ઊભાં કરવા માંડ્યાં છે, અને તેમાં શ્રી સીમાંધર સ્વામીની પ્રતિષ્ઠા કરાવવામાં આવે છે. આમ ક્રિયાકાંડની નવી નવી રૂઢિઓ ઊભી થતી જાય છે. આમાં રહેલો પરસ્પર વિરોધ તદ્દન સ્પષ્ટ છે.

—"પ્રબુદ્ધજીવન" તા. ૧ તથા ૧૫ ડિસેમ્બર, ૧૯૫૬; ૧૫ માર્ચ, ૧ તથા ૧૫ એપ્રિલ, ૧૯૫૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨

જૈન દર્શનનાં તત્ત્વો

જૈનધર્મનું પ્રવર્તન કોઈ એક પુરુષને નામે, શૈવ, વૈષ્ણવ આદિની જેમ, નથી ચડ્યું, પણ એ જિનો–રાગદ્વેષના વિજેતાઓએ આચરેલ અને ઉપદેશેલ ધર્મનું નામ છે. આથી જૈનધર્મ કોઈ એક વ્યક્તિથી પ્રવર્તિત થયો છે કે કોઈ એક વ્યક્તિને જ તેમાં દેવ તરીકે સ્થાન છે એમ નથી, પણ જે કોઈ રાગ–દ્વેષનો વિજેતા હોય તે જિન છે અને તેમનો ધર્મ તે જૈનધર્મ. આવા જૈનધર્મના અનુયાયીઓ જૈન કહેવાય છે.

તીર્થંકરોએ ઉદ્બોધેલી માનવની શ્રેષ્ઠતા

જૈનોએ કાળક્રમે જેમનામાં રાગદ્વેષનો વિજય જોયો તેમને પોતાના ઇષ્ટદેવ તરીકે સ્વીકાર્યા અને એવા વિશિષ્ટ દેવોને 'તીર્થંકર' એવું નામ આપ્યું. આવા તીર્થંકરોની સંખ્યા તેમને મતે ઘણી મોટી છે; પણ આ કાળમાં–આ યુગમાં–વિશેષત: ઋષભદેવથી માંડીને વર્ધમાન સુધીના ૨૪ તીર્થંકરો પ્રસિદ્ધ છે. બીજા ધર્મોની જેમ તેઓ ઈશ્વરના અવતાર નથી કે અનાદિસિદ્ધ ઈશ્વર પણ નથી. પરંતુ સામાન્ય મનુષ્યરૂપે જન્મેલ છતાં પૂર્વ સંસ્કારને કારણે અને પૂર્વ જન્મમાં વિશેષ પ્રકારની સાધના કરીને તીર્થંકરપદને પામ્યા છે. એટલે કે તીર્થંકર એ આપણા મનુષ્યોમાંના જ એક છે. અને તેમનો સંદેશ છે કે જે કોઈ તેમની જેમ પ્રયત્ન કરે તે તીર્થંકરપદને પામી શકે છે. મનુષ્યજાતિમાં આ પ્રકારના આત્મવિશ્વાસની પ્રેરણા આપનાર એ તીર્થંકરો છે. અન્ય ધર્મમાં મનુષ્યથી જુદી જાતિના દેવો પૂજ્યતા પ્રાપ્ત કરે છે, પણ જૈનધર્મમાં મનુષ્ય એવી શક્તિને મેળવે છે, જેથી દેવો પણ તેમને પૂજે છે—

> धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
> देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ।।

મનુષ્યજાતિનું પદ ઉત્કૃષ્ટ છે એ મતલબનું મહાભારતમાં કહ્યું છે—'न मानुषात् श्रेष्ठतरं हि किंचित्'—(શાંતિપર્વ ૨૯૯–૨૦) મનુષ્યથી કોઈ શ્રેષ્ઠ નથી. મનુષ્યની આવી પ્રતિષ્ઠા કરવામાં જૈન તીર્થંકરોનો ફાળો જેવો તેવો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સુધી તીર્થંકરોનો પ્રભાવ ન હતો ત્યાં સુધી ઇન્દ્રાદિ દેવોની પૂજા-પ્રતિષ્ઠા આર્યો કરતા હતા અને અનેક હિંસક યજ્ઞોનું અનુષ્ઠાન કરી તેમને રીઝવી બદલામાં સંપત્તિ માગતા હતા. તીર્થંકરોએ મનુષ્યની એ દીનતાને નિવારીને મનુષ્યનું ભાગ્ય મનુષ્યના જ હાથમાં સોંપ્યું અને ધાર્મિક માન્યતામાં નવજાગરણ આવ્યું; મનુષ્ય પોતાના સામર્થ્યને ઓળખતો થયો અને એણે ઇન્દ્રાદિ દેવોની ઉપાસના છોડી દીધી. પરિણામે વૈદિક આર્યોમાં પણ રામ અને કૃષ્ણ જેવા મનુષ્યો પૂજાવા લાગ્યા—પછી ભલે કાળક્રમે તેમને અવતારી પુરુષો બનાવી દીધા. પણ મૂળ વાત એટલી સાચી છે કે દેવ-કરતાં મનુષ્ય મહાન છે. એ સંદેશ તો તીર્થંકરોએ જ આર્યોને આપ્યો છે.

અહિંસા અને અનેકાન્ત

તીર્થંકરોએ પ્રવર્તાવેલ ધર્મનું સ્વરૂપ શું છે? તેનું હૃદય શું છે?—એ એક શબ્દમાં કહેવું હોય તો 'અહિંસા' છે. આચારમાં અહિંસાનાં બે રૂપ છે: સંયમ અને તપ. સંયમમાં સંવર-સંકોચ આવે છે—શરીરનો, મનનો અને વાણીનો. આથી તે નવાં બંધનોમાં પડતો નથી; અને તપથી તે જૂનાં ઉપાર્જિત બંધનોને કાપી નાખે છે. આમ એક માત્ર અહિંસાના પાલનથી મનુષ્ય મુક્તિને મેળવી શકે છે.

જીવનમાં અહિંસાનું પૂરેપૂરું પાલન કરવું હોય તો વિચારમાં અનેકાંતને અપનાવ્યા વિના ચાલે જ નહિ. આથી અહિંસામાંથી જ જૈનધર્મનો દાર્શનિક સિદ્ધાંત અનેકાંત ફલિત થયો છે. વિચારનાં દ્વારો ખુલ્લાં રાખો, તમને બધાના વિચારોમાંથી સત્ય જડી આવશે—આ છે અનેકાંતનો અર્થ. સત્યના આગ્રહી માટે સર્વપ્રથમ પોતાનો એ કદાગ્રહ કે 'મારું તે જ સાચું અને બીજું જૂઠું' —એ છોડવો જ પડે; એ ન છોડે ત્યાં સુધી તે બીજાને અન્યાય જ કરશે અને તે જ તો હિંસા છે. આથી અહિંસકને માટે અનેકાંતવાદી થવું અનિવાર્ય છે. આથી જૈનધર્મમાં જે દર્શનનો વિકાસ થયો તે એકાંતવાદી નહીં પણ અનેકાંતવાદી દર્શનનો થયો છે.

અહિંસાનો જીવનવ્યવહાર માટે જે આચાર તે જ જૈનધર્મ; અને અહિંસાથી ફલિત થતું દર્શન તે જૈન દર્શન. આથી જૈનધર્મને અનુસરનાર શ્રમણના જીવનવ્યવહારમાં સ્થૂળ જીવની રક્ષાથી આગળ વધીને જે સૂક્ષ્મ જીવો છે, જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરી આંખે દેખાતા પણ નથી, તેમની રક્ષાની પણ ભાવના છે. અને એ ભાવનાને આધારે જ આચારના વિધિ-નિષેધોની હારમાળા ઘડાઈ છે. એને સંપૂર્ણતઃ અનુસરવાનો શ્રમણો અને અંશતઃ અનુસરવાનો પ્રયત્ન શ્રાવકો કરે છે.

આચારની પાછળ દર્શન ન હોય તો આચારની સાધનામાં નિષ્ઠા આવતી નથી. આથી દરેક ધર્મે જીવના બંધ અને મોક્ષ તથા જીવનો જગત સાથેનો સંબંધ તથા જગતના સ્વરૂપ વિષે અનિવાર્ય રીતે વિચાર કરવો પડે છે. એ અનિવાર્યતામાંથી સમગ્ર જૈન દર્શન ઊભું થયું છે. પ્રથમ કહેવાયું તેમ, જૈન દર્શનના વિચારની એ વિશેષતા છે કે તે સત્યની શોધ માટે તત્પર છે અને આથી જ સકલ દર્શનોના સમૂહરૂપ જૈન દર્શન છે—એવો ઉદ્‌ઘોષ આચાર્ય જિનભદ્ર જેવા આચાર્યો કરી ગયા છે.

છ દ્રવ્યો

જૈન દર્શનનાં મૂળ તત્ત્વો બે જ છે : જીવ અને અજીવ. એ બેનો વિસ્તાર પાંચ અસ્તિકાયરૂપે, છ દ્રવ્યરૂપે અથવા સાત તત્ત્વ કે નવ તત્ત્વરૂપે વર્ણવવામાં આવે છે. ચાર્વાકો કેવળ અજીવને પાંચ ભૂતરૂપે માનનારા હતા; અને ઉપનિષદના ઋષિઓ કેવળ જીવને એટલે કે આત્મા–પુરુષ–બ્રહ્મને માનનારા હતા. એ બંને મતોનો સમન્વય જીવ અને અજીવ માનીને જૈન દર્શનમાં થયો છે. સંસાર અને સિદ્ધિ–નિર્વાણ કે બંધન અને મુક્તિ, એ તો જ ઘટે જો જીવ અને ઇતર હોય. આથી જીવ અને અજીવ બંનેના અસ્તિત્વની તાર્કિક સંગતિ જૈનોએ સિદ્ધ કરી; અને પુરુષ અને પ્રકૃતિનું અસ્તિત્વ માની પ્રાચીન સાંખ્યોએ પણ એ સંગતિ સાધી હતી. વળી, આત્માને કે પુરુષને કેવળ ફૂટસ્થ માનવાથી પણ બંધ–મોક્ષ જેવી વિરોધી અવસ્થાઓ જીવમાં ઘટી શકે નહિ. આથી બધાં દર્શનોથી જુદા પડીને, બૌદ્ધસંમત ચિત્તની જેમ, આત્માને પણ એક અપેક્ષાએ જૈનોએ અનિત્ય માન્યો, અને વૈદિકોની જેમ નિત્ય માનવામાં પણ જૈનોને વાંધો તો છે જ નહિ. કારણ કે બંધ અને મોક્ષ અને પુનર્જીવનનું ચક્ર એક જ આત્મામાં છે. આમ આત્મા જૈન મતે પરિણામી નિત્ય માનવામાં આવ્યો. સાંખ્યોએ પ્રકૃતિને–જડતત્ત્વને તો પરિણામી નિત્ય માન્યું હતું, પણ પુરુષને ફૂટસ્થ. પરંતુ જૈનોએ જડ અને જીવ બંનેને પરિણામી નિત્ય માન્યાં. આમાં પણ જૈનોની અનેકાંતદૃષ્ટિ સ્પષ્ટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવના ચૈતન્યનો અનુભવ માત્ર દેહમાં થતો હોઈ જૈન મતે જીવ–આત્મા દેહપરિમાણ છે. નવા નવા જન્મો જીવને ધારણ કરવા પડે છે તેથી તેને ગમનાગમન અનિવાર્ય છે. આથી જીવને ગમનમાં સહાયક દ્રવ્ય ધર્માસ્તિકાયને નામે અને સ્થિતિમાં સહાયક દ્રવ્ય અધર્માસ્તિકાયન નામે–એમ બે અજીવ દ્રવ્યો માનવાં અનિવાર્ય થઈ પડચાં. તે જ રીતે જીવને જો સંસાર હોય તો બંધન હોવું જોઈએ. એ બંધન પુદ્ગલ એટલે કે જડ દ્રવ્યનું છે. આથી પુદ્ગલાસ્તિકાય રૂપે એક અન્ય પણ અજીવ દ્રવ્ય મનાયું. આ બધાંને અવકાશ આપે એવું જે દ્રવ્ય તે આકાશ; એ પણ જડરૂપ અજીવ દ્રવ્ય માનવું જરૂરી હતું. આ પ્રમાણે જૈન દર્શનમાં જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ પાંચ અસ્તિકાયો માનવામાં આવ્યા છે. પણ જીવાદિ દ્રવ્યોની વિવિધ અવસ્થાઓની કલ્પના કાલ વિના થઈ શકે નહિ; આથી એક સ્વતંત્ર કાલદ્રવ્ય પણ અનિવાર્ય હતું. આ રીતે પાંચ અસ્તિકાયને સ્થાને છ દ્રવ્યો પણ થયાં. જ્યારે કાલને સ્વતંત્ર દ્રવ્ય માનવામાં નથી આવતું ત્યારે તેને જીવ અને અજીવ દ્રવ્યોના પર્યાયરૂપે જ માનીને કામ ચલાવવામાં આવે છે.

સાત કે નવ તત્ત્વ

હવે સાત તત્ત્વ અને નવ તત્ત્વ વિશે થોડું સ્પષ્ટીકરણ કરી લઈએ. જૈન દર્શનમાં તત્ત્વવિચાર બે રીતે કરવામાં આવે છે. એક પ્રકાર વિશે આપણે ઉપર જોયું. બીજો પ્રકાર મોક્ષમાર્ગમાં ઉપયોગી થાય એ રીતે તત્ત્વોની ગણતરી કરવાનો છે. આમાં જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ–એ સાત તત્ત્વોને ગણવાનો એક પ્રકાર; અને તેમાં પુણ્ય અને પાપ ઉમેરીને કુલ નવ તત્ત્વોને ગણવાનો બીજો પ્રકાર છે. વસ્તુત: જીવ અને અજીવના વિસ્તારરૂપે જ સાત અને નવ તત્ત્વો ગણાવ્યાં છે, કારણ કે મોક્ષમાર્ગના વર્ણનમાં એવું પૃથક્કરણ ઉપયોગી થઈ પડે છે. જીવ અને અજીવ વિષેનું સ્પષ્ટીકરણ તો ઉપર કર્યું જ છે. અજીવ–કર્મસંસ્કાર–બંધન–નું જીવથી અંશત: પૃથક્ થવું એ નિર્જરા છે અને સર્વાંશે પૃથક્ થવું એ મોક્ષ છે. કર્મ જે કારણોએ જીવ સાથે બંધમાં આવે છે તે કારણો આસ્રવ છે અને એનો વિરોધ તે સંવર છે. જીવ અને અજીવ–કર્મનું એક જેવા થઈ જવું તે બંધ છે.

સાર એ છે કે જીવમાં રાગ–દ્વેષ, પ્રમાદ આદિ જ્યાં સુધી છે ત્યાં સુધી બંધનાં કારણો મોજૂદ હોઈ સંસારવૃદ્ધિ થયા કરે છે. એ કારણોનો નિરોધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવે તો સંસાર મટી જીવ સિદ્ધિ કે નિર્વાણ અવસ્થાને પામે છે. નિરોધની પ્રક્રિયા સંવર છે, એટલે કે જીવની મુક્ત થવાની સાધના–વિરતિ આદિ, એ સંવર છે; અને કેવળ વિરતિ આદિથી સંતુષ્ટ ન થતાં જીવ કર્મથી છૂટવા તપસ્યાદિ આકરાં અનુષ્ઠાનો પણ કરે છે તેથી નિર્જરા–આંશિક છુટકારો–થાય છે અને અંતે એ મોક્ષ પામે છે.

—પંડિત સુખલાલજીકૃત "જૈનધર્મનો પ્રાણ"ની ભૂમિકામાંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩

જૈન સંસ્કૃતિનો સંદેશ

આજે આપણે કંઈ પણ પ્રવૃત્તિ કરવી હોય તો તરત જ આપણને એ વિચાર આવે છે કે આપણી આ પ્રવૃત્તિનું ફળ શું આવશે, બીજા લોકો આપણને શું કહેશે વગેરે. પણ આદિ માનવોની સામે આ સવાલ ન હતો; એને તો કેવળ પોતાનું અસ્તિત્વ જ ટકાવી રાખવું હતું. એની સામે હિંસા કે અહિંસાનો સવાલ જ ન હતો. પણ જેમ જેમ સમય વીતતો ગયો, માનવી કંઈક સભ્ય-સંસ્કારી બનતો ગયો, અને એણે પોતાના સમાજની રચના કરી ત્યારે એ આ બાબતોનો વિચાર કરવા લાગ્યો.

ધર્મ અને શાસ્ત્ર

એ વખતે માનવીની સામે ન તો ધર્મનો સવાલ હતો કે ન તો શાસ્ત્રોનો. ત્યારે તો એની સામે એકમાત્ર સવાલ હતો પોતાના સુખનો. એ સુખ પણ, પોતાની આસપાસના સમાજમાં એક જાતની વ્યવસ્થા ન હોય તો, મળી શકે એમ ન હતું. એણે જોયું કે આ માટે એને કેટલીક બાબતો તજવી જ પડશે, અને કેટલીક અપનાવવી પડશે. એણે પોતાના ભલાની ખાતર જેનો સ્વીકાર કર્યો એ જ ધર્મ બની ગયો. અને એ સારી બાબતોની, સાચા નિયમોની જે પરંપરા ચાલી એનાથી શાસ્ત્રો બન્યાં. એટલા માટે જ એ જમાનાનાં શાસ્ત્રોમાં ભૌતિક સુખ-સાધનોનું વર્ણન વિશેષ જોવામાં આવે છે. જે પ્રવૃત્તિને સમાજે પસંદ કરી એ શાસ્ત્રબદ્ધ થઈ ગઈ. આ રીતે માનવીઓએ જેમ જેમ, પોતાની જરૂરિયાત પ્રમાણે, પ્રવૃત્તિઓમાં ફેરફાર અને વિકાર કર્યો, તેમ તેમ શાસ્ત્ર પણ બનતું અને વિકૃત થયું ગયું. પણ એ વખતે માનવી શાસ્ત્રનો ગુલામ ન હતો, પણ શાસ્ત્રો એને અનુસરતાં હતાં. પણ એક સમય એવો આવ્યો; જ્યારે આ ક્રમ બદલાઈ ગયો. ત્યારે એ શાસ્ત્રોનો રચનાર અને એને વિકૃત કરનાર ન રહ્યો. એ તો શાસ્ત્રોને અદૃશ્ય શક્તિએ મોકલેલાં માનવા લાગ્યો !

અધ્યાત્મવાદીઓ, જૈન સમાજ અને તીર્થંકરો

આ રીતે શાસ્ત્રો નદીના વહેતાં નીરના બદલે તળાવના પાણીની જેમ બંધિયાર થઈ ગયાં; આમ છતાં માનવીનું ભેજું તો આ રીતે બંધિયાર રહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું નથી. એણે જોયું કે અત્યાર લગીમાં જે કંઈ થયું છે તે તો પોતાની જાતને ખોઈને જ થયું છે. માનવી શાસ્ત્રોનો ગુલામ શી રીતે બની શકે ? એ તો નવાં શાસ્ત્રોની રચના કરશે. એણે વિચાર્યું, હું આ જે કંઈ કરી રહ્યો છું—ધન ભેગું કરું છું, કુટુંબ વધારું છું, સામ્રાજ્યનો વિસ્તાર કરું છું—એ બધું તો ઠીક જ છે; પરંતુ છેવટે આ બધું શા માટે ? કોને માટે ? હું કોણ છું ? મેં આખી બાહ્ય દુનિયા તો જોઈ, પણ મેં મારી પોતાની જાતને તો જોઈ જ નહીં ! શું મારી જાતની પણ ભાળ મળી શકે છે ?

આ વિચારથી પ્રેરાઈને કેટલાક લોકો, શાંતિને માટે, જંગલોમાં જઈને વસવા લાગ્યા, અને પોતાની જાતની શોધ કરવા લાગ્યા. એના પરિણામરૂપે આપણે ભારતમાં આધ્યાત્મિક દર્શનોની અધિકતા જોઈએ છીએ. આ અધ્યાત્મવાદીઓનાં પણ જુદાં જુદાં શાસ્ત્રો અને ક્રિયાકલાપ છે. આ અધ્યાત્મવાદીઓની જ પરંપરામાં એક એ સમાજ છે કે જે પોતાની હસ્તીને આજ લગી ટકાવી રહ્યો છે; અને જેને આજે આપણે "જૈન સમાજ" કહીએ છીએ. ભગવાન ઋષભદેવથી લઈને વર્ધમાન મહાવીર સુધીમાં, જૈનોની પરંપરાગત માન્યતા અનુસાર, ચોવીસ મહાપુરુષો થયા, જેમને તેઓ તીર્થંકર કહે છે. એમનું કહેવું છે કે, તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ, એ બધાએ એકસરખો જ ઉપદેશ આપ્યો છે. સમય અનુસાર આચારનું બદલાવું અનિવાર્ય હોવા છતાં તત્ત્વજ્ઞાનની બાબતમાં બધાનો એક જ મત રહે છે. સંભવ છે કે આ વાત ઐતિહાસિકોના ગળે ન ઊતરે, પણ આની સત્યાસત્યતા પારખવાનું આપણી પાસે કોઈ સાધન નથી. જૈન વિદ્વાનો આ તીર્થંકરોની હયાતીનો જે સમય બતાવે છે એનું પરીક્ષણ કરવાનું પણ આપણી પાસે કોઈ સાધન નથી. આમ છતાં ઋષભદેવ અને નેમિનાથ, આ બે ઇતિહાસકાળ પહેલાંના મહાપુરુષોના અસ્તિત્વમાં શંકાને કોઈ સ્થાન નથી—એમના નિશ્ચિત સમયની બાબતમાં ભલે ને સંદેહ હોય. ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરના સંબંધમાં તો હવે ઐતિહાસિક લોકો પણ નિઃસંદેહ બની ગયા છે. પણ જૈન તત્ત્વજ્ઞાન અને આચારના ઉપદેશો રૂપે આજે આપણી સામે જે કંઈ ગ્રંથસ્થ થયેલી સામગ્રી મોજૂદ છે, એ તો ભગવાન મહાવીરના ઉપદેશનું જ ફળ છે. ભગવાન મહાવીરે પાર્શ્વ પરંપરામાંથી ઘણું શીખ્યું અને સમજ્યું હશે, અને પોતાના ઉપદેશની ધારા એ પરંપરાને અનુરૂપ વહેવડાવી હશે. તેથી, આપણે એટલું તો કહી શકીએ છીએ કે, જોકે પાર્શ્વનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશ આપણી સામે નથી, તેમ છતાં ભગવાન મહાવીરના ઉપદેશના રૂપમાં આપણી સામે જે કંઈ છે, એમાં ઘણો ખરો પાર્શ્વનો જ ઉપદેશ સમજવો જોઈએ—પછી વાણી ભલે ને મહાવીરની હોય. ખરી રીતે ભગવાન મહાવીર પછી એમની વાણીના આધારે એમના ઉપદેશોની જે સંકલના કરવામાં આવી છે, તેમાં ભગવાનના પોતાના શબ્દો કેટલા છે, એ ચોક્કસ રીતે તારવવું મુશ્કેલ છે. આટલી ઐતિહાસિક ભૂમિકા પછી આપણે જૈનધર્મના ઉપદેશના મુખ્ય સંદેશને જોઈએ.

આત્મજ્ઞાન અને અપ્રમાદ ઉપર ભાર

આચારાંગ સૂત્રના પહેલા સૂત્રમાં જ એમ કહેવામાં આવ્યું છે કે "સંસારમાં ઘણાખરા માણસો એવા છે કે જેમને એ વાતની ખબર જ નથી કે હું ક્યાંથી આવ્યો છું અને ક્યાં જવાનો છું? મારો આત્મા પુનર્જન્મ ધારણ કરે છે કે નહીં? હું કોણ હતો અને મારું શું થવાનું છે?—આવી આવી બાબતોને જેઓ પોતાની મેળે જાણી લે છે અથવા બીજા જ્ઞાની પુરુષ પાસેથી સમજી લે છે, તેઓ જ આત્મવાદી છે, તેઓ જ ક્રિયાવાદી છે, તેઓ જ લોકવાદી છે અને તેઓ જ કર્મવાદી છે." આ એક જ વાક્યમાં ભગવાન મહાવીરે પોતાનો સમગ્ર સંદેશ સંભળાવી દીધો, એમ કહેવામાં આવે તો તે અતિશયોક્તિ નહીં ગણાય. ભગવાન બુદ્ધે આ જ વાતને પોતાની રીતે કરી હતી. એમનું કહેવું એવું હતું કે આપણે કોણ હતા અને શું થઈશું, એ વાતોને જાણવાની ફિકર ન કરતાં ફક્ત એટલું જ જાણીએ કે અત્યારે આપણે દુ:ખી છીએ અને એ દુ:ખથી મુક્ત થવા ચાહીએ છીએ, તો એ કયો માર્ગ છે કે જેના ઉપર ચાલવાથી આપણે દુ:ખથી મુક્ત થઈ શકીએ?

ભગવાન મહાવીરે નિર્વાણની પ્રાપ્તિને માટે આત્મજ્ઞાનને પહેલું સ્થાન આપ્યું છે, કારણ, જો આત્મા જ ન હોય તો દુ:ખથી મુક્ત કોણ થશે? એમણે કહ્યું છે કે, એક આત્માને જાણો; એ એક આત્માને જાણવાથી જ બધુંય જાણી શકાય છે. એમણે આત્મજ્ઞાનને–જીવવિજ્ઞાનને એટલું આગળ વધાર્યું કે એમને સર્વત્ર—પૃથ્વી, પાણી, પવન, અગ્નિ, વનસ્પતિ વગેરેમાં—જીવ જ જીવ દેખાયા. એટલે પછી એમણે પોતાની દલીલને આગળ વધારી કે, આપણી પ્રત્યેક પ્રવૃત્તિ એવી હોઈ જોઈએ કે જેથી બીજા જીવોને દુ:ખ ન પહોંચે; કેમ કે આપણી જેમ તેઓ પણ સુખને જ ઇચ્છે છે. કદાચ આપણે પોતાના તરફથી બધાને સુખી કરવાનો પ્રયત્ન ન કરી શકીએ, પણ આપણે આપણી પોતાની પ્રવૃત્તિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલી મર્યાદિત તો અવશ્ય કરી શકીએ છીએ કે જેથી આપણે એ બધામાંથી કોઈને માટે દુઃખના નિમિત્ત ન બનીએ. ગીતામાં બધી પ્રવૃત્તિ કરવાની વાત છે, પણ ભગવાન શ્રીકૃષ્ણે એને માટે આસક્તિનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. ભગવાન મહાવીરે પ્રવૃત્તિને મર્યાદિત કરવાનો મહત્ત્વપૂર્ણ ઉપદેશ આપ્યો, અને જે પ્રવૃત્તિ અપરિહાર્ય હોય, એને પણ અપ્રમત્ત બનીને કરવાનો ઉપદેશ આપ્યો છે. અનાસક્તિથી બંધન નથી થતું અને અપ્રમાદથી પણ બંધન નથી થતું. આ રીતે જ્યારે માનવી પોતાની પ્રવૃત્તિને મર્યાદિત કરીને બીજાને દુઃખ ન પહોંચે એનો વિચાર કરે છે, ત્યારે એને બધાના મિત્ર બનવું પડે છે. અંતમાં એ કલ્યાણમિત્ર કોઈની સાથે સ્વાર્થસંબંધ નથી રાખતો. એ કોઈનો નથી થતો અને કોઈ એનું નથી થતું. એના મનમાં શત્રુ અને મિત્ર બધા સમાન થઈ જાય છે. તો પછી એ પોતાના કુટુંબમાં કેવી રીતે ગોંધાઈ રહે? પોતાના રાજ્યમાં કેવી રીતે ફસાઈ રહે? એ બધાનો ત્યાગ કરીને પોતાની આત્મનિરીક્ષણને માટે અરણ્યનો આશ્રય લે છે. ત્યાં એ ઉગ્ર તપસ્યા કરીને પોતાની જાતને કુંદનની જેમ શુદ્ધ કરીને કૃતકૃત્ય થઈ જાય છે. એ જ નિર્વાણ છે.

અહં અને મમત્વના ત્યાગનો ભગવાન બુદ્ધનો ઉપદેશ

ભગવાન બુદ્ધે પોતાનો નિર્વાણમાર્ગ આત્મવિજ્ઞાન ઉપર સ્થિર નથી કર્યો; એમનું કહેવું એમ હતું કે આત્મવિજ્ઞાનથી કશો લાભ નથી. હાં, એટલું તો સ્પષ્ટ છે કે જ્યારે માનવી પોતાના સ્વતંત્ર અસ્તિત્વને "હું છું" એ રીતે સમજી બેસે છે, ત્યારે આ "હું"થી મમત્વ જન્મે છે. એ સમજવા લાગે છે આ 'આ મારું છે', 'આ મારું નથી', 'આ મને ગમે છે', 'આ મને પસંદ નથી.' આ રીતે દરેક વસ્તુની એ પોતાના 'अहं'ની દૃષ્ટિએ પરીક્ષા કરે છે, પોતાના રાગદ્વેષને વધારે છે, અને ભૂંડી રીતે સંસારચક્રમાં ફસાઈ જાય છે. તેથી આ ચક્રમાંથી બહાર નીકળવાનો ઉત્તમ ઉપાય એ જ છે કે "હું"ને–આ અહંકારને–નૈરાત્મ્ય-ભાવનાને બળે દૂર કરવામાં આવે, આમ કરીને જ્યારે એ "હું"થી મુક્ત બને છે ત્યારે એ કલ્યાણમિત્ર બને છે. ન કોઈ એનું છે અને ન એ કોઈનો. પછી એ સંસારમાં શા માટે ફસાઈ રહેશે? એને માટે તો ઘરનો ત્યાગ કરવો એ જ ઉચિત છે અને ધ્યાન દ્વારા પોતાની એ પ્રજ્ઞાનો પ્રકર્ષ સાધીને કૃતકૃત્ય થવું, એ જ એનું નિર્વાણ છે. આ રીતે આપણે જોઈએ છીએ કે ભગવાન મહાવીરે જ્યારે આત્મવિજ્ઞાનના વિસ્તારથી નિર્વાણનો માર્ગ બતાવ્યો ત્યારે ભગવાન બુદ્ધે આત્મવિજ્ઞાનના સંકોચથી નિર્વાણ માન્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિનો નહીં પણ તપસ્યાનો મહિમા

આ આધ્યાત્મિક દૃષ્ટિને લીધે જ બુદ્ધ અને મહાવીર–બંને મહાપુરુષોએ પોતાના સમયમાં બ્રાહ્મણ, યતિ, ભિક્ષુ, જટી, મુંડી, યજ્ઞ, જાતિ, ભાષા, તીર્થ, સ્નાન વગેરે શબ્દોના જે અર્થ જનતામાં પ્રચલિત હતા તેને બદલી નાખ્યા. જૂના શબ્દોનો ઉપયોગ કરીને જ એમણે એમનો આધ્યાત્મિક દૃષ્ટિએ નવો અર્થ કર્યો, આનું પરિણામ એ આવ્યું કે એક ચાંડાલ જાતિનો જૈન ભિક્ષુ, ભિક્ષાને માટે, બ્રાહ્મણોના યજ્ઞમાં જઈને એમને યજ્ઞનો આધ્યાત્મિક અર્થ સમજાવવામાં સફળ થાય છે. જ્યારે બ્રાહ્મણોએ કહ્યું કે દાનને માટે સુપાત્ર બ્રાહ્મણ જ છે, ત્યારે એ ચાંડાલ શ્રમણે તરત જ જવાબ આપ્યો કે તમે કહ્યું એ તો ઠીક છે; પણ શું જે ક્રોધી છે, પરિગ્રહી છે, જૂઠાબોલો છે, ચોર છે, અબ્રહ્મચારી છે, એ બ્રાહ્મણ કહેવાય કે તેઓ કે જેઓ આવાં કુકૃત્યથી વિરત છે તે? જેમણે પોપટની જેમ વેદોને ગોખી રાખ્યા છે તેઓ બ્રાહ્મણ છે કે જેમણે શાસ્ત્રની સારભૂત વાતોને પોતાના જીવનમાં ઉતારી છે તે બ્રાહ્મણ છે? એ બ્રાહ્મણો શરમાઈ જાય છે અને એ ચાંડાલનું શરણ સ્વીકારે છે અને એકાએક બોલી ઊઠે છે કે દુનિયામાં છેવટે તપસ્યાનો જ મહિમા છે; જાતિનું કોઈ મહત્ત્વ નથી.

આત્મદમન : સુખનો સાચો માર્ગ

ભગવાન મહાવીરે સુખનો સાચો માર્ગ દર્શાવતાં કહ્યું કે બીજાઓનું દમન કરવાને બદલે પહેલાં પોતાની જાતનું જ દમન કરો. પોતાની જાતના દમનથી, પોતે જાતે જ ઇંદ્રિયોના વિજેતા બનવાથી, બધાનું દમન થઈ જાય છે, અને એના ફળરૂપે સુખ જ મળે છે. જેણે પોતાની જાતનું દમન કર્યું છે, એનું દમન કોઈ પણ વ્યક્તિ મારઝૂડ કરીને કે એનો વધ કરીને નથી કરી શકતી. એટલા માટે જ શ્રેય એમાં જ છે કે પહેલાં પોતાની જાતને સંયમી અને તપસ્વી બનાવીને વિજયી બનાવવામાં આવે.

પ્રવ્રજ્યા લેવાને માટે તૈયાર થયેલા નમિરાજને જ્યારે ઇંદ્રે એમ કહ્યું કે પહેલાં આપ આપના દુશ્મનને હરાવીને પછી ખુશીથી સંયમ ગ્રહણ કરો, ત્યારે એ રાજર્ષિએ શત્રુનું દમન કરવાનો જે માર્ગ બતાવ્યો તે અત્યારના લોકોને એક નવો ઉત્સાહ અને એક નવી દૃષ્ટિ આપે એવો છે. એમણે કહ્યું : "યુદ્ધમાં જઈને હજારો અને લાખો યોદ્ધાઓ ઉપર વિજય મેળવવો સહેલો છે, પણ પોતાની જાત ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે; આત્મજય એ જ પરમ જય છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ જયને છોડીને હું એ તુચ્છ જયની પાછળ શા માટે દોડું ? આધ્યાત્મિક યુદ્ધ—એટલે કે પોતાની જાત સાથેનું પોતાનું યુદ્ધ—જ જ્યારે મારી સામે આવીને ઊભું છે, તો હું આ બાહ્ય યુદ્ધમાં શા માટે ફસાઉં ? જો યુદ્ધનો ઉદ્દેશ સુખ જ હોય, અને જો એ સુખ મને મારી પોતાની જાત ઉપર વિજય કરવાથી મળી શકતું હોય, તો હું નાહક શા માટે સૌને મારતો ફરું ? જેમ જેમ હું બીજાઓ ઉપર ક્રોધ કરીશ, બીજાઓને મારતો ફરીશ, તેમ તેમ મારું વેર તો વધતું જ રહેશે, અને છેવટે એ મારો પોતાનો જ નાશ કરી દેશે ! તો તો પછી સારું તો એ જ છે કે હું ક્રોધનો અને વેરનો જ નાશ કરવાનો પ્રયત્ન કરું. એમનો નાશ કરવામાં બીજા કોઈને દુઃખ પહોંચાડવાની તો કોઈ વાત જ નથી; અને હું સુખી થઈ જાઉં છું." અત્યારની આ દુનિયા, જે બીજાઓના સંહારમાં રત છે, એને માટે જૈન સંસ્કૃતિનો આ સંદેશ સમયને અનુરૂપ જ લેખાવો જોઈએ.

કષ્ટસહનની જરૂર

લોકોમાં જ્યાં લગી કષ્ટોને સહન કરવાની શક્તિ નથી આવતી ત્યાં સુધી પ્રતિહિંસાની જ્વાળા સળગતી જ રહે છે. જૈન શ્રમણોને માટે, સમભાવપૂર્વક અનેક પ્રકારનાં કષ્ટો સહન કરવાનો વિધિ ભગવાન મહાવીરે બતાવ્યો છે. એમણે જે કંઈ કહ્યું છે એ કંઈ નરી કલ્પના નથી. એમણે પોતાના સાધક જીવનમાં જે કષ્ટો સહ્યાં હતાં, એનું વર્ણન સાંભળીને આપણાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. આ અનુભવમાં જ એમણે જે કંઈ પ્રાપ્ત કર્યું એ જ શ્રમણોને શીખવ્યું છે. સહનશક્તિ અને ક્ષમાનું ફળ સમજાવતાં એમણે જે કંઈ કહ્યું છે તે ખૂબ ઉત્સાહવર્ધક છે. એમણે કહ્યું કે, જ્યારે કોઈ તમને ગાળ આપે, પીડા ઉપજાવે અને અંતે તમારી હત્યા કરવાની ચેષ્ટા કરે ત્યારે પણ એમ જ માનજો કે એ તો અજ્ઞાની છે; હું પણ એની જેમ ક્રોધાવેશમાં આવીને એની હત્યા કરવા લાગું તો મારામાં અને એનામાં શો ફેર ? મને મારીને પણ એ મારું શું બગાડી શકવાનો છે ? આત્માની સાથે જે આ શરીરનું બંધન વળગેલું છે, એ બંધનને જ તો એ હત્યારો છેદી રહ્યો છે ! અરે, આ રીતે મારું બંધન છેદાઈ જાય એના કરતાં રૂડું બીજું શું ? મારા આત્માનો તો નાશ થતો જ નથી, પછી મને ભય કોનો ? મૃત્યુને જીતવાનો આ મહામંત્ર આજની ભયત્રસ્ત દુનિયાને ફરી શીખવવાની જરૂર છે. અને મહાત્મા ગાંધી અત્યારે એ જ કામ કરી રહ્યા છે.

અત્યારની દુનિયામાં યુદ્ધજન્ય તેમ જ બીજાં અનેક પ્રકારનાં કષ્ટો દેખાય છે; એ બધાંય તૃષ્ણામૂલક છે, એ વાતનો ઇનકાર કોણ કરી શકે એમ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાચીન સમયમાં બુદ્ધ અને મહાવીરે તેમ જ એમની પહેલાંના અનેક સંતોએ આ તૃષ્ણાજયનો, લોભજયનો, અને નમ્ર બનવાનો જ ઉપદેશ આપ્યો હતો.

અપરિગ્રહની જરૂર

ભગવાન મહાવીરે કહ્યું છે કે જેમ જેમ લાભ થતો જાય છે. તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે; એ તો આકાશના જેવી અનન્ત છે. એક માણસને આખી દુનિયાની સંપત્તિ આપી દેવામાં આવે તોપણ એને સંતોષ નહીં થાય. અને જો આ રીતે બધાય તૃષ્ણાવાળા બની જાય તો પછી એનું યુદ્ધ સિવાય બીજું પરિણામ પણ શું આવી શકે? એટલા માટે માનવજાતનું ભલું એમાં જ છે કે એ અપરિગ્રહનું વ્રત સ્વીકારે. જે અકિંચન છે, જેનો કોઈ વસ્તુ ઉપર મોહ નથી, એ બીજાઓની સાથે શાને માટે યુદ્ધ કરશે ? આ વ્રતનો જ સ્વીકાર કરીને મિથિલાના નમિ રાજર્ષિ ભડકે બળતી મિથિલાને જોઈને પણ કહી શક્યા કે આમાં મારું તો કંઈ બળતું નથી ! જેની પાસે કશું જ નથી એ જ સુખની નીંદ લઈ શકે છે.

મૂળ હિન્દી ઉપરથી] — "વિશ્વવાણી" વર્ષ ૨, ભાગ ૪, સંખ્યા ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪

શાસ્ત્રાજ્ઞાઓનો હેતુ

જૈનધર્મ મનુષ્યપ્રધાન છે. જૈનધર્મના જેટલા પ્રવર્તક થયા તે બધાય મનુષ્યો જ હતા, પણ ભેદ એ જ હતો, કે સાધારણ મનુષ્યોથી તે બધા ઊંચા ઊઠેલ હતા–વીતરાગ હતા. તેમના આદેશ કે ઉપદેશનો સાર એ જ છે કે બધા જીવો જીવવા માગે છે, કોઈ મરવા માગતું નથી; માટે એવી રીતે જીવવું કે જેથી બીજા જીવોને ત્રાસ ન થાય. આ ઉપદેશની આસપાસ જ જૈનધર્મના બધા વિધિ–નિષેધો ગોઠવાયા છે. આચારાંગાદિ શાસ્ત્રોમાં ભગવાનનો ઉપદેશ એકત્ર કરવામાં આવ્યો છે અને આચારાંગ, દશવૈકાલિક, છેદશાસ્ત્રો એ બધા ગ્રંથોમાં ક્રમે કરી અપવાદો વધ્યા જ છે, ઘટ્યા નથી. વિધિ–નિષેધોમાં પણ ઘટાડોવધારો થયો છે. એ બધું ગમે તેટલું પરિવર્તન થયું હોય છતાં એ બધાંનો એકમાત્ર ઉદ્દેશ એ જ છે કે મનુષ્યે એવી રીતે જીવવું, જેથી આત્મહિત તો થાય પણ પરનું અહિત ન થાય; એટલું જ નહીં, પણ આત્મહિતની સાથે સાથે પરહિત પણ થતું રહે.

જૈનધર્મનાં શાસ્ત્રોનો ઉદ્દેશ પણ એક જ છે. આદેશો એ મુખ્ય નથી, પણ સાધકનું જીવન મુખ્ય છે. એ જીવનને અનુકૂળ આવે તે આદેશનું જ અનુસરણ કરવાનું છે અને જે આત્મહિતથી પ્રતિકૂળ હોય તે ગમે તે શાસ્ત્રમાં લખ્યું હોય પણ સાધક તેનું અનુસરણ નહિ કરે. ઘણીવાર આપણે ઉપદેશકોના મોઢે 'आणाए धम्मो'–ભગવાનની આજ્ઞાના પાલનમાં ધર્મ છે–એવું સાંભળીએ છીએ, પણ ભગવાનની આજ્ઞા કોને ગણવી અને કોને ન ગણવી એનો નિર્ણય તો તે કાળના પુરુષોએ જ કર્યો છે. એવી કોઈ એક ધ્રુવ આજ્ઞા છે જ નહિ, જેના વિષે કોઈ પણ અપવાદ ન હોય; એટલે છેવટે આચાર્ય સંઘદાસ ગણી મહત્તર[1] અને આચાર્ય હરિભદ્ર જેવાએ તો કહી દીધું કે ભગવાને આ કરવું

---

૧. न वि किंचि अणुन्नायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा कज्जे सच्चेण होयव्वं ॥

—बृहत्कल्पभाष्य, गाथा. ३३३०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે તે ન કરવું એવું કશું જ કહ્યું નથી. પણ સત્ય માર્ગનું-સંયમમાર્ગનું અનુસરણ કરવું એ ધ્રુવમંત્ર આપી દીધો છે. એટલે ખરી રીતે આજ્ઞાનો એવો અર્થ સમજવો જોઈએ કે આત્મા સાક્ષી આપે કે આમાં મારું હિત છે તે જ કરવાનું છે. મહાપુરુષોના દિશાસૂચનને લોકો આજ્ઞા એવું નામ આપી દે છે, પણ ખરી રીતે માર્ગ પોતે જ પસંદ કરવાનો હોય છે. જ્યાં સુધી મનુષ્ય પોતે પસંદગી કરતો નથી અને માત્ર બીજાના નિર્દેશાનુસાર ચાલે છે, ત્યાં સુધી તેને ધર્મ આત્મસાત્ થતો નથી. અને જ્યાં સુધી ધર્મ આત્મસાત્ થાય નહિ, ત્યાં સુધી તે ગમે તેટલું અનુષ્ઠાન કરે, પણ તે ધર્મ શુદ્ધ સમ્યક્‌ત્વમાં પરિણમતો નથી. એટલે કેવળ બીજાની આજ્ઞાનો સ્વીકાર, એ જ ધર્મ નથી, પણ અંતરાત્માની આજ્ઞાનો સ્વીકાર એ ધર્મ છે.

—'અખંડ આનંદ', ઓગસ્ટ, ૧૯૫૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫

જૈન આચારના મૂળ સિદ્ધાંતો

જૈન આચારનું ઘડતર સમજવા માટે વૈદિક અને બૌદ્ધ આચાર વિષે પણ થોડું જાણવું જરૂરી છે. એ વિના જૈન આચારના ઘડતરમાં કયાં કયાં તત્ત્વોએ કેવી રીતે ભાગ ભજવ્યો છે એ સમજવું કઠણ છે. વ્યક્તિના આચારનો અધિકાંશ તો સમાજ ઉપર આધાર રાખે છે. અને જૈન સમાજ કે સંઘ કદી પણ એકલો–અટૂલો રહ્યો હોય તેમ જણાતું નથી. જૈન સમાજ સદૈવ વૈદિક સમાજની વચ્ચે રહેતો આવ્યો છે અને વચલા કાળમાં બૌદ્ધ સંઘ સાથે પણ તેને સંપર્ક રહ્યો છે. આવી સ્થિતિમાં જૈન સદાચારને સમજવાની ચાવી કેવળ જૈન શાસ્ત્રમાં નહિ, પણ વૈદિક અને બૌદ્ધ આચારની તુલનામાં પણ રહેલી છે એ સ્પષ્ટ છે. એટલે પ્રથમ વૈદિક આચારના મૂળ સ્રોતો વિષે થોડું વિવેચન કરીને બૌદ્ધ આચારના સ્રોતનો સંકેત કર્યા પછી જ જૈન આચાર વિષે વિવેચના કરવી સંગત છે.

વૈદિક આચારના સ્રોતો

વૈદિક પરંપરાનો આધાર વેદ છે, એટલે વૈદિક આચારનો મૂળ સ્રોત શ્રુતિ–વેદ છે; અને તે અપૌરુષેય હોય કે ઈશ્વરપ્રણીત હોય-બંને સ્થિતિમાં તે સદાચારની બાબતમાં આજ્ઞારૂપ છે. એમાં તર્ક કે ઉપપત્તિને સ્થાન નથી. અમુક આચરણ શા માટે કરવું એના કારણમાં ઊતરવાની આવશ્યકતા નથી; માત્ર તે વેદપ્રતિપાદિત છે એટલું જ પર્યાપ્ત છે. વેદ ઉપરાંત સ્મૃતિઓ પણ સદાચારમાં પ્રમાણ છે. એમ માનવામાં આવે છે કે સ્મૃતિઓનું મૂળ વેદ છે, તેથી તે પણ સદાચાર વિષે પ્રમાણ છે. એવો સ્મૃતિપ્રતિપાદિત આચાર, જેનું મૂળ વિદ્યમાન વેદમાં ન મળતું હોય, એને માટે પણ એમ જ માનવામાં આવ્યું છે કે તેવા આચારનું મૂળ વેદમાં જ છે, પણ વેદનો તે અંશ નષ્ટ થયો છે. આમ વેદ-પ્રતિપાદિત આચારનું જ સમર્થન સ્મૃતિઓ કરે છે એમ મનાયું છે—જોકે વસ્તુસ્થિતિએ જોતાં સ્મૃતિઓમાં એવા ઘણા આચારો છે, જેનું મૂળ તો વેદમાં નથી જ, પણ ઊલટું વેદપ્રતિપાદિત આચારથી તે વિરુદ્ધ પણ જાય છે. બાદના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિબન્ધકારોએ આ વિરોધનું સમાધાન કરવા પ્રયત્ન કર્યો છે, પણ તે બચાવ લૂલો જણાય છે. ખરી વાત એવી છે કે સ્મૃતિકારોએ પોતાના કાળની માન્યતાઓને નિયમનું રૂપ આપી દીધું છે, અને વેદની પ્રતિષ્ઠાનો માત્ર તેમાં પ્રામાણ્ય લાવવા પૂરતો જ ઉપયોગ કર્યો છે.

શ્રુતિ અને સ્મૃતિ ઉપરાંત તદ્વિદોનું શીલ–અનુષ્ઠાન પણ આચરણમાર્ગમાં પ્રમાણ ગણાય છે. આનો અર્થ એ થાય કે જેનો આધાર શ્રુતિ અને સ્મૃતિ બંનેમાં ન મળતો હોય, છતાં પણ તિદ્વદો કોઈ અનુષ્ઠાન કરતા હોય, તો તે સદાચાર પણ અનુયાયીઓ માટે માર્ગદર્શક બને છે. આ ઉપરાંત ધર્માચરણના સ્રોત તરીકે પુરાણો પણ છે. પુરાણોમાંનાં કથાનકોમાંથી પણ અમુક પરિસ્થિતિમાં કરણીય અને અકરણીય શું એનો નિર્દેશ મળી રહે છે. એટલે પુરાણોને પણ સદાચરણના સ્રોત તરીકે ગણવામાં આવે છે. છતાં પણ આચરણ વિષે જ્યાં શંકા ઉપસ્થિત થાય ત્યાં પરિષદ અર્થાત્ વેદ અને ધર્મશાસ્ત્રજ્ઞોની સભા જે નિર્ણય આપે તે પણ સદાચારનો સ્રોત બને છે. આમ સ્રોતો અનેક છતાં એ બધાનું મૂળ ઉદ્‌ગમસ્થાન વેદ છે. અને તેમાં જે સદાચાર ન હોય તે પણ છેવટે તો તેથી અવિરુદ્ધ હોવો જ જોઈએ, એમ મનાયું છે. દેખીતી રીતે કોઈ સદાચાર વેદથી વિરુદ્ધ જણાય તોપણ તે વેદથી અવિરુદ્ધ જ છે એવી ઉપપત્તિ શોધી કાઢવામાં આવે છે. એટલે કે બધા આચારનું મૂળ વેદ છે અને વેદથી જે વિરુદ્ધ હોય તે ધર્મજનક બની શકે નહિ અથવા તો ધર્મ ગણાય નહિ. આમ વૈદિકો માટે વેદ એ આચરણની બાબતમાં પ્રમાણ છે.

પણ આનો અર્થ કોઈ એમ કરે કે વેદકાલીન આચાર જ આજે હિન્દુ સમાજમાં પ્રવર્તે છે, તો તે મોટી ભૂલ કરે છે. વસ્તુસ્થિતિ એવી છે કે સ્મૃતિકારો અને નિબંધકારોએ પોતપોતાના કાળમાં પ્રચલિત અને પરિવર્તિત આચારોનું સમર્થન કર્યું છે; અને કેટલાક વેદકાલીન આચારોને તો કલિવર્જ્ય ગણીને વેદવિહિત છતાં વર્જ્ય ગણ્યા છે, અને તેને બદલે સમકાલીન પ્રચલિત અને પરિવર્તિત આચારોને ગ્રાહ્ય ગણ્યા છે. આમ છતાં એક વસ્તુ સ્પષ્ટ છે કે તેઓ એ પરિવર્તિત આચારોને પણ વેદથી અવિરુદ્ધ છે એમ સ્થાપવાનો પ્રત્યન તો અવશ્ય કરે છે. તેથી એમ કહી શકાય કે તેમને માટે તો બધા આચારો વેદવિહિત જેવા જ છે અને તેમનું પ્રામાણ્ય વેદથી જ છે. એટલે કે બધા આચારોનું મૂળ તેઓ વેદમાં જ શોધે છે—પછી ભલે વેદમાં એમાંનું આપણી દૃષ્ટિએ કશું જ ન હોય. સંક્ષેપમાં એમ કહી શકાય કે વેદથી આજ સુધીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારોનું સમાયતનુકૂલ પરિવર્તન થતું જ આવ્યું છે. અને તે પરિવર્તનને બુદ્ધિબળે વેદ-અવિરોધી સિદ્ધ કરવામાં પંડિતોના પાંડિત્યનો ઉપયોગ થતો રહ્યો છે. વસ્તુસ્થિતિએ આજના રૂઢ આચારોના સમર્થનમાં વેદમાંથી બહુ જ થોડું થળી શકે એમ છે એ સ્વીકારવું જોઈએ; એટલું જ નહિ પણ આજના હિન્દુ-કોડના ધારામાં આવતા ઘણા સુધારક આચારોનું સમર્થન વેદમાંથી મળે છે; છતાં આશ્ચર્ય તો એ છે કે સનાતની હિન્દુઓ વેદનું નામ લઈને હિન્દુકોડનો વિરોધ કરતા રહ્યા છે.[1]

બૌદ્ધ આચારનો સ્રોત

બૌદ્ધ વિનય અર્થાત્ આચારના નિયમોનું સર્જન કરવાનો અધિકાર કેવળ ભગવાન બુદ્ધને જ છે. તેમનું નિર્વાણ થયું ત્યારે કેટલાક ભિક્ષુઓ કહેવા લાગ્યા કે હવે આપણે સ્વતંત્ર થઈ ગયા, આપણા ઉપરનું નિયંત્રણ દૂર થયું, એટલે ફાવે તેમ વર્તન કરી શકીએ છીએ. આ સાંભળી શ્રદ્ધાળુ ડાહ્યા પાંચસો સ્થવિરોએ સંગીતિ કરી અને ભગવાન બુદ્ધે જે આચારના નિયમોનું પ્રવર્તન કર્યું હતું તેને સંભારી સંભારીને જે સંકલન કર્યું એ જ 'વિનયપિટક' નામે ઓળખાય છે. બૌદ્ધધર્મમાં અનેક સંઘ અને સંપ્રદાયભેદો થયા, પણ એ બધાના વિનયમાં નહિવત્ ભેદ છે. એ સર્વેને એક વસ્તુ સમાન રીતે માન્ય છે કે આચારના નિયમોનું સર્જન તો ભગવાન બુદ્ધ જ કરી શકે છે. આ ઉપરથી કહી શકાય કે બૌદ્ધધર્મમાં આચારનો સ્રોત કેવળ ભગવાન બુદ્ધ જ છે.

બૌદ્ધ વિનયના નિયમોમાંથી સંઘ આવશ્યક સમજે તો અતિ ગૌણ નિયમોને ઢીલા પણ કરી શકે છે, અથવા તો તેવા અતિ ગૌણ નિયમોનું ઉલ્લંઘન પણ કરી શકે છે. એવું નિર્વાણ સમયે ભગવાન બુદ્ધે ભિક્ષુ આનંદને કહેલ. છતાં પણ સંગીતિમાં એકત્ર થયેલા ભિક્ષુઓ એવા ઉલ્લંઘનના પક્ષમાં ન થયા અને નાના-મોટા બધા જ નિયમોનું પાલન કરવું આવશ્યક છે એમ તેમણે નક્કી કર્યું. કારણ કે ભિક્ષુ આનંદે ભગવાન બુદ્ધ પાસેથી એ સ્પષ્ટીકરણ માગ્યું ન હતું કે કયા કયા નિયમોને ભગવાન બુદ્ધ અતિ ગૌણ ગણતા હતા.

---

૧. વિશેષ વિવરણ માટે જુઓ ડૉ. અલ્ટેકરનું–

"Sources of Hindu Dharma," Pub. Institute of Public Administration, Sholapur.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન બુદ્ધના નિર્વાણ પછી સો વર્ષે અમુક ભિક્ષુઓના આચારમાં કેટલાક નિયમોમાં શિથિલતા આવી. અને એવી શિથિલતા વિહિત છે અથવા તેને બુદ્ધવચનનું સમર્થન છે, એમ તેઓ કહેવા લાગ્યા, ત્યારે ફરી પાછા ૭૦૦ સ્થવિરો એકત્ર થયા અને નિર્ણય કર્યો કે એવી શિથિલતાના સમર્થનમાં બુદ્ધવચન નથી. તેથી વિનય વિરુદ્ધના એવા શિથિલ આચારોનું વર્જન કરવું જોઈએ. આમ એ સ્પષ્ટ છે કે બૌદ્ધોએ એ સ્પષ્ટ રીતે સ્વીકાર્યું છે કે આચારનો સ્રોત કેવળ ભગવાન બુદ્ધ છે. તેમાં અપવાદ કરવાનો અધિકાર કોઈને પણ નથી; એટલું જ નહિ પણ ગૌણ નિયમોનું અતિક્રમણ કરવાની સંઘને છૂટ બુદ્ધે આપ્યા છતાં નિશ્ચિત ગૌણ નિયમો કયા એ અંગે બુદ્ધની નિશ્ચિત સૂચના નહિ હોવાથી એમાં પણ સંઘે છૂટ સ્વીકારી નહિ. આ વસ્તુ સંઘની ભગવાન બુદ્ધમાં અપ્રતિમ નિષ્ઠા બતાવે છે; અને આચારમાં એકમાત્ર બુદ્ધનું જ અપ્રતિહત પ્રામાણ્ય સ્વીકારે છે.[1]

વેદપ્રતિપાદિત આચાર એ આજ્ઞા છે અને તેમાં તર્ક યા ઉપપત્તિને કોઈ સ્થાન નથી; જ્યારે બુદ્ધે જે જે આચારના નિયમો બનાવ્યા છે; તે શા માટે બનાવવા જરૂરી હતા, તેનું સ્પષ્ટીકરણ કરાવતી વસ્તુકથા વિનયપિટકમાં આપવામાં આવી છે. સામાન્ય રીતે કહી શકાય કે જે કાર્યોથી લોકાપવાદ થાય તેવાં કાર્યોનો નિષેધ બુદ્ધે કર્યો છે. અને નિયમપાલનનું ઔચિત્ય પણ સિદ્ધ કરવાનો પ્રયત્ન પદે પદે વિનયમાં સ્પષ્ટ દેખાય છે. બૌદ્ધ આચારમાર્ગની એક ખાસ વાત એ છે કે પાલનકર્તા તેનું ફળ પ્રત્યક્ષ કરે છે અને બીજાઓ પણ બૌદ્ધોના આચારમાર્ગનું પરિણામ જોઈ શકે છે. અર્થાત્ અદૃષ્ટ ફળ ઉપર બુદ્ધનો ભાર નથી, પણ પ્રત્યક્ષ ફળ ઉપર બુદ્ધનો વિશેષ ભાર છે. વૈદિક અને બૌદ્ધ આચારમાં આ એક ધ્યાનમાં લેવા જેવો ભેદ છે.

જૈન આચાર

દર્શન અને આચાર

જૈન આચારનો વિચાર જૈન દર્શનના વિચારથી જુદો થઈ શકે નહિ, એટલે દાર્શનિક વિચારોને અનુકૂળ રહીને જ જૈન આચારનું ઘડતર થઈ શકે, એ વસ્તુ સ્વીકારવી જોઈએ. સામાન્ય રીતે એવું જોવાય છે કે દાર્શનિક સિદ્ધાંત

૧. જુઓ વિનયપિટક, પંચશતિકા સ્કંધક અને સપ્તશતિકા સ્કંધક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક હોય છે અને આચારનો સિદ્ધાંત તેથી વિપરીત જ હોય છે. કહેવત તો એવી છે કે વિચાર તેવો આચાર, પણ મોટે ભાગે દાર્શનિક વિચાર સાથે આચારની સંગતિ મેળવવા ધાર્મિકોએ પ્રયત્ન નથી કર્યો, એ ખાસ કરી ભારતમાં તો સ્પષ્ટ છે. વૈદિકોએ દાર્શનિક સિદ્ધાંતની પરાકાષ્ઠા અદ્વૈત સિદ્ધાંત સ્થાપીને પ્રાપ્ત કરી અને સંસારમાં જે કાંઈ છે તે એક બ્રહ્મ અથવા પરમાત્માનો જ વિસ્તાર છે એમ વિચારથી નક્કી કર્યું; પણ એ વિચારને અનુકૂળ જો આચારનું ઘડતર થયું હોત તો ભારતવર્ષની પરિસ્થિતિ આજે જુદી જ હોત. નાત-જાતના ભેદ, સ્પૃશ્યાસ્પૃશ્યતા, પ્રાન્તીયતાવાદ, ભાષાવાદ આદિને કારણે ભારતીય સમાજ આજે જે છિન્નભિન્ન દશામાં છે તે કદી પણ ન હોત; તેને બદલે 'વસુધૈવ કુટુંબ'માં માનનારો એક આદર્શ સમાજ ભારતમાં નિર્મિત થયો હોત. પણ દુર્ભાગ્યે વિચાર પ્રમાણે આચારનું ઘડતર નથી થયું એ સ્પષ્ટ છે. દાર્શનિક દૃષ્ટિએ વળી બીજી પણ એક ત્રુટિ તરફ જૈન આચાર્યોએ વૈદિકોનું ધ્યાન ખેંચ્યું છે; તે એ કે આત્માને જો કૂટસ્થ-એકરૂપ માનવામાં આવે તો આત્મામાં બંધ-મોક્ષની વ્યવસ્થા, પુનર્જન્મ-એક અવસ્થા વટાવીને બીજી અવસ્થા પ્રાપ્ત કરવાનો સંભવ અને બંધથી છૂટવા મોક્ષ માટેના પ્રયત્ન માટે આવશ્યક આચરણનો પણ સંભવ નથી. સામાજિક દૃષ્ટિએ પણ જે દાર્શનિકો એકાંત નિત્યવાદમાં માનતા હોય તેમને મતે સામાજિક સુધાર કે આચારણનું પરિવર્તન કે રાજનૈતિક વિચારધારાનું પરિવર્તન પણ શક્ય નથી, સંભવિત નથી. એટલે તેમનો સમાજ એકરૂપ રૂઢિચુસ્ત જ સંભવે. આથી ઊલટું, જે દાર્શનિકો આત્માને કૂટસ્થ ન માનતા પરિણામી નિત્ય માને તેમને મતે જ પરિવર્તનને અવકાશ રહે છે. અને પરિવર્તન જીવનના વૈયક્તિક, સામાજિક, રાજનૈતિક, આર્થિક આદિ સર્વ ક્ષેત્રોએ સંભવિત બની શકે છે.

જૈન આચારનું અનેકાંતમૂલક ઘડતર

જૈનોએ દાર્શનિક સિદ્ધાન્ત તરીકે જ્યારે અનેકાંતવાદને સ્વીકાર્યો, ત્યારે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પરિવર્તનને અવકાશ છે એમ સ્વતઃ સ્વીકારી લીધું. પરિણામે એ આવ્યું કે જૈનોના અભ્યુદયકાળમાં જૈનધર્મ એ એક સુધારક ધર્મ તરીકે સ્વતઃ પ્રસિદ્ધ થયો. વૈદિકોની સંકુચિત વર્ણવાદ, ઉચ્ચનીચપણાની ભાવના, સ્પૃશ્યાસ્પૃશ્યતા, સ્ત્રી-પુરુષના અસમાન અધિકાર આદિ માન્યતાઓથી વિરુદ્ધ જૈનોનું આચરણ હતું. અને તે તેમના પોતાના દાર્શનિક સિદ્ધાંતને અનુસાર હતું. પણ દુર્ભાગ્યે જૈનધર્મની આ પોતાની શક્તિ વૈદિકોના પ્રભાવે કાળક્રમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષીણ થઈ ગઈ અને અત્યારે એ સમાજ વૈદિક સમાજથી કોઈ પણ રીતે સુધારક દૃષ્ટિએ અથવા તો ક્રાંતિકારી વિચારની દૃષ્ટિએ કોઈ પણ જાતનું પાર્થક્ય ધરાવે છે, એવું કહી શકાય તેમ રહ્યું નથી. એટલે કે મૂળે તેમાં આચારમાં ક્રાંતિકારી અને સુધારક દૃષ્ટિબિંદુ પોતાના દાર્શનિક સિદ્ધાંત અનેકાન્તવાદને કારણે હતું એ તથ્ય છતાં, આજે જૈન સમાજ પણ વૈદિકોની જેમ જ વિચાર પ્રમાણે આચાર નથી ધરાવતો એ પણ તથ્ય છે. એટલે કે આજની સ્થિતિ પ્રમાણે સમગ્ર ભારતવર્ષની સમસ્યા વિચારને અનુકૂળ આચારના ઘડતરની છે. વૈદિક અને જૈન બંને પોતપોતાના દાર્શનિક સિદ્ધાંતને અનુસરી જો આચરણનું ઘડતર કરે તો સમાજ ઉચ્ચ સ્થિતિએ પહોંચે એવી સંપૂર્ણ શક્યતા છે જ.

આજ્ઞાએ ધર્મ : તર્ક અને આચાર

જૈન આચારની બાબતમાં જે એક વસ્તુ ઉપર ભાર અપાયેલો આપણે જોઈએ છીએ તે છે–'आणाए धम्मो–અર્થાત્ ભગવાનની આજ્ઞાના પાલનમાં ધર્મ છે, એ વાત. આ ઉપરથી એક વસ્તુ ઉપર ઉપરથી એમ સમજાય છે કે વેદ-વિધિ અર્થાત્ આજ્ઞા અને જિનની આજ્ઞા એ બંને સરખી રીતે આજ્ઞા હોઈ અતર્ક્ય છે, પણ વસ્તુસ્થિતિમાં સહેજ ભેદ છે અને એ ભેદમાં જ જૈન અને વૈદિક આચારનો મૌલિક ભેદ છે.

બૌદ્ધ આચારના નિયમના ઘડતરમાં કોઈને કોઈ પ્રસંગની ઉપસ્થિતિ અનિવાર્ય મનાઈ છે. અને પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા આચારના નિયમોનું ઘડતર ક્રમે ક્રમે થતું ગયું છે, તે વિનયપિટક વાંચતાં સ્પષ્ટ થાય છે. પણ એનો અર્થ એવો નથી કે નિયમોના ઘડતરમાં આચારનો કોઈ મૌલિક સિદ્ધાત કામ કરતો નહોતો. બુદ્ધનો સિદ્ધાંત છે કે કુશલ કાર્ય કરવું અને અકુશલનું નિવારણ કરવું. આ સિદ્ધાંતની કસોટીએ પ્રત્યેક નિયમોને કસી શકાય; પણ કુશલાકુશલનો અંતિમ વિવેક કોણ કરે ? એ વિવેક બુદ્ધે પોતે પોતાના હાથમાં રાખ્યો છે. સંઘે એ જવાબદારી નથી લીધી કે તે વિવેક કરીને નક્કી કરે કે કુશલ શું અને અકુશલ શું ? પણ આથી એમ નથી સમજવાનું કે બુદ્ધે જે વિવેક કર્યો છે તે અતર્ક્ય છે. બુદ્ધનો તો એ દાવો હતો કે હું જે કહું છું તે પ્રજ્ઞાથી કહું છું અને શ્રોતા એ સ્વીકારતાં પહેલાં પોતાની તર્ક અને બુદ્ધિશક્તિનો અવશ્ય ઉપયોગ કરે, અને પરીક્ષા કર્યા પછી એમ જણાય કે બુદ્ધવચન તથ્ય અને હિતકર છે તો જ તેને સ્વીકારે. એટલે એમ કહી શકાય કે આચારના વિષયમાં અંતિમ સત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધની આજ્ઞા છે, એમ છતાં એ આજ્ઞા અતકર્ય નથી મનાઈ; જ્યારે વૈદિક વિધિ વિષે એવું નથી.

ઉપરના વિવેચનથી સ્પષ્ટ છે કે વૈદિક આજ્ઞા એ એકાંતરૂપે અતકર્ય છે, જ્યારે બૌદ્ધ આજ્ઞા તર્કસિદ્ધ છે. પણ જૈનોની પ્રકૃતિ તો અનેકાંતવાદી છે એટલે આચારના નિયમો વિષે તે એકાંતવાદી બની શકે નહિ. આચાર્યોનું કહેવું છે કે આજ્ઞા એ ધર્મ છે એ સાચું, પણ જે આજ્ઞા આપવામાં આવી છે તેનું મૂળ ભગવાનના અલૌકિક કેવળજ્ઞાનમાં છે એટલે લૌકિક જ્ઞાન વડે એની સમગ્રભાવે પરીક્ષા થઈ શકે નહિ. કેટલીક વાતોમાં લૌકિક જ્ઞાનની પ્રવૃત્તિ થઈ શકે છે એટલે તર્ક વડે તેમની કેટલીક આજ્ઞાઓની સિદ્ધિ સંભવે છે. પણ એવી ઘણીય બાબતો છે, જેમાં લૌકિક જ્ઞાનનો–તર્કશક્તિનો–સંચાર જ થઈ શકે એમ છે નહિ. એટલે એવી બાબતો તર્કસિદ્ધ નથી. અર્થાત્ જૈન આજ્ઞા સમગ્ર ભાવે તર્કસિદ્ધ માનવાના પક્ષમાં જૈન આચાર્યો નથી : આંશિક તર્કસિદ્ધ છે અને આંશિક તર્કસિદ્ધ નથી. આ પ્રમાણે જૈન આજ્ઞા કેવળ તર્કશુદ્ધ છે એમ કહી શકાય નહિ અને તેમાં તર્કની ગતિ નથી જ એમ પણ કહી શકાય નહિ. આ મધ્યમ માર્ગ જૈનોના અનેકાંતવાદનું સીધું પરિણામ છે.

જૈન આચારના સ્રોતો

અને એ અનેકાંત, આચાર વિષેની આજ્ઞાઓના ઘડતરમાં પણ કાર્ય કરે છે. વૈદિકોનાં વેદ-શ્રુતિની જેમ જૈન આચારનો મૂળ સ્રોત જૈન તીર્થંકરનું શ્રુત છે. છતાં એ શ્રુતમાં આચારના સમગ્ર નિયમોનું વિધાન થઈ ગયું છે એમ નથી મનાયું; જ્યારે વૈદિકો માને છે કે સમગ્ર નિયમો વેદમાં વિહિત છે—પછી ભલે વિદ્યમાન વેદમાં એ નિયમો મળતા ન હોય. બૌદ્ધોની જેમ જૈનો એમ પણ નથી માનતા કે કેવળ તીર્થંકર જ નિયમોનું ઘડતર કરે. બીજા કોઈ નહિ. જૈનોએ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે અમુક જ નિયમો તીર્થંકરે કહ્યા છે. અને એવા ઘણા નિયમો છે જે મૌલિક શ્રુતમાં છે નહિ, છતાં આચાર્યોએ, તે તે સમયે, આવશ્યકતા જોઈને, એ મૌલિક નિયમોમાં નવા નિયમો ઉમેર્યા છે. એટલે આ દૃષ્ટિએ જોતાં જ્યારે બૌદ્ધો એમ માને છે કે માત્ર બુદ્ધ જ નિયમસર્જન કરી શકે છે, ત્યારે જૈનોના મત પ્રમાણે કેવળ તીર્થંકર નહિ પણ ગીતાર્થ સ્થવિરો પણ મૂળ ઉપદેશને અનુકૂળ એવા નિયમોનું સર્જન કરવા સમર્થ છે. આચાર્ય હરિભદ્ર તો ત્યાં સુધી કહે છે કે તીર્થંકરોએ તો કોઈ વિધિનિષેધ કર્યા જ નથી; માત્ર એટલું જ કહ્યું છે કે સંયમની વૃદ્ધિ થાય તેવું કરવું અને અસંયમમાં પ્રવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન કરવી. અર્થાત્ તીર્થંકરે તો આચારનો મૌલિક સિદ્ધાંત બતાવી દીધો છે. એ સિદ્ધાંતને અનુસરી તેને અનુકૂળ એવા નિયમોપનિયમો સાધક સ્વયં ઘડી લે. આચાર્યનું આ મન્તવ્ય કેવળ નૈશ્ચયિક છે; એટલે તેનો શબ્દાર્થ ન લેતાં ભાવાર્થ લેવો જોઈએ. તાત્પર્ય એટલું છે કે નાના–મોટા બધા જ નિયમોનો ઉપદેશ તીર્થંકર નથી કરતા; અને એવો ઉપદેશ દેવો સંભવિત પણ નથી. માટે મૂળ સિદ્ધાંતને અનુસરીને આચરણના વિધિ–નિષેધોની પરીક્ષા કરી લેવી જોઈએ.

જ્યારે અદ્વૈત પરંપરાઓનું પ્રાબલ્ય વધી ગયું અને વાણીની અશક્તિનો દાર્શનિકોને પૂરો ખ્યાલ આવી ગયો અને અવાચ્યતા યા અનિર્વચનીયતાના સિદ્ધાંતનું સમર્થન થવા લાગ્યું, ત્યારે બ્રહ્મ એ એકાંત અનિર્વાચ્ય બન્યું; એટલું જ નહિ પણ 'गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः' એ ઔપનિષદ સિદ્ધાંતનું ખરું રહસ્ય હાથ લાગ્યું. એ વખતે બુદ્ધ વિષે પણ કહેવામાં આવ્યું કે તેમણે પોતાના સમગ્ર જીવનમાં એક અક્ષર પણ ઉપદેશ રૂપે કહ્યો નથી. અને જૈન તીર્થંકરો વિષે પણ દિગંબર પરંપરામાં એમ કહેવામાં આવ્યું કે તેઓ વૈખરી વાણીનો પ્રયોગ કરતા જ નથી, માત્ર હુંકારનો જ ધ્વનિ નીકળે છે, જે વિવિધ ભાષારૂપે પરિણત થાય છે. એટલે એ કાળના આચાર્યોનાં વચનોને અંતિમ પ્રમાણ માની શાસ્ત્રગત વસ્તુનો વિચાર કરવા જઈએ તો વસ્તુસ્થિતિ સ્પષ્ટ થવાને બદલે ગૂંચવણ ઊભી થવા સંભવ છે. એટલે આચાર્ય હરિભદ્રના ઉક્ત અભિપ્રાયને ઉક્ત અનુબંધથી મુક્ત કરીને સમજવાનો પ્રયત્ન કરવા જતાં ધૂંચ ઉકેલાવાને બદલે ઊલટી જટિલ જ બની જવા સંભવ છે.

સારાંશ એ છે કે જૈન આચારનો મૂળ સ્ત્રોત તીર્થંકર છે. એ પોતાના અલૌકિક પ્રત્યક્ષ વડે કુશલ અને અકુશલનો વિવેક કરી સાધકને માટે આવશ્યક એવા વિધિનિષેધોની પ્રરૂપણા કરે છે. પણ બુદ્ધની માફક માત્ર તીર્થંકર જ વિધિ-નિષેધો કરે એમ જૈનોએ સ્વીકાર્યું નથી. અને એ પણ સ્વીકાર્યું નથી કે વેદની જેમ તીર્થંકરના ઉપદેશમાં જ બધા વિધિ-નિષેધો પ્રરૂપિત થઈ ગયા છે. પણ એટલું સ્વીકાર્યું છે કે સમય, દેશ આદિને અનુસરી મૂળ સાધનાને અવિરોધી એવા નિયમોપનિયમો તીર્થંકર સિવાય બીજાઓના આચરણ અને ઉપદેશના આધારે પણ ઘડ્યા છે, જે સમગ્રરૂપે જૈન આચરણનો સ્રોત ગણાય છે.

જૈન આચારના મૌલિક સિદ્ધાંતો : જ્ઞાન અને ક્રિયા

જડ ક્રિયાકાંડ યા અજ્ઞાનપૂર્ણ આચરણને જૈન દૃષ્ટિએ આચારનું નામ આપી શકાય નહિ. સદાચારની પ્રથમ શરત છે સતજ્ઞાન યા સમ્યગ્જ્ઞાન. પ્રથમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધા અથવા દૃષ્ટિ શુદ્ધ થવી આવશ્યક છે. દૃષ્ટિ શુદ્ધ થયે જ જ્ઞાન સમ્યગ્ કહેવાય છે. અર્થપ્રતિભાસરૂપ જ્ઞાન તો સર્વ કોઈ કરે જ છે. પણ એ જ્ઞાન આધ્યાત્મિક પરિભાષામાં સમ્યગ્ ત્યારે જ કહેવાય છે, જ્યારે મનુષ્ય વસ્તુનું મૂલ્યાંકન કરતાં શીખે, એ મૂલ્યાંકન લૌકિક દૃષ્ટિએ નહિ પણ આધ્યાત્મિક દૃષ્ટિએ થવું આવશ્યક છે. એટલે કે મોક્ષપ્રાપ્તિની દૃષ્ટિએ હેયોપાદેયનો વિવેક કરવો અનિવાર્ય છે. એવા વિવેક વિનાનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહી શકાય નહિ. અને એવા સમ્યગ્જ્ઞાન વિનાનો આચાર એ સદાચાર યા સમ્યગ્ આચાર કહી શકાય નહિ. આ વસ્તુને ધ્યાનમાં રાખીને જ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન વિનાનો આચાર એ ગધેડા ઉપરના ચંદનના બોજ જેવો છે. એની ગંધનો આસ્વાદ એ શું જાણે ?

પણ બીજે પક્ષે જ્ઞાન એટલે શું અને એની મર્યાદા શી, એટલે કે જ્ઞાનનું પરિમાણ કેટલું ?–આ વિષે કહેવામાં આવ્યું છે કે આચરણ માટે સમગ્ર વસ્તુઓનું તત્ત્વજ્ઞાન આવશ્યક નથી, પણ જેનો ઉપયોગ આચાર માટે આવશ્યક છે તેટલું જ્ઞાન જરૂરી છે. જ્ઞાન એટલે ઓછામાં ઓછો આત્મ–અનાત્મવિવેક તો હોવો જ જોઈએ. પણ એ વિવેક સાક્ષાત્કાર કોટિનો નથી સમજવાનો. પણ સંસારની અભિરુચિને બદલે મોક્ષની અભિરુચિ પ્રબળ બને એટલો વિવેક જરૂરી છે. સંપૂર્ણ જ્ઞાન તો મહાવ્રતોના અને તપસ્યાના પરિણામે થાય છે અને તે સાક્ષાત્કારરૂપ હોય છે; અને એ જ્ઞાન પાછું સંપૂર્ણ ચારિત્ર્યનું કારણ બને છે. આ દૃષ્ટિએ 'જ્ઞાનપૂર્વકની ક્રિયા'માં જ્ઞાનનો અર્થ આત્મ–અનાત્મવિવેક સામાન્યરૂપે સમજવો જોઈએ, સાક્ષાત્કારરૂપ નહિ. એવો વિવેક પ્રાપ્ત થતાં મનુષ્યની રુચિ મોક્ષ પ્રતિ થાય છે અને તેને લક્ષીને તે જે ક્રિયા કરે છે, તે વડે તેનો મોક્ષ નજદીક આવે છે. આમ માનવાથી જ માસતુસ[1] મુનિ જેવા મુનિઓના આચરણની સંગતિ ઘટે છે. એ મુનિને શાસ્ત્રજ્ઞાન કશું જ હતું નહિ, માત્ર મોક્ષની તમન્ના હતી. અને ગુરુએ જે શબ્દો કહ્યા તે પણ તે યાદ રાખી શક્યા નહિ; છતાં પણ મોક્ષની તમન્નાને કારણે તેમનું ચારિત્ર બળવાન બન્યું અને તે મોક્ષને પામ્યા.

આત્મૌપમ્યદૃષ્ટિ

સચ્ચરિત્રના મૂળમાં જે વસ્તુ આચારાંગમાં વારંવાર કહેવામાં આવી છે તે છે આત્મૌપમ્ય. અહિંસાનું પાલન શા માટે કરવું ?–એના જવાબમાં એમ જ

૧. આ મુનિની કથા માટે જુઓ ઉત્તરાધ્યયન સૂત્ર, ચોથા અધ્યયનની ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવામાં આવ્યું છે કે જગતના જીવોમાં એવો કોઈ નથી, જેને પીડા પસંદ હોય. આપણને પોતાને પણ પીડા પસંદ નથી, તો પછી આપણે બીજા જીવને શા માટે પીડવા? आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्–પોતાને પ્રતિકૂળ હોય એવું આચરણ બીજા પ્રત્યે ન કરવું–આ દૃષ્ટિ તે આત્મૌપમ્યદૃષ્ટિ. આ દૃષ્ટિએ આચરણનું ઘડતર કરવામાં આવે તો જીવનમાં આપોઆપ મહાવ્રતોને ઉતાર્યા સિવાય છૂટકો નથી. આચરણ સારું છે કે નરસું એની પરીક્ષા આ આત્મૌપમ્ય-દૃષ્ટિથી કરવાની રહે છે. આને જ બીજા શબ્દોમાં આપણે ત્યાં સામાયિક કહેવામાં આવે છે. જીવો પ્રત્યે સમભાવ રાખી—બધા જીવો મારી જેવા જ છે, એમ માની—સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે સામાયિક છે. અને એ સામાયિક વ્રતનો જ વિસ્તાર પાંચે મહાવ્રતો છે. એક સામાયિક સાધવાથી સકલ સિદ્ધ થાય છે અને જો એ નહિ તો જીવનમાં કશું જ નહિ : આ રીતે જૈન આચરણના પાયામાં સામાયિક વ્રત રહેલું છે.

અપ્રમાદ

આત્મૌપમ્યદૃષ્ટિથી એમ તો નક્કી કર્યું કે સ્વાર્થસિદ્ધિ અર્થે બીજા જીવોને પીડા આપવી એ સદાચાર નથી. પણ જૈન તત્ત્વજ્ઞાન તો કહે છે કે સમગ્ર લોકોમાં જીવો ભર્યા પડ્યા છે. શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા, જેના વિના જીવન ટકાવવું દુર્લભ બને છે, તે પણ બીજા જીવોને પીડાજનક બને છે. આવી સ્થિતિમાં અહિંસક કેમ રહી શકાય? સમભાવની સિદ્ધિ કેવી રીતે થાય? આ પ્રશ્નનું સમાધાન કરતાં કહેવામાં આવ્યું કે—

> जयं चरे, जयं चिट्ठे, जयमासे जयं सए।
> जयं भुंजंतो भासंतो पावकम्मं न बंधई ॥

અર્થાત્ યતનાપૂર્વક આચરણ કરવાથી પાપકર્મનો બંધ થતો નથી. યતનાનું બીજું નામ છે અપ્રમાદ. આચારાંગમાં વારે વારે કહેવામાં આવ્યું છે કે પ્રમાદ એ હિંસા છે; આથી જાગૃતિ એ અહિંસા છે. આ સિવાય અહિંસાનો બીજો ઉપાય હતો નહિ. આથી સાવધાની, અસ્ખલન, સતત જાગૃતિ, અહિંસક રહેવાની તમન્ના—આ બધું મળીને અપ્રમાદ થાય; અને જો તે હોય તો બીજા જીવને પીડા થાય છતાં, તમે પીડાની બુદ્ધિથી પીડા નથી આપી એ દૃષ્ટિએ, તમે અહિંસક છો, આમ માનવામાં આવ્યું. એટલે આચરણના મૂળમાં આત્મૌપમ્ય સાથે અપ્રમાદને પણ સ્થાન મળ્યું. આમ સતત જાગૃત પુરુષ આત્મૌપમ્યદૃષ્ટિ-સંપન્ન હોય તો તેનું આચરણ સદાચાર ગણાય, સચ્ચરિત્ર ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવૃત્તિનું પ્રાધાન્ય

આમ સમગ્ર આચરણના મૂળમાં સમભાવ હોવાથી અહિંસક જીવન વીતાવવું આવશ્યક મનાયું. અર્થાત્ એ અહિંસક જીવનનો સૌથી સરળ માર્ગ એ જણાયો કે જીવનમાં પ્રવૃત્તિક્ષેત્રનો સંકોચ કરવો. આ દૃષ્ટિએ જૈન સાધ્વાચારના ઘડતરની પાછળ પ્રવૃત્તિના સંકોચની દૃષ્ટિ અથવા તો નિવૃત્તિપરાયણ જીવનઘડતરની દૃષ્ટિ પ્રધાન બની જાય એ સ્વાભાવિક છે. અને એ દૃષ્ટિએ જ સમગ્ર સાધ્વાચારનું ઘડતર પ્રારંભિક કાળમાં થયું છે. એની સાક્ષી આચારાંગ જેવા ગ્રંથો આપે છે. પણ અહિંસક જીવનઘડતરની આ એક બાજુ છે, અને સામાન્ય રીતે સૌનું ધ્યાન આ તરફ જ જાય છે અને એને લઈને સામાન્ય ધારણા એવી થઈ ગઈ છે કે જૈનધર્મ નિવૃત્તિપરાયણ છે. પણ ખરી રીતે, સમગ્રભાવે જૈનધર્મનો વિચાર કરવામાં આવે તો, વસ્તુસ્થિતિ અન્ય પ્રકારની હોવાનું માલૂમ પડશે.

જૈન ઇતિહાસના અન્વેષકને જિનકલ્પ અને સ્થવિરકલ્પનો ખ્યાલ હોય જ. એ સાચું છે કે જિનકલ્પમાં જીવન એકાંત નિવૃત્તિપરાયણ જ હોય છે. પણ સ્થવિરકલ્પનો સાધ્વાચાર, જીવનમાં પળે પળે પ્રશ્નો ઉપસ્થિત થતાં, ક્રમે કરી જે ઘડાયો છે તે જોતાં એને નિવૃત્તિપરાયણ કહેવો એ નિવૃત્તિનો અર્થ ન સમજવા જેવું જ બને. એકાકી વિચરનાર જિનકલ્પી તો પોતાના અંતિમ જીવનમાં જ એ કલ્પને સ્વીકારતા અને મરજીવા થઈને નીકળી પડતા. એમની સાધના એકાંત નિવૃત્તિપરાયણ હતી. એ મરણથી નિર્ભય બની વિચારતા, એટલે સ્વયં કષ્ટો સહન કરવા તૈયાર જ હતા; પણ બીજાને કષ્ટ આપવા કદાપિ તૈયાર ન થતા. પણ એવા કલ્પને સ્વીકારનાર કેટલા? એમના કાંઈ સંઘો હતા નહિ અને તેમને પ્રવચનવિસ્તાર કરતાં આત્મવિસ્તારની વધારે ખેવના હતી. એટલે તેઓ મૃત્યુને વરીને પણ નિવૃત્તિપરાયણ જીવન ટકાવી રાખતા.

પણ સ્થવિરકલ્પમાં તો સાધકોના સંઘો હતા—શ્રમણો અને શ્રમણીઓના. એ સંઘોને લઈને રહેવાના, ખાવા-પીવાના, કપડાંના, વિહારના. ચિકિત્સા તથા સુરક્ષાના, ધર્મના પ્રચારના અને તેને ટકાવી રાખવાના—એમ નાનાવિધ પ્રશ્નો પ્રતિદિન ઉપસ્થિત થતા. એમાંથી તે તે કાળે સાધુસંસ્થાએ જે માર્ગ સ્વીકાર્યો છે તેને એકાંત નિવૃત્તિપરાયણ તેઓ જ કહી શકે, જેઓ જૈન સાધુસંસ્થાનો ઇતિહાસ જાણતા નથી, અગર જેઓએ છેદગ્રન્થો અને એના ટીકાગ્રન્થો જોયા નથી.[1]

1. જુઓ મેં લખેલ નિશીથચૂર્ણીની પ્રસ્તાવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ છતાં એક વસ્તુ સ્વીકારવી જોઈએ કે અંતિમ તાત્પર્ય નિવૃત્તિનું હોઈ, અને જ્યારે પણ શક્ય હોય ત્યારે એ માર્ગે જવાની બળવતી ઇચ્છા રહેતી હોઈ, જૈનધર્મને એકાંત નિવૃત્તિમાર્ગી કહેવો હોય તો કહી શકાય.

નિવૃત્તિનો જો એટલો જ અર્થ લેવામાં આવે કે જીવનપાલન માટે ઉપાર્જનની જંજાળમાં ન પડવું, પણ બીજાએ તૈયાર કરેલ વસ્તુમાંથી ભિક્ષા લઈ જીવનપાલન કરવું તો તે અર્થ ઘણો જ સંકુચિત અર્થ છે, અને એ અર્થમાં જૈનધર્મને સમગ્રભાવે નિવૃત્તિપરાયણ કહી પણ શકાય, પણ નિવૃત્તિનો એટલો જ અર્થ નથી એ ભૂલવું જોઈએ નહિ.

આમ સમગ્રભાવે વિચારતાં જૈન આચરણના મૂળમાં જ્ઞાનપૂર્વક ક્રિયા, આત્મૌપમ્યદૃષ્ટિ અને અપ્રમાદ—એ જ મુખ્ય છે. બાકી બધું ગૌણ અને આનુષંગિક છે.

"પ્રબુદ્ધજીવન" ૧૬ જુલાઈ તથા ૧ ઑગસ્ટ, ૧૯૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬

દક્ષિણ ભારત અને જૈનધર્મ

બિહારની સ્થિતિ

ઉત્તર ભારત જૈન તીર્થંકરોના જન્મ અને વિહારની ભૂમિ છે. શ્રમણોના વિહારને કારણે એ પ્રદેશ જ 'બિહાર'ના નામે પ્રસિદ્ધ થયો, કે જ્યાં એમનો વિહાર–વિચરણ વિશેષ થતો હતો. પણ આજે બિહાર, બંગાળ અને ઉત્તર પ્રદેશના પૂર્વ ભાગમાં જૈનોની સંખ્યા નહીં જેવી છે. બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશના પૂર્વભાગમાં, જ્યાં જે કંઈ જૈનો છે, એ ત્યાંના વતની નથી, પણ છેલ્લી બે સદીઓ દરમ્યાન વ્યાપાર નિમિત્તે ત્યાં જઈને વસેલા છે. જૈનોનાં મૌલિક તીર્થસ્થાનો વિશેષ પ્રમાણમાં બિહારમાં છે; પણ તીર્થક્ષેત્રો પ્રાચીન હોવા છતાં અત્યારે બિહારમાં પ્રાચીન મંદિર છે નહીં. જે કંઈ મંદિરો આજે સુરક્ષિત છે, એમની રચના મધ્ય યુગમાં થઈ છે. બિહારમાં જોઈએ તેટલા પ્રમાણમાં ખોદકામ પણ નથી થયું, તેથી પ્રાચીન અવશેષો પણ અત્યારે ઉપલબ્ધ નથી થતા.

ઉત્તરથી પશ્ચિમ અને દક્ષિણ તરફ ફેલાવો

પ્રાચીન સમયમાં રાજગૃહ અને પટના, એ જૈનોનાં કેન્દ્રો હતાં. પણ વખતના વહેવા સાથે એનું એટલું મહત્ત્વ ન રહ્યું અને જૈન સંઘે મથુરાની આસપાસ પોતાનું કેન્દ્ર જમાવ્યું. ત્યાં પણ જૈન સંઘ લાંબા વખત સુધી સ્થિર ન રહી શક્યો; છેવટે એનું કેન્દ્ર ગુજરાત. રાજસ્થાન, માળવા એટલે કે પશ્ચિમ ભારત બન્યું. આ રીતે ભારતની ઉત્તરેથી પશ્ચિમ તરફ થયેલી જૈન સંઘની યાત્રાનો આ ટૂંકસાર છે.

આ જ રીતે જૈન સંઘે ઉત્તરથી દક્ષિણ તરફ પણ પ્રસ્થાન કર્યું. જૈન-ધર્મનો દક્ષિણ તરફ પ્રચાર કરવામાં રાજા સંપ્રતિએ ઘણી મદદ કરી હતી. રાજા સંપ્રતિએ આંધ્ર, દ્રવિડ વગેરે દેશોમાં સાધુઓ સુખપૂર્વક વિહાર કરી શકે એ માટે, પોતાના સૈનિકોની મદદથી, એ ક્ષેત્રોને સાધુઓના વિહારને યોગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવ્યાં, રાજા સંપ્રતિ અશોકનો પૌત્ર થતો હતો, અર્થાત્ અશોકના સમય સુધી દક્ષિણ દેશ વિહારને યોગ્ય ન હતો; એને અનાર્ય દેશ ગણવામાં આવતો હતો. એ પછી તો, પશ્ચિમ ભારતની જેમ, દક્ષિણ ભારત પણ જૈનધર્મનું કેન્દ્ર બની ગયું. દક્ષિણમાં જૈનધર્મનો પ્રચાર બે દિશામાંથી થયો હતો : માળવાની રાજધાની ઉજ્જયિનીથી અને પૂર્વમાં ઓરિસાથી પણ જૈનધર્મ દક્ષિણમાં ફેલાયો હતો.

પશ્ચિમમાં શ્વેતાંબરોનું અને દક્ષિણમાં દિગંબરોનું પ્રાધાન્ય

શરૂઆતમાં તો પશ્ચિમ ભારતમાં શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોનું અસ્તિત્વ મળે છે; પણ આગળ જતાં પશ્ચિમ ભારતમાં શ્વેતાંબરોનું જ પ્રાધાન્ય રહી ગયું. આથી ઊલટું, દક્ષિણમાં શરૂઆતમાં બંને સંપ્રદાયો રહ્યા હશે. પણ પછી ત્યાં દિગંબરોનું જ પ્રાધાન્ય થઈ ગયું.

આગમરક્ષા પશ્ચિમમાં; દાર્શનિક સાહિત્યનું સર્જન દક્ષિણમાં

જૈન આગમો—ચાહે તે શ્વેતાંબર માન્ય હોય કે દિગંબર માન્ય—એ બંનેની રક્ષા પશ્ચિમ ભારતમાં જ થઈ છે. વલભીપુરમાં શ્વેતાંબર માન્ય આગમોની વાચના થઈ હતી; અને દિગંબર માન્ય ષટ્ખંડાગમ વગેરેનું મૂળ પણ પશ્ચિમ ભારતમાં જ સચવાયું હતું. પણ જૈન દાર્શનિક સિદ્ધાંતોની વ્યવસ્થામાં દક્ષિણના જૈનાચાર્યોનો ફાળો જેવો તેવો નથી.

ખરી રીતે જોવામાં આવે તો, ભારતીય દર્શનસૂત્રોનું વિવરણ અને વિવિધ દાર્શનિક વિચારસરણીઓનો વિકાસ દક્ષિણ ભારતમાં જ થયો છે. મીમાંસકોમાં શબર, કુમારિલ અને પ્રભાકર; વેદાંતીઓમાં શંકરાચાર્ય, મધ્વ, રામાનુજ વગેરે; બૌદ્ધોમાં નાગર્જુન, દિગ્નાગ અને ધર્મકીર્તિ તથા એમની શિષ્યપરંપરામાં થયેલા મોટા મોટા દાર્શનિકો—એ બધાય દક્ષિણમાં થયા. આવી સ્થિતિમાં એમની વચ્ચે રહેવાવાળા જૈન આચાર્યો પોતાના દર્શનને નવા પ્રકાશમાં પ્રગટ ન કરત તો તેઓ પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેસત. આવી પરિસ્થિતિમાં એ પ્રદેશમાં સ્વામી સમન્તભદ્ર, અકલંક, વિદ્યાનંદ જેવા જૈન દાર્શનિકોની પ્રતિભા ચમકી ઊઠી. એ આચાર્યોએ જૈન દર્શનને અજેય બનાવવા માટે જે પ્રયત્ન કર્યા એમાંથી જ ભારતીય દર્શનોને અનેકાંતવાદ જેવા એક સ્વતંત્ર, સર્વનો સમન્વય કરનાર દર્શનની પ્રાપ્તિ થઈ અને જૈનોને ગૌરવ લેવા જેવું સાહિત્ય મળ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પશ્ચિમ અને દક્ષિણનાં જૈન સ્મારકો; દક્ષિણની વિશેષતા

કળાના ક્ષેત્રમાં જ્યાં પશ્ચિમ ભારતમાં શત્રુંજય, ગિરનાર અને આબુના પર્વતો ઉપર અદ્ભુત જૈન મંદિરોની રચના થઈ, ત્યાં દક્ષિણમાં પણ શ્રમણ-બેલગોલાના પહાડ ઉપર બાહુબલીજીની જે જબરજસ્ત, મનોહર મૂર્તિ કોરવામાં આવી છે, તે દુનિયાનું એક અનન્ય આશ્ચર્ય મનાય છે. ઘણે ભાગે જૈનોની આ જ એક પ્રાચીન દર્શનીય વિશાળકાય મૂર્તિ પોતાના અસલ રૂપમાં અને અસલ સ્થાનમાં છે કે જે જૈનોનું પ્રાચીનમાં પ્રાચીન સ્મારક હોવાની સાથોસાથ પોતાના પ્રાચીન રૂપમાં આજે પણ વિદ્યમાન છે. મથુરાનું સ્થાપત્ય આના કરતાંય પ્રાચીન છે, પણ આજે એ એના અસલ રૂપમાં નથી, ફક્ત ખંડેરરૂપે છે. ગિરનાર અને શત્રુંજયમાં કેટલીય વાર જીર્ણોદ્ધાર થયા પછી અત્યારનાં મંદિરો ઊભા થયાં છે. આબુનાં મંદિરોની રચના બાહુબલીની મૂર્તિની પછી થઈ છે. આ રીતે જોતાં જેમ પ્રાચીન હિંદુ સ્મારકોને સાચવવાનો યશ દક્ષિણ ભારતને ફાળે જાય છે, તેમ પ્રાચીન જૈન સ્મારકની રક્ષાનો યશ પણ એને જ મળવો જોઈએ.

પશ્ચિમમાં અને દક્ષિણમાં જૈનોના પ્રભાવની સ્થિતિ

ઉત્તર ભારતમાં ક્યારેય જૈનોનું પ્રભુત્વ નથી રહ્યું, પણ પશ્ચિમ ભારતમાં રાજા કુમારપાળને કારણે જૈનોનું પ્રભુત્વ પ્રવર્તતું હતું; અને સમસ્ત ગુજરાતના સાંસ્કૃતિક જીવનના ઘડતરમાં જૈનોનો પૂરેપૂરો ફાળો હતો. રાજા અમોઘવર્ષના સમયમાં—ખાસ કરીને રાષ્ટ્રકૂટોના સમયમાં—દક્ષિણમાં જૈનોનો પ્રભાવ વધ્યો તો ખરો, પણ એ ચિરસ્થાયી ન થયો. શૈવધર્મી રાજાઓએ ત્યાં જૈનો ઉપર જે અત્યાચાર ગુજાર્યા હતા, એનું વર્ણન વાંચતાં આજે પણ રૂંવાડાં ખડાં થઈ જાય છે. આ પછી દક્ષિણમાં જૈનધર્મ ટકી રહ્યો તો ખરો, પણ તે બ્રાહ્મણ ધર્મના આચારોને અપનાવીને જ ! એને લીધે જ પશ્ચિમ ભારતના જૈનો કરતાં દક્ષિણ ભારતના જૈન વર્ણાચારની બાબતમાં વધારે કટ્ટર છે.

દક્ષિણની લોકભાષાના વિકાસમાં જૈનોનો ફાળો

દક્ષિણ ભારતની કન્નડ ભાષાના મોટા ભાગના પ્રાચીન ગ્રંથો જૈનાચાર્યોએ રચેલા જ મળે છે. આ દૃષ્ટિએ જૈનાચાર્યોએ એ ભાષાની જે સેવા કરી છે, તે સર્વમાન્ય છે. તામિલ ભાષાના પ્રાચીન સાહિત્ય ઉપર પણ જૈનોના વિચારોનો સારો એવો પ્રભાવ પડ્યો છે. આ ઉપરથી એમ કહી શકાય કે દક્ષિણ ભારતની લોકભાષાઓના વિકાસમાં જૈનોનો ફાળો નોંધપાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દક્ષિણના જૈનોને પંચમવર્ણી જાહેર કર્યા

દક્ષિણ ભારતનું હવામાન સમશીતોષ્ણ છે. તેથી એ ક્ષેત્ર, ઉત્તરની અપેક્ષાએ, દિગંબર સાધુઓને વધારે અનુકૂળ છે. તેથી જ બીજા કોઈ પણ સ્થાન કરતાં પ્રાચીન સમયમાં અને મધ્યયુગમાં ત્યાં દિગંબર સંપ્રદાયનો વિશેષ વિકાસ થયો; પણ શૈવોના અત્યાચારોને લીધે ત્યાંના જૈનોની સામાજિક સ્થિતિ કફોડી થઈ ગઈ, અને ઘણાખરા જૈનોને પાંચમા વર્ણના (પંચમવર્ણી) તરીકે જાહેર કરી દેવામાં આવ્યા ! આને લીધે ત્યાં એનો વિકાસ અટકી ગયો.

શ્વેતાંબરો અને દિગંબરો સાથે કામ કરે

અત્યારના સમયમાં રેલ્વે અને વેપારની સગવડને લીધે શ્વેતાંબરો પણ દક્ષિણ ભારતમાં ગયા છે. પણ ખેદની વાત છે કે બંને ફિરકાના જૈનોએ એક-બીજાનો પરિચય જોઈએ તેટલો કેળવ્યો નથી. શ્વેતાંબરોમાં સારા વ્યાપારીઓ છે, તો દિગંબરોમાં વિદ્વાનોની કમી નથી. એ બંને મળીને જો જૈનધર્મની વિચાર-સરણીનો પુનરુદ્ધાર કરે તો એ માટે અત્યારના સમય કરતાં વધારે અનુકૂળ સમય બીજો ન હોઈ શકે.

મદ્રાસ અને બેંગલોર જેવાં જે કોઈ સ્થાનોમાં જૈન બોર્ડિંગ હોય ત્યાં દક્ષિણ અને ઉત્તર ભારતના જૈન વિદ્યાર્થીઓને સમાન રૂપે સ્થાન આપવાથી પણ આસપાસના સંબંધની શરૂઆત થઈ શકે. કન્નડ અને તામિલ ભાષામાં જે જૈન સાહિત્ય રચાયું છે, એનો ક્રમે ક્રમે હિંદીમાં અનુવાદ કરાવીને ઉત્તરના રહેવાસીઓને દક્ષિણનું જ્ઞાન આપી શકાય.

–મૂળ હિન્દી ઉપરથી અનુવાદ "શ્રમણ", માર્ચ, ૧૯૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭

હિન્દુધર્મ અને જૈનધર્મ

હિંદુધર્મ અને જૈનધર્મ વિષે લખવું એ સહેલું નથી. પ્રથમ તો પ્રશ્ન એ થાય છે કે હિંદુધર્મથી જૈનધર્મને જુદો શા માટે પાડવો? શ્રી આનંદશંકર ધ્રુવસાહેબ જેવા જ્યારે હિંદુધર્મના ત્રણ ભેદ પાડે છે, જેમ કે વૈદિક, જૈન અને બૌદ્ધ, ત્યારે પછી હિંદુધર્મથી જૈનધર્મને જુદો શા માટે ગણવો? શ્રી ધ્રુવ-સાહેબની આ વ્યાખ્યા માન્ય કરીને પણ મારે એ કહેવાનું છે કે ભારતમાં અને ભારત બહાર હિંદુધર્મ કહેવાથી બહુજનસમાજમાં જે વૈદિક ધર્મ વિશેષે પ્રચલિત છે તેનો જ બોધ થાય છે, અને નહિ કે જૈન અને બૌદ્ધનો. આથી ભારતના બહુજનસમાજમાં જે વિશેષે પ્રચલિત છે તે 'વૈદિક ધર્મ' અહીં 'હિંદુધર્મ' શબ્દથી પ્રસ્તુતમાં વિવક્ષિત રાખ્યો છે; અને જૈનધર્મ એનાથી જુદો છે જ, એ હવે કહેવાની જરૂર રહી નથી. વિદ્વાનો એ વાતમાં સંમત છે કે વૈદિક ધર્મના પ્રવાહમાંથી જૈન ધર્મનો ઉદ્‌ભવ નથી, પણ એ એક સ્વતંત્ર ધર્મ છે. વધુ સંભવ તો એ છે કે ભારતમાં આર્યો આવ્યા તે પહેલાં—એટલે કે ભારતમાં વૈદિક ધર્મની આયાત થઈ તે પહેલાં—પણ ભારતીય પ્રજામાં જે ધર્મ-પ્રવાહ ચાલુ હશે તેની સાથે જૈનધર્મના પ્રવાહનો વધુ સુમેળ છે.

હિંદુધર્મનો વ્યાપક અર્થ

આમ આદિકાળની વાત જવા દઈએ તો, પછીના કાળમાં વૈદિક અને જૈન-બૌદ્ધના પારસ્પરિક આદાન-પ્રદાનમાં તો એવું ઘણું બન્યું છે, જે ઘણી બાબતોમાં જૈનધર્મને ઋણી બનાવે છે; તો ઘણી એવી પણ બાબતો છે, જેમાં વૈદિક ધર્મ જૈનધર્મનો ઋણી બન્યો છે. વૈદિક ધર્મનું આજનું રૂપ વેદકાળના પોતાના રૂપથી જે પ્રકારના પરિવર્તનને પામ્યું છે, તેમાં જૈન–બૌદ્ધ ધર્મનો જેવો તેવો ફાળો નથી. વેદકાળના હિંસક યજ્ઞોને સ્થાને આજે આધ્યાત્મિક યજ્ઞોની વાત થાય છે, તેમાં તીર્થંકર અને બુદ્ધની છાપ સ્પષ્ટ છે. ચાર વર્ણમાં બ્રાહ્મણ જ શ્રેષ્ઠ અને તે જ સર્વનો ગુરુ, એવી જે ભાવના મૂળ વૈદિકની હતી તેને સ્થાને "પાળે એનો ધર્મ" એ ન્યાયે શૂદ્ર પણ સંત બની પૂજ્ય બને છે: આમાં પણ જૈન–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધ પ્રભાવ સ્પષ્ટ છે. ઊલટ પક્ષે, જૈનધર્મને અનુસરનાર સમાજમાં ઊંચ-નીચની વ્યવસ્થા વૈદિકોની ચતુર્વર્ણની વ્યવસ્થામાંથી નિષ્પન્ન થયેલી છે મંદિરોમાં મૂર્તિ સમક્ષ આડંબરી પૂજાનો પ્રકાર પણ વૈષ્ણવ ધર્મને આભારી છે. આમ અનેક પ્રકારે આદાનપ્રદાન થયું છે. અને દીર્ઘકાલિન વૈદિક જૈન-બૌદ્ધના પારસ્પરિક આદાનપ્રદાનને કારણે ભારતમાં એ ત્રણે સંપ્રદાયોમાં ધર્મનું જે એક સર્વસામાન્ય રૂપ તૈયાર થયું તે જ હિંદુધર્મ. આ 'હિંદુધર્મ' શબ્દ તેના વ્યાપક અર્થમાં છે; અને તેવા ધર્મને લક્ષમાં રાખીને ડૉ. એ. બી. ધ્રુવ વગેરેએ હિંદુધર્મ શબ્દનો પ્રયોગ કર્યો છે અને તેના ત્રણ પ્રકારો વૈદિક, જૈન અને બૌદ્ધ એમ જણાવ્યા છે.

વ્યાપક હિંદુધર્મનાં સામાન્ય લક્ષણો

સંકુચિત એટલે કે, વૈદિક હિંદુધર્મની વાત કરતાં પહેલાં વ્યાપક હિંદુધર્મનાં કેટલાંક લક્ષણોનો વિચાર કરીએ. જે ધર્મોનો ઉદ્ભવ હિંદુસ્તાનમાં થયો મનાય છે તે સર્વે હિન્દુધર્મમાં સમાવિષ્ટ છે. આમ જૈન-બૌદ્ધ તો હિંદુસ્તાનની જ પેદાશ હોઈ હિંદુધર્મ કહેવાય જ. વૈદિક આર્યો બહારથી આવ્યા પણ તેમણે વેદની સંહિતાઓનું સંકલન તો હિંદુસ્તાનમાં જ કર્યું છે. આથી તેમનો ધર્મ પણ હિંદુધર્મ જ કહેવાય. પણ પછીના કાળમાં તો આ વૈદિક ધર્મે જ બહુજન-સમાજમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આથી હિંદુઓના ધર્મની વાત જ્યારે કરવામાં આવે છે ત્યારે મુખ્ય રૂપે તે જ સમજાય છે. આથી હિંદુધર્મનો સંકુચિત અર્થ 'વૈદિક ધર્મ' અત્રે સ્વીકારવામાં આવ્યો છે. પણ વ્યાપક હિંદુધર્મનાં સામાન્ય લક્ષણો વિષે વિચાર કરવો ઉચિત છે. એટલે વૈદિક, બૌદ્ધ અને જૈનધર્મની કેટલીક સામાન્ય બાબતો વિશે પ્રથમ વિચાર કરી લઈએ. તે આ પ્રમાણે છે :–

કર્મ અને પુનર્જન્મની માન્યતા, બંધ અને મોક્ષની માન્યતા, વિદ્યમાન અવસ્થામાં અસંતોષ અને એથી ઉચ્ચ-પરમોચ્ચ અવસ્થા અને તે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ—એમાં વિશ્વાસ અને પ્રાપ્ત કરવાના સાધનરૂપ ભક્તિ, ધ્યાન આદિ અનુષ્ઠાનોની મૌલિક એકરૂપતા, ઉક્ત પરમાત્મારૂપ જે વ્યક્તિમાં નિષ્પન્ન થયું હોય તેવી વ્યક્તિની આરાધના ઇત્યાદિ. વળી, શાસ્ત્રદૃષ્ટિએ જોઈએ તો, એ ત્રણે સંપ્રદાયો સનાતન મનાયા છે. એટલે કે વસ્તુત: આ સંપ્રદાયો ક્યારે શરૂ થયા એનો ઇતિહાસ તે તે શાસ્ત્રો માનતાં નથી. એમાં તો એવી માન્યતા છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે ત્રણે કાળપ્રવાહની સાથે સાથે વહ્યા કર્યા છે. હિંદુ–વૈદિક ધર્મમાં અવતારો દ્વારા ધર્મનું સાતત્ય છે, તો જૈન–બૌદ્ધમાં તીર્થંકરો અને બુદ્ધોની હારમાળાથી એ સાતત્ય સૂચવાયેલું છે. આ અવતાર અને જિનો કે બુદ્ધોની હારમાળા અનાદિઅનંત છે.

ધર્મનું સનાતન સત્ય

પણ આ ત્રણેની આવી માન્યતામાં ભલે ઇતિહાસનું સત્ય ન હોય, પણ સત્યનું સત્ય તો છે જ. અને તે એ કે પ્રવાહમાં ધર્મનાં ભલે નવાં નવાં રૂપો થાય, પણ ધર્મનું સનાતન સત્ય બદલાતું નથી; અને તે એ કે જીવનો શિવ સાથેનો સુમેળ બેસાડી દેવો. અહીં 'શિવ' શબ્દ મેં જાણીજોઈને વાપર્યો છે. 'શિવ'નો સામાન્ય અર્થ કલ્યાણ થાય છે અને વિશેષ અર્થ કલ્યાણકારી દેવ પણ થાય છે. ધર્મના સનાતન સત્યમાં આ બંને અર્થની સંગતિ છે. યોગ અને ભક્તિ એ ધર્મના બે પ્રવાહો છે. 'યોગ' શબ્દમાં પણ બે અર્થો રહેલા છે. પોતાના આત્મા સાથે જોડાઈ જવાની પ્રક્રિયા એ જેમ યોગ છે, તેમ પરમાત્મા સાથે જોડાઈ જવાની પ્રક્રિયા પણ યોગ છે. પરમાત્મા, એ પોતાનો વિશુદ્ધ આત્મા માનવામાં આવે કે તેથી જુદો—એ કારણે તેની પ્રક્રિયામાં કશો જ ફેર પડતો નથી. એ બંને સ્થિતિમાં પોતાના આત્મામાંથી રાગ–દ્વેષાદિ આસુરી વૃત્તિઓનો સમૂળો નાશ કરી નાખવો એ પરમ આવશ્યક છે. એમ થયે સાધક પોતાના આત્મારૂપ પરમાત્માને પામે કે પછી પોતાથી ભિન્ન પરમાત્માને પામે એ બાબત ગૌણ બની જાય છે. પણ તેને એક વાર સ્વાત્માને તો નિર્મળ કરવો જરૂરી જ છે. અને એ બીજું કશું જ નહિ પણ સ્વાત્મોપલબ્ધિ જ છે. ભક્તિ વિષે પણ આપણે સમજી લેવું જોઈએ કે સાધક પરમાત્માને પોતાથી જુદો માનીને પણ ભક્તિ કરી શકે છે અને સ્વાત્માને પરમાત્મા માનીને પણ ભક્તિ કરી શકે છે. ધ્યેયમાં થોડોક ભેદ એ પડશે કે ભક્તિના ફળરૂપે એકમાં સ્વાત્મોપલબ્ધિ હોય છે, તો બીજામાં સ્વાત્માથી ભિન્ન પરમાત્માની ઉપલબ્ધિ કરવાની હોય છે. પણ એ બંને સ્થિતિમાં સ્વાત્માની વિશુદ્ધિ તો અનિવાર્ય જ છે. એટલે અંતે સ્વાત્માની વિશુદ્ધિ એ જ સ્વાત્મોપલબ્ધિ બની જાય છે, અને તે અનિવાર્ય જ છે. અને ભક્તિની પ્રક્રિયામાં એ જ મુખ્ય છે; એ વિના ભક્તિ નિષ્ફળ જાય છે. સ્વાત્મોપલબ્ધિ થઈ એટલે એકને કૃતકૃત્યતા લાગે છે, જ્યારે બીજો એ ઉપરાંત પરમાત્માને પણ પામે છે, તેના સાયુજ્યનો—તેના આત્યંતિક સામીપ્યનો—આનંદ મેળવે છે. બંનેનો આનંદ એ આનંદ જ છે. ભેદ એ છે કે એકને બ્રહ્મ કે આત્મરમણમાં જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદ મળે છે તે બીજો પરમાત્માના સાયુજ્યમાંથી મેળવે છે. ધર્મતત્ત્વના આ સનાતન સત્યને જો બરાબર સમજવામાં આવે તો આગળ ધાર્મિક ક્રિયાકાંડો અને વિધિવિધાનોની જે નાનાપ્રકારની પ્રક્રિયા શરૂ થઈ છે. તે બધાંનું સામંજસ્ય સમજવામાં જરા પણ મુશ્કેલી ઊભી થવા સંભવ નથી.

ઐતિહાસિક અને સાધક

આમ ધર્મો સનાતન હોવાની માન્યતા તે તે ધર્મોની છે, પણ તેથી કાંઈ ઇતિહાસના વિદ્વાનોને સંતોષ થાય નહિ. જેમને ધર્મમાં રસ નથી પણ ઇતિહાસમાં રસ છે એટલે કે સ્વયં ધાર્મિક સાધના કરવામાં રસ નથી, પણ તટસ્થભાવે ધાર્મિક માન્યતાઓના ઉત્થાન–પતનનો ઇતિહાસ જાણવામાં રસ છે, તેઓને એ ધર્મોની સનાતનતામાં શંકા ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. ધાર્મિક પુરુષની શ્રદ્ધા તેને આગળ વધારે છે ત્યારે ઐતિહાસિકની જિજ્ઞાસા તેને અનેક ઠેસો ખવરાવ્યા પછી જ નવાં નવાં ક્ષેત્રો ઉઘાડી આપે છે. ધાર્મિક પુરુષને એ જોવાની જરૂર નથી કે જે ધાર્મિક અનુષ્ઠાન હું કરું છું તે ક્યારથી શરૂ થયું છે. પણ તે માત્ર એટલું જ જુવે છે કે આ મારું અનુષ્ઠાન મને ધ્યેય પ્રતિ અગ્રસર કરે છે કે નહિ? ત્યારે ઐતિહાસિકને એની સાથે બહુ સંબંધ નથી; એ તો એ અનુષ્ઠાનનું મૂળ તપાસવામાં જ રસ ધરાવે છે. આથી ધાર્મિક પુરુષને આત્મસાક્ષીએ પતી જાય છે, પણ ઐતિહાસિકને અનેક પ્રકારની સાક્ષીઓની જરૂર પડે છે. આથી બને છે એવું કે જે બાબત ધાર્મિક પુરુષને સાવ સાદા અંતિમ સત્ય તરીકે માન્ય હોય છે, તેને ઐતિહાસિક કાલિક કે દૈશિક સત્ય તરીકે સ્વીકારતાં પહેલાં પણ તેની અનેક સાક્ષીએ ચકાસણી કરીને જ આગળ ચાલે છે, આત્માને ઠગવો સહેલો નથી. આત્મપ્રત્યયથી વિરુદ્ધ વર્તનારને એક ડંખ તો રહે જ છે; એટલે આત્માના અવાજને દાબી શકાતો નથી. આથી ધાર્મિક પુરુષ, જો તે ખરેખર ધાર્મિક હોય તો, આગળને આગળ જ વધે છે; આત્મવંચના જ કરવી હોય અને આત્માના અવાજને દાબી દઈને જ ધાર્મિક કહેવરાવવું હોય તો જુદી વાત છે. પણ આત્માનો અવાજ ધાર્મિક પુરુષને માર્ગ બતાવે છે એમાં શક નથી. આથી ઊલટું, ઇતિહાસના સાક્ષીઓમાં આત્મપ્રત્યયનો જે લાભ છે તે મળતો નથી અને ઐતિહાસિક પોતાના ગમા-અણગમાને આધારે મોટે ભાગે આગળ વધતો હોય છે. આથી અનેક બાબતો વિષે સમાન સામગ્રી છતાં મત-ભેદોને અવકાશ મળે છે. આ જ કારણને લઈને ધર્મના ઐતિહાસિક આલોચનમાં ઐકમત્ય સ્થાપી શકાયું નથી. પણ અહીં જે કહેવામાં આવશે તે અધિકાંશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઐતિહાસિકોને માન્ય છે એવું જ મોટે ભાગે કહેવાશે. આમાં ધાર્મિકોની લાગણી કે માન્યતાને દૂભવવાનો જરાય ઇરાદો નથી.

પ્રસ્તુત ચર્ચાની મર્યાદા

આટલી સામાન્ય ભૂમિકા પછી હવે હિંદુધર્મ એટલે કે અહીં વિવક્ષિત વૈદિક ધર્મ અને જૈનધર્મની કેટલીક બાબતો વિષે વિચાર કરવો છે.

હિન્દુધર્મ એ એક વિશાળ વટવૃક્ષ છે, જેની વડવાઈઓ એટલે કે સંપ્રદાયો એટલા બધા ફેલાઈ ગયા છે કે તેનું મૂળ શોધવા જતાં અટવાઈ જવાય એવું છે. છતાં પણ તેના પ્રચલિત મુખ્ય રૂપને નજર સમક્ષ રાખી વિચાર કરવાનો છે.

આમ તો શૈવ, વૈષ્ણવ આદિ અનેક સંપ્રદાયો હિંદુસ્તાનમાં ઊભા થયા છે અને પ્રચારમાં આવ્યા છે. પણ હિંદુધર્મમાં કૃષ્ણભક્તિએ જે ઉચ્ચ આસન જમાવ્યું છે તે સ્પષ્ટ છે; અને, એક રીતે જોઈએ તો, કૃષ્ણભક્તિમાં જ ગીતાએ સૌની ભક્તિનો સમાવેશ કરી લેવાની ઉદારતા દાખવીને જે સૌનો સમન્વય કર્યો છે તે જ આજના હિંદુધર્મનું મુખ્ય રૂપ કહી શકાય. આથી ગીતામાંથી નિષ્પન્ન એ હિંદુધર્મનું રૂપ કઈ કઈ ભૂમિકામાંથી પસાર થયું છે તે બાબત મુખ્ય રૂપે હિંદુધર્મની વિવેચનામાં અહીં કહેવામાં આવશે. અને જૈન ધર્મના વિચારમાં સાહિત્ય, પ્રવર્તક પુરુષો, આચારવિચાર અને સંપ્રદાયો—એ મુદ્દાઓ વિષે હિંદુધર્મની તુલના કરીને વિવેચન કરવાનો ઇરાદો છે.

ઇતિહાસની દૃષ્ટિએ હિંદુધર્મનાં પાંચ રૂપ

હિંદુધર્મને માન્ય એવા વેદો ભારતીય સાહિત્યમાં જ નહિ, પણ વિશ્વના સાહિત્યમાં પ્રાચીનતમ મનાયા છે; જ્યારે ઉપલબ્ધ જૈનાગમો વિષે એમ નથી. આથી હિંદુધર્મની ઇતિહાસની સામગ્રીના પાયા બહુ ઊંડા જાય છે. ત્યારે જૈનધર્મ વિષે એમ નથી એ સ્પષ્ટ છે. સામગ્રીના કાળનો આ ભેદ છતાં વિદ્વાનોનું માનવું છે કે વેદમાં પ્રતિપાદિત ધર્મ, જેના પ્રવાહને આધારે હિંદુધર્મનું નિર્માણ થયું છે, તે અને જૈનધર્મનો મૂળ પ્રવાહ, એ બંને જુદા જ છે. વેદ અને વેદપ્રતિપાદિત ધર્મ એ ભારતમાં આયાત થયેલ છે, જ્યારે જૈનધર્મ તો ભારત બહારથી આયાત થયો નથી; તેમ જ તે વેદના આધારે ઉત્પન્ન પણ થયો નથી; પણ એ એક સ્વતંત્ર ધર્મપ્રવાહ છે એમ પ્રાયઃ સ્વીકારાઈ ગયું છે. હિંદુધર્મની રચનાનો ઇતિહાસ બહુ રોચક છે. તેને વેદમૂલક કહેવામાં આવે છે અને તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદના પ્રવાહમાંથી નિષ્પન્ન થયેલ છે, એ પણ સાચું જ છે, છતાં પણ તેનો કાયાકલ્પ એ પ્રકારનો થયો છે કે જાણે તેનો જૂના સાથેનો સંબંધ હોળીના હારડામાંના સૂતરના તાંતણા જેટલો જ રહ્યો છે. નવો ભાર એટલો બધો વધી ગયો છે કે તેને એ સૂતરના તાંતણારૂપ વેદ સંભાળી શકવા તો સમર્થ છે, છતાં પણ જાણે તેનું કોઈ અસ્તિત્વ દેખાતું નથી. એટલે કે આજના હિંદુ-ધર્મના આચારોમાં એટલું બધું પરિવર્તન થઈ ગયું છે કે તેમાંથી મૂળના વૈદિક આચારો પ્રાયઃ નામશેષ થઈ ગયા છે. વૈદિક આચાર યજ્ઞનો હતો, પણ વેદકાલીન યજ્ઞો અને આજના યજ્ઞોમાં જમીન–આસમાનનું અંતર છે. વેદકાળના યજ્ઞો આજે થાય છે ખરા, પણ તે પ્રદર્શન માટે; આચારના–જીવનમાં વણાઈ ગયેલ આચારના–ભાગરૂપે નહિ. પ્રદર્શન માટે એટલા માટે કહું છું કે પૂના જેવા શહેરમાં માત્ર તે કાળે યજ્ઞો કેવા થયા હતા તે બતાવવા ખાતર ક્વચિત્ જ જૂની રીતે યજ્ઞો ગોઠવવામાં આવે છે, જેથી અભ્યાસીને તેના સ્વરૂપનું જ્ઞાન થાય. એનો ઉદ્દેશ, તેવા યજ્ઞોના પુનઃ પ્રચારનો નહિ પણ, માત્ર ઇતિહાસની જિજ્ઞાસા સંતોષવાનો હોય છે. વૈદિક યજ્ઞોનો પુનઃ પ્રચાર શા માટે ન થાય એવી ભાવનાવાળા કરપાત્રી મહારાજે જ્યારે એ યજ્ઞો જોયા ત્યારે તેમનો પણ ઉત્સાહ શમી ગયો. એ બતાવે છે વેદમૂલક છતાં અત્યારનો હિંદુધર્મ વેદની મૂળ માન્યતાથી કેટલો આગળ વધી ગયો છે.

આજે જેને આપણે હિંદુધર્મને નામે ઓળખીએ છીએ, તેના ઇતિહાસનો વિચાર કરીએ છીએ ત્યારે તેના પાંચ રૂપો સ્પષ્ટ થાય છે :

(૧) **વૈદિક ધર્મ**—આજથી લગભગ સાડાત્રણ હજાર વર્ષ પૂર્વે, જ્યારે આર્યો ભારતમાં આવ્યા ત્યારે, જે આચાર અને વિચાર સાથે લાવ્યા હતા તેને વૈદિક ધર્મ કે શ્રૌતધર્મ તરીકે ઓળખવામાં આવે છે. એ ધર્મને વિદ્વાનો માને છે તેમ, ભારત બહારનો ધર્મ જે રૂપે ભારતમાં આવ્યો તે રૂપે જ સમજવો જોઈએ. એમાં આડંબર વિનાના હિંસક યજ્ઞો એ ધાર્મિક આચારવિધિ હતો અને વિચારોમાં જોઈએ તો અનેક દેવોની ઉપાસના તે યજ્ઞો દ્વારા થતી. પણ એવી ભૂમિકા સર્જાઈ ગઈ હતી કે તે બધા દેવો નામે ભલે જુદા હોય પણ તત્ત્વે તો એક જ છે. ઉપાસનાનો કોઈ ઉચ્ચ ઉદ્દેશ નહિ પણ શત્રુનાશ અને ભૌતિક સંપત્તિની વૃદ્ધિ એ હતો. પ્રાચીન વેદોમાં આ વિશ્વરચના કોણે, ક્યારે કરી, કેવી રીતે ઇત્યાદી જિજ્ઞાસાના શમન માટે ઉત્કટ પ્રયત્ન થયો હતો, પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજી તેનો નિશ્ચિત ઉત્તર મળ્યો ન હતો. સમાજરચનામાં ચાર વર્ગો હતા એ જણાય છે. હિંદુધર્મની ભૂમિકારૂપે આ પ્રકારના વૈદિક ધર્મને મૂકી શકાય.

(૨) **બ્રાહ્મણધર્મ**—વૈદિક ધર્મની ભૂમિકાના ઉક્ત રૂપ પછીનો જે વિકાસ છે તે બ્રાહ્મણધર્મને નામે ઓળખાય છે. તે એટલા માટે કે તેનો આધાર વેદના પરિશિષ્ટરૂપે રચાયેલ 'બ્રાહ્મણ' નામના ગ્રંથો છે. આમાં વેદના મૂળ મંત્રોનો વિનિયોગ ક્યાં કેવી રીતે કરવો અને વેદમાં જે સૂચિત કથા કે ઘટનાઓ છે તેનો મેળ કેવીરીતે મેળવવો એ માટેનો પ્રયાસ છે. વેદો એ ઋષિઓ–કવિઓની રચના છે, તો બ્રાહ્મણગ્રંથો પુરોહિતોની રચના છે. એ પુરોહિતોનો મૂળ ઉદ્દેશ એટલો જ હતો કે કર્મકાંડ, જેમાં યજ્ઞો જ મુખ્ય હતા, તેને વ્યવસ્થિત કરવા. આનું પરિણામ એ આવ્યું કે વૈદિક કાળના સીધાસાદા યજ્ઞો એક જટિલ કર્મકાંડરૂપે બની ગયા અને તે નિષ્ણાતોની સહાય વિના અસંભવ બની ગયા. આ કારણે સમાજમાં પુરોહિતવર્ગનું મહત્ત્વ વધી ગયું અને તેમણે ગુરુપદ લીધું. આ યજ્ઞોમાં સામગ્રી વધી ગઈ. વિધિની જટિલતા વધી ગઈ, ઉપરાંત યજ્ઞોની વિવિધતા પણ વધી ગઈ. સમગ્ર સમાજને લાંબા કાળ સુધી યજ્ઞકાર્યમાં ફસાઈ રહેવા વારો આવ્યો. જાણે કે જીવન યજ્ઞમય જ બની ગયું અને યજ્ઞ એ જ પરમાત્મા અને સૃષ્ટિ પણ બની ગયો ! અને તેમાં બ્રાહ્મણ વર્ણ, જે પુરોહિતવર્ગ હતો, તેનું પ્રાધાન્ય થઈ ગયું. આ સમયમાં વિચારોમાં કાંઈ વિશેષ વિકાસ થયો હોય એમ જણાતું નથી. પણ યજ્ઞમાં–કર્મકાંડમાં–જ જાણે બધું સમાઈ જતું હોય એવું વાતાવરણ સર્જાયું. આજથી ત્રણ હજાર વર્ષ પહેલાંના હિંદુધર્મનું આવું રૂપ તે બ્રાહ્મણધર્મ.

(૩) **સંક્રાંતિકાળ**—આ પછીનો કાળ તે સંક્રાંતિ કાળ છે. ઉપનિષદ કે વેદાંતને નામે ઓળખી શકાય તેવું હિંદુધર્મનું રૂપ આ કાળમાં હતું. આર્યો જેમ ઉત્તરથી પૂર્વ તરફ આગળ વધતા ગયા તેમ તેમનો ભારતીય પ્રજા સાથેનો સંપર્ક વધતો ગયો અને તેને પરિણામે વિચારોનું પૂર વૈદિક ધર્મમાં આવ્યું. કર્મકાંડની જટિલતા અને બ્રાહ્મણોના વર્ચસ્વ સામે એક પ્રકારનો બળવો જાગ્યો. પરિણામે યજ્ઞો 'ફૂટેલ નૌકા' છે એવું એકાંતિક વલણ પણ લેનારા વિચારકો પાક્યા, અને જૂનો ચીલો છોડી આચાર અને વિચારની શુદ્ધિ કરવી જોઈએ એ પ્રકારનું વલણ વધ્યું. આથી, આપણે જોઈએ છીએ કે, ઉપનિષદોમાં યજ્ઞ-વિચાર કરતાં બ્રહ્મનો વિચાર વિશેષરૂપે થયો છે, અને યજ્ઞના કર્મકાંડોમાં રસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓછો થઈ આત્મા વિશેના ચિંતન–મનનમાં રસ વધ્યો છે. અને આ સૃષ્ટિની ક્યાંથી કેવી રીતે થઈ છે એ વિશેના નાનાપ્રકારના વિતર્કો વિના રોકટોક ચાલુ થઈ ગયા છે.

આ કાળમાં આત્મવિચારમાં અગ્રણી બ્રાહ્મણ નહિ પણ ક્ષત્રિયો હતા તે બતાવે છે કે ખરી રીતે બ્રાહ્મણોનું વર્ચસ્વ ઓછું કરી ક્ષત્રિઓએ જનસમુદાય ઉપર ધાર્મિક ક્ષેત્રે પણ પોતાનો પ્રભાવ જમાવવો શરૂ કર્યો હતો. આમ બનવું સ્વાભાવિક જ હતું. કારણ, જો કર્મકાંડનું મહત્ત્વ ઘટે તો તેની સાથે બ્રાહ્મણોનું પણ મહત્ત્વ ઘટવું અનિવાર્ય હતું.

આ કાળે એક તરફ કર્મકાંડના પ્રબળ સમર્થક બ્રાહ્મણો હતા, તો બીજી તરફ તેમના વિરોધમાં આત્મવિચારના સમર્થક ક્ષત્રિયો હતા. આ બંને વર્ગો છેલ્લે પાટલે બેસીને જ્યારે પોતપોતાના મતનું સમર્થન કરતા હતા, ત્યારે પણ એવો વચલો વર્ગ તો હતો જ કે જેને એમ લાગતું હતું કે આ બંને માર્ગો–યજ્ઞ અને આત્મા–માં ઘણું ઘણું અપનાવવા જેવું છે, તેથી તેનો આત્યંતિક વિરોધ કરવો ઉચિત નથી. યજ્ઞોમાંથી જો જટિલતા દૂર કરવામાં આવે અને તેમાંથી હિંસા દૂર કરવામાં આવે, તો આત્મવાદીઓને પણ યજ્ઞનો વિરોધ કરવાનું કારણ રહે નહિ. આચારમાંથી કર્મકાંડનો અતિરેક દૂર કરવામાં આવે અને આત્મધ્યાન ઉપર વિશેષ ભાર આપવામાં આવે તો તેમાં કશું ખોટું નથી. પણ સમાજમાં હજુ આ વચલો માર્ગ લેનારાનું પ્રભુત્વ સ્થપાયું ન હતું. વિચાર અને આચારનો ઊકળતો ચરુ એ આ ઉપનિષદ્કાળનું લક્ષણ કહી શકાય. એ ઉકળાટને પરિણામે જે રસાયન નિષ્પન્ન થવું જોઈએ તે હજુ નિષ્પન્ન થયું ન હતું. પણ એક દિશા મળી ગઈ હતી. એટલે આ કાળને હિંદુધર્મના સંક્રાંતિકાળ તરીકે ઓળખાવી શકાય. આવી સ્થિતિ આજની લગભગ અઢી હજાર વર્ષ પહેલાં પ્રવર્તતી હતી.

(૪) **સમન્વયની સાધનાનો કાળ**—ઉપર કહેલા સંક્રાંતિકાળમાંથી હિંદુધર્મનું જે રૂપ નિષ્પન્ન થયું તે જ રૂપ આજના હિંદુધર્મનું પ્રવર્તક બળ છે. એ નિષ્પત્તિ એકાએક તો થાય જ નહિ; પણ લગભગ હજાર વર્ષ સુધી એ ચરુ ઊકળતો રહ્યો અને તેમાંથી જે રસાયન નિષ્પન્ન થયું તેને આપણે આજના હિંદુધર્મનું રસાયન કહી શકીએ, એ રસાયનની ઝાંખી આપણને ગીતામાં મળે છે. આથી જ હિંદુધર્મના સર્વવર્ગોમાં ગીતા એ માન્ય ગ્રન્થ બની ગયેલ છે. હિંદુધર્મના આ રૂપની વિશેષતા સમન્વયમાં રહેલી છે. આ સમન્વયની સાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લગભગ હજાર વર્ષ ચાલી છે અને પછી જે નિષ્પત્તિ થઈ તે જ આજનો હિંદુધર્મ છે. આ સમન્વયની સાધનાનો કાળ ઈ. સ. ચોથી–પાંચમી સદી સુધી ચાલ્યો.

(૫) **સમન્વય**—હિંદુધર્મનું અંતમાં જે સમન્વિત રૂપ ગીતાથી નિષ્પન્ન થતું તે પ્રાયઃ આજ સુધી જોવા મળે છે. તેમાં ઉતાર-ચડાવ ગમે તેટલા થયા પણ તેની મૂળ ભાવના, જે સમન્વયપ્રધાન હતી, તે ચાલુ જ રહી છે. તેમાં ઉત્તરોત્તર વિકાસ જ થયો છે.

ગીતાને આધારે ઘડાયેલ હિંદુધર્મનાં લક્ષણો

ગીતાના વિચારના પ્રચારથી હિંદુધર્મનું જે રૂપ નિષ્પન્ન થયું અને જે આજે પણ જોવા મળે છે, તેનાં લક્ષણો વિષે હવે વિચાર કરીએ :

(૧) **કૃષ્ણભક્તિ અને વિભૂતિમત્ તત્ત્વ**—હિંદુધર્મમાં કેન્દ્રસ્થાને કૃષ્ણ-ભક્તિનું જે મહત્ત્વ વધ્યું તે આજે પણ કાયમ છે. મૂળ તો શ્રીકૃષ્ણ, એ યાદવોના આરાધ્ય હતા, પણ ધીરે ધીરે એમનો પ્રભાવ સમગ્ર હિંદુધર્મમાં વધ્યો. તે એટલે સુધી કે તેમની વૈદિક વિષ્ણુ સાથે એકતા સિદ્ધ થઈ. આથી મનુષ્ય અને વૈદિક દેવતાનું એકત્વ સધાયું અને એને પરિણામે હિંદુધર્મમાં અવતારવાદનું એક નવું તત્ત્વ ઉમેરાયું. આથી વિભૂતિસંપન્ન કોઈ પણ મનુષ્ય ઈશ્વરના અવતાર તરીકે પૂજ્યપદને પામી શકે છે, આવી ભવ્ય ભાવના ધાર્મિકોમાં સ્થિર થઈ. પરિણામે, આપણે જોઈ શકીએ છીએ કે, જે કોઈમાં વિભૂતિનું દર્શન થયું તેવા મધ્યકાળના સંતો ઈશ્વરના અવતાર તરીકે પૂજાયા. આધુનિક કાળે ગાંધીજીને પણ એક અવતારી પુરુષ તરીકે માનનારાનો તોટો નથી. આમ ઈશ્વર એ કોઈ દૂરની સદૈવ પરોક્ષ વસ્તુ ન રહી, પણ આપણી સૌની વચ્ચે જે કોઈ વિભૂતિમત્ હોય તે ઈશ્વર જ છે અને તેની ઉપાસના એ પણ ઈશ્વરની જ ઉપાસના છે, આમ મનાવા લાગ્યું. પરિણામે સમાજને સદૈવ ઈશ્વરનું સાંનિધ્ય માણવાનો અવસર મળી ગયો.

(૨) **જગતની ઈશ્વરમયતા**—દાર્શનિક વિચારો ગમે તેવા થયા હોય, પણ ધાર્મિક પુરુષોની તો એવી જ શ્રદ્ધા છે, અને તે શ્રદ્ધા ગીતાથી જ પુષ્ટ થઈ છે કે, વિશ્વમાં જે કાંઈ છે તેમાં કૃષ્ણ–ઈશ્વર–પરમાત્મા સમાવિષ્ટ છે અને તે બધું ઈશ્વરથી જ નિષ્પન્ન છે. આને પરિણામે સાચા શ્રદ્ધાળુ ધાર્મિક જનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ–દ્વેષનું કારણ રહેતું નથી અને સમભાવની સાધનામાં તે દત્તચિત્ત રહે છે. એક ભક્તપુરુષને શ્વાન અને ચાંડાલમાં પણ સમભાવ જ હોય છે, ઘૃણાને અવકાશ રહેતો નથી. સ્પૃશ્યાસ્પૃશ્ય વિચાર, એ સ્માર્તધર્મના અવશેષરૂપે હિંદુ-સમાજમાં—ખાસ કરી જ્યાં બ્રાહ્મણોનો પ્રભાવ છે ત્યાં જ—વિશેષ છે, પણ જ્યાં બ્રાહ્મણ-પ્રભાવ ઓછો છે ત્યાં તે પણ મંદ છે. સાર એ છે કે ગીતાનો સામ્યયોગ એ હિંદુધર્મનું એક મુખ્ય લક્ષણ બની ગયું છે. તે કહેવાતા બધા હિંદુધર્મીઓમાં ન પણ જોવા મળે, પણ રામકૃષ્ણ પરમહંસ જેવા સાચા ભક્તોમાં તો અવશ્ય જોવા મળે જ.

(૩) **ભક્તિમાર્ગની પ્રતિષ્ઠા**—ગીતામાં જ્ઞાન, કર્મ કે ભક્તિ એમાંથી કયા યોગનું પ્રાધાન્ય છે, એ બાબત અંગે વિદ્વાનોમાં ભલે વિવાદ પ્રવર્તતો હોય, પણ જીવનમાં તો તેમાંની જે એક વસ્તુ હિન્દુધર્મમાં પ્રતિષ્ઠિત થઈ છે, તે છે ભક્તિ, એમાં તો કોઈ શક નથી. હિંદુધર્મમાં ધાર્મિક અનુષ્ઠાન તરીકે આજે જે એક માર્ગ પ્રતિષ્ઠિત છે તે ભક્તિ જ છે. અને એ ભક્તિમાં જ જ્ઞાન અને કર્મનો સમાવેશ થઈ ગયો છે. આ ભક્તિમાર્ગનો ચેપ ભારતવર્ષના બધા ધર્મોને લાગ્યો છે.

જ્ઞાન-માર્ગનો આશ્રય બ્રાહ્મણો જ વિશેષ રૂપે લઈ શકતા; કર્મકાંડમાં પણ શૂદ્રોને અધિકાર જ ન હતો; પણ ભક્તિમાર્ગ જ એક એવો છે કે જે સૌને માટે ખુલ્લો છે. એમાં જાતિ-પાંતિ કે સ્ત્રી-પુરુષના કશા પણ ભેદ વિના સૌનો સરખો અધિકાર છે. આથી હિંદુધર્મમાં બહુજનસમાજમાં એ વધારે પ્રચલિત થાય એ સ્વાભાવિક હતું.

(૪) **લોકસંગ્રહ**—ગીતાનો ખાસ સંદેશ છે લોકસંગ્રહનો. જૈન-બૌદ્ધના એકાંત સંન્યાસ માર્ગમાં સર્વ કર્મથી વિરત થઈ ગૃહત્યાગ આવશ્યક હતો, જ્યારે ગીતાએ જણાવ્યું છે કે "स्वधर्मे निधनं श्रेय परधर्मो भयावहः" એટલે કે મનુષ્યે પોતાને જે પ્રાપ્ત થયેલો ધર્મ હોય તેનું જ પાલન કરવું, તેમાં જ મુક્તિ છે. જે કર્મો નિયત કરેલાં છે તે કર્મો સૌએ કરવાં; એ છોડીને જવામાં સાર નથી. કર્મથી બંધન થાય છે તેનું કારણ આસક્તિ છે, નહિ કે તે કર્મ. માટે આસક્તિ છોડીને, ફળની આશા વિના, પ્રાપ્ત થયેલ કર્તવ્યકર્મ કરવું એમાં જ મુક્તિ છે—ગીતાનો સંદેશ હિંદુધર્મમાં પ્રતિષ્ઠિત થયો છે અને આથી સામાજિક અવ્યવસ્થા ઊભી થવાને બદલે તેમાં સામંજસ્ય આવ્યું છે. સાચા હિંદુધર્મીમાં ઊંચ-નીચના ભાવને અવકાશ રહે જ નહિ—જો ગીતાના સંદેશને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાર્થરૂપે પાળવામાં આવે તો. અને, આપણે જોયું છે કે, આથી જ નીચ ગણાતી કોમમાંથી પણ આપણે ત્યાં સંતો પાક્યા છે અને તેમને પણ એટલો જ આદર મળ્યો છે, જેટલો એક બ્રાહ્મણ સંતને. આ પ્રભાવ હિંદુધર્મનો છે, જેનું મૂળ ગીતાના ઉપદેશમાં જ રહેલું છે. વેદથી માંડીને આજ સુધી જે જે દેવો ધર્મમાં સ્થાન પામ્યા તે સૌનો કૃષ્ણ સાથે અભેદ હોઈ અને જે જે સંતો થયા તે સ્વયં કૃષ્ણના જ અવતાર હોઈ સમાનભાવે પૂજ્ય છે. આ ભાવનાનો પ્રચાર ગીતાથી થયો એટલે ઇષ્ટ દેવને લઈને ધાર્મિક મતભેદોને સ્થાન રહ્યું નહિ. પણ જેની પણ પૂજા-ભક્તિ થાય, જે કોઈ નામે થાય કે જ્યાં પણ થાય, તે સૌ કૃષ્ણની જ ભક્તિ છે, આવા ઉદાર વલણને હિંદુધર્મે અપનાવ્યું છે. વળી, જે કોઈ કર્મ કરવામાં આવે તે પણ ઈશ્વરશક્તિના જ અંગરૂપ છે: આવી સમજ ગીતાએ આપી હોઈ બધાં જ કર્મોમાં ભક્તિરૂપે દૈવીભાવ આવી જવાથી કર્મમાંથી પણ ઊંચ-નીચનો ભાવ લુપ્ત થયો. જે કાંઈ કરો તે ઈશ્વરભક્તિનું જ અંગ છે, આવી ઉદાત્ત ભાવના હિંદુધર્મમાં આવી; આમ થવાથી હિંદુધર્મના વિવિધ સંપ્રદાયોમાં જે વિરોધભાવના હતી તે લુપ્ત થઈ અને એક એવી ઉદાત્ત ભાવનાનો પ્રચાર થયો કે સૌ કોઈ પોતપોતાની યોગ્યતા અને શક્તિ પ્રમાણે ઈશ્વરની જ ભક્તિ કરે છે, તેથી ઈશ્વરના નામભેદ કે રૂપભેદને આગળ કરી વિખવાદ કરવાને હવે કશું જ કારણ રહ્યું નહિ. આમ હિંદુધર્મનું લોકસંગ્રાહક રૂપ નિષ્પન્ન થવામાં ગીતાનો ફાળો અપૂર્વ છે.

હિંદુધર્મના આટલા વિચાર પછી હવે આપણે જૈનધર્મ વિષે વિશેષ વિચાર કરીએ.

જૈન ધર્મ

જૈનોનું સાહિત્ય સુનિશ્ચિત અર્થવાળું હોઈ તેમાં વિચારભેદને અવકાશ નથી. એટલે જૈનધર્મના વિવિધ સંપ્રદાયોનો આધાર વિચારભેદ નહિ, પણ આચારભેદ છે. અને વિચારની એકરૂપતા, જ્યારથી પણ તેનો ઇતિહાસ મળે છે ત્યારથી, જળવાઈ રહ્યાનું જાણી શકાય છે.

પ્રથમ કહ્યા પ્રમાણે, અહીં જૈનધર્મ વિષે—તેના સાહિત્ય, પ્રવર્તક મહાપુરુષો, આચાર, વિચાર અને સંપ્રદાયો વિષે—વિચાર કરીએ એ પહેલાં જૈનધર્મની કેટલીક બાબતો વિષે હિંદુધર્મની તુલના કરીને વિચાર કરીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ ધર્મ એકાએક ઊભો થાય નહિ, વ્યવસ્થિત થાય નહિ. એ ભલે અમુક મહાપુરુષના નામ સાથે જોડાય, પણ ખરી રીતે એનાં મૂળ તો તેથી પણ ઊંડાં હોય છે; તે દેશ કે તે કાળમાં પણ એ મૂળ ભલે ન હોય, પણ અન્યત્ર જરૂર હોવાનાં જ. પણ જે મહાપુરુષ તે મૂળને પકડીને તેની આસપાસનાં જાળાં–ઝાંખરાં હટાવીને તે તરફ આંગળી ચીંધે છે તે જ તે ધર્મનો પ્રવર્તક કહેવાય છે. એમ વિચારીએ તો જૈનધર્મનાં જે શાસ્ત્રો છે તે ભગવાન મહાવીર પછીનાં જ છે; તે પૂર્વેનું કોઈ સાહિત્ય આપણી સમક્ષ નથી. તેથી તે પૂર્વના જૈનધર્મની પરિસ્થિતિ વિષે જે કાંઈ શાસ્ત્રીય સંકેતો મળે છે તે, તે શાસ્ત્રમાં જ મળે છે.

હિંદુધર્મની જેમ જૈનધર્મનો આદિકાળ જ્ઞાત નથી થઈ શકતો એટલે એ કાળની વાત જવા દઈએ; પણ જૈનાગામથી ફલિત થતા જૈનધર્મનાં સામાન્ય તત્ત્વો વિષે કેટલીક માહિતી મેળવીએ.

અહિંસા અને સંન્યાસ

હિંદુધર્મના મહાભારતકાળ પર્યંત તો સ્પષ્ટ છે કે તેમાં જેટલું મહત્ત્વ સત્યને આપવામાં આવ્યું છે તેટલું મહત્ત્વ અહિંસાને અપાયું નથી. આ વસ્તુ અપરિગ્રહ અને બ્રહ્મચર્ય વિષે પણ છે. ઉપનિષદના મહર્ષિઓ પણ અપરિગ્રહમાં માનતા હોય એમ લાગતું નથી. ઋષિઓના અબ્રહ્મચર્યની કથાઓનો તોટો નથી. તે કાળે તેવા અબ્રહ્મચર્ય વિષે ધર્મગ્રંથોમાં કશી જ ટીકા થઈ નથી. વળી, બ્રહ્મચર્ય એ સંન્યાસ આશ્રમમાં છેક જીવનની અંતિમ અવસ્થામાં અનિવાર્ય જેવું છે. બ્રાહ્મણોને વિષે તો કહેવામાં આવ્યું છે કે સમગ્ર વિશ્વની રચના કરીને બ્રહ્માએ એ સૃષ્ટિ બ્રાહ્મણોને જ સમર્પી છે. તેમની કમજોરીને કારણે બીજાઓ માલિક બની બેઠા છે, માટે બ્રાહ્મણ અણદીધેલું લઈ લે તો તેમાં કાંઈ તે ચોરી કરે છે એમ નથી; એ તો પોતાની જ વસ્તુ પોતે લેતા હોય છે. આમ પાંચ યમોમાં માત્ર સત્ય વિષે ભાર હિંદુધર્મમાં પ્રાચીન કાળમાં જોવા મળે છે: પણ આથી ઊલટું, જ્યારથી જૈનધર્મનો ઇતિહાસ જાણવા મળે છે ત્યારથી અહિંસા એ જ પરમ ધર્મ છે એમ મનાયું છે. અને એ અહિંસામાંથી સત્ય આદિને ફલિત થતાં બતાવવામાં આવ્યાં છે. અને અહિંસાપ્રધાન પાંચે યમો સરખી રીતે પાળવા આવશ્યક મનાયા છે. જીવનમાં સંન્યાસ અંતિમ કાળે નહિ, પણ જ્યારે પણ ધર્મ સમજાય અને પાલનની શક્તિ દેખાય ત્યારે લઈ શકાય છે. આથી જીવનના યૌવનકાળમાં સંન્યાસ લેવો એને જૈનધર્મમાં વિશેષ મહત્ત્વ અપાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણ કે સ્ત્રી-પુરુષ ભેદના મહત્ત્વનો અસ્વીકાર

વળી, વર્ણધર્મના વિભાગનો જૈનધર્મે પ્રારંભમાં તો અસ્વીકાર જ કર્યો હતો; એવો વિભાગ જૈનધર્મમાં અમાન્ય છે. આથી મહાભારતની કે ગીતાની જેમ ક્ષત્રિયો દ્વારા બાંધવો, પિતા કે ગુરુની યુદ્ધમાં થતી હત્યા એ જૈનધર્મ અનુસાર ધર્મમાં કદી જ ગણાઈ નથી. વળી, બ્રાહ્મણે કરેલો અપરાધ સૌના અપરાધની સમાન છે. અપરાધ પરત્વે તેને કોઈ પણ જાતના વિશેષ હક્કો જૈનધર્મમાં અમાન્ય જ થયેલા છે. શૂદ્રો હિંદુધર્મની સ્મૃતિઓ પ્રમાણે સંન્યાસી થઈ શકતા નથી કે ગુરુપદને પામી શકતા નથી; પણ જૈનધર્મમાં તેમ નથી. સંન્યાસનો અધિકાર સૌને સરખો છે. સંન્યાસની બાબતમાં સ્ત્રી-પુરુષમાં પણ ભેદ કરવામાં આવ્યો નથી. આમ છતાં લોકાનુસરણથી જૈનધર્મના મૌલિક વિચારો સાથે અસંગત એવી કેટલીક બાબતો આચારક્ષેત્રે આવી ગઈ છે, જેવી કે સમાજમાં જાતિ-પાંતિના ભેદ, દીક્ષિત સ્ત્રી એટલે કે સંન્યાસી બનેલી સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં સદૈવ નિમ્ન જ રહે વગેરે. વળી, દિગંબરોમાં તો સ્ત્રીના મોક્ષનો પણ નિષેધ કરવામાં આવ્યો, તે પણ નગ્નતાના સાંપ્રદાયિક આગ્રહનું ફળ છે.

અનેકાંતવાદી દર્શન

જૈનધર્મમાં સાધુ અને ગૃહસ્થના સમગ્ર આચારોનું ઘડતર અહિંસાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે; જ્યારે હિંદુધર્મના આચારો વિષે એમ કહી શકાતું નથી. એ અહિંસામાંથી જ દાર્શનિક વિચારધારામાં જૈનધર્મે અનેકાંતવાદનો વિકાસ કર્યો છે; જ્યારે હિંદુધર્મનાં વિવિધ દર્શનોમાં મુખ્ય રૂપે એક-એક દૃષ્ટિ નજરે પડે છે. એ જુદી જુદી દૃષ્ટિઓનો સમન્વય કરીને જ જૈનધર્મે પોતાનું અનેકાંતવાદી દર્શન ઊભું કર્યું છે.

જૈન સાહિત્ય : વેદ અને આગમો વચ્ચેનો ભેદ

જેમ હિંદુધર્મના સમગ્ર વિચાર અને આચારના પાયામાં વેદ છે, તેમ જૈનધર્મના પાયામાં ભગવાન મહાવીરે ઉપદેશેલ આચાર અને વિચારનો સંગ્રહ તે જૈન આગમો છે. વેદ અને આગમોનો જે એક મૌલિક ભેદ છે કે જાણવાથી બંનેની પ્રકૃતિનો વિશેષ ખ્યાલ આવશે. વેદો એ અનેક ઋષિઓના દર્શનની સંહિતાઓનું નામ છે. એ મંત્રો કહેવાય છે. આથી તેમાં અર્થ કરતાં શબ્દનું વિશેષ મહત્ત્વ છે. પરિણામ એ આવ્યું કે વેદના મૂળ શબ્દોમાં કશો પણ ફેરફાર થઈ શક્યો નથી. અને ઋગ્વેદાદિ સંહિતાનું જે કાળે જે રૂપે સંકલન થયું છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ રૂપ આજે પણ વિદ્યમાન છે. પણ શબ્દો એના એ જ છતાં વૈદિકોએ એના અર્થને મહત્ત્વ ન આપ્યાથી પરિણામ એ આવ્યું છે કે તેના વિવરણમાં અનેક મતભેદો ઊભા થયા અને પરિણામે વૈદિકોમાં પરસ્પરવિરોધી અનેક દર્શનો પણ ઊભાં થયાં. પ્રજ્ઞાશીલ પુરુષને પોતાને જે કાંઈ દર્શન થયું હોય તે વેદને નામે ચઢાવી દેવામાં કશો જ આંચકો આવતો નહિ. પરંતુ જૈન આગમો વિષે આવું નથી. તેમાં ભગવાન મહાવીરના ઉપદેશના શબ્દોનું નહિ પણ અર્થનું મહત્ત્વ છે. આથી તેમના ઉપદેશને આધારે તેમના ગણધરોએ આગમોની રચના કરી. શબ્દો સચવાયા નહિ. પણ અર્થ સચવાયો, તાત્પર્ય સચવાયું. તેથી શાબ્દિક રચના ગમે તેવી હોય, પણ વિચારભેદને જૈનશાસ્ત્રરચનામાં અવકાશ રહ્યો નહિ. વળી, વેદનો કાળ આજથી સાડા ત્રણ હજાર વર્ષ જેટલો જૂનો છે; આથી અને અર્થની ઉપેક્ષા થવાથી અર્થની બાબતમાં મતભેદ થાય એમાં નવાઈ પણ નથી. પણ જૈનાગમોની રચનાના સમયમાં ભાષામાં વપરાતા શબ્દોએ નિશ્ચિત અર્થ ધારણ કર્યો હતો. આથી પણ જૈન આગમના શબ્દોનો અર્થ કરવામાં મતભેદને અવકાશ રહ્યો નહિ. પરિણામે, આપણે જોઈએ છીએ કે, જૈનધર્મમાં જે સંપ્રદાયો થયા તેમાં દર્શનભેદ અગર વિચારનો ભેદ નથી, આચારનો ભેદ છે. આનું બીજું પરિણામ એ આવ્યું કે ગણધરે રચેલા આગમો પણ તેના તે જ રૂપમાં, વેદોની જેમ, સચવાયા નહિ.

વળી, વેદની ભાષા સંસ્કૃત છે અને શબ્દરૂપની જાળવણી તેમાં છે, પણ આગમોની ભાષા તો લોકભાષા પ્રાકૃત છે. આથી પણ ભગવાન મહાવીરના કાળની પ્રાકૃત આજે આગમોમાં રહી નથી; પણ જે કાળે અંતિમ સંકલન થયું તે કાળની પ્રાકૃત ભાષાની અસર તેમાં પડે તે સ્વાભાવિક છે. ભગવાન મહાવીરે અને બુદ્ધે પુરોહિત સમાજની સંસ્કૃત ભાષા છોડીને બહુજનસમાજની ભાષા પ્રાકૃતમાં ઉપદેશ આપ્યો તેની પાછળનો હેતુ પણ એ જ છે કે તેમનો ઉપદેશ ગણ્યા-ગાંઠ્યા લોકોની મૂડી ન બને, પણ આમજનતા તેનાથી પૂરો લાભ ઉઠાવે. પરિણામે વેદો એ માત્ર વૈદિક ધર્મને અનુસરનારાં અમુક જ બ્રાહ્મણ કુટુંબની મૂડી બની ગયા અને તેમણે એના બળે ધાર્મિક નેતૃત્વનો ઇજારો લીધો. પણ ભગવાન મહાવીરનો ઉપદેશ લોકભાષામાં હોઈ આવો કોઈ ઇજારો કોઈ લઈ શક્યું નહિ. એથી એક લાભ એ થયો કે તેનો પ્રચાર તો વ્યાપક બન્યો, પણ કોઈ એક વર્ગની આગવી મૂડી ગણાયેલ ન હોઈ કોઈએ તેને સાચવવાનો પૂરો પ્રયત્ન પણ કર્યો નહિ, આથી તે આજે શબ્દરૂપમાં છિન્નભિન્ન દશામાં મળે છે—જોકે, ઉપર કહ્યું તેમ, તેના અર્થમાં વિપર્યય નથી થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદ અને આગમ સાહિત્યમાં બીજો જે એક ભેદ જાણવા જેવો છે તે એ કે વેદો એ ઉપદેશગ્રંથો નથી, પણ ઋષિઓએ નાના દેવતાઓની કરેલી સ્તુતિઓનો સંગ્રહ છે. સ્તુતિઓમાં મોટે ભાગે કવિત્વ છે, પણ તેનું તાત્પર્ય તો ભૌતિક સમૃદ્ધિની યાચનામાં રહેલું છે; કોઈ પારલૌકિક કે આત્માની ઉન્નતિ–આધ્યાત્મિક ઉન્નતિ–માટેના પોકારો તેમાં નથી, પણ શત્રુ–બાહ્ય શત્રુ–નો નાશ કરી સામ્રાજ્ય-પ્રદેશના વિસ્તારમાં દેવોની સહાય માગવામાં આવી છે. આથી ઊલટું, આગમોમાં આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ દેખાડવામાં આવ્યો છે અને ભૌતિક સમૃદ્ધિની તુચ્છતાનું વર્ણન છે. જ્યાં પણ કોઈ સ્તુતિ છે ત્યાં આતરિક શત્રુ–રાગદ્વેષને નિવારી મુક્તિલાભની ઝંખના દર્શાવવામાં આવી છે. વેદ અને આગમ વચ્ચે આ મૌલિક ભેદ છે.

વળી, વેદમાં જે આરાધ્ય દેવો છે તેમાં પણ ઋષિઓએ પોતાના જ જેવા રાગદ્વેષની કલ્પના કરી છે. તેઓ પણ સ્તુતિઓથી પ્રસન્ન થઈ સ્તોતાની મદદે દોડે છે અને તેમને પણ એ જ ભોજન ભાવે છે, જે આરાધકને ભાવે છે. એવી કલ્પના છે. આરાધકના જે શત્રુ એ દેવોના પણ શત્રુ બની જાય છે અને તેનો નાશ કરવાનું કાર્ય તેઓ કરે છે, એવી પણ કલ્પના છે. આથી ઊલટું; આગમોમાં જે દેવોની કલ્પના કરવામાં આવી છે, તેઓ સ્વર્ગમાં રહે છે પણ સ્તુત્ય નથી. તે દેવો તો સ્વયં તીર્થંકરની ઉપાસના કરવા આવે છે. ઉપાસ્ય હોય તે તો વીતરાગ જ હોવો જોઈએ. અને ઉપાસનાનો હેતુ વીતરાગ બનવું એ છે. આ બધી ભાવનાઓને આધારે વેદ અને આગમનો ભેદ પડે છે. આગમને આધારે જે સમગ્ર જૈન સાહિત્યનું નિર્માણ થયું છે તેમાં મુખ્ય રૂપે ઉક્ત ભાવનાને જ પોષણ આપવામાં આવ્યું છે.

પ્રવર્તક મહાપુરુષો

હિન્દુધર્મમાં અત્યારે રામ, કૃષ્ણ, શિવ–શંકર—આ ત્રણેની વિશેષે પૂજા ભગવાનરૂપે થાય છે. તેમાં પણ કૃષ્ણનું મહત્વ સવિશેષ છે. એ ત્રણેય એક જ પરમાત્માના અવતાર છે એવી કલ્પના છે. અને એ પરમાત્મા તો સદા મુક્ત મનાયા છે. વળી, તે તે સંપ્રદાયો તે તે મહાપુરુષોને નામે પ્રચલિત થયા છે. જેમ કે શૈવ, વૈષ્ણવ આદિ. આ પછી પણ જે જે સંતો થયા તેમના નામે પણ રામાનુજી, ચૈતન્ય, રામાનંદી, કબીરપંથી આદિ સંપ્રદાયો થયા. આ સંતો પણ ભગવાન –પરમાત્માના અંશાવતાર હોઈ સ્વયં ભગવાત જેમ જ પૂજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરીએ, તો આ અવતારવાદનો સિદ્ધાંત, ભગવાન મહાવીર અને બુદ્ધ જેવા મનુષ્યો પૂજાવા શરૂ થયા ત્યાર પછી શરૂ થયો છે. શ્રમણ સંપ્રદાયમાં તીર્થંકર એ ક્ષત્રિયો હતા, તો રામ અને કૃષ્ણ, જે અવતારરૂપે પૂજાયા છે, તે પણ ક્ષત્રિયો જ છે. પણ શ્રમણોના તીર્થંકરો અને આ અવતારોમાં જે એક ભેદ છે તે એ છે કે અવતારો સ્વયં મુક્ત પુરુષના હોઈ તેમને જીવનમાં પોતાની ઉન્નતિ માટે કશી જ આધ્યાત્મિક સાધના કરવાની હોતી નથી, આવશ્યક પણ મનાઈ નથી. આવી દેખીતી કોઈ પણ આધ્યાત્મિક સાધના રામ કે કૃષ્ણના જીવનમાં દેખાતી પણ નથી. હા, શિવ–શંકરના જીવનમાં દેખાય છે ખરી, પણ શિવ, એ મૂળે વૈદિક દેવ નથી, પણ વૈદિક બ્રાહ્મણોએ એ પ્રભાવશાળી પૂજાતા દેવને પોતાની દેવશ્રેણીમાં દાખલ કરી દીધા છે. કૃષ્ણ પણ વેદવિરોધી હશે જ, કારણ, કૃષ્ણે ઇન્દ્ર, જે વૈદિક દેવોમાં મુખ્ય દેવ છે, તેના ઉપદ્રવથી લોકોને બચાવવા ગોવર્ધન પર્વત ઉપાડ્યો હતો. એ ઘટના સૂચવે છે કે કૃષ્ણને અને ઇન્દ્રને વિરોધ હતો. આથી પ્રજામાંથી ઇન્દ્રાદિ વૈદિક દેવોને નિર્મૂળ કરવામાં કૃષ્ણે ઠીક ઠીક ભાગ ભજવ્યો હશે. પ્રજાના મોટા ભાગમાં પૂજાતા આવા મનુષ્યોને વૈદિકોએ અવતારવાદની કલ્પના કરી પરમાત્માની શ્રેણીમાં દાખલ કરી દીધા. પરિણામે આમજનતામાં ક્રમે કરી વૈદિક ઇન્દ્રાદિ દેવો પૂજાપાત્ર રહ્યા નહિ. સમાજની નાના પ્રકારની મર્યાદાઓ સુસ્થિર કરવામાં ભગવાન રામનો ફાળો જેવો તેવો નથી. અને ખરેખર તેઓ ભગવાન તરીકે પૂજાય તેમાં કશું જ આશ્ચર્ય નથી. આ જ રીતે મહાભારતમાં રાજનીતિમાં કૃષ્ણે જે ભાગ ભજવ્યો, તે તેમને તે કાળના નેતા બનાવવા પૂરતો હતો અને આગળ જઈ તે પણ ભગવાન બની ગયા. તે માટે તેમને કોઈ પણ પ્રકારે સંસાર ત્યાગીને આધ્યાત્મિક સાધના કરવાની આવશ્યકતા હોય એવું તેમના અનુયાયીઓએ કદી માન્યું નથી.

આથી વિરુદ્ધ પરિસ્થિતિ શ્રમણોના તીર્થંકર અને બુદ્ધ વિષે છે. તેઓ કોઈના અવતાર હોય એવી મૂળ ભાવના નથી. પરન્તુ સામાન્ય મનુષ્ય જ જીવનને ઉન્નત બનાવી છેલ્લી હદે પહોંચે એટલે કે વીતરાગ બને ત્યારે તે આદર્શ તરીકે પૂજાય છે. અને એવા વીતરાગ જ્યારે પ્રજાના કલ્યાણ માટે પ્રયત્ન કરતા હોય છે, ત્યારે પ્રજામાં તીર્થંકર કે બુદ્ધ બને છે. આમાં ઈશ્વરનું અવતરણ નથી, પણ મનુષ્યનું ઉત્થાન છે. આવા જગતના કલ્યાણ માટે ઉત્થિત મનુષ્યો જ જૈનધર્મમાં તીર્થંકર તરીકે પૂજાય છે, અને તે તે કાળે જૈનધર્મના પ્રવર્તક મનાયા છે. તેમની સંખ્યા ૨૪ મનાય છે તે તો આ યુગ પૂરતી. પણ આવી અનેક ચોવીશી થઈ ગઈ અને થશે—આ સાંપ્રદાયિક માન્યતામાં એટલું તો સત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલું જ છે કે જે કોઈ મનુષ્ય સ્વયં ઉન્નત થઈ બીજાને ઉન્નતિને રાહે લઈ જઈ શકે તે સૌને તીર્થંકર બનવાનો સમાન અધિકાર છે. આથી જ જૈનધર્મનું પ્રચલન કોઈ એક મહાપુરુષના નામે નથી મનાયું, પણ તે જિનોનો એટલે કે રાગદ્વેષને જીતનારાઓનો ધર્મ મનાયો છે. બધા વીતરાગો કાંઈ પરકલ્યાણની પ્રવૃત્તિ કરતા નથી, પણ જે કોઈ જન્મ-જન્માન્તરથી જગતકલ્યાણની ભાવનાવાળા થઈને કરુણાનો અભ્યાસ કરે છે અને પોતાની સાધનાને જગતના હિતાર્થે વાળે છે તેવા જ સાધકો તીર્થંકરપદને પામે છે. આમ અવતારો અને તીર્થંકરોની ભાવનામાં એક વસ્તુનું સામ્ય તો છે જ કે સૌના મનમાં ધર્મોદ્ધાર કે ધર્મનું માર્ગદર્શન આપવાની ભાવના સરખી હોય છે.

અહિંસામૂલક જૈન આચાર

જૈન આચારના મૂળમાં દ્રવ્ય નહિ પણ ભાવ છે. એટલે કે બાહ્ય આચરણ કરતાં અંતરનો ભાવ એ આચારમાં મુખ્ય છે. આથી વૈદિકોમાં પ્રચલિત સ્નાન આદિ બાહ્ય આચારને સાધકના ધાર્મિક વિધિ-વિધાનમાં ઓછો અવકાશ છે. બાહ્ય આચારનું ત્યાં સુધી જ મહત્ત્વ છે, જ્યાં સુધી તે અંતરના ભાવને ઉત્તરોત્તર નિર્મળ કરવામાં સહાયક હોય. જો આમ ન બનતું હોય તો પછી બાહ્યાચારનો કશો જ અર્થ રહેતો નથી. સમગ્ર જૈન આચારનો ભાર આમ આંતર ભાવ ઉપર છે. પણ તે કયો ભાવ, એ પ્રશ્ન થાય તો તેનો ઉત્તર એ છે કે આત્મૌપમ્ય અથવા સમભાવ, અહિંસા એ સમભાવ કે આત્મૌપમ્યના પરિણામ રૂપે જીવનમાં આવવી જોઈએ. અને એ અહિંસા જ સર્વ ધાર્મિક આચારના મૂળમાં મનાઈ છે. કારણ કે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય કે અપરિગ્રહ એ સૌ અહિંસામૂલક છે, અથવા તો અહિંસાનો જ વિસ્તાર છે. આ અહિંસાને જ આધારે શ્રાવક કે સાધુના આચારોના નિયમો ઘડાયા છે. અહિંસાના બે પ્રકાર છે : હિંસા ન કરવી એ નિવૃત્તિરૂપ, અને સકલ જીવો પ્રત્યે મૈત્રી રાખવી અને તેમના કલ્યાણનો પ્રયત્ન કરવો તે વિધાયક રૂપ. જીવનમાં કરુણા, અનુકમ્પા, દયા કે દાન એ બધાં અહિંસાના વિધાયક તત્ત્વને આભારી છે. જીવનમાં ત્યાગ કે તપસ્યા તે અહિંસાના નિવૃત્તિપ્રધાન રૂપને આભારી છે. આપણે જોઈએ છીએ કે તીર્થંકર ભગવાન મહાવીરે જે ઉગ્ર તપસ્યા કરી અને દીર્ઘ ઉપવાસોની હારમાળા સેવી તે અહિંસાનું નિવૃત્તિપ્રધાનરૂપ છે. પણ તીર્થની સ્થાપના માટે તેઓ ઉગ્રવિહારી બન્યા અને લોકોને આદિકલ્યાણ, મધ્ય કલ્યાણ અને અંત કલ્યાણ-એવો ઉપદેશ આપવા જે કષ્ટો સહ્યાં તે બધું અહિંસાના વિધાયક રૂપને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આભારી છે. શ્રાવકોમાં જે તપસ્યાની પ્રવૃત્તિ છે તે નિવૃત્તિપરક છે, પણ દયા, દાન, સાધર્મિકવાત્સલ્ય, અમારિપ્રવર્તન આદિ અહિંસાની વિધાયક પ્રવૃતિ છે. જીવનમાં ધ્યાન, સ્વાધ્યાય એ પણ રાગ-દ્વેષાદિ દોષો, જેને લઈને હિંસા જન્મે છે, તેના નિવારણ માટે જ છે. અને પૂજા આદિ પણ એ રાગદ્વેષને નિવારી વીતરાગ બનેલ મહાપુરુષોની જ થાય છે. અને તે એવા આદર્શ પ્રત્યે આગળ વધવા માટે જ છે. આથી જો પૂજામાં વીતરાગપણાના આદર્શ પ્રત્યે આગળ વધવાનું અટકાવે એવી કોઈ પણ આડંબરી પ્રવૃતિ હોય તો તે ત્યાજય જ ઠરે છે. આમ વિચાર કરીએ તો, જીવનમાં પરમઅહિંસક ભાવરૂપ બ્રહ્મની સિદ્ધિ અર્થે જ સકલ આચારનું નિર્માણ જૈનધર્મમાં છે. જૈનધર્મના આ પ્રકારના અહિંસક વલણની મોટી અસર હિન્દુધર્મ ઉપર થઈ છે એ તથ્ય છે.

જૈનોમાં પ્રચલિત સામાયિક એટલે કે સમભાવની-સર્વ જીવોને દુઃખ અપ્રિય છે અને સુખ પ્રિય છે, માટે સૌને સમાન માની કોઈ પણ જીવની હિંસા કરવી નહિ, આ ભાવનાની—અસર ગીતાના સામ્યયોગમાં સ્પષ્ટપણે છે અને મહાભારતમાં કહેલ "आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्"—ધર્મતત્ત્વનો આ સાર પણ શ્રમણોની અહિંસક ભાવનાને આધારે જ છે એમાં શંકાને સ્થાન નથી.

જૈનોની આવી તાત્ત્વિક અહિંસા છતાં, વ્યવહારમાં જે અનેક મુશ્કેલીઓ પડી, તેના નિવારણ અર્થે જે કેટલાક અપવાદો છેદગ્રન્થોના ટીકાગ્રન્થોમાં સૂચવાયા છે, તેમાં જૈનધર્મની મૂળ ભાવનાને લાંછન લગાડે અને અહિંસાની નિષ્ઠાના અભાવને સૂચવે તેવું ઘણું છે. પણ અપવાદોની એ વિચારણાનો વિરોધ સ્વયં જૈનોએ જ કર્યો છે અને તેનું અનુસરણ જેમ બને તેમ ન કરવાનો સતત જાગૃતિપૂર્વકનો પ્રયત્ન જૈનાચાર્યો કરતા રહ્યા છે.

જૈન વિચાર—અનેકાંતવાદ

આગળ કહ્યું તેમ, જૈનધર્મના આચારનું મૂળ અહિંસા છે, તો તે જ અહિંસામાંથી વિચારક્ષેત્રે અનેકાંતદર્શનનો ઉદ્ભવ થયો છે. ભગવાન મહાવીરના સમયમાં ઉપનિષદોના ઋષિઓ અદ્વૈતનો પ્રચાર કરી રહ્યા હતા. વિશ્વમાત્ર એક આત્મા કે બ્રહ્મતત્ત્વરૂપ જ છે, આવી ભાવના વિશેષ રૂપે તેમાં હતી. સામે પક્ષે એવા પણ લોકો હતા, જેઓ આત્મા જેવી વસ્તુનું સ્વતંત્ર અસ્તિત્વ જ માનવા તૈયાર ન હતા. આ બંને વિરોધી વાદોનો સમન્વય ભગવાન મહાવીરના દર્શનમાં થયો છે. તેમણે જડ-ચેતન બંને તત્ત્વોને સ્વીકાર્યાં છે. દાર્શનિક ક્ષેત્રે અનેક બાબતોમાં ભગવાન મહાવીરનું આવું વલણ રહ્યું છે. તે વિષે હવે અહીં વધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાની જરૂર નથી. પણ એ વલણના મૂળમાં અહિંસા કેવી રીતે કેન્દ્રસ્થાને રહી છે તે વિષે જ થોડું કહેવું જરૂરી છે. લાખોના દાન કરનારને પણ પોતાના નજીવા વિચાર કે મતનો જે આગ્રહ હોય છે તે અજબ હોય છે. કોઈ વ્યક્તિએ જ્યારે પણ કોઈને વિષે કોઈ મત બાંધ્યો હોય કે નિષ્ઠા નક્કી કરી હોય, ત્યારે તેની પાછળ કોઈને કોઈ દષ્ટિબિંદુ હોય જ છે. એ દષ્ટિબિંદુનો વિચાર કર્યા વિના જો કોઈનો મત વખોડવામાં આવે તો તેને જબરો આઘાત થાય તે સ્વાભાવિક છે. વગરવિચાર્યે કોઈને આવો આઘાત આપવો તે પણ હિંસા જ છે. આથી બીજાના દૃષ્ટિબિંદુને સમજવાનો આદેશ આપીને ભગવાન મહાવીરે વિચારક્ષેત્રે અનેકાંતવાદ માન્યો તે માનસિક અહિંસાનો પ્રકાર જ છે.

આચાર્યોએ તો તથાકથિત મિથ્યાદર્શનોના સમૂહને જ જૈનદર્શનનું નામ આપ્યું છે, પણ મિથ્યાદર્શનોનો સરવાળો સમ્યગ્દર્શન કેવી રીતે થાય તે સમજવા જેવું છે. એ બધાં દર્શનો મિથ્યા છે તેવું પરસ્પર દાર્શનિકોનું મંતવ્ય છે, તેનું કારણ તેમનામાં રહેલો કદાગ્રહ જ છે. એક વાદી પ્રતિવાદીનું સત્ય સમજી શકતો નથી, માત્ર પોતામાં સત્ય હોય એમ માને છે; આથી તે વિપક્ષીને મિથ્યા કહે છે. તે જ પ્રમાણે વિપક્ષી પણ સામાને મિથ્યા કહેવાનો. પણ જો કોઈ તટસ્થ વ્યક્તિ એ બંનેમાં રહેલા સત્યનો જ સ્વીકાર કરે તો તેનું દર્શન મિથ્યા રહેતું નથી. આથી પરસ્પરને પોતાના કદાગ્રહને કારણે મિથ્યા કહેનાર કરતાં અનેકાંતવાદી એ બધાના સત્યને સ્વીકારનાર હોઈ, તેનું દર્શન સમ્યગ્દર્શન બને છે. તેનું આવું દર્શન એ નથી સંશયવાદ કે નથી અનિશ્ચયવાદ; તે અજ્ઞાનવાદ પણ નથી. પણ વિવિધ દૃષ્ટિએ તપાસીને સત્યનો સ્વીકાર કરનારનો એ વાદ છે. આથી જ તે એકાંતવાદ નથી, પણ અનેકાંતવાદ છે. તે એક પક્ષમાં બેસતો નથી, પણ સૌ પક્ષમાંથી સત્ય શોધીને પોતાના આગવા દર્શનનું નિર્માણ કરે છે. તે એકાક્ષ નહિ પણ સહસ્રાક્ષ છે; એને અનન્તચક્ષુ પણ કહી શકાય; કારણ, એમાં વસ્તુને અનંત ધર્મવાળી સિદ્ધ કરવામાં આવી છે.

આજના આપણા રાજનૈતિક વિચારોમાં જે સહઅસ્તિત્વની ભાવનાનો વિકાસ થઈ રહ્યો છે, તેના મૂળમાં પણ વિવિધ પાસાએ સત્યદર્શનનું કરવાનું વલણ, એ જ મુખ્ય ભાગ ભજવે છે.

હિંદુધર્મમાં જે વિવિધ દર્શનો છે, તેમાં તત્ત્વવિચારણામાં કેટલીક વાર અસંગતિ ટાળવા અનેકાંતવાદનો આશ્રય લેવાયો જ છે. પણ સમગ્ર દર્શનની ભિત્તિરૂપે અનેકાંતવાદનો સ્વીકાર તો માત્ર જૈન દર્શનમાં જ છે એ નિઃશંક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાંતવાદનો જન્મ દુરાગ્રહમાંથી છે, જ્યારે એવા આગ્રહને જૈનદર્શનમાં કોઈ સ્થાન નથી.

પણ આનો અર્થ એ નથી કે જૈન દર્શન કે ધર્મની વિચારણામાં બધી બાબતમાં નિરાગ્રહ જ પ્રવર્તે છે. જે કોઈ વિચારસરણી સંપ્રદાયનું રૂપ ધારણ કરે અને નાના-મોટા આચારભેદો ઊભા થાય, તેમાં એમ બની શકે જ નહિ. આથી નાના-મોટા આચારભેદનો સમન્વય જૈન આચાર્યો કરી શક્યા નહિ. આશ્ચર્યની વાત તો એ છે કે જેમણે સમગ્ર વિશ્વના જટિલ દાર્શનિક વિચારોનો સમન્વય કરવા પ્રયત્ન કર્યો, તેઓ જ ઘરઆંગણાના કેટલાય આચારવિષયક મતભેદોનો સમન્વય કરી ન શક્યા અને પોતપોતાના મતોને આગ્રહપૂર્વક વળગી રહ્યા; પરિણામે જૈનધર્મમાં પણ અનેક સંપ્રદાયો થયા. આમાં મનુષ્ય-સ્વભાવની માત્ર પોતાના મતને જ વળગી રહેવાની જે નિર્બળતા છે તેનું જ દર્શન થાય છે. પોતાના મતને વળગી રહેવું એમાં કશું ખોટું નથી, પણ સામાના મતને સમજવાનો પ્રયત્ન ન કરવો એ ખોટું છે. એવો પ્રયત્ન થયો હોત તો જૈનધર્મમાં સંપ્રદાયોનો ઉદ્ભવ જ ન થયો હોત અને જૈનાચાર્યો એકબીજાના કટુતાપૂર્ણ ખંડન-મંડનમાં ઊતર્યા ન હોત. પણ એ જ તો મનુષ્યસ્વભાવની વિચિત્રતા છે અને એને દૂર કરવાનો પ્રયત્ન ભગવાન મહાવીરનો હતો. તેઓ વિચારક્ષેત્રમાં સફળ થયા, પણ આચારક્ષેત્રમાં તેમના ઉપદેશનો સાર જૈનોએ લીધો નહિ.

સંપ્રદાયો

જૈનધર્મના સંપ્રદાયો વિષે વિચાર કરીએ છીએ ત્યારે સર્વ પ્રથમ જૈનધર્મ સાથે સંબંધ ધરાવતા નિહ્નવોનો વિચાર કરવો જરૂરી છે. નિહ્નવોના મતો એ જૈનધર્મના સંપ્રદાયો એટલા માટે નથી ગણાતા કે તેમના પ્રવર્તકોએ સ્વયં ભગવાન મહાવીરના વિચાર સામે જ બંડ ઉઠાવ્યું હતું; તેમના પ્રામાણ્યને જ અવગણ્યું હતું. આથી તે નિહ્નવો ગણાયા, સંપ્રદાય પ્રવર્તકો નહિ. ભગવાન મહાવીરના ઉપદેશને માન્ય કરીને પણ જ્યારે તેનો અર્થ પોતાની સમજ મુજબ કરવામાં આવે અને એવી સમજ ભિન્ન ભિન્ન હોય ત્યારે જ સંપ્રદાયો બને છે. તેના મૂળ પુરુષના પ્રામાણ્યને અવગણવામાં આવતું નથી, પણ તેમના વચનના પોતાના મતથી વિરુદ્ધ અર્થઘટનનું અપ્રામાણ્ય સ્વીકારવામાં આવે છે. આથી સંપ્રદાયો ભલે એકબીજાને નિહ્નવ કહેતા હોય પણ તે સંપ્રદાયો જ છે. શાસ્ત્રમાં જે નિહ્નવો ગણવામાં આવ્યા છે તે બધા જ વસ્તુતઃ નિહ્નવો નથી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંના કેટલાક સંપ્રદાયકોટિમાં ગણવા યોગ્ય છે. છતાં પણ તેમને સાંપ્રદાયિક વિદ્વેષને કારણે નિહ્નવ ગણવામાં આવ્યા છે એમ માનવું રહ્યું.

નાના–મોટા મતભેદોને કારણ કે અમુક પ્રદેશ કે ગામમાં નિયત નિવાસોના કારણે જૈનોના અનેક સંપ્રદાયો કે ગચ્છો થતા આવ્યા છે; તે બધાની પૃથક્ ગણતરી કરવાનું આ સ્થાન નથી. અહીં તો માત્ર પ્રધાન ગણનાપાત્ર પ્રભાવશાળી સંપ્રદાયો વિષે સંક્ષેપમાં કહેવાનું છે. એવા સંપ્રદાયોમાં મુખ્ય બે છે: શ્વેતાંબર અને દિગંબર. આમાં મુખ્ય મતભેદ વસ્ત્ર વિષેનો છે.

શ્વેતાંબર અને દિગંબર

વિદ્વાનોમાં લાંબા કાળ સુધી એ ચર્ચા ચાલી છે કે આ બેમાં કોણ પહેલું અને કોણ ભગવાનના મૂળ માર્ગને અનુસરનારું છે. જે અંગસાહિત્ય સુરક્ષિત રહ્યું છે અને જેને વિદ્વાનોએ ઈસ્વીસન પૂર્વેનું માન્યું છે એનો આધાર લઈને વિચાર કરીએ તો એક વાત સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરના અનેકાંતવાદી હતા. તેઓ પોતે નગ્ન હતા, છતાં તેમના શ્રમણસંઘમાં માત્ર નગ્ન ભિક્ષુઓ જ હતા એવું માનવાને કારણ નથી. જેઓ સર્વથા નગ્ન ન થઈ શકતા, તેઓને મર્યાદિત વસ્ત્રો વાપરવાની છૂટ હતી. વળી, પાર્શ્વના અનુયાયી શ્રમણો જ્યારે મહાવીર પાસે દીક્ષા લે છે, ત્યારે પુનઃ પાંચ મહાવ્રતોના ગ્રહણની વાત આવે છે, પણ તેમાં વેશપરિવર્તનનો ઉલ્લેખ નથી. અને તેઓ તો વસ્ત્ર પહેરતા હતા, એ શાસ્ત્રથી સિદ્ધ છે. સ્વયં દિગંબરોના પ્રાચીન આગમ ષટ્ખંડાગમમાં સ્ત્રીને ચૌદ ગુણસ્થાન હોવા વિષે સ્વીકારાયું છે. એટલે માની શકાય કે સ્ત્રીને મોક્ષ નથી એ માન્યતા પાછળથી દિગંબરાચાર્યોએ અપનાવી છે. આ જ કારણે નવમી શતાબ્દીમાં થનાર ધવલા ટીકાકારે મૂળ આગમનો અર્થ કરવામાં મુશ્કેલી અનુભવી છે; અને આધુનિકોએ તો એ પાઠનું જ પરિવર્તન કરવાનું ઉચિત માન્યું છે! આ હકીકતો એ બતાવવા પૂરતી છે કે ભગવાન મહાવીરના માર્ગમાં જ્યારે વસ્ત્રની અનિવાર્યતાનું સમર્થન અને સર્વથા ત્યાજ્યતાનું સમર્થન જેમ જેમ ઉત્તરોત્તર વધ્યું હશે તેમ તેમ બંને મતો ધરાવનારા વર્ગોનો મનમેળ ઘટતો ચાલ્યો હશે અને ક્રમે કરી જુદા સંપ્રદાયો બન્યા હશે. શાસ્ત્ર સુરક્ષિત છે એમ કહેનાર કરતાં શાસ્ત્રો જ નષ્ટ થઈ ગયાં છે એમ કહેનાર દિગંબરમાર્ગ મૂળ માર્ગથી જુદો પડે છે એ સમજવું મુશ્કેલ નથી. શ્વેતાંબરોમાં બાહ્ય આચારની ઉત્કટતા ભલે ન હોય, પણ ગમે તેમ કરીને પણ, પોતાના મતથી વિરુદ્ધ જનાર એવાં પણ શાસ્ત્રોનું સંરક્ષણ તો તેમણે કર્યું છે, એ હકીકત છે. અને એ જ હકીકત તેમનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળપ્રવાહ સાથે ગાઢ સંબંધ જોડી રાખે છે. તેમણે પોતાના આચારને પોષવા માટે શાસ્ત્ર અને લોકાચારનો આશ્રય લીધો એ ખરું, દિગંબરોની માફક એમ તો ન જ કહ્યું કે એ શાસ્ત્રો જ એમને માન્ય નથી. શાસ્ત્રોની ટીકાઓમાં એમણે મનફાવતા અપવાદો ઉમેર્યા, પણ મૂળ પાઠોને તો યથાર્થરૂપે સંઘરી રાખવાનો પ્રયત્ન કર્યો જ છે, એ સ્વીકારવું જ જોઈએ. મૂળ આગમોમાંથી પોતાને અનુકૂળ ન હોય તેવું કાઢી નાખવાનો પ્રયત્ન જાણી જોઈને શ્વેતાંબરોએ કર્યો નથી. મૂળ અંગ આગમોમાં પણ સુધારા–વધારા જરૂર થયા છે, પણ એ સુધારા–વધારાની પાછળ એકાંતભાવે વસ્ત્રના સમર્થનની જ દૃષ્ટિ રહી છે, એવું પણ નથી. એ પણ સ્પષ્ટ છે. અને જૈન પરંપરાના આચાર–કર્મકાંડની વ્યવસ્થિત પરંપરા જે પ્રકારે શ્વેતાંબરોમાં સુરક્ષિત છે તે પ્રકારે દિગંબરોમાં નથી. તે મૂળ પ્રવાહથી તેમનો વિચ્છેદ અને શ્વેતાંબરોની નિકટતા સિદ્ધ કરી આપે છે. સામાયિક–પ્રતિક્રમણ જેવા દૈનિક ક્રિયાકાંડો પણ દિગંબરોમાં સુરક્ષિત નથી રહ્યા તે તેમનો પરંપરા-વિચ્છેદ કહી જાય છે.

આમ ભગવાન મહાવીરના ઉપદેશને જાળવી રાખવાનું માન ભલે શ્વેતાંબરો ખાટી જાય, પણ તેમની આચારની શિથિલતાએ દિગંબર સંપ્રદાયને જન્મ આપ્યો એમ કહેવું જોઈએ. શ્વેતાંબરોના અથવા તો શિથિલાચારીઓના વિરોધમાં દિગંબર સંપ્રદાય નવા બળ સાથે ઊભો થયો અને ભગવાન મહાવીરના આચારમાર્ગની ઉત્કટતાને જાળવી રાખવા પ્રયત્નશીલ બન્યો. આ કારણે સમગ્ર જૈન સમાજમાં પણ એક નવી જાગૃતિ આવે એ સ્વાભાવિક છે. સ્વયં શ્વેતાંબરોએ પણ ચૈત્યવાસ વિરુદ્ધ મોટું આંદોલન જગાવ્યું હતું. પણ આચારની ઉત્કટતા એ મનુષ્યમાં સ્વાભાવિક નથી, પ્રેરણાની અપેક્ષા રાખે છે. આવી પ્રેરણા મંદ પડતાં જ પાછું આચારશૈથિલ્ય પ્રવર્તે છે. સ્વયં દિગંબર સંપ્રદાયમાં પણ ભટ્ટારકોની પરંપરા એ મહંતાઈથી જરા પણ ઊતરતી નથી. અને સમાજ પર અધિકાંશે પ્રભુત્વ તો એ ભટ્ટારકોનું જ રહ્યું છે. કારણ, ઉત્કટ દિગંબર આચાર પાળનારા મુનિઓનો તો દિગંબર સમાજમાં પણ હંમેશા તોટો જ રહ્યો છે અને એ જ વસ્તુ શ્વેતાંબરોના મધ્યમ માર્ગને વ્યવહારુ ગણાવી જાય છે. શ્વેતાંબરોમાં અનેકવાર ક્રિયોદ્ધાર કરવો પડ્યો છે અને નવા નવા ગચ્છો–સંપ્રદાયો ઊભા થયા છે, તે જ પ્રમાણે દિગંબરોમાં પણ અનેક વાર ક્રિયોદ્ધાર કરવો પડ્યો છે. આથી આચારની ઐકાંતિક ઉત્કટતાનું સર્વથા પાલન કેટલું અઘરું છે એ વસ્તુ જેમ સિદ્ધ છે, તેમ દિગંબરોની એવી માન્યતા કે આચારની ઉત્કટતા તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમારી જ, અને શ્વેતાંબરો તો માત્ર શિથિલ—એ સત્યથી વેગળી છે એ પણ સિદ્ધ થાય છે.

પણ દિગંબરાચાર્યોએ જૈનધર્મ માટે જે ઉત્કૃષ્ટ સેવા કરી છે તે તો એ છે કે તેમણે પોતાની શાસ્ત્રરચનામાં સંસ્કૃતને વિશેષ સ્થાન આપ્યું છે, અને આચાર વિશેનાં લાંબાં વિવેચનોને બદલે જૈન દર્શનના અનેકાંતવાદને ભારતીય દર્શનોમાં વિશેષ રૂપે પ્રતિષ્ઠિત કરવા માટે અથાગ પ્રયત્ન કર્યો છે. ઈસ્વી સનની પ્રારંભિક શતાબ્દીઓ પછીના કાળમાં આચારચર્ચા સર્વત્ર ગૌણ બની ગઈ હતી, પણ દાર્શનિક તત્ત્વોની ચર્ચા વિશેષ રૂપે થવા લાગી હતી. તે ટાણે દિગંબર આચાર્યોએ દર્શનક્ષેત્રમાં ઝુકાવ્યું અને વૈદિક તથા બૌદ્ધ દાર્શનિકો સાથે ટક્કર લઈ શકે તેવા ગ્રંથોનું નિર્માણ કર્યું; આને લીધે જૈન દર્શનને પણ ભારતીય દર્શનોમાં નિશ્ચિત સ્થાન પ્રાપ્ત થયું.

મૂર્તિપૂજાના વિરોધી સંપ્રદાયો

કાળે કરી આ શ્વેતાંબર-દિગંબર બંને સંપ્રદાયોમાં તીર્થંકરની મૂર્તિપૂજાનો પ્રચાર થઈ ગયો હતો, અને ગૃહસ્થો માટે તો આચારમાં એ જ મુખ્ય આલંબન હતું. વૈષ્ણવ ભક્તિના પ્રચાર સાથે મૂર્તિપૂજામાં આડંબરો વધી ગયા હતા અને તેની અસર જૈન મૂર્તિપૂજકો ઉપર પડે તે સ્વાભાવિક હતું. આથી જૈનધર્મના સમાધિમાર્ગમાં આ મૂર્તિપૂજાના આડંબરોનો અતિરેક બાધક થઈ જાય એવી સ્થિતિએ પહોંચ્યો હતો. તેવામાં હિંદુસ્તાનમાં મૂર્તિવિરોધી ઇસ્લામધર્મનો પ્રભાવ, મુસ્લિમ રાજ્યોને કારણે પણ, વધ્યો. અને તેની અસર જૈનધર્મ ઉપર પણ પડી. પરિણામે જૈનોમાં મૂર્તિપૂજાના વિરોધમાં શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોમાં સ્થાનકવાસી અને તારણપંથી જેવા નવા સંપ્રદાયો ઊભા થયા, જેઓએ તીર્થંકરની મૂર્તિની પૂજા જ સદંતર બંધ કરવાનું આંદોલન જગાડ્યું. એ મૂર્તિવિરોધી સંપ્રદાયમાં પણ જ્યારે શિથિલતા આવી ત્યારે વળી નવાં નવાં આંદોલનો જાગ્યાં. તેમાં આધ્યાત્મિક ભાવોને પ્રધાનતા આપનારા દિગંબરોમાં થયા અને દયા-દાનની નવી જ વ્યાખ્યા કરનારા તેરાપંથી શ્વેતાંબરોમાં થયા. આ બધી તો એક રીતે તાજી જ ઘટનાઓ ગણાય. સૌથી છેલ્લો પ્રયત્ન શ્વેતાંબરોમાં યતિ-સંસ્થાનો વિરોધ કરી સંવિગ્નપાક્ષિક વર્ગ ઊભો થયો, એ હતો. પણ આજે સંવિગ્નપાક્ષિક ગણાતા વર્ગમાં પણ પાછું શૈથિલ્ય ઘર કરી ગયું છે.

—"પ્રબુદ્ધજીવન", તા. ૧૬-૧૧-૬૩, ૧-૧૨-૬૩, ૧૬-૧૨-૬૩, ૧-૧-૬૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮

જૈનધર્મ અને બૌદ્ધધર્મ

અહીં જૈનધર્મ એટલે મહાવીર ભગવાને પ્રરૂપેલ ધર્મ અને તેનું સ્વરૂપ અને બૌદ્ધધર્મ એટલે ભગવાન બુદ્ધે બતાવેલ માર્ગ એ મર્યાદા સ્વીકારી છે. આમ તો જૈનધર્મ અનેક પ્રમાણોથી બૌદ્ધધર્મ કરતાં અતિ પ્રાચીન સિદ્ધ થાય છે, પણ આ નિરૂપણમાં જૈનધર્મના એ પ્રાચીન રૂપ સાથે નહીં પણ ભગવાન મહાવીરે જૈનધર્મને જે રૂપ આપ્યું તેની સાથે સંબંધ છે. એટલે મહાવીરનો જૈનધર્મ અને બુદ્ધનો બૌદ્ધધર્મ—એની ચર્ચા અહીં વિવક્ષિત છે, એ ધ્યાનમાં રાખવું જોઈએ.

શ્રમણ પરંપરાનાં સામાન્ય લક્ષણો

જૈન અને બૌદ્ધ એ બન્ને ધર્મો, ભારતવર્ષમાં જે બે ધર્મપરંપરાઓ બ્રાહ્મણ અને શ્રમણના નામે પ્રસિદ્ધ છે, તેમાંની શ્રમણ પરંપરા સાથે સંબંધ ધરાવે છે. શ્રમણ પરંપરાની વિશેષતાઓમાં મુખ્ય નીચેની ગણાવી શકાય :

દુનિયા પ્રત્યે વૈરાગ્ય અર્થાત્ સાંસારિક સંપત્તિને વધારવાનું નહિ પણ તેના ત્યાગનું વલણ એ શ્રમણ પરંપરાનું મુખ્ય લક્ષણ છે. જગતના મૂળ કારણરૂપે કે કર્તારૂપે ઈશ્વર કે બ્રહ્મ જેવી સત્તાનો સર્વથા ઇન્કાર શ્રમણોને માન્ય છે. વિશ્વપ્રપંચ કોઈ એક વસ્તુના વિકાર, પરિણામ કે વિવર્તરૂપે છે—આ પ્રકારના અદ્વૈતવાદનો ઇન્કાર કરીને વિશ્વમાં અનેક તત્ત્વોનું અસ્તિત્વ છે, આવી માન્યતા શ્રમણો ધરાવે છે. આત્મા એક જ છે એવું આત્માદ્વૈત નહિ પણ આત્મા કે ચિત્ત–ચૈતન્ય અનંત છે એવી તેમની માન્તા છે. વળી, આત્મા અને અનાત્મા–ભૂતો સ્પષ્ટરૂપે વાસ્તવિક અને ભિન્ન છે એવો વિશ્વાસ, વિશ્વસ્વરૂપની વાસ્તવિકતા, જીવની સાંસારિક અવસ્થા, અને શ્રમણ માર્ગ—ત્યાગ, તપસ્યા, ધ્યાન, સમાધિ આદિ—દ્વારા તેના નિવારણની શક્યતામાં વિશ્વાસ, સંસારનું કારણ કર્મ, તે દ્વારા પુનઃ પુનઃ જન્મમરણ અને તેના નિવારણથી મોક્ષ, મોક્ષમાર્ગના ઉપદેશકો મનુષ્યો હતા, વેદ અનાદિ—અપૌરુષેય નથી—એવી બધી માન્યતાઓ શ્રમણોની છે. અને તેને પરિણામે આનુષંગિક માન્યતાઓ, જેવી કે વર્ણાશ્રમધર્મનો અસ્વીકાર, ભિક્ષાચર્યા, અનિયતવાસ, સાધનામાં સ્ત્રી–પુરુષને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાન અધિકાર, સંસ્કૃત જેવી વિદ્વાનોની ભાષાનો અનાગ્રહ આદિ પણ છે. આ બધા શ્રમણધર્મનાં સામાન્ય લક્ષણો જૈન-બૌદ્ધ ધર્મમાં સમાન રૂપે જોવા મળે છે.

એ ઉપરાંત અરિહંત, તીર્થંકર, શાસ્તા, જિન, બુદ્ધ જેવા શબ્દો બન્ને માર્ગમાં સાધારણ છે. બન્નેમાં યજ્ઞ-યાગનો વિરોધ અને જાતિનો વિરોધ સમાનભાવે છે. કેટલાંક ગૌતમ, સિદ્ધાર્થ જેવા વ્યક્તિવાચક નામો પણ સમાન છે. આસ્રવ, સંવર, મોક્ષ-નિર્વાણ, પુનર્જન્મ આદિ કલ્પનાઓ, ઉપોસથ-પૌષધ જેવા આચારો, પ્રતિક્રમણ જેવી ક્રિયાઓ, અહિંસા આદિ વ્રતો, ભિક્ષુના વિનયના નિયમો, પ્રાયશ્ચિત્તો, શાસ્તા, સંઘ અને ધર્મની મહત્તા—આવું આવું તો ઘણું બન્ને ધર્મોમાં સમાન છે. છતાં પણ બન્ને ધર્મની દાર્શનિક વિચારણા જુદી પડે છે, બન્નેના પ્રવર્તકો જુદા પડે છે, એટલે બન્ને ધર્મો પણ જુદા છે.

તીર્થંકર અને બુદ્ધ

જૈનધર્મ અને બુદ્ધધર્મ એ બન્નેમાં વ્યક્તિપૂજા નહિ પણ ગુણપૂજાનું મહત્ત્વ છે; એ તો એના નામથી જ સ્પષ્ટ છે. છતાં પણ બન્ને ધર્મોમાં તીર્થંકરો અને બુદ્ધોની પરંપરા માનવામાં આવી છે. ભગવાન મહાવીર એ ૨૪મા તીર્થંકર છે, તો ભગવાન બુદ્ધ એ ૨૫મા બુદ્ધ છે. મનુષ્યરૂપે જન્મવા છતાં સાધનાને બળે આત્મવિકાસ કરીને જે વ્યક્તિ વીતરાગ અને સર્વજ્ઞ બને છે અને જગદુદ્ધારની દૃષ્ટિએ શાસન કરે છે, તે બન્ને ધર્મમાં ભગવાનને નામે ઓળખાય છે, અને તીર્થંકર કે બુદ્ધ તરીકે પૂજાય છે. બન્નેમાં સમાન રૂપે એ મનાયું છે કે તીર્થંકર કે બુદ્ધપદની પ્રાપ્તિ એ કાંઈ એક જન્મની સાધનાનું ફળ નથી, પણ અનેક જન્મોમાં અનેક ગુણોની સાધના કરતાં કરતાં અન્તે કોઈ વ્યક્તિ તીર્થંકર કે બુદ્ધ બને છે. બન્ને ધર્મોમાં પ્રત્યેકબુદ્ધ નામનો એક વર્ગ અલગ માનવામાં આવ્યો છે, જે મૂકકેવળી પણ કહેવાય છે; જે માત્ર આત્મકલ્યાણ જ કરીને કૃતકૃત્યતા અનુભવે છે. પ્રત્યેકબુદ્ધ અને તીર્થંકર-બુદ્ધ વચ્ચે જે ભેદ છે તે એ છે કે પ્રત્યેકબુદ્ધની સાધના સ્વકલ્યાણની દૃષ્ટિએ થઈ હોઈ તે પરકલ્યાણ સિવાયના બધા ગુણો તીર્થંકર-બુદ્ધ જેવા જ ધરાવે છે; અર્થાત્ એ પણ પૂર્ણપુરુષ તો છે જ અને નિર્વાણને પણ પામે જ છે, છતાં તે પરકલ્યાણની પ્રવૃત્તિ કરતા નથી; જ્યારે તીર્થંકર અને બુદ્ધ આત્મકલ્યાણ સાથે સાથે પરકલ્યાણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ પ્રવૃત્ત હોય છે, તેથી એને માટે આવશ્યક એવી કેટલીક વિશેષ શક્તિઓ જે પ્રત્યેકબુદ્ધમાં નથી હોતી, તેને પણ એ પ્રાપ્ત કરે છે. આનું કારણ પૂર્વ-જન્મમાં કરેલ મહાકરુણાનો વિશેષ અભ્યાસ છે, જેને લઈને તે માત્ર આત્મ-કલ્યાણમાં સંતોષ ન માનતાં પરકલ્યાણની ભાવના પણ પુષ્ટ કરે છે. પરિણામે તીર્થંકર, શાસ્તા, બુદ્ધ, ભગવાન આદિ નામે પ્રસિદ્ધ થાય છે અને એને નામે ધર્મશાસન ચાલે છે.

જૈનધર્મ તો પ્રાચીન હોઈ ભગવાન મહાવીર પહેલાંના તીર્થંકરો વિષે પણ કેટલીક ઐતિહાસિક સામગ્રી મળે છે. એટલે ૨૪ ની નિશ્ચિત સંખ્યા એ તો ધર્મવ્યવસ્થાનું પરિણામ હોવા છતાં મહાવીર પહેલાં અનેક તીર્થંકરો થયા હેવાનું સિદ્ધ કરી શકાય છે. પણ બૌદ્ધ ધર્મના બુદ્ધો વિષે એમ નથી. તેમાં તો પચીસમા બુદ્ધરૂપે મનાતા ગૌતમબુદ્ધ સ્વયં કહે છે કે મેં જે ધર્મનો સાક્ષાત્કાર કર્યો છે, તે અત્યાર સુધી કોઈ એ જોયો–જાણ્યો નથી; એ તો અપૂર્વ ધર્મ છે. આથી એમ માની શકાય કે બૌદ્ધધર્મ તો ગૌતમબુદ્ધથી જ શરૂ થયો. પણ ધર્મવ્યવ-સ્થાપક આચાર્યોએ એ પહેલાંના સાતથી માંડીને ૨૪ બુદ્ધોની કલ્પના કરી અને એ રીતે એ ધર્મ પણ અનાદિ છે એમ બીજા ધર્મવ્યવસ્થાપકોની જેમ જ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો એમ માનવું જોઈએ.

બન્ને ધર્મનું સાહિત્ય જોતાં એક વસ્તુ સ્પષ્ટ થાય છે; તે એ છે કે મહાવીર અને બુદ્ધ એ બન્ને પ્રાચીનતમ સાહિત્યમાં તેમના લૌકિક–અર્થાત્ માનુષી–રૂપમાં નિરૂપાયા છે, પણ ઉત્તરોત્તર રચાયેલ સાહિત્યમાં તેમનું એ રૂપ ગૌણ બનતું જાય છે અને તેમને અલૌકિક બનાવવાનો વિશેષ પ્રયત્ન થયો છે. પછી તો જાણે એ અલૌકિકતાના વર્ણનની હોડ મચી હોય એમ બન્નેના સાહિત્યનું અધ્યયન કરનારને જણાયા વિના રહેતું નથી. પરિણામે તીર્થંકર મહાવીર બાહ્ય રૂપે મનુષ્ય છતાં તેમના જીવનનું વર્ણન કરતું સાહિત્ય જેમ જેમ રચાતું ગયું, તેમ તેમ એમની જીવનકથામાં અલૌકિકતાનું તત્ત્વ ઉત્તરોત્તર વધતું ગયું અને કેટલાક મનુષ્યસાધારણ શારીરિક વ્યવહારનો લોપ થતો દર્શાવવામાં આવ્યો. અને બુદ્ધ તો મનુષ્ય મટી ધર્મકાયનું રૂપ જ ધારણ કરે છે; અને તેઓ અનાદિ કાળથી એ જ રૂપમાં બિરાજમાન હોય એમ નિરૂપવામાં આવ્યું છે.

મહાવીર અને બુદ્ધની પૂર્વજન્મની કથાઓ પ્રાચીન સાહિત્યમાં ઉપલબ્ધ નથી, પણ ઉત્તરોત્તર સાહિત્યમાં એનો વિકાસ થતો ગયો છે, અને બૌદ્ધોમાં તો જાતકકથારૂપે એક પૃથક્ સાહિત્યનો વર્ગ ઊભો થયો છે. બન્ને દેવભવમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય થયા એ સાધારણ વસ્તુ છે અને બન્ને ક્ષત્રિયને ઘરે અવતર્યા એ પણ સાધારણ વસ્તુ છે. છતાં જૈન માન્યતા પ્રમાણે તીર્થંકરો માત્ર ક્ષત્રિય કુલોમાં જ જન્મે છે, જ્યારે બુદ્ધો ક્ષત્રિય અથવા બ્રાહ્મણ બન્ને કુળોમાં જન્મી શકે છે. મહાવીર અને બુદ્ધ બન્ને ક્ષત્રિય કુળમાં જન્મ્યાં છતાં ગુણોત્કર્ષને કારણે સાચા બ્રાહ્મણ કહેવાયા છે, ઉત્તમ આર્યરૂપે પ્રસિદ્ધ થયા છે.

મહાવીરનો ધર્મ—પરંપરાપ્રાપ્ત

મહાવીર જે માર્ગનું કે ધર્મનું નિરૂપણ કરે છે તે તેમણે પોતે જ પ્રાપ્ત કર્યો છે એવો એમનો દાવો નથી. તેમને પાર્શ્વપરંપરાની જે સાધનાઓની પરંપરા મળી તેનું અનુસરણ તેમણે કર્યું અને જે ધર્મ અને દર્શન પાર્શ્વનું હતું તેની જ યથાર્થ અનુભૂતિ તેમને થઈ અને એ જ માર્ગે બીજાને લઈ જવા તેમણે પ્રયત્ન કર્યો—આ જ તેમનું તીર્થંકરત્વ. પાર્શ્વપરંપરાના બાહ્યાચારમાં થોડું સમયાનુકૂળ પરિવર્તનમાત્ર કરીને જ તેમણે સંતોષ અનુભવ્યો; પણ પોતાનું દર્શન નવું છે એવો દાવો તેમનો નથી. અને વસ્તુસ્થિતિ પણ એવી જ છે. તેઓ સાધના જરૂર કરે છે, સાધના અર્થે યત્રતત્ર પદયાત્રા પણ કરે છે, પણ ધ્યેય તો એટલું જ છે કે પાર્શ્વપરંપરાનું જે દર્શન છે તેનો પરોક્ષાનુભવ નહિ પણ પ્રત્યક્ષ અનુભવ થાય. સારાંશ એ છે કે દાર્શનિક ભૂમિકામાં તેમણે પાર્શ્વપરંપરામાં કશી જ ત્રુટિ જોઈ નહિ અને એને જ અંતિમ સત્ય માની તેનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કર્યો. અને પરંપરા જણાવે છે કે એ પ્રયત્નમાં તેઓ સફળ થયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પાર્શ્વે કહેલ વસ્તુઓનો તેમણે સાક્ષાત્ અનુભવ કર્યો.

બુદ્ધનો ધર્મ—અપૂર્વ

આથી વિરુદ્ધ બુદ્ધના જીવનમાં છે. તેમને જે કાંઈ પરંપરાથી પ્રાપ્ત છે અને જે કાંઈ બીજા પાસેથી શીખવાનું મળે છે, તેમાં તેમને સદૈવ અસંતોષ અનુભવ થયો છે. તેમણે વિચાર કરીને આળાર કાલામ જેવા અનેક ગુરુ કર્યા છે અને તે સૌનાં વિચાર અને પરંપરાને છોડતાં જરાય આંચકો અનુભવ્યો હોય એમ નથી જણાતું. જેની જેની પાસે તેઓ જાય છે તેની પાસેથી જે શીખવાનું હતું તે શીખી લીધા પછી પણ તેમને અસંતોષ રહે છે; અને આ જે કાંઈ શીખવે છે તે અંતિમ સત્ય નથી એમ માની તેઓ આગળ વધે છે. આમ એમણે અનેક ગુરુ કર્યા, અનેક દર્શનોનો અનુભવ કર્યો, પણ તેમના મનને સંતોષ થયો નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધનામાં પણ જે સરલ અને કઠિન સાધનાના પ્રકારો છે, એ માર્ગે પણ તેઓ ગયા. છેવટે એ બધી સાધના છોડીને પોતે પોતાનો માર્ગ નક્કી કર્યો અને એ જ માર્ગે પરમ સત્ય પામવાનો પ્રયત્ન પણ કર્યો. અને અંતે જાહેર કર્યું કે મેં જે જાણ્યું છે અને જે અનુભવ્યું છે તે અત્યાર લગી કોઈએ જોયું-જાણ્યું નથી; મારો માર્ગ અને મારું દર્શન અપૂર્વ છે. આ દૃષ્ટિએ બુદ્ધે પ્રરૂપેલ બૌદ્ધ ધર્મ એ તેમનો પોતાનો છે; તેમને એ પરંપરાથી પ્રાપ્ત થયો છે, એમ નથી. તેઓ પરંપરાના સર્જક છે, અનુયાયી નથી.

આ દૃષ્ટિએ જોઈએ તો મહાવીર પરંપરાનુયાયી છે અને બુદ્ધ પરંપરાના સર્જક છે અને મહાવીરનો જૈનધર્મ એ પરંપરાપ્રાપ્ત ધર્મ છે, જ્યારે બુદ્ધનો ધર્મ-બૌદ્ધધર્મ-એ અપૂર્વ છે, નવી પરંપરાનું સર્જન છે.

જૈન અને બૌદ્ધધર્મનો પ્રચાર; તેનાં બાહ્ય કારણો

પ્રાચીન પરંપરા અને નવી સર્જાતી પરંપરામાં અનેક રીતે હાનિ-લાભો સંભવે છે અને તે જૈન અને બૌદ્ધ બન્ને ધર્મને ભાગે આવે તે સ્વાભાવિક છે. પ્રાચીન પરંપરામાં પ્રચાર માટેની ધગશ લગભગ ઓસરી ગઈ હોય છે, જ્યારે નવીન પરંપરામાં એવી ધગશ ઉગ્ર રૂપ પકડે છે. પ્રાચીન બાબતમાં પ્રાચીન પરંપરામાં ઉપેક્ષા સંભવી શકે છે, જ્યારે નવી પરંપરામાં એવી ઉપેક્ષા પાલવી શકે નહિ. એટલે આપણે બુદ્ધે ઉચ્ચારેલ चरथ भिक्खवे चारिकां बहुजनहिताय बहुजनसुखाय—જેવા પ્રચારોત્તેજક વાક્યો સાંભળીએ છીએ; જ્યારે જૈન આગમમાં ભિક્ષુને આ પ્રકારનો ઉપદેશ મળ્યો હોય અગર મળવા સંભવ હોય એમ નથી લાગતું. ત્યાં વિહારનો ઉદ્દેશ પ્રચાર નહિ પણ આત્મસાધના છે. એક ઠેકાણે રહેવાથી આસપાસનાં લોકો અને સ્થાનોમાં મોહ બંધાય છે, માટે સ્થાનપરિવર્તન આવશ્યક છે: એવી ધારણા વિહાર પાછળ છે, અને પ્રચાર એ વિહારનું આનુષંગિક ફળ છે, નહિ કે મુખ્ય. પણ બુદ્ધે તો સ્પષ્ટ આદેશ જ આપ્યો છે કે નાની નાની ટોળીઓ બનાવીને ભિક્ષુઓ ધર્મપ્રચારનું નિમિત્ત લઈ વિહાર કરે. આને કારણે બૌદ્ધધર્મ થોડી શતાબ્દીઓમાં એશિયાવ્યાપી બન્યો, જ્યારે જૈનધર્મનું મુખ્ય ધ્યેય પ્રચાર નહિ પણ આત્મસાધના હોઈ એનો એ રીતે પ્રચાર થઈ શક્યો નહિ. પણ બુદ્ધે ઉપદેશેલી ચારિકા ભારતમાં જ્યારથી બંધ પડી, સ્થાયી વિહારમાં જ એકત્ર થઈ ભિક્ષુઓ રહેવા લાગ્યા, તેમનામાં શિથિલાચાર વધ્યો, મુસલમાની જમાનામાં વિહારોનો સરળતાથી નાશ કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો, અને બૌદ્ધ વિદ્વાનોએ પરદેશનો આશ્રય શોધ્યો, ત્યારથી ભારતમાં ક્રમે ક્રમે બૌદ્ધ ધર્મની હ્રાસ થયો. આત્મસાધના કરતાં પ્રચાર ઉપર વધારે અવલંબતો બૌદ્ધધર્મ ભારતમાં ઊંડાં મૂળ નાખી શક્યો નહિ, જ્યારે જૈનધર્મનાં તો પ્રાચીન કાળથી ઊંડા મૂળ નંખાયાં હતાં. વળી, તે આત્મસાધના સાથે જ પ્રચારને પણ ધીરે ધીરે મહત્ત્વ આપતો થયો, તે એટલે સુધી કે, પ્રચારની સામે આત્મસાધના પણ ગૌણ બની ગઈ. આ કારણે તે ભારતવ્યાપી થઈ ગયો; પણ જેટલા પ્રમાણમાં આત્મસાધનાની કચાશ આવતી ગઈ, તેટલા પ્રમાણમાં કેવળ પ્રચારને બળે તે સર્વત્ર ટકી શક્યો નહિ; વિરોધીઓનું પ્રચારબળ તેથી વધારે પ્રબળ હતું, એટલે આજે જૈનધર્મ ભારતવ્યાપી પણ નથી.

પ્રચારનાં આંતરિક કારણો

જૈન–બૌદ્ધ ધર્મના પ્રચારનાં બાહ્ય કારણોની સાથે સાથે એની આન્તરિક નિષ્ઠા અને માન્યતા વિષે પણ વિચાર કરવો આવશ્યક છે. બુદ્ધની મહાકરુણાની ભાવનામાં જગદુદ્ધારનાં બીજો રહ્યાં છે, એટલે પ્રાથમિક હીનયાનમાંથી બૌદ્ધધર્મે મહાયાનનું રૂપ લીધું અને બોધિસત્ત્વના આદર્શને આગળ કરી સ્વકલ્યાણ કરતાં પરકલ્યાણને મહત્ત્વ આપ્યું. બૌદ્ધધર્મના વિશ્વવ્યાપી પ્રચારમાં આ તત્ત્વે મહત્ત્વનો ફાળો આપ્યો છે. આથી ઊલટું, જૈનધર્મમાં મહાકરુણાને અવકાશ છતાં અને અહિંસાના મૂળમાં મહાકરુણાની ભાવના છતાં તેનું વ્યાવહારિક રૂપ નિવૃત્તિએ–હિંસાનિવૃત્તિએ લીધું અને કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ ત્યાજ્ય ગણાઈ, અહિંસાના એકાન્તિક આગ્રહ ઉપર જીવનવ્યાપી વ્યવહારોનું નિર્માણ થયું, પરકલ્યાણ કરતાં સ્વકલ્યાણનું મહત્ત્વ વધ્યું, એટલે મહાકરુણાને સક્રિય બનવાનો અવકાશ ઓછો રહ્યો; તે નિષ્ક્રિય રહી. નિષ્ક્રિય મહાકરુણા અમુક વ્યક્તિઓ માટે તો આકર્ષક બની શકે, પણ તે વ્યાપક બની શકે નહિ. આથી જૈનધર્મના પ્રચારમાં આ પણ એક બાધક તત્ત્વ બન્યું.

જૈન અને બૌદ્ધધર્મમાં બાહ્યાચારનું ઘડતર

શ્રમણ ધર્મનાં સામાન્ય લક્ષણો બંને ધર્મમાં સમાન હોઈ, બાહ્ય આચાર અને અનુષ્ઠાનના નિયમોમાં બંને ધર્મમાં વિશેષ પ્રકારે સાધર્મ્ય હોય એ સ્વાભાવિક છે. છતાં પણ જૈનધર્મના બાહ્યાચારનું અને બૌદ્ધધર્મના બાહ્યાચારનું ઘડતર મહાવીર અને બુદ્ધની પ્રકૃતિને અનુસરીને થયું છે અને તેને લીધે આચરણ પાછળની દૃષ્ટિમાં મૌલિક ભેદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાર્શ્વ અને તેમની પરંપરામાં ત્યાગ અને તપસ્યાને સ્થાન અવશ્ય હતું, પણ તેમાં ઉત્કટતા ભગવાન મહાવીરે દાખલ કરી. પાર્શ્વના ભિક્ષુઓમાં વસ્ત્ર-પરિધાનની છૂટ હતી. પણ ભગવાન મહાવીરે અચેલકતાનો આગ્રહ રાખ્યો. કોઈ પણ આંતરિક સિદ્ધાંતનું અનુસરણ ત્યારે જ પૂરું થયું ગણાય, જો તદનુરૂપ આચરણને ગોઠવવામાં આવે; અર્થાત્ આંતરનો પડઘો બહાર પડવો જ જોઈએ, આ પ્રકારનો આગ્રહ ભગવાન મહાવીરનો હતો. અને એને જ કારણે અપરિગ્રહ અથવા મમત્વત્યાગની આંતરિક ભાવનાને અનુરૂપ બાહ્ય આચરણની ગોઠવણી કરવામાં અચેલક બનવું, અસ્નાન, મળધારણ આદિ આવશ્યક માન્યું. વસ્ત્ર-સ્વીકાર એ સાધકની કમજોરી છે; તે આવશ્યક નથી, એમ તેમણે માન્યું. જોકે પોતાના સંઘમાં તેમણે અચેલક અને સચેલક બંને પ્રકારના સાધકોને સ્થાન આપ્યું; પણ સચેલક માટે પણ એ આવશ્યક માન્યું કે તે ક્યારેક પણ અચેલક થાય. આથી વિરુદ્ધ, બુદ્ધ તૃષ્ણાત્યાગ અને મમત્વના ત્યાગમાં માનવા છતાં તેમણે અચેલક થવું આવશ્યક જણાવ્યું નથી. માનસિક મમત્વત્યાગ હોય તો બાહ્ય વસ્ત્ર હોય કે ન હોય એ ગૌણ વસ્તુ છે. બાહ્ય વસ્ત્ર હોય છતાં આંતરિક મમત્વ-ત્યાગ કે તૃષ્ણાત્યાગ સંભવી શકે છે, એમ બુદ્ધ માનતા હોવા જોઈએ; આથી તેમણે ભિક્ષુઓ માટે વસ્ત્રત્યાગ આવશ્યક માન્યો નથી. ઊલટું લોકાચારને અનુ-સરીને ઘૂંટી સુધી વસ્ત્રાવરણ આવશ્યક માન્યું છે. સારાંશ એ છે કે यद्यपि शुद्धं लोकविरुद्धं नाचरणीयं नादरणीयं એ માન્યતાને બુદ્ધે પુષ્ટ કરી છે. અને શિષ્ટાચાર અથવા સ્થાપિત કે પ્રચલિત લોકાચારમાં પરિવર્તન કરવું આવશ્યક છે એમ બુદ્ધે માન્યું નથી. નગ્નત્વ, અસ્નાન. મળધારણ જેવી લોકોને અરુચિકર બાબતોનો આગ્રહ તેમણે રાખ્યો નથી; જ્યારે ભગવાન મહાવીરે કાયોત્સર્ગને મમત્વત્યાગનું અનિવાર્ય અંગ માન્યું હોઈ નગ્નતા, અસ્નાન, મળધારણ જેવી સામાન્ય લોકોને અરુચિકર બાબતોનો પણ સ્વીકાર કર્યો છે. આથી એમ કહી શકાય કે ભગવાન મહાવીરનો માર્ગ આંતરિક કષાયોપશમ સાથે સાથે તદનુરૂપ બાહ્ય કાયક્લેશની ઉત્કટતાને સ્વીકારે છે, જ્યારે બુદ્ધ કષાયોપશમ સ્વીકારવા છતાં બાહ્યાચારમાં મધ્યમમાર્ગી છે. એટલે તેમણે એક તરફ ચાર્વાક જેવા ભૂતવાદીના આત્યંતિક શારીરિક ભોગ-વાદને અવગણ્યો, તો બીજી તરફ અત્યંત શરીરકષ્ટને પણ અવગણ્યું, અને આચારમાં મધ્યમમાર્ગ સ્વીકાર્યો. બંને સંઘમાં આનાં પરિણામો જે આવ્યાં તેનો વિચાર કરીએ તો જણાશે કે જૈન સંઘમાં આંતરિક આચારને બદલે બાહ્યા-ચારનું ખોખું જાળવવાનો વિશેષ પ્રયત્ન થયો અને બુદ્ધના સંઘમાં મધ્યમ-માર્ગને નામે આચારમાં શિથિલતા આવી; કારણ કે બે છેડાની વચલી અવસ્થાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોર બહુ લાંબો હોય છે. એટલે મધ્યમ માર્ગમાંથી શિથિલાચાર તરફ સરકવું બહુ સરલ થઈ પડે છે. એક તરફ બુદ્ધ અને તેમના અનુયાયીઓને જૈન ભિક્ષુઓના આચરણમાં માત્ર દેહદંડ સિવાય કશું દેખાયું નહિ; અને તેમણે જૈનાચાર વિષે આક્ષેપ કરવો શરૂ કર્યો કે આ લોકો તો માનસિક પાપ કરતાં શારીરિક પાપને અધિક મહત્ત્વ આપે છે. એટલે શરીરકષ્ટ ભોગવી પાપક્ષય કરવાની ફિકરમાં પડ્યા છે; તો બીજી તરફ જૈન સંઘના અનુયાયીઓ બૌદ્ધભિક્ષુ વિષે આક્ષેપ કરવા લાગ્યા કે આ તો સુખશીલિયા છે. આ આક્ષેપોમાં આંશિક સત્ય રહેલું જ છે, એ સ્વીકારવું જોઈએ.

આચરણ અને પ્રચારનો સંબંધ

આચરણની ઉત્કટતા અને મધ્યમમાર્ગિતા ધર્મપ્રચારમાં શો ભાગ ભજવે છે તેનો વિચાર કરીએ તો જણાઈ આવશે કે બુદ્ધના મધ્યમમાર્ગે ધર્મપ્રચારમાં બહુ મોટો ફાળો આપ્યો છે. તેમનો ધર્મ વિશ્વવ્યાપી બની ગયો છે એ સાચું, પણ બુદ્ધના બુદ્ધત્વનો અને તેના આનુષંગિક ધર્મોનો વસ્તુતઃ કેટલો પ્રચાર થયો છે એની પરીક્ષા કરીએ તે જણાશે કે બુદ્ધત્વ અને તેના આનુષંગિક ધર્મોને ભોગે જ એ પ્રચાર થયો છે. એમાં બુદ્ધનું નામ છે, પણ બુદ્ધત્વનો પ્રકાશ નથી. એટલે જ ભારતીય બૌદ્ધ અને તિબેટના બૌદ્ધમાં, એ બંને માત્ર બુદ્ધને આરાધ્ય સ્વીકારે છે એ સિવાય વિશેષ કશું જ સામ્ય નથી; એટલું જ નહિ પણ બુદ્ધની મહાકરુણાના સિદ્ધાંતનો જીવનમાં પડઘો કેટલો પડ્યો એની ઊંડી તપાસ કરીએ તો નિરાશ જ થવું પડે છે!

બીજી તરફ જૈન માર્ગની ઉત્કટતાને કારણે અને તેની અવ્યવહારુતાને કારણે તેનો પ્રચાર બહુ જ ધીમી ગતિએ થયો છે; એટલું જ નહિ, પણ પ્રજાના બહુ જ થોડા ભાગમાં તેણે ઊંડાં મૂળો નાંખ્યાં છે. જૈનધર્મનો ઉદ્ભવ જે ભૂમિમાં થયો ત્યાં આજે તેનું નામનિશાન નથી. અને જ્યાં છે ત્યાં પણ જૈનાચારની ઉત્કટતામાં અનેક રૂપે શિથિલતાએ પ્રવેશ કર્યો છે—જોકે બાહ્ય ખોખું એવું ને એવું રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. નગ્નતાના આગ્રહી દિગંબરોમાં તૃષ્ણાત્યાગ કરતાં નગ્નતાનું માહાત્મ્ય વધી ગયું છે, તો શ્વેતાંબરોમાં વસ્ત્ર આદિ સામગ્રીનો ઠઠારો એટલો બધો વધી ગયો છે કે તેમને ભગવાન મહાવીરના મૂળ ઉત્કટ કાયક્લેશ સાથે બહુ જ ઓછો સંબંધ રહ્યો છે. આમ ઉત્કટતાને કારણે આંતર-બાહ્ય જીવનમાં વિષમતાએ પ્રવેશ કર્યો અને પ્રચારમાં પણ શૈથિલ્ય રહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામે એવી ઉત્કટતા ધર્મપ્રચારમાં અત્યંત સહાયક બને છે એમ કહી શકાય નહિ.

બુદ્ધ-મહાવીરની પૃથક્ સાધના અને તેનું પરિણામ

એક તરફ સ્વયં ભગવાન મહાવીરે ઉત્કટ કાયક્લેશ સાથે સમાધિ અને સર્વજ્ઞતાને અબાધિત રીતે સિદ્ધ કરી છે એવો દાવો છે, તો બીજી તરફ બુદ્ધ કહે છે કે ઉત્કટ તપસ્યાથી પ્રજ્ઞા પ્રાપ્ત થતી નથી. તેમણે પોતે લાંબા કાળ સુધી તપસ્યા કરી તે એટલે સુધી કે શરીરમાં માત્ર હાડકાં જ રહ્યાં અને તે ખડખડ કરવા લાગ્યાં. અંતે તેમણે અનુભવ્યું કે આવી ઉત્કટ તપસ્યા એ કોઈ પૂર્ણ પ્રજ્ઞાની સાધક નથી, એટલે તેમણે તપસ્યાના માર્ગને છોડીને ધ્યાન-સમાધિ-માર્ગને અપનાવ્યો અને ઇષ્ટસિદ્ધિ કરી. આ બે મહાપુરુષોના આવા જુદા જુદા અનુભવો તેમના સંઘમાં પણ પરંપરાથી પુષ્ટ થયા છે; અને એમ થાય તે સ્વાભાવિક છે. જૈનશાસ્ત્રોમાં તો 'દેહદુઃખં મહાફલં'ની ભાવનાનો વિસ્તાર જોવામાં આવે છે; જ્યારે બૌદ્ધ શાસ્ત્રમાં ઉત્તરોત્તર દેહદમનની ઉપેક્ષા જોવામાં આવે છે. પરિણામે જૈન સંઘોમાં જે ઉત્તરોત્તર સંપ્રદાયો અને તેના પેટા ભેદો બન્યા, તેના મૂળમાં કોઈ વિચારભેદ યા દર્શનભેદ નહિ પણ બાહ્ય આચાર પરત્વે ઉત્કટતાભેદ જોવા મળશે. શ્વેતાંબર-દિગંબરની દાર્શનિક વિવાદની બાબતો કશી જ નથી; મુખ્ય વિવાદ છે માત્ર વસ્ત્ર પહેરવાં કે નહિ એ બાબતનો; અને તેને આધારે પછી સ્ત્રીમુક્તિ હોઈ શકે કે નહીં એ પ્રશ્નમાં પણ વિવાદ થયો. શ્વેતાંબરમાં પણ સ્થાનકવાસી અને મૂર્તિપૂજકમાં મુખ્ય ભેદ મૂર્તિને પૂજવા ન પૂજવા વિષે છે. અને બાકી વેશમાં થોડો ભેદ છે. સ્થાનકવાસી અને તેરાપંથીમાં આચારની કઠોરતાને એટલે સુધી લંબાવવા પ્રયત્ન કરવામાં આવ્યો કે કેવળ બાહ્ય આચરણમાં જ કઠોરતા રહી અને અહિંસાના વિચારને એ આચારની કઠોરતાની કસોટીએ કસવા જતાં, તેરાપંથીમાં અહિંસાનો વિચાર કેવળ દયાશૂન્ય-કરુણાશૂન્ય એક હાસ્યાસ્પદ સિદ્ધાંત બની ગયો! આમ દેહદમન ઉપર ભાર આપવા જતાં ભગવાન મહાવીરનો અહિંસા સિદ્ધાંત કેવી દયનીય સ્થિતિને પામ્યો તે આપણે જોઈ શકીએ છીએ. વળી, જૈન શાસ્ત્રમાં ધ્યાનનું-જે વર્ણન અઢી હજાર વર્ષ પહેલાંનું મળે છે તે ધ્યાનની સાધના સંઘમાં ચાલુ રહી હોય તેમ જણાતું નથી, કારણ, એ ધ્યાન અંગેની પ્રક્રિયાના પ્રાચીન નિરૂપણમાં જોઈએ તેટલી વિશદતા મળતી નથી; અને ત્યાર પછી પણ એના વિષે ધ્યાન કરનારને સહાયક બની શકે એવું પ્રક્રિયાનું સ્પષ્ટીકરણ થયેલું ઉપલબ્ધ થતું નથી. એ બતાવે છે કે ધ્યાનમાર્ગનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવલંબન જૈન સંઘે ગૌણ કરી દીધું હતું. અને તે આજે પણ જૈન સંઘમાં જોઈ શકાય છે. તપસ્યા–દેહદમન–અનશનના ભેદ-પ્રભેદ એટલા બધા વિસ્તૃત થઈ ગયા છે કે તેનું પણ એક સ્વતંત્ર શાસ્ત્ર બની જાય છે. એમાં હવે તો આગળ–પાછળનો આડંબર એટલે વધી ગયો છે કે તપસ્વી પણ તપસ્યા કરતાં એ આડંબરમાં વધારે રત બની જાય એવો સંભવ વધારે છે. આમ ભગવાન મહાવીરની ધ્યાન સાથે ઉત્કટ તપસ્યાને બદલે સંઘમાં સર્વગ્રાહ્ય એવી ઉત્કટ તપસ્યા–અનશન વગેરે–મહત્ત્વને પામી અને ધ્યાનમાર્ગ ગૌણ બની ગયો.

આથી ઉલટું, બૌદ્ધ સંઘનો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે તેમાં પ્રાચીન પિટકોમાં પણ ધ્યાનનું જે વિસ્તૃત અનુભવપૂર્ણ વર્ણન મળે છે, અને ચિત્તની વૃત્તિઓનું જે વિશ્લેષણ મળે છે, તે અન્યત્ર દુલર્ભ છે, એટલું જ નહિ પણ ઉત્તરોત્તર એ ધ્યાનમાર્ગનો વિકાસ થતો રહ્યો છે. એથી બૌદ્ધ સંઘના અત્યારના વિસ્તૃત શિથિલાચારમાં પણ અનુભવી ધ્યાનમાર્ગના અગ્રેસરો જોવા મળે છે. એટલું જ નહિ પણ એ ધ્યાનમાર્ગનો એક સ્વતંત્ર સંપ્રદાય પણ બૌદ્ધોમાં ઊભો થયો છે. પણ ધ્યાનમાર્ગનો ઐકાન્તિક આગ્રહ રાખવા જતાં બૌદ્ધ-ધર્મમાં આચરણની શિથિલતા અને છેવટે તંત્રયાન જેવા વામમાર્ગી સંપ્રદાયોનો વિકાસ થયો, જેને પરિણામે પણ ભારતવર્ષમાંથી બૌદ્ધધર્મ લુપ્ત થયો.

આ વસ્તુનો એક બીજી રીતે પણ વિચાર કરીએ તો વળી એક નવું જ તથ્ય નજર સામે આવે છે. ભગવાન મહાવીરનો પ્રયત્ન રાગદ્વેષનો વિજય કરવો એ મુખ્ય રૂપે હતો. અને તેનું આનુષંગિક ફળ કેવળજ્ઞાન અથવા પ્રજ્ઞા હતું. આથી તેઓ એવું કોઈ પણ કાર્ય કરવા તૈયાર ન હતા, જેથી રાગ–દ્વેષને પુષ્ટિ મળે. આને પરિણામે તેમણે ઉગ્ર વિહાર અને અનશનનો માર્ગ અપનાવ્યો. આથી તેમના રાગ અને દ્વેષ તો વિજિત થયા જ, પણ તેમનો પ્રજ્ઞાપ્રકર્ષ ભગવાન પાર્શ્વનાથની સમકક્ષ જ રહ્યો. એટલે કે અઢીસો વર્ષ પહેલાં ભગવાન પાર્શ્વનાથે દાર્શનિક વિચારણાનો જે પાયો નાખ્યો હતો એને અનુસરીને જે પોતાને પરોક્ષ હતું તે તેમણે રાગદ્વેષનો વિજય કરીને પ્રત્યક્ષ કર્યું. આથી ભગવાન મહાવીરનું દર્શન પાર્શ્વથી જુદું પડતું નથી; કારણ, તેમનું મુખ્ય ધ્યેય રાગદ્વેષનો વિજય કરવાનું હતું, નહિ કે તત્ત્વજ્ઞાનની કોઈ નવી સ્વતંત્ર ધારા પ્રવર્તાવવાનું.

આથી ઉલટું, બુદ્ધનો પ્રયત્ન પ્રજ્ઞાપ્રાપ્તિ માટે હતો. તેમને મન વીતરાગ બનવું આવશ્યક તો હતું, પણ તેમની ચિંતાનો વિષય પૂર્ણ પ્રજ્ઞા હતી. પ્રજ્ઞા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્તિના પ્રયત્નમાં તેઓ અનેક જ્ઞાની અને ધ્યાનીના સંપર્કમાં આવ્યા અને એક પછી એકે બતાવેલ તત્ત્વજ્ઞાનનો અનેક માર્ગે સાક્ષાત્કાર કરીને છોડતા ગયા. જે બીજા પાસેથી મળ્યું તેમાં તેમને સદૈવ અસંતોષ જ રહ્યો. અને છેવટે તેમણે પોતાના ધ્યાનબળે જે તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો તેના વિષે તેમણે એવો સ્પષ્ટ દાવો કર્યો છે કે મેં જે પ્રાપ્ત કર્યું છે તે અપૂર્વ છે; મારા પહેલાં એનો કોઈએ સાક્ષાત્કાર કર્યો નથી. આમ બુદ્ધનો પ્રયત્ન સ્વતંત્ર રીતે પ્રજ્ઞા પ્રાપ્ત કરવાનો રહ્યો છે અને તેથી તેમનું દર્શન એ તેમનું પોતાનું છે. તેમણે એક નવી નિષ્ઠા ઊભી કરી છે. તત્ત્વજ્ઞાનની બાબતમાં એ કોઈને અનુસર્યા નથી, એવો તેમનો દાવો છે. આમ બુદ્ધે જ્યારે પ્રજ્ઞાનાં કપાટ ઉઘાડી નાખ્યાં અને તેને મોકળી મૂકી ત્યારે તેનું પરિણામ તેમના સુધી જ સીમિત રહે એ અસંભવ હતું. તેમના સંઘમાં પણ એ પ્રજ્ઞાવિકાસ પ્રત્યે સ્પષ્ટ પ્રયત્નો દેખાય છે. પરિણામે ઉત્તરોત્તર સૂક્ષ્મ-સૂક્ષ્મતર–સૂક્ષ્મતમ દાર્શનિક વિચારણાને આધારે વિવિધ સંપ્રદાયોના પાયા બૌદ્ધ દર્શનમાં નંખાયા છે અને વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ જેવા, પ્રજ્ઞાનો ઉત્તરોત્તર ઉત્કર્ષ સિદ્ધ કરતા વાદો અસ્તિત્વમાં આવ્યા છે. મધ્યમમાર્ગનું પ્રજ્ઞાના ક્ષેત્રમાં કેન્દ્રબિંદુ કાયમ રાખવા છતાં એ માધ્યમિક વસ્તુનો દોર લાંબો હોઈ દાર્શનિક વિચારણામાં જે છૂટ બૌદ્ધ આચાર્યોએ લીધી છે તે ભારતીય દર્શનોના ઇતિહાસમાં પ્રજ્ઞામાર્ગનું એક અદ્વિતીય દૃષ્ટાંત બની રહે છે. આવી છૂટ જૈન આચાર્યોએ લીધી નથી એ પણ એટલું જ સ્પષ્ટ છે. અને તે સિદ્ધ કરે છે કે તેમનો માર્ગ પ્રજ્ઞાનો નહિ પણ કષાયવિજયનો હતો.

—"પ્રબુદ્ધજીવન", તા. ૧૫-૫-૫૮, ૧ ૬-૫૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯

ભક્તિમાર્ગ અને જૈન દર્શન

જૈન દર્શન પ્રમાણે અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય—એ અનંત-ચતુષ્ટય બધાય આત્માઓનો સામાન્ય ગુણ છે. તેથી જ ઈશ્વર કે પરમાત્મા એ કોઈ વિશિષ્ટ જાતિનો આત્મા નથી, પણ જે જે આત્માઓએ પોતાના ઉપર જણાવેલ ચારે ગુણોનો આવિર્ભાવ કર્યો છે, એ બધાય આત્માઓ સિદ્ધ, ઈશ્વર કે પરમાત્માના નામથી સંબોધવાને યોગ્ય છે. અને જે આત્માઓના આ ચાર ગુણો ઢંકાયેલ છે તે સાધક કે સંસારી કહેવાય છે. આ સાધક આત્માઓ પણ પોતાના પ્રયત્નથી સિદ્ધ, ઈશ્વર કે પરમાત્મા બનવાની યોગ્યતા ધરાવે છે. આ દૃષ્ટિએ વિચાર કરતાં વ્યક્તિગત રીતે અમુક આત્માઓ સાધક ગણાય છે, અને અમુક આત્માઓ સિદ્ધ ગણાય છે, એ ભેદ સ્વાભાવિક નહીં પણ કારણ-જન્ય (આત્માની પોતાની સાધનાને લીધે થયેલ) છે. સામૂહિક દૃષ્ટિએ સાધક અને સિદ્ધ એવા બે વર્ગો કાયમના હોવા છતાં વ્યક્તિગત દૃષ્ટિએ આ ભેદ કાયમનો નથી; જે વ્યક્તિ આ ક્ષણે સાધક-વર્ગમાં હોય તે બીજી જ ક્ષણે સિદ્ધ–વર્ગમાં પણ ભળી જઈ શકે છે. જૈનધર્મનો આવો સિદ્ધાંત હોવાના લીધે, જૈનધર્મમાં એનો પોતાનો આગવો સાધનાનો માર્ગ હોય એ જરૂરી છે. જૈન ધર્મના સાધનામાર્ગને સમજવા માટે નીચેની બાબતો હમેશાં ધ્યાનમાં રાખવી જરૂરી છે. એમ થાય તો જ જૈન સાધનામાં ભક્તિમાર્ગનું શું સ્થાન હોઈ શકે, એ સહેલાઈથી સમજી શકાય.

(૧) **કોઈ કોઈનો નાથ નહીં**—જીવ પોતે જ પોતાનો નાથ બની શકે છે; બીજો કોઈ એનો નાથ નથી બની શકતો. એનો અર્થ એ કે સુખ કે દુઃખ, બંધ કે મોક્ષ, એ જીવને પોતાને આધીન છે: એ ચાહે તો બંધમાં રહી શકે છે, અને ચાહે તો એક ક્ષણમાં મુક્ત થઈ શકે છે. બંધનના માર્ગે ચાલવું કે મોક્ષના માર્ગનું અનુસરણ કરવું. એ બીજાને આધીન નહીં પણ પોતાને આધીન છે. જીવની ઇચ્છા વિરુદ્ધ બીજો કોઈ એને બંધનમાં નથી રાખી શકતો, અને મુક્ત પણ નથી કરી શકતો. બીજાનું કામ તો એટલું જ છે કે એ બંધનના કે મોક્ષના માર્ગનો પ્રદર્શક થઈ શકે છે, એ માર્ગે ચાલવું કે ન ચાલવું એ જીવના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના હાથની વાત છે. આ દૃષ્ટિએ કોઈ વ્યક્તિ કંઈ કૃપા કરી શકે તો તે માર્ગદર્શન કરાવવા પૂરતી; એથી વિશેષ એ કશું નથી કરી શકતી. મતલબ કે આત્મા પોતે જ પોતાનો મિત્ર કે શત્રુ છે—"पुरिसा, तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि" (આચારાંગ સૂત્ર, ૧૧૮). બીજાને શત્રુ કે મિત્ર કહેવામાં આવે છે એ ઉપચારથી જ; કારણ કે બીજો તો માત્ર પરિસ્થિતિને સર્જી શકે છે; એને વશ થવું કે ન થવું એ તો પોતાના હાથની વાત છે. જ્યાં સુધી કોઈ તે ઊભી થયેલ પરિસ્થિતિ સાથે તન્મય નથી થતો ત્યાં સુધી એને સુખ કે દુઃખનો અનુભવ થઈ શકતો નથી. તેથી સુખ કે દુઃખનું કારણ પોતાની પરિણતિ કે તન્મયતા છે. અને તન્મય થવું કે નહીં એ તો પોતાના હાથની વાત છે. તેથી ખરી રીતે આત્મા જ પોતાનો શત્રુ કે મિત્ર છે, બીજું કોઈ નહીં.

(૨) **પોતાનાં કર્મનો નાશ પોતે જ કરવો જોઈએ**—બધા જીવોમાં સ્વાભાવિક રીતે સામ્ય હોવા છતાં જે વિષમતા દેખાય છે, એનું કારણ તે તે જીવોનાં કર્મ છે. કર્મથી મુક્ત થવાનો પ્રયત્ન એમણે પોતે જ કરવાનો છે. કોઈ ઈશ્વર કે તીર્થંકર જીવોનો ઉદ્ધાર નથી કરી શકતા; તેઓ તો ઉદ્ધારનો માર્ગ બતાવી શકે છે, તીર્થની સ્થાપના કરી શકે છે. આ વાતને જ વ્યક્ત કરતાં અમિતગતિ આચાર્યે કહ્યું છે કે—

स्वयं कृतं कर्म यदात्मना पुरा फलं तदीयं लभते शुभाशुभम् ।
परेण दत्तं यदि लभ्यते स्फुटं स्वयं कृतं कर्म निरर्थकं तदा ॥
निजार्जितं कर्म विहाय देहिनो न कोऽपि कस्यापि ददाति किञ्चन ।
विचारयन्नेवमनन्यमानसः परो ददातीति विमुञ्च शेमुषीम् ॥

કર્મનાશની પ્રક્રિયામાં મુખ્ય સ્થાન સંયમનું છે; બાકી બધી વસ્તુઓ, જો એ સંયમને વધારવામાં ઉપયોગી હોય તો, એનું સાધનાના માર્ગમાં સ્થાન છે, નહીં તો નહીં. બધાય જીવોમાં સમભાવ કેળવીને કોઈને પણ દુઃખ પહોંચે એવી પ્રવૃત્તિ ન આદરવી, એ જ સંયમ છે. આમાંથી જ નિર્મમભાવ અને નિરહંકારભાવ નિષ્પન્ન થવાથી વિશ્વમૈત્રીનો સાક્ષાત્કાર થશે. ત્યારે વીતરાગભાવની પુષ્ટિ (પૂર્ણતા) થવાથી જીવ સિદ્ધ થઈ જાય છે: આ જ એની સાધનાની પરાકાષ્ઠા છે.

(૩) **મુક્ત જીવોમાં વૈષમ્ય નહીં**—જ્યારે જીવ સિદ્ધ થઈ જાય છે, ત્યારે એને માટે કોઈ ઉપાસ્ય-આરાધ્ય નથી રહેતું. પોતાથી પહેલાં થયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધોમાં અને એના પોતાનામાં કોઈ જાતનો સ્વરૂપભેદ નથી રહેતો; અર્થાત્ બધાય સિદ્ધ જીવો સમાન હોય છે, અને બધાય પોતપોતાના સ્વરૂપમાં રમણ કરે છે.

(૪) **સિદ્ધો કોઈનું ભલું-ભૂંડું નથી કરતા**—જ્યારે જીવ સિદ્ધ થઈ જાય છે ત્યારે સંસારી જીવો સાથેનો એનો સંબંધ છૂટી જાય છે. સાંખ્ય દર્શનના પુરુષની જેમ પછી એ માત્ર સંસારનો દ્રષ્ટા જ રહે છે. એનામાં સંસારી જીવો પ્રત્યે કશું કરવાપણું નથી રહેતું. તેથી એની કૃપા કે એના પ્રસાદથી જીવોના ઉદ્ધારની અને એના કોપથી એમની દુર્ગતિની સંભાવના જ નથી રહેતી. સિદ્ધોથી જીવ જો કંઈ લાભ મેળવવા ઇચ્છે તો એ એટલું જ કરી શકે કે સિદ્ધના સ્વરૂપનું ધ્યાન કરીને પોતાના જ ઢંકાઈ ગયેલા એવા સિદ્ધસ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન કરે અને એના ફળરૂપે પોતે સિદ્ધસ્વરૂપ બની જાય. આ આ રીતે સિદ્ધનો જીવ આપણા વિકાસને માટે, પોતે તટસ્થ હોવા છતાં, નિમિત્ત-કારણ બની શકે છે.

(૫) **ભક્તિ એ પણ એક સાધન છે**—જીવનું સાધ્ય મોક્ષ છે. એની સમગ્ર સાધના મોક્ષને માટે જ છે. મોક્ષનાં સાધનો ટૂંકમાં જ્ઞાન અને ક્રિયા છે. એનો વિસ્તાર કરીને દર્શન, જ્ઞાન અને ચારિત્ર અથવા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપને સાધનરૂપે શાસ્ત્રોમાં જણાવેલ છે. દર્શન-શ્રદ્ધા ભક્તિથી દૃઢ થાય છે, તેથી ગુરુજનોની સેવારૂપ ભક્તિ તેમ જ તીર્થંકરો અને સિદ્ધોના ગુણગાન, ધ્યાન, પૂજારૂપ ભક્તિને પણ જૈન સાધનામાં સ્થાન મળ્યું છે.

જૈન દર્શનના ઉપર જણાવેલ સિદ્ધાંતોની સાથે જો ભક્તિમાર્ગના મૌલિક સિદ્ધાંતોની સરખામણી કરવામાં આવે તો સ્પષ્ટ રીતે સમજાશે કે ભક્તિમાર્ગના મૌલિક-પાયાના સિદ્ધાંતોને જૈન દર્શનમાં કોઈ સ્થાન નથી. આમ છતાં જૈન આચાર્યોએ રચેલી સ્તુતિઓ ભક્તિરસથી ઓતપ્રોત છે. તો આ અંગે થોડોક વિચાર કરીએ.

(૧) ભગવાન સર્વ જીવોના નાથ

ભગવાન સર્વ જીવોના નાથ છે, આ માન્યતા ભક્તિમાર્ગનો મૂળ સિદ્ધાંત છે. આ જગત એ ઈશ્વરનું જ મંગલમય સર્જન છે, એટલે એ જ સમસ્ત સંસારનો સ્વામી છે. સંસારના સચરાચર બધા પદાર્થોનો એ પ્રભુ છે: આ સિદ્ધાંત પ્રમાણે ભક્ત પોતાને ભગવાનનો દાસ સમજે છે—ભલે પછી એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારમાં હોય કે મુક્ત હોય તોપણ. આગળ સૂચવવામાં આવ્યું છે તે મુજબ, જૈન દર્શનમાં આ કલ્પનાને કોઈ સ્થાન નથી; આમ છતાં ભક્તિમાર્ગ, જે ચોતરફ ફેલાયેલો હતો, એનાથી જૈનો પણ અલિપ્ત નથી રહી શક્યા. તીર્થંકરોને જગતના સર્જનહાર કે સ્વામી ન માનવા છતાંય જૈન આચાર્યોએ તીર્થંકરોની સ્તુતિઓમાં એમની પ્રભુતા અને પોતાની દાસતાનું વર્ણન કર્યું છે, અને શરણમાં લેવાની પ્રાર્થના પણ કરી છે.

જેમ ભક્તિમાર્ગીઓમાં વિષ્ણુસહસ્રનામ-સ્તોત્ર પ્રસિદ્ધ છે, એવાં જ જૈનોમાં પણ જિનસેને રચેલ જિનસહસ્રનામ–સ્તોત્ર અને આચાર્ય હેમચંદ્રે રચેલ અર્હન્નામસહસ્ર-સમુચ્ચય પ્રસિદ્ધ છે. એ બન્નેમાં વેદથી લઈને તે પોતાના સમય સુધી ઈશ્વર કે પરમાત્માને માટે જુદા જુદા મતોમાં જે નામો પ્રસિદ્ધ હતાં, એ બધાં નામોનો સંગ્રહ અર્હન્નામોમાં કરી લેવામાં આવ્યો છે.

ઈશ્વરનાં નામોમાં જુદી જુદી માન્યતાઓનો સમાવેશ થયેલો છે. એ બધી માન્યતાઓને જૈન દર્શનમાં સ્થાન છે, એમ તો ન કહી શકાય, છતાં પણ આચાર્યોએ એ નામોને જેવાં ને તેવાં સ્વીકારી લીધાં છે. આ જૈન આચાર્યો ઉપર ભક્તિમાર્ગનો કે સામાન્ય જનસમૂહમાં પ્રચલિત ઈશ્વરતત્ત્વનો પ્રભાવ છે, એમ માનવું જ રહ્યું. તેથી જ તેઓએ, પોતાના પરમતત્ત્વને અનુરૂપ નવા નામોની રચના કરવાને બદલે, અન્યત્ર પ્રચલિત નામોને જેવાં ને તેવાં અપનાવી લીધાં. મૂળકર્તાઓ અને ટીકાકાકાએ એ શબ્દોનો પોતાને અનુકૂળ અર્થ કરવાનો પ્રયત્ન કર્યો તો ખરો, પણ એમાં સમન્વય ભાવનાને બદલે સ્વીકારની બુદ્ધિએ જ મુખ્ય ભાગ ભજવ્યો છે; કેમ કે ઉચ્ચ આદર્શને કે તર્કસિદ્ધ આદર્શને વ્યક્ત કરી શકે એવા નવા શબ્દોનું મૂલ્ય સામાન્ય જનસમૂહ ન કરી શકત. તેથી જ એ પ્રાચીન શબ્દો, કે જે એમની ભાવનાને અનુકૂળ હોય, એમને અપનાવવા સિવાય બીજો કોઈ માર્ગ જ ન હતો. એને લીધે જ—

‘लक्ष्मीभर्त्रे नमो नमः’, ‘त्रिपुरारिः’, ‘त्रिनेत्रोऽसि’; ‘त्वामंधकान्तकं प्राहुः’, ‘अर्धनारीश्वरः’, ‘शिवः’, ‘हरः’, ‘शंकरः’ ‘अनन्तचक्षुः’, ‘विश्वात्मा’, ‘विश्वलोकेशः’, ‘विश्वतश्चक्षुरक्षरः...विश्वयोनिः’, ‘विश्वदृश्वा विभुर्धाता विश्वेशो विश्वलोचनः । विश्वव्यापी विधेर्वेधाः शाश्वतो विश्वतो मुखः॥’, ‘विश्वकर्मा जगज्ज्येष्ठो विश्व-मूर्तिर्जिनेश्वरः। विश्वदृक् विश्वभूतेशो विश्वज्योतिः’, ‘जगदीशो जगत्पतिः’, ‘युगादि-पुरुषो ब्रह्मा पञ्चब्रह्ममयः शिवः । परः परतरः सूक्ष्मः परमेष्ठी सनातनः’॥ स्वयं-ज्योतिरजोऽजन्मा ब्रह्मयोनिः’, ‘अच्युतोऽनंतः’, परमात्मा परं ज्योतिस्त्रिजगत्परमेश्वरः,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'प्रजापतिः' 'स्थाणुः', 'हिरण्यगर्भः', 'सर्वात्मा सर्वलोकेशः', 'विश्वतः पादो' 'सहस्रशीर्ष', सहस्राक्षःसहस्रपात्', भूतभव्यभवद्भर्ता...महेश्वरः', 'विश्वभृद्विश्वसृट्', 'विश्वरूपात्मा', 'सुयज्वा', 'ऋत्विग् यज्ञपतिर्यज्ञोः', 'व्योममूर्तिः', 'ब्रह्मनिष्ठः', 'परब्रह्मात्मा ब्रह्मसंभवः', 'पुराणपुरुषोत्तम', 'स्रष्टा', 'पद्मेशः पद्मसंभूतिः पद्मनाभिः···पद्मयोनिर्जगद्योनिः', 'हृषीकेशः', 'त्राता', 'पुण्डरीकाक्षः' 'वेदविद्वेद्यो', 'अनादिनिधनः', 'महाप्रभुः ···महेश्वरः', 'चतुराननः', 'जगद्गर्भो', 'शंकरः', 'त्रिजगत्पतिः' 'जगन्नाथो', 'लक्ष्मीपतिः', 'लोकपतिः', 'त्रिपुरारिः त्रिलोचन त्रिनेत्रत्र्यम्बकः' ।

વગેરે નામોનો સંગ્રહ જિન સહસ્રનામોમાં થયેલો છે.

નીચે આપેલ વિનયપાઠનો અંશ એક જૈન કવિની રચના છે, એમાં મૂળ જૈન ભાવના અને સિદ્ધાંતને બદલે ભક્તિમાર્ગની ભાવના અને સિદ્ધાંતનો ઉપયોગ થયો છે :—

मैं बंदौं जिन देवको कर अति निरमल भाव ।
कर्मबंधके छेदने और न कछू उपाय ॥६॥

भविजनको भवकूप तैं तुम ही काढ़नहार ।
दीनदयाल अनाथपति आतम गुण भण्डार ॥७॥

तुम पदपंकज पूजतैं विघ्न रोग टर जाय ।
शत्रु मित्रताकों धरै विष निरविषता थाय ॥८॥

तुम बिन मैं व्याकुल भयो जैसे जल बिन मीन ।
जन्म जरा मेरी हरो करो मोहि स्वाधीन ॥१०॥"

[जिनवाणीसंग्रह, पृ० ६४]

કવિને પોતાનો કર્મબંધ કાપવાની અભિલાષા તો છે, પણ એને માટે જિનેન્દ્રદેવના વંદન સિવાય એને બીજો માર્ગ સૂઝતો નથી, એનું કારણ ભક્તિ છે. એને એ વિશ્વાસ છે કે ભગવાન જ અનાથોના નાથ છે, અને પોતે અનાથ છે : આ માન્યતા જૈન સિદ્ધાંતને અનુરૂપ નથી; કારણ કે જૈન દર્શન કોઈને કોઈનો નાથ નથી માનતું, પણ માર્ગદર્શક માને છે, તીર્થંકર માને છે. કવિની સ્વાધીન થવાની ભવાના, એ જૈન ભાવના છે, પણ એને માટે વ્યાકુળતાનું કારણ પોતાની નિષ્ક્રિયતા હોવું જોઈએ, નહીં કે ભગવાનનો વિરહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) ઈશ્વરકૃપાથી સર્વ સિદ્ધિ

ભક્તિમાર્ગી બધા સંપ્રદાયોએ ઈશ્વરકૃપાને ઘણું વધારે મહત્ત્વ આપ્યું છે. જૈન દર્શનમાં તો કાલલબ્ધિનો પરિપાક માનવામાં આવેલ છે. જ્યારે જીવને કાલલબ્ધિ થાય છે ત્યારે એ સન્માર્ગનો અધિકારી થાય છે. મિથ્યાત્વને કારણે જીવ અનાદિકાળથી સંસારમાં ભ્રમણ કરે છે. જ્યારે સન્માર્ગ પર આવવાનો એનો સમય પાકી જાય છે, ત્યારે જ એનું મિથ્યાત્વ દૂર થાય છે. જેમ નદીના પ્રવાહમાં પડેલો ખરબચડો પથ્થર ઘસાતો ઘસાતો, અમુક વખત જતાં, ગોળ અને સુંવાળો થઈ જાય છે, એ જ રીતે જીવ પણ સંસારમાં રખડપટ્ટી કરતો કરતો એવા કાળમાં પહોંચી જાય છે જ્યારે, બીજી સામગ્રી મળી આવતાં, એ સન્માર્ગ તરફ પ્રયાણ કરે છે. પણ ભક્તિમાર્ગમાં આ કાલલબ્ધિને સ્થાને ઈશ્વર-કૃપા માનવામાં આવેલ છે. બધીય સામગ્રી મળી હોય, પણ ઈશ્વરની કૃપા વગર બધું નકામું થઈ જાય છે. આનો અર્થ એ કે, પોતાનો પ્રયત્ન પણ ત્યારે જ સફળ થાય, જ્યારે ઈશ્વરકૃપા હોય.

ઈશ્વરકૃપારૂપ આ તત્ત્વે જૈન સાહિત્યમાં પણ, પોતાની ઢબે, સ્થાન મેળવ્યું છે. જેમ જેમ ભક્તિમાર્ગનો પ્રભાવ વધતો ગયો, તેમ તેમ બધાય ધર્મોને એના કેટલાંય તત્ત્વોને, પોતપોતાની ઢબે. અપનાવવાં જ પડ્યાં. જૈન સાહિત્યમાં તીર્થંકરોનાં કલ્યાણકોને અવસરે, બીજા જીવોની સાથે, નારકીના જીવોને પણ ક્ષણભર માટે સુખનો અનુભવ થાય છે, એવું વર્ણન મળે છે. સ્પષ્ટ રીતે આ ઈશ્વરકૃપા-તત્ત્વની જ અસર છે. જૈનોના કર્મશાસ્ત્ર મુજબ આ વાતનો કશો ખુલાસો નથી મળતો. એ જ રીતે જૈન પ્રાર્થના-કાવ્યોમાં તીર્થંકરોને એમની કૃપાને માટે જે અનુરોધ કરવામાં આવ્યો છે, એ પણ ભક્તિમાર્ગની જ કૃપા છે. કેમ કે જૈન સિદ્ધાંત પ્રમાણે તીર્થંકરો કૃપા નથી કરતા.

બૌદ્ધોના મત પ્રમાણે પણ પોતાના પ્રયત્ન અને પોતાના કર્મનું જ મહત્ત્વ છે. તોપણ કૃપાતત્ત્વની અસર એ ધર્મ ઉપર પણ થઈ છે. બુદ્ધના જન્મ વખતે અવીચિ નરકમાં શાંતિ અને સુખ પ્રવર્ત્યાની વાત લલિતવિસ્તર ગ્રંથમાં કહેવામાં આવી છે. અને સદ્ધર્મપુંડરીક ગ્રંથમાં તો દુઃખનું નિવારણ કરવા માટે અવલોકિતેશ્વર પોતે અવીચિનરકમાં ગયા હતા, એમ કહેવામાં આવ્યું છે. ઈસુ ખ્રિસ્તના સંબંધમાં પણ આવી જ વાતો કહેવામાં આવી છે.

આ કૃપાને કારણે ઈશ્વર વારંવાર જુદા જુદા અવતાર ધારણ કરે છે, એવું ભક્તિમાર્ગીઓનું કહેવું છે. પરંતુ જૈન દર્શન પ્રમાણે જે જીવ સિદ્ધ થઈ ગયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય એને ફરી વાર જન્મ લેવાનું કોઈ કારણ જ નથી. આમ છતાં જૈન કવિઓએ અને પ્રતિષ્ઠા કરવાવાળા માંત્રિકોએ, ભક્તિમાર્ગના પ્રવાહને લીધે, ભગવાનને અવતાર ધારણ કરવાની પ્રાર્થના કરી છે. જેમ કે—

"मैं तुमको इत थापतु हैं प्रभु,
भक्ति समेत हिये हरखाई ।
हे करुणाधनधारक देव,
इहें अब तिष्ठहु शीघ्रहि आई ॥" [जिनवाणीसंग्रह, पृ० ३३३]

"ॐ ह्रीं श्रीवर्धमानजिनेन्द्र ! अत्र अवतर अवतर । संवौषट् । ओं ह्रीं श्रीवर्धमानजिनेन्द्र ! अत्र तिष्ठ तिष्ठ । ठः ठः । ओं ह्रीं श्रीवर्धमानजिनेन्द्र, अत्र मम सन्निहितो भव भव । वषट् ।" [जिनवाणीसंग्रह, पृ० ३३३]

કેટલાય જૈન કવિઓએ ભક્તિમાર્ગનાં પ્રસાદ જેવાં તત્ત્વોને અપનાવ્યાં છે, અને તીર્થંકરોની પ્રાર્થનાઓની રચનાઓ કરી છે. જૈનોના સિદ્ધાંત પ્રમાણે પ્રાયશ્ચિત્તથી હિંસા વગેરે દોષોનું નિવારણ થાય છે; આમ છતાં એક જૈન કવિ કહે છે કે—

"जो प्रमादवशि होय विराधे जीव घने रे ।
तिनको जो अपराध भयो मेरे अघ ढेरे ॥
सो सब झूठो होउ जगत्पति के परसादे ।
जा परसाद तैं मिले सर्व सुख दुःख न लाघे ॥"

[जिनवाणीसंग्रह, पृ० ५०६]

નીચે આપવામાં આવેલ વિસર્જનનો અંશ ઈશ્વર-પ્રસાદથી બધી સિદ્ધિ થાય છે, એ વાતનો સૂચક છે, અને ભગવાનનું રક્ષકના રૂપમાં વર્ણન કરે છે. આ બન્ને બાબતો ઉપર ભક્તિમાર્ગની અસર છે :—

ज्ञानतोऽज्ञानतो वापि शास्त्रोक्तं न कृतं मया ।
तत्सर्वं पूर्णमेवास्तु त्वत्प्रसादात् जिनेश्वर ॥
आह्वानं नैव जानामि नैव जानामि पूजनम् ।
विसर्जनं न जानामि क्षमस्व परमेश्वर ।
मंत्रहीनं क्रियाहीनं द्रव्यहीनं तथैव च ।
तत्सर्वं क्षम्यतां देव रक्ष रक्ष जिनेश्वर ॥"

[जिनवाणीसंग्रह, पृ० ११०]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃંદાવન નામના જૈન કવિ તો, ભગવાન રાગ વગેરેથી રહિત છે એ વાતનો સ્વીકાર કરીને પણ, ભગવાનની અચિન્ત્ય શક્તિથી ભક્તોની પીડા દૂર થાય છે, એ વાતનું વર્ણન કરે છે ત્યારે એમના ઉપર વૃંદાવનનો વૈષ્ણવ ધર્મ જ અસર કરી ગયો છે, એમ માનવું પડે છે. એમની "दुखहरण" નામે સ્તુતિ કોઈ વૈષ્ણવના મુખમાં જ શોભે એવી છે, જૈનના નહીં. જુઓ એનો નમૂનો :—

"श्रीपति जिनवर करुणायतनं दुःखहरन तुम्हारा बाना है ।
मत मेरी बार अबार करो मोहि देहु विमल कल्याना है ॥
काहूको भोग मनोग करो, काहूको स्वर्ग विमाना है ।
काहूको नागनरेशपती काहूको ऋद्धिनिधाना है ॥
अब मों पर क्यों न कृपा करते, यह क्या अँधेर जमाना है ॥
इनसाफ करो मत देर करो सुखवृन्द भरो भगवाना है ॥
यद्यपि तुमको रागादि नहीं यह सत्य सर्वथा जाना है ।
चिन्मूरति आप अनंत गुनी नित शुद्ध दशा शिव बाना है ॥
यद्यपि भक्तन की भीड़ हरो सुख देत जिन्हें जु सुहाना है ।
यह शक्ति अचिंत तुम्हारी का क्या पावे पारस याना है ।
कमलाधरजी कमलाकरजो करिये कमला अमलाना है ।
अब मेरी विथा अवलोकि रमापति रंच न बार लगाना है ॥

[जिनवाणीसग्रह, पृ० ११७]

આ ઈશ્વર-પ્રસાદની વાત કેવળ તીર્થંકર સુધી જ મર્યાદિત નથી રહી, પણ ગુરુ અને શાસ્ત્ર સુધી પણ પહોંચી ગઈ છે, અને એમાં પરમપદની પ્રાપ્તિ બતાવવામાં આવી છે, જેમ કે:—

"प्रथमदेव अरिहंत सुश्रुत सिद्धांत जू ॥
गुरु निरग्रन्थ महन्त मुक्तिपुर पंथजू ॥
तीन रतन जगमांहि सो ये भवि ध्याइये ।
तिनकी भक्ति प्रसाद परमपद पाइये ॥"

[जिनवाणीसंग्रह, पृ० ४४]

ભક્તામર અને કલ્યાણમંદિર જેવાં નિત્યપાઠનાં સ્તોત્રોમાં પણ આ પ્રસાદતત્ત્વ પ્રગટ થયેલું જોવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) મુક્તિમાં પણ વૈષમ્ય મોજૂદ રહે છે

ભક્તિમાર્ગી સંપ્રદાયો માને છે કે મુક્તિમાં પણ દાસ્યભાવ ચાલુ રહે છે. ઈશ્વર અને ભક્ત બન્નેના જીવનમાં યોગ્યતા તો એક સરખી છે—બન્ને બ્રહ્મરૂપ છે—છતાં પણ ઈશ્વર ઈશ્વર જ છે, અને ભક્ત એનો દાસ છે. આથી ઊલટું, જૈન દર્શન પ્રમાણે મુક્ત જીવો વચ્ચે આવો કોઈ ભેદ નથી; બધાય સરખા છે. જૈનોની દાર્શનિક માન્યતા આવી હોવા છતાં કેટલાક જૈન આચાર્યોએ દુનિયામાં પોતાને બીજું કશું નહીં, પણ ભવોભવ તીર્થંકરની ભક્તિ જ મળે એવી કામના કરી છે. ખરી રીતે મોક્ષ કે સિદ્ધિ જ ધ્યેય બનવું જોઈતું હતું, ભક્તિ નહીં. તેથી જ, આપણે જોઈએ છીએ કે, કેટલાક જૈન ભક્ત કવિઓએ એમ સ્પષ્ટ રૂપે કહ્યું છે કે હે પ્રભુ! જ્યાં લગી મોક્ષ ન મળે ત્યાં લગી મને આપની ભક્તિ જ મળે, એ જ પ્રાર્થના છે. એક કવિએ તો સ્પષ્ટ કહ્યું કે "भुवनत्रयपूज्योऽहं जिनेन्द्र तव दर्शनात् । [जिनवाणीसंग्रह, પૃ० २२]

(૪) ભગવાન જ જીવોનું શરણ છે

ભગવાન જ જીવોનું શરણ છે, આ પણ બધાય ભક્તિમાર્ગીઓનો સિદ્ધાંત છે. પ્રપત્તિ(શરણાગતિ)ને નામે આનું વર્ણન મળે છે. સાધનાના બે માર્ગ છે: એક તો પોતાના પ્રયત્નનો, જેવી રીતે વાંદરાનું બચ્ચું પોતાની માને પકડી રાખે છે; અને બીજો માર્ગ બીજાના પ્રયત્નનો, જેમ બિલાડી પોતાના બચ્ચાને મોંથી પકડે છે. ભક્તોએ આ બીજો માર્ગ જ અપનાવ્યો છે. એ તો ભગવાનને પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને એમનું શરણ સ્વીકારે છે. ભગવાન જ પોતાની કૃપાથી ભક્તોને મુક્ત કરે છે. એકાંતિક ભક્તિ કે આસ્થા ઉત્પન્ન થયા પછી જીવને કશું કરવાનું બાકી નથી રહેતું; ભગવાન પોતે જ એમનો ઉદ્ધાર કરી દે છે.

આથી ઊલટું, જૈનોએ પહેલા માર્ગને જ અપનાવ્યો છે. જૈન આચાર્યોએ પણ તીર્થંકરના શરણે જવાની વાત તો કરી છે; પણ તીર્થંકરના શરણનો અર્થ કેવળ તીર્થંકર ઉપરની આસ્થા કે એમની એકાન્તિક ભક્તિ, એવો નથી; કારણ કે ખુદ ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમની આવી આસ્થા અને ભક્તિ જ તેમની મુક્તિમાં બાધક બની હતી. જ્યારે ભગવાન મહાવીરનું નિર્વાણ થયું ત્યારે ગૌતમની આંખો ખૂલી ગઈ અને એમણે જોયું કે પોતાને ભગવાન મહાવીર ઉપર અનન્ય ભાવે જે મમત્વ હતું, એ જ પોતાની મુક્તિમાં બાધક બન્યું હતું. ત્યારે એમણે પોતાના આત્માનું જ શરણ સ્વીકાર્યું, અને મુક્ત થઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી તીર્થંકરના શરણનો અર્થ એટલો જ છે કે એમણે બતાવેલા માર્ગે અનન્ય નિષ્ઠાપૂર્વક ચાલવું હોય તો પહેલાં એમના ઉપર આસ્થા થવી જરૂરી છે; નહીં તો એમણે પ્રરૂપેલ માર્ગ ઉપર શ્રદ્ધા ટકી રહેશે નહીં. જ્યારે પોતાની મેળે ચાલતાં ચાલતાં કર્મોનો બંધ ઢીલો થઈ જાય છે ત્યારે માર્ગ ઉપર ચાલવાની શ્રદ્ધા દૃઢ થઈ જાય છે. આની પરાકાષ્ઠાને લીધે, સ્વાનુભૂતિ થવાથી, પોતે જ્યારે શુદ્ધ થઈ જાય છે, ત્યારે એ તીર્થંકરોની બરાબર તો શું, ક્યારેક તો એવું પણ બને છે કે, તીર્થંકર સંસારમાં વિચરતા રહે અને સાધક એમનાથીય આગળ વધીને, એમની પહેલાં જ, સિદ્ધ-અવસ્થામાં પહોંચી જાય છે.

(૫) ભક્તિ એ સાધ્ય છે

બધાય ભક્તિમાર્ગીઓએ ભક્તિને એક સાધન નહીં પણ સાધ્ય માનેલ છે. અર્થાત્ ભક્તને મોક્ષનું કામ નથી; એ તો પરાકાષ્ઠાએ પહોંચેલી ભક્તિને માટે જ પ્રયત્નશીલ હોય છે. મોક્ષ, એ તો પરાકાષ્ઠાએ પહોંચેલી ભક્તિનું આનુષંગિક ફળ છે, જે ભક્તને મળે છે. પણ એની ઝંખના એ માટે નથી હોતી; એ તો ભક્તિનો જ પરમ ઉત્કર્ષ વાંછે છે.

આથી ઊલટું, જૈનોએ ભક્તિનો એક સાધન રૂપે જ સ્વીકાર કર્યો છે. જીવનું ધ્યેય તો મુક્તિ જ છે. એના બધા પ્રયત્નો મુક્તિને માટે જ હોય છે. એ પ્રયત્નોમાં, અમુક હદ સુધી, ભક્તિને પણ સ્થાન છે. પણ છેવટે તો આ ભક્તિને—બીજાઓ પ્રત્યેના સ્નેહભાવને—પણ છોડવી જ પડે છે; કારણ કે પ્રશસ્ત હોવા છતાં એ છે તો રાગ જ; અને, જૈન સિદ્ધાંત અનુસાર, વીતરાગ થયા વિના મોક્ષ થતો જ નથી. તેથી જ કોઈ જૈન આચાર્યે સ્પષ્ટ કહ્યું છે કે—

"तव पादौ मम हृदये मम हृदयं तव पदद्वये लीनम् ।
तिष्ठतु जिनेन्द्र तावद्यावन्निर्वाणसंप्राप्तिः ॥"

[जिनवाणीसंग्रह, पृ० १०८, २६३]

આ શ્લોકમાં ભક્તિનો પાસ તો છે જ, પણ ધ્યેયની બાબતમાં કવિ સંદિગ્ધ નથી. આ જ રીતે ભક્ત પોતાને કિંકર કહે છે, શરણમાં લેવાની વાત કહે છે; કરુણા કરવાનું કહે છે—આ બધાંય તત્ત્વો ભક્તિમાર્ગનાં છે—છતાં ભક્તિ, એ એક સાધન છે, સાધ્ય નહીં, આ વાતને જૈન આચાર્યો ક્યારેય વીસર્યા નથી; જુઓ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"त्रिभुवनगुरो जिनेश्वर परमानन्दैककारण कुरुष्व ।
मयि किंकरेऽत्र करुणा यथा तथा जायते मुक्तिः ॥
"त्वं कारुणिकः स्वामी त्वमेव शरणं जिनेश"

[जिनवाणीसंग्रह, પૃ० १०९]

"जगदेकशरण भगवन् नौमि श्रीपद्मनंदितगुणौघ ।
किं बहुना कुरु करुणामत्र जने शरणमापन्ने ॥"

[जिनवाणीसंग्रह, પૃ० ११०]

વૈષ્ણવોની જેમ જૈન આચાર્યોએ પણ ભક્તિને મહત્ત્વ તો આપ્યું છે; કેટલાક નમૂના જુઓ :—

"जन्म जरा मिथ्यामत मूल जन्ममरण लागे तँह फूल ।
सो कबहुँ बिन भक्ति कुठार, कटे नहीं दुःख फल दातार ॥"

[जिनवाणीसंग्रह, પૃ० २६२]

"यह संसार अपार महासागर जिनस्वामी ।
तातैं तारे बड़ी भक्तिनौका जगनामी ॥"

[जिनवाणीसंग्रह, પૃ० ९१]

"तुम भक्तिनवका जे चढे ते भये भवदधि पार ही ।"

[जिनवाणीसंग्रह, પૃ० ६४]

કેટલાક આચાર્યોએ મુક્તિને માટે ભવોભવ ભક્તિની યાચના કરી છે; જેમ કે :—

"अब होउ भव भव स्वामी मेरे मैं सदा सेवक रहों ।
कर जोड़ यो वरदान मांगू मोक्ष फल जावत लहों ॥"

[जिनवाणीसंग्रह; પૃ० ११२, १२५]

પણ ખરી રીતે, જૈન મત પ્રમાણે, મહત્ત્વ ભક્તિનું નહીં પણ ચારિત્રનું જ છે; તેથી ભક્તિની નહીં પણ ચારિત્રની જ યાચના કરવી જોઈતી હતી. કોઈક જૈન પૂર્વાચાર્યે સ્પષ્ટ કહ્યું છે કે :—

"किं बहुणा भणिएणं नन्नं मग्गेमि देसु चारित्तं ।
जेण भणिज्जइ सव्वे पया पविट्ठा उ हत्थिपए ॥"

[जैनस्तोत्रसंदोह, પૃ० ८१]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિમાર્ગનાં આ મૌલિક તત્ત્વો ઉપરાંત ભગવાનના બાહ્ય શરીરની શોભાનું વર્ણન કરવાની પ્રણાલી, નામ-જપનું માહાત્મ્ય, મુક્તિને 'રમણી' કહીને એનું શૃંગારમય વર્ણન, તીર્થંકરનું અવતાર રૂપે વર્ણન, ભગવાનની કરુણાનું વર્ણન, તીર્થંકરની મૂર્તિની પૂજાના પ્રકારોમાં નૈવેદ્ય વગેરેનો સમાવેશ, નામસ્મરણથી મુક્તિ થવાનું કથન વગેરે આ બધાં તત્ત્વો પણ જૈન સ્તુતિઓ ઉપર પડેલ ભક્તિમાર્ગના પ્રભાવને જ સૂચવે છે.

જૈન દૃષ્ટિએ ભક્તિનું રહસ્ય

આચાર્ય દેવચંદ્રજીએ, પોતાના ઋષભજિન સ્તવનમાં, ભક્તિનું જૈન દૃષ્ટિએ જે વિવેચન કર્યું છે, એને આધારે અહીં જૈન ભક્તિ અંગે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

આચાર્ય દેવચંદ્રજીનું કહેવું છે કે મનુષ્યસ્વભાવમાં પ્રીતિનું તત્ત્વ તો રહેલું જ છે. જ્યાં સુધી પ્રીતિનું આલંબન કોઈ પણ દુન્યવી પદાર્થ હોય છે, ત્યાં સુધી જીવની ઉન્નતિનો સંભવ નથી. એટલા માટે પ્રીતિનું આલંબન બદલવું જોઈએ. જો વીતરાગને પ્રીતિનું આલંબન બનાવવામાં આવે તો ભક્તિને સ્થાન મળી જાય છે; પણ સવાલ એ છે કે વીતરાગ તીર્થંકર અને જીવની વચ્ચે પ્રીતિ કેવી રીતે સંભવે? કારણ કે તીર્થંકર તો સિદ્ધ થઈ ગયા છે, અને શુદ્ધ છે; અને જીવ તો સંસારમાં રહેલો છે, અને અશુદ્ધ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવની દૃષ્ટિએ બંનેના મેળાપનો સંભવ જ નથી. સંદેશો મોકલીને પણ પરિચયનો સંભવ નથી; કેમ કે જે કોઈ ભગવાનની પાસે જાય છે, એ પણ ભગવાનના જેવો જ બની જાય છે, અને ખબર આપવા પાછો આવતો નથી! એક બીજી પણ મુશ્કેલી એ છે કે પ્રીતિ એક પક્ષથી તો થઈ જ નથી શકતી. જીવ, જે પ્રીતિ કરવા ચાહે છે, તે રાગી છે; પણ એ જેની સાથે પ્રીતિ કરવા ઇચ્છે છે, તે વીતરાગ છે. રાગી તો ગમે તે રીતે પ્રીતિ કરી લે છે, પણ વીતરાગને કેવી રીતે મનાવી શકાય? આ તો એકપક્ષી પ્રીતિ થાય. સંસારમાં જે પ્રીતિ જોવામાં આવે છે, એ ઉભયપક્ષી અને રાગમૂલક હોય છે; અને એક પક્ષમાં રાગ હોવાથી વીતરાગની સાથે પ્રીતિ કરવાની વાત વિલક્ષણ હોવાને લીધે જ લોકોત્તર છે. એના લોકોત્તરપણાનું એક બીજું પણ કારણ છે. જીવને જેવી પ્રીતિનો અભ્યાસ છે, એથી તો એના સંસારની જ વૃદ્ધિ થાય છે; કેમ કે એથી નવાં કર્મોનો જ બંધ થાય છે. પણ વીતરાગ તરફ જે રાગ છે, તે એવો નથી હોતો કે જેને લીધે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસાર વધે. ભક્ત પ્રીતિ કરીને ભગવાનની પાસે એમના ગુણોની ભિક્ષા નથી માંગતો, પરંતુ ભગવાનના વિશુદ્ધ ગુણો પ્રત્યે અનુરાગ દાખવીને પોતામાં રહેલા એવા જ ગુણોને પ્રગટ કરવા ઇચ્છે છે. આ વિલક્ષણતાઓને લીધે સવાલ એ થાય છે કે આવી પ્રીતિ કેવી રીતે કરી શકાય ?

આનો જવાબ દેવચંદ્રજીએ એ આપ્યો છે કે બાહ્ય અનંત પદાર્થોમાંથી પ્રીતિને પાછી ખેંચી લેવાથી જ વીતરાગની સાથે પ્રીતિ થઈ જાય છે; અર્થાત્ ત્યારે વીતરાગતાના ગુણ દ્વારા બંને સમાન કક્ષામાં આવી જાય છે. આ રીતે—"પ્રભુજીને અવલંબતાં નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાસ"—"પ્રભુને પ્રીતિનું આલંબન બનાવવાથી ભક્ત પોતે પ્રભુ બની જાય છે.

તીર્થંકરની ભક્તિનો આ દૃષ્ટિએ એ જ અર્થ સમજવો કે એમની આજ્ઞાનું પાલન કરવું—"आणाकारी भत्तो"—અર્થાત્ તીર્થંકરે જે જે વિધિ-નિષેધો બતાવ્યા હોય એ મુજબ આચરણ કરવું એ તીર્થંકરની ભક્તિ છે. તીર્થંકરની આજ્ઞા એ એમનો હુકમ નહીં, પણ તેઓએ પોતે જે માર્ગનું અનુસરણ કરીને પોતાની ઉન્નતિ સાધી છે, તે જ માર્ગનો એમણે બધી જીવોને માટે જે ઉપદેશ આપ્યો છે, એ જ આજ્ઞાને નામે ઓળખાય છે.

ભક્તિથી કાર્યસિદ્ધિ કેવી રીતે થાય છે, એ વાત અધ્યાત્મયોગી દેવચંદ્રજીએ એક દૃષ્ટાંત દ્વારા સમજાવી છે. એમણે કહ્યું છે કે ભક્તને માટે પ્રભુ તો કશો જ પ્રયત્ન નથી કરતા, પરંતુ બકરાંઓનાં ટોળામાં જઈ પડેલો સિંહ જેવી રીતે સિંહના દર્શનથી પોતાના સિંહપણાને ઓળખી લે છે, એવી જ રીતે ભક્ત પણ પ્રભુના સ્વરૂપના દર્શનથી પોતાની પ્રભુતાને પિછાની લે છે :—

"अजकुलगत केसरी लहे रे निज पद सिंह निहाल ।
तिम प्रभुभक्तें भवि लहें रे आतमशक्ति संभाल ॥"

જો પ્રભુ પોતે કંઈ કરતા ન હોય, કશું આપતા પણ ન હોય, તો પછી જૈન આચાર્યોએ એમની પાસે પોતાનો ઉદ્ધાર કરવાની અને પોતાને મોક્ષપદ આપવાની જે વિનતિ કરી છે, એનું સ્પષ્ટીકરણ શું હોઈ શકે : આ પ્રશ્નનો ઉત્તર પણ શ્રી દેવચંદ્રજીએ આપ્યો છે :

બધાં કાર્યો પોતાના કર્તા અને કારણ-સામગ્રીમાંથી ઉત્પન્ન થાય છે. મુક્તિરૂપી કાર્યને માટે આત્મા કર્તા છે, અરિહંત ભગવાન નિમિત્ત–કારણ છે. ભગવાન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપી નિમિત્તને પામ્યા છતાં પણ જો આત્મા પ્રયત્નશીલ ન થાય તો મુક્તિ મળતી નથી. તેથી મુખ્ય કર્તૃત્વ પોતાના આત્માનું જ હોવા છતાં મુક્તિરૂપી કાર્યમાં ભગવાન પુષ્ટ આલંબન હોવાથી, ઉપચારથી, ભગવાનને કર્તા માનીને એમને ઉદ્ધારક, તારણહાર, મોક્ષદાતા વગેરે કહેવામાં આવે છે. ભગવાનને નિમિત્ત-કારણ કહેવામાં આવેલ છે તે પણ એ દૃષ્ટિએ કે એમના સ્વરૂપનું જ્ઞાન જીવનો પોતાના પરમાત્મભાવના જ્ઞાનમાં સહાયક બને છે. તેથી જ ઉપચારથી ભગવાનને નિર્યામક, વૈદ્ય, ગોપ, આધાર, ધર્મદાતાર—એવા શબ્દોથી સંબોધવામાં આવે છે.

મૂળ હિંદી ઉપરથી અનુવાદિત] "જનવાણી", એપ્રિલ, ૧૯૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦

ભગવાન મહાવીર

શ્રમણસંસ્કૃતિ અને ઈશ્વર

શ્રમણસંસ્કૃતિની જ એ ખાસ વિશેષતા છે કે તેમાં પ્રાકૃતિક, આધિદૈવિક દેવો કે નિત્યમુક્ત ઈશ્વરને 'કર્તા' તરીકેનું સ્થાન આપવામાં આવ્યું નથી; તેમાં તો એક સામાન્ય મનુષ્ય જ પોતાનો ચરમ વિકાસ સાધી સાધારણ જનતાને માટે જ નહિ પણ દેવોને માટે પણ પૂજ્ય બની જાય છે. એટલા જ માટે શ્રમણસંસ્કૃતિમાં ઇન્દ્રાદિ દેવોનું સ્થાન પૂજક તરીકેનું છે, પૂજ્ય તરીકેનું નહિ. ભારતવર્ષમાં રામ અને કૃષ્ણ જેવા મનુષ્યોની પૂજા બ્રાહ્મણસંસ્કૃતિમાં થવા તો લાગી, પણ બ્રાહ્મણોએ તેમને કેવળ મનુષ્ય, શુદ્ધ મનુષ્ય રહેવા ન દીધા; તેમનો સંબંધ મુક્ત ઈશ્વરની સાથે જોડી દીધો. તેમને ઈશ્વરના અવતારરૂપે માનવા લાગ્યા; પણ આથી વિરુદ્ધ શ્રમણસંસ્કૃતિના મહાવીર પૂર્ણ પુરુષ અથવા મનુષ્ય જ રહ્યા. તેમને નિત્ય-બુદ્ધ, નિત્ય મુક્તરૂપ ઈશ્વર માનવામાં ન આવ્યા, કારણ કે શ્રમણસંસ્કૃતિમાં સર્વનો કર્તા ઈશ્વર છે, એવા નિત્ય ઈશ્વરને કોઈ સ્થાન જ નથી.

અવતારવાદનો નિષેધ

એક સામાન્ય મનુષ્ય જ જ્યારે પોતાના ગુણકર્માનુસાર અવતાર ધારણ કરે છે ત્યારે

> यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
> अभ्युत्थानमधर्मस्यै तदात्मानं सृजाम्यहम् ॥

ઈશ્વરના અવતારવાદના આ સિદ્ધાન્તને ત્યાં અવકાશ જ નથી રહેતો. સંસાર કોઈ દિવસ સ્વર્ગ થયો નથી અને થશે પણ નહિ; માટે સંસારમાં તો સદાકાળ ધર્મોદ્ધારકની આવશ્યકતા રહેવાની જ. સુધારકો તેમ જ ક્રાંતિના ઝંડાધારીઓ માટે આ સંસારમાં હંમેશાં અવકાશ રહ્યા કરે જ છે. સમકાલીનો તે સુધારક કે ક્રાન્તિકારીને બરાબર ઓળખીને એની એટલી કદર કરી શકતા નથી જેટલી ભાવિ પ્રજાજનો કરી જાણે છે. તે સુધારક કે ક્રાન્તિકારીની જીવિતાવસ્થામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના પણ અનેક વિરોધીઓ રહે છે. પ્રત્યેક મહાપુરુષોને સમકાલીન પરિસ્થિતિની કુરીતિઓ-બૂરાઈઓ સામે લડવું પડે છે, ક્રાન્તિ કરવી પડે છે, તેમ જ નવો ચીલો પાડી સુધારો પણ કરવો પડે છે. જેઓ જેટલું સુધારકામ કરી શકે છે તેટલું જ તેમનું નામ પ્રસિદ્ધિને પામે છે.

શ્રમણસંસ્કૃતિની એવી માન્યતા છે કે, જે કોઈ ત્યાગ અને તપશ્ચર્યાના માર્ગે ચાલી પોતાના આત્મવિકાસની પરાકાષ્ઠાએ પહોંચે છે, તે 'પૂર્ણ' બની જાય છે. ભગવાન મહાવીરે પોતાની પૂર્ણતામાં જ કૃતકૃત્યતા ન માની પણ તે વખતના સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે પણ તેમણે પૂરેપૂરો પ્રયત્ન કર્યો. આ માટે તેમણે પોતે તથા તેમના શિષ્યોએ ચારેકોર જનપદવિહાર કરી જનતાને સ્વતંત્રતાનો સંદેશ સંભળાવ્યો અને અનેકોને આંતર તેમ જ બાહ્ય બંધનોથી મુક્ત કર્યા.

પરિસ્થિતિ

ભગવાન મહાવીરને કેવી સ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું તેનો સંક્ષેપમાં અત્રે નિર્દેશ કરવો આવશ્યક છે. બ્રાહ્મણોએ ધાર્મિક અનુષ્ઠાનોને એવી રીતે પોતાના હસ્તક કરી રાખ્યાં હતાં, કે જ્યાં સુધી પુરોહિત વચ્ચે પડી સહાયતા ન કરે ત્યાં સુધી મનુષ્ય અને દેવો વચ્ચે સીધો સંબંધ સ્થાપિત થઈ શકતો ન હતો. પુરોહિત એક સહાયક રૂપે વચ્ચે પડતા હોત તો તેમાં કાંઈ વાંધો ન હતો, પણ તેમણે તો પોતાના સ્થિર સ્વાર્થોની રક્ષા માટે પ્રત્યેક ધાર્મિક અનુષ્ઠાનોમાં પોતાની મધ્યસ્થતા અનિવાર્ય કરી દીધી હતી. એક બાજુ બ્રાહ્મણ પુરોહિતોએ ધાર્મિક અનુષ્ઠાનોમાં એવી જટિલતા પેદા કરી દીધી હતી કે જેથી તેમના વિના કામ જ ચાલી ન શકે; અને બીજી બાજુ તેમણે પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે અનુષ્ઠાનો-વિધિવિધાનો વિપુલ સાધનસામગ્રીથી સંપન્ન થાય એવાં બનાવી દીધાં હતાં કે જેને પરિણામે તેમને પુષ્કળ અર્થપ્રાપ્તિ પણ થઈ જાય. આવાં અનુષ્ઠાનોને બ્રાહ્મણ જાતિ સિવાય બીજા કોઈ સંપન્ન કરાવી શકતા ન હતા. આ કારણે બ્રાહ્મણોમાં જાતિઅભિમાનની માત્રા પણ ઘણી વધી જવા પામી હતી. માનવજાતિની સમાનતા અને એકતાના સ્થાને ઊંચનીચ-ભાવનાના આધારે જાતિવાદનું ભૂત ઊભું કરી સમાજના એક અંગ-શૂદ્રને ધાર્મિક આદિ બધા લાભોથી વંચિત કરી દેવામાં આવ્યો હતો!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્ચ કહેવાતી જાતિએ પોતાના ગૌર વર્ણની રક્ષા માટે સ્ત્રીઓની સ્વતંત્રતા ઝૂંટવી લીધી હતી. સ્ત્રીઓને તે વખતે ધાર્મિક અનુષ્ઠાનનું સ્વાતંત્ર્ય ન હતું. તેમને તો માત્ર પોતાના પતિદેવની સહચારિણી રૂપે રહેવા પૂરતું જ ધાર્મિક ક્ષેત્રમાં સ્થાન હતું.

ગણરાજ્યોના સ્થાને વ્યક્તિગત સ્વાર્થીએ વૈયક્તિક રાજ્ય સ્થાપવાનું કામ શરૂ કરી દીધું હતું અને એ કારણે રાજ્યોમાં પરસ્પર શંકાનું વાતાવરણ ફેલાયેલું હતું.

ધર્મક્રાંતિ

તે વખતે ધર્મ કે ધાર્મિક અનુષ્ઠાનોનો અર્થ એટલો જ થતો હતો કે સંસારમાં જેટલું અને જેવું સુખ મળે છે, તેથી અધિક સુખ આ લોકમાં કે મૃત્યુ બાદ પરલોકમાં પ્રાપ્ત થાય. ધાર્મિક સાધનોમાં યજ્ઞનું સ્થાન મુખ્ય હતું. આ યજ્ઞ-યાગમાં વેદમંત્રોના પાઠ સાથે અત્યધિક માત્રામાં હિંસા થતી હતી. વેદમંત્રોની ભાષા સંસ્કૃત હોવાને કારણે લોકભાષા પ્રાકૃત આદિનો અનાદર થાય એ સ્વાભાવિક હતું. વેદના મંત્રોમાં ઋષિઓએ કાવ્યગાન કરેલ છે. સુખસાધનો પૂરાં પાડનારી પ્રકૃતિને ધન્યવાદ આપવામાં આવેલ છે. ઋષિઓએ અનેક પ્રકારના દેવતાઓની સ્તુતિ કરેલ છે અને પોતાની આશા-નિરાશાઓ વ્યકત કરેલ છે. આ જ મંત્રોના આધારે યજ્ઞોની સૃષ્ટિ થયેલ છે. આ કારણે મોક્ષ, નિર્વાણ, આત્યંતિક સુખ કે પુનર્જન્મના ચક્રને કાપી નાખવાની વાતને તેમાં અવકાશ નથી. ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પુરુષાર્થોની સિદ્ધિની આસપાસ જ ધાર્મિક અનુષ્ઠાનોની સૃષ્ટિ થયેલી હતી.

આ પરિસ્થિતિનો સામનો તો ભગવાન મહાવીરની પહેલાં જ શરૂ થઈ ગયો હતો, જેનો આભાસ આપણને આરણ્યકો અને પ્રાચીન ઉપનિષદોમાંથી પણ મળી આવે છે. પરંતુ ભગવાન મહાવીરે જે ક્રાંતિ કરી અને તેમાં તેમને જે સફળતા મળી તે અદ્ભુત છે. આ જ કારણે આ મહાપુરુષનું નામ આ જ સુધી લાખો-કરોડો લોકોની જીભ ઉપર રમી રહ્યું છે.

સંક્ષિપ્ત ચરિત્ર

ભગવાન મહાવીરનો જન્મ ક્ષત્રિયકુંડપુરમાં (વર્તમાન બસાડ ગામમાં પટનાથી થોડા માઈલ દૂર) થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાનું નામ ત્રિશલા હતું. તેમના પિતા જ્ઞાતૃવંશના ક્ષત્રિય હતા. તેઓ ઠીક પ્રભાવશાળી વ્યક્તિ હોવા જોઈએ, કારણ કે તેમનાં પત્ની ત્રિશલાદેવી વૈશાલીના અધિપતિ ચેટકની બહેન થતાં હતાં. ચેટકની સાથેના આ સંબંધને કારણે તત્કાલીન મગધ, વત્સ, અવંતી આદિના રાજાઓની સાથે પણ તેમને સ્નેહસંબંધ બંધાયો હોય એ સ્વાભાવિક છે; કારણ કે ચેટકની પુત્રીઓનો વિવાહસંબંધ એ બધા રાજાઓની સાથે થયો હતો. ચેટકની એક પુત્રીનાં લગ્ન ભગવાન મહાવીરના મોટાભાઈ નંદિવર્ધન સાથે પણ થયાં હતાં. સંભવ છે કે આ સંબંધને કારણે પણ ભગવાન મહાવીરને પોતાના ધર્મપ્રચારના કાર્યમાં કેટલીક સગવડ અને સફળતા પ્રાપ્ત થઈ હોય.

માતાપિતાએ ભગવાન મહાવીરનું મૂળ નામ વર્ધમાન રાખ્યું હતું; કારણ કે તેમના જન્મ સમયે તેમની સંપત્તિમાં વૃદ્ધિ થઈ હતી. પરંતુ આ જ સંપત્તિની નિઃસારતાથી પ્રેરિત થઈ તેમણે ત્યાગ અને તપશ્ચર્યામય જીવનનો કઠિન માર્ગ સ્વીકાર કર્યો. તેમની ઘોર–અત્યુત્કટ સાધનાને કારણે તેઓ મહાવીર પદને પામ્યા અને એ જ નામે પ્રસિદ્ધ થયા. વર્ધમાન નામને લોકો ભૂલી ગયા.

તેઓ ખરી શાંતિ તેમ જ સુખ વૈભવોના ભોગમાં નહિ પણ ત્યાગમાં જ સમજતા. આખરે ૩૦ વર્ષની યુવાવસ્થામાં જ તેઓ બધાયનો પરિત્યાગ કરી ત્યાગી બની ગયા. ૩૦ વર્ષ સુધી તેમણે જે ગૃહવાસ સ્વીકાર્યો હતો તેનું મુખ્ય કારણ પણ પોતાનાં માતા–પિતા તેમ જ મોટાભાઈની ઇચ્છાને માન આપવા પૂરતું જ હતું. સંસારમાં રહેવા છતાં તેમનું મન સાંસારિક પદાર્થોમાં આસક્ત ન હતું. અંતિમ વર્ષમાં તો તેમણે પોતાની પાસે જે કાંઈ હતું તે બધું દીન–હીન લોકોને આપી દીધું હતું અને પોતે અકિંચન બની ઘરબાર છોડી ચાલી નીકળ્યા હતા.

તપશ્ચર્યાનું રહસ્ય

ભગવાન પાર્શ્વનાથે તે વખતની તામસિક તપશ્ચર્યાઓનો વિરોધ કરી આત્મશોધનનો—અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહનો—સરળ માર્ગ બતાવ્યો હતો. વૃક્ષ ઉપર લટકવું, પંચાગ્નિ વચ્ચે તપવું, લોઢાના કાંટા ઉપર સૂવું ઇત્યાદિ તામસિક તપસ્યાઓને સ્થાને તેમણે ધ્યાન, ધારણા, સમાધિ અને ઉપવાસ–અનશન આદિ સાત્ત્વિક તપશ્ચર્યાનો પ્રચાર કર્યો હતો. વર્ધમાન કુમારે પણ આત્મશુદ્ધિ માટે આ જ સાત્ત્વિક ઉપાયો વડે અને પોતાની ઉત્કટ અને સતત અપ્રમત્ત સાધનના બળે આત્મશુદ્ધિ કરી સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન બુદ્ધે તપશ્ચર્યાને કાયક્લેશ બતાવી આત્મશુદ્ધિમાં અનુપયોગી બતાવી છે. તેમણે પોતે લાંબા કાળ સુધી ઉત્કટ તપસ્યાઓ કરી, પણ બોધિલાભ પ્રાપ્ત કરવામાં સફળ ન થયા. આનું કારણ તપશ્ચર્યા દ્વારા આત્મશુદ્ધિ થતી નથી કે તપશ્ચર્યા એક સદુપાય નથી એમ નથી; પરંતુ વાત એમ છે કે તપશ્ચર્યાની અમુક મર્યાદા હોય છે અને તે એ કે, જ્યાં સુધી આત્મિક શાંતિ જળવાઈ રહે, સમાધિમાં વિઘ્ન–બાધા ન પડે, ત્યાં સુધી જ તપશ્ચર્યા શ્રેયસ્કર નીવડે છે. જે તપસ્યાઓ દ્વારા સમાધિમાં બાધા પડે તે અમર્યાદિત તપસ્યાઓ નિષ્ફળ થાય છે.

ભગવાન બુદ્ધે પોતાની શક્તિનો ખ્યાલ રાખ્યા વિના એવી ઉત્કટ તપસ્યાઓ કરી કે જેથી તેમની સમાધિમાં જ ભંગ થઈ ગયો. એટલા માટે તેમને તપશ્ચર્યા નિષ્ફળ જણાય તો એમાં કોઈ આશ્ચર્યની વાત નથી. પણ, આથી વિરુદ્ધ, ભગવાન મહાવીરે તપશ્ચર્યા કરવાની સાથે હમેશાં પોતાની શરીરશક્તિનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો. પોતાની શક્તિ બહારની અમર્યાદિત તપસ્યાઓ તેમણે કરી નહિ. એ જ કારણ છે કે જે તપસ્યાને બુદ્ધે નિષ્ફળ બતાવી તે જ તપશ્ચર્યાના બળે ભગવાન મહાવીરે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આમ છતાં ભગવાન બુદ્ધે પણ પોતાના ઉપદેશોમાં કેટલીક તપશ્ચર્યાઓનું વિધાન કર્યું જ છે.

સંયમમાર્ગ

ભગવાન મહાવીરની તપશ્ચર્યાની સફળતાનું રહસ્ય સંયમમાં રહેલું છે "કોઈ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારની પીડા ન આપવી, બધાં સત્ત્વો પ્રત્યે મૈત્રી રાખવી, પોતાના જીવનમાં જે કોઈ વિઘ્નો–બાધાઓ ઊભી થાય તે બધીને કોઈ બીજાની સહાયતા લીધા વિના સમભાવપૂર્વક સહન કરવી" એ તેમની પ્રતિજ્ઞા હતી. આ કઠોર પ્રતિજ્ઞાને તેમણે એક વીર પુરુષની માફક પાળી બતાવી. એ કારણે તેઓ મહાવીર પદને પામ્યા.

સંયમની સાધના કરવા માટે પોતાની પ્રવૃત્તિઓને સંકુચિત કરવી આવશ્યક છે. કારણ કે મનુષ્ય ઇચ્છે તોપણ તે એકલો બધા જીવોના સુખ માટે પ્રયત્ન કરી શકતો નથી. પોતાની આસપાસના સમસ્ત જીવોને પણ તે બહુ જ મુશ્કેલીથી સુખી કરી શકે છે. તો પછી સંસારના બધા જીવોને સુખી કરવાની જવાબદારી તે એકલો કેવી રીતે લઈ શકે? પરંતુ એનો અર્થ એ નથી કે મનુષ્યે તે માટે કાંઈ જ ન કરવું. જગતના જીવોનું સુખ અને કલ્યાણ કરવાની ભાવનવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યે પોતાની મૈત્રીભાવનાનો વિસ્તાર કરવો જ જોઈએ; અને પોતાના શારીરિક વ્યવહારને, પોતાની આવશ્યકતાઓને એટલાં બધાં ઓછાં કરી દેવાં જોઈએ કે જેથી બીજાઓને જરા પણ કષ્ટ ન થાય. જે અનિવાર્ય હોય તેટલાં જ વ્યવહાર કે પ્રવૃત્તિ કરવાં જોઈએ. પોતાની પ્રવૃત્તિને–અનિવાર્ય પ્રવૃત્તિને–પણ અપ્રમાદપૂર્વક કરવી જોઈએ. આનું નામ જ સંયમ છે અને તે જ નિવૃત્તિમાર્ગ છે.

ભગવાનની સાધના

ભગવાન મહાવીરે અપ્રમત્ત ભાવે આ સંયમમાર્ગનું અવલંબન લીધું. આત્માને શુદ્ધ કરવા માટે, વિજ્ઞાન, સુખ અને શક્તિથી પરિપૂર્ણ કરવા માટે તેમ જ દોષાવરણોને દૂર કરવા માટે તેમણે જે ઘોર પરાક્રમ કર્યું છે તેનું વર્ણન આચારાંગના અતિ પ્રાચીન અંશ પ્રથમ શ્રુતસ્કંધમાં કરવામાં આવેલ છે. તેને વાંચતાં જ એમની દીર્ઘતપસ્વી તરીકેની સાધનાનો સચોટ ખ્યાલ આવે છે. એ ચરિત્રવર્ણનમાં એવી કોઈ દિવ્ય વાતનો ઉલ્લેખ નથી, એવો કોઈ ચમત્કાર ચિત્રિત નથી, જે અપ્રતીતિકર હોય અથવા અંશત: અસત્ય કે અસંભવિત માલૂમ પડે. ત્યાં તેમનું શુદ્ધ માનવીચરિત્ર વર્ણિત છે. અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ પ્રસ્થાન કરનાર એક અપરાજિત અપ્રમત્ત સંયમી–પુરુષનું ચરિત્ર ત્યાં વર્ણિત છે. આ ચરિત્રની જૈનધર્મના આચરણના વિધિ-નિષેધોની સાથે તુલના કરવાથી એ સ્પષ્ટ જણાય છે કે, ભગવાન મહાવીરે પોતે જે પ્રકારની સંયમસાધના કરેલ છે તે જ સાધનાને માર્ગે બીજાઓને લઈ જવાનો તેમણે ઉપદેશ અને પ્રયત્ન કરેલ છે.

ગૃહત્યાગ કર્યા બાદ તેમણે કોઈ દિવસ વસ્ત્રનો સ્વીકાર કર્યો નથી. એ કારણે કઠોર શીત, ગરમી, ડાંસ–મચ્છર અને નાના ક્ષુદ્ર જંતુજન્ય પરિતાપ કે પરિષહ આવી પડ્યા તે બધા સમભાવપૂર્વક તેમણે સહન કર્યા. તેમણે કોઈ ઘરને પોતાનું ન બનાવ્યું. સ્મશાન અને અરણ્ય, ખંડેરો અને વૃક્ષછાયા એ જ તેમનાં આશ્રયસ્થાનો હતાં. નગ્ન હોવાને કારણે ચપળ બાળકો ભગવાનને પોતાના ખેલનું સાધન બનાવી તેમની ઉપર પથ્થર અને કાંકરાઓ ફેંકતા, છતાં એમની સંયમસાધનામાં વિક્ષેપ ન થયો. રાત્રે નિદ્રાનો ત્યાગ કરી તેઓ ધ્યાનસ્થ રહેતા; અને નિદ્રાથી બચવા માટે થોડું ચંક્રમણ કરી લેતા. કોઈ કોઈ વાર પહેરેદારો તેમને ખૂબ હેરાન કરતા. ગરમ પાણી કે ભિક્ષાચર્યામાં જે કાંઈ મળતું તેનાથી કામ ચલાવી લેતા; પરંતુ કોઈ દિવસ પોતાના નિમિત્તે બનાવેલા અન્ન-પાણીનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વીકાર ન કરતા. બાર વર્ષની કઠોર તપશ્ચર્યામાં, પરંપરાનુસાર, તેમણે કુલ ૩૫૦ દિનથી અધિક ભોજન જ કર્યું ન હતું. આ જિતેન્દ્રિય મહાપુરુષે માન-અપમાનને તો સમભાવપૂર્વક સહેવામાં જ પોતાનું હિત જોયું હતું. તેઓ એટલા બધા સંયમી અને મર્યાદાના જાણકાર હતા કે તેમને ઔષધના પ્રયોગની આવશ્યકતા જ પડી નહિ. અનાર્ય દેશમાં તેમણે વિહાર કર્યો ત્યારે ત્યાંના અજ્ઞાની લોકોએ તેમના તરફ કૂતરાંઓને દોડાવ્યાં. પરંતુ તે દીર્ઘતપસ્વી દુઃખોની જરા પણ પરવા ન કરતાં પોતાના ધ્યાનમાં જ અટલપણે મગ્ન રહ્યા.

આ પ્રમાણે પોતાના કષાયોને જીતવા માટે, પોતાના દોષોને નિષ્ફળ કરવા માટે સાડાબાર વર્ષ પર્યંત દીર્ઘ તપશ્ચર્યાનું અનુષ્ઠાન કરી દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીર ૪૨ વર્ષની ઉંમરે વીતરાગતાને પામી જિન બન્યા અને તત્ત્વનો સાક્ષાત્કાર કરી સંબુદ્ધ કેવલી થયા; તેમ જ લોકોને હિતોપદેશ આપી તીર્થંકર બન્યા.

ઉપદેશ

તીર્થંકર બન્યા બાદ સર્વપ્રથમ અગિયાર બ્રાહ્મણ પંડિતો તેમના શિષ્ય અને ગણધર થયા. તે પંડિતો વેદના લૌકિક અર્થ તથા તેના સ્વાધ્યાયમાં નિપુણ હતા; પરંતુ તત્ત્વો સંબંધમાં તેમને દરેકને જુદી જુદી શંકાઓ હતી. ભગવાન મહાવીરે તેઓને જ્યારે એનો નવો આધ્યાત્મિક અર્થ બતાવી તેમની શંકાઓના ખુલાસા કર્યા ત્યારે પારમાર્થિક ધર્મનું ખરું સ્વરૂપ પણ તેમના જાણવામાં આવી ગયું. ખરો યજ્ઞ કયો છે? યજ્ઞકુંડ કયો છે? સમિધ કોને કહેવાય છે? આહુતિ કોને આપવામાં આવે છે? સ્નાન કેવી રીતે કરવું જોઈએ?—વગેરે બાબતોનું અભૂતપૂર્વ આધ્યાત્મિક સ્પષ્ટીકરણ જ્યારે ભગવાને કર્યું, વેદમાં સ્પષ્ટ દેખાતા વિરોધો તથા તેમાં પેદા થતી શંકાઓનું ભગવાને જ્યારે નિરસન કર્યું, ત્યારે વેદનિષ્ણાત આ બ્રાહ્મણ પંડિતોએ ભગવાનમાં એક નવી જ પ્રતિભા અને પ્રજ્ઞાનું દર્શન કર્યું. તેઓ એમના શિષ્યો બની ગયા. જૈન શાસ્ત્રો કે જૈનધર્મમાં વેદવેદાંગનું પ્રામાણિક પુસ્તકરૂપે કોઈ સ્થાન નથી, ધાર્મિક પુરુષોની આધ્યાત્મિક ભૂખને સંતોષવા માટે વેદ-વેદાંગ સાધનભૂત નથી. પરંતુ ભગવાન મહાવીરના ધર્મોપદેશોનું જે સંકલન, 'ગણધર' નામે ઓળખાતા એ બ્રાહ્મણ પંડિત શિષ્યોએ કર્યું તે ઉપદેશ-સંકલન જ સાધનરૂપ છે. આ સંકલન જૈનાગમના નામથી પ્રસિદ્ધ છે. વેદ-વેદાંગને જૈનધર્મમાં એકાંત મિથ્યા બતાવવામાં આવ્યાં નથી, પરંતુ સમ્યગ્દષ્ટિ પુરુષ અર્થાત્ જૈનધર્મના રહસ્યનું જેમણે રસપાન કરેલ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જેઓ તેમાં તન્મય થઈ ગયા છે એવા સમ્યગ્દષ્ટિ પુરુષો માટે તે સમ્યક્ શ્રુત જ છે. જેઓએ ધર્મનું ખરું સ્વરૂપ જાણ્યું કે ઓળખ્યું નથી તેવા મોઘ (ભવાભિનંદી) પુરુષો માટે એ વેદ–વેદાંગો મિથ્યારૂપે જ પરિણમે છે.

સમભાવનો ઉપદેશ

જે બ્રાહ્મણોને પોતાની જાતિનું, પોતાની સંસ્કૃત ભાષાનું તથા પોતાની વિદ્વત્તાનું જે અભિમાન હતું, તેમનું તે અભિમાન ભગવાનની પ્રતિભા તેમ જ પ્રજ્ઞા આગળ ઓગળી ગયું. તેઓ ભગવાનના સમભાવના સંદેશનો લોકભાષા પ્રાકૃતમાં પ્રચાર કરવા લાગ્યા. જે શૂદ્રોને તેઓ પહેલાં ધાર્મિક અધિકારોથી વંચિત સમજતા હતા તેમને શિક્ષા–દીક્ષા આપી, શ્રમણસંઘમાં સ્થાન આપી, ગુરુપદના પણ અધિકારી બનાવ્યા; એટલું જ નહિ પણ, હરિકેશી જેવા ચાંડાલ મુનિને એટલી ઉન્નત ભૂમિકા ઉપર લઈ જવામાં તેઓ સહાયક થયા કે જેથી તે ચાંડાલ મુનિ પણ બ્રાહ્મણોના ગુરુ બની શક્યા, એક સમયની વાત છે કે, તે ચાંડાલ મુનિ યજ્ઞવાટિકામાં ભિક્ષાર્થે જઈ ચડ્યા. તિરસ્કાર, અપમાન, ધુત્કાર તથા દંડ-પ્રહારને સમભાવપૂર્વક સહન કરવા છતાં જ્યારે તેમણે એ યાજ્ઞિક બ્રાહ્મણોને અહિંસક યજ્ઞનું રહસ્ય સમજાવ્યું ત્યારે તે બ્રાહ્મણો પશ્ચાત્તાપાભિમુખ થઈ ચાંડાલ ઋષિની ક્ષમા માગવા લાગ્યા અને તપોમાર્ગની પ્રશંસા અને જાતિવાદનો અવર્ણવાદ કરીને તેમના અનુયાયી બની ગયા !

ભગવાન મહાવીરે, તીર્થંકર બન્યા છતાં, પોતાના અનિયત વાસનો નિયમ ચાલુ રાખ્યો. તેઓ તથા તેમના શિષ્યો ભારતવર્ષની ચારે બાજુ પાદવિહાર કરી અહિંસાના સંદેશનો પ્રચાર કરવા લાગ્યા. ભગવાન મહાવીરનો આદેશ હતો કે લોકોને શાંતિ, વૈરાગ્ય, ઉપશમ, નિર્વાણ, શૌચ, ઋજુતા, નિરભિમાનતા, અપરિગ્રહ તથા અહિંસા આદિનો ઉપદેશ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ખ્યાલમાં રાખી આપવામાં આવે. આ જ કલ્યાણકારી ધર્મ છે. લોકોને સુખ અને શાંતિ, વિજ્ઞાન અને શક્તિ આવા જ ધર્મમાર્ગે ચાલવાથી મળી શકે છે. હિંસા અને ધર્મનો તો પારસ્પરિક વિરોધ છે–એનું સચોટ ભાન એમણે લોકોને કરાવ્યું : એ જ તેમના ઉપદેશનો સાર કહી શકાય.

જન સંઘ

ભગવાન મહાવીરના મંગળ ધર્મનો ઉપદેશ સાંભળી વીરાંગક, વીરયશ, સંજય, એણેયક, સેય, શિવ, ઉદયન અને શંખ—આ આઠ સમકાલીન રાજ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓએ પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી અને અભયકુમાર, મેઘકુમાર આદિ અનેક રાજકુમારોએ પણ ઘરબારનો ત્યાગ કરી વ્રતોને અંગીકાર કર્યાં હતાં. સ્કંધક પ્રમુખ અનેક તાપસોએ તપશ્ચર્યાનું ખરું રહસ્ય સમજી ભગવાનનું શિષ્યપદ સ્વીકાર્યું હતું. અનેક સ્ત્રીઓ પણ, સંસારની અસારતા સમજી, તેમના શ્રમણી-સંઘમાં સંમિલિત થઈ હતી. આ શ્રમણીસંઘમાં અનેક રાજકુમારીઓ પણ હતી. તેમના ગૃહસ્થ અનુયાયીઓમાં મગધપતિ શ્રેણિક અને કોણિક, વૈશાલિપતિ ચેટક, અવન્તિપતિ ચંડપ્રદ્યોત આદિ મુખ્ય હતા. આનંદ આદિ વૈશ્ય શ્રમણોપાસકો સિવાય શકડાલપુત્ર જેવા કુંભકાર પણ ઉપાસકસંઘમાં ભળ્યા હતા. અર્જુનમાળી જેવા દુષ્ટમાં દુષ્ટ લૂંટારા પણ તેમની પાસે વૈરનો ત્યાગ કરી, શાંતિ-રસનું પાન કરી, ક્ષમા ધારણ કરી દીક્ષિત થયા હતા. શૂદ્રો તેમ જ અતિશૂદ્રોને પણ તેમના સંઘમાં માનભર્યું સ્થાન હતું.

તેમનો સંઘ રાઢ દેશ, મગધ, વિદેહ, કાશી, કોશલ, શૂરસેન, વત્સ, અવન્તી આદિ દેશોમાં ફેલાયેલો હતો. તેમના વિહારનો ક્ષેત્રવિસ્તાર મુખ્યતઃ મગધ, વિદેહ, કાશી, કોશલ, રાઢ દેશ અને વત્સ દેશ સુધી વિસ્તર્યો હતો.

તીર્થંકર થયા બાદ ૩૯ વર્ષ પર્યંત સતત જનપદવિહાર કરી, ભગવાન મહાવીરે આદિમાં કલ્યાણ અને અંતમાં કલ્યાણ એવા મંગલમય અહિંસક ધર્મનો ઉપદેશ આપી ઇહજીવનલીલા સમાપ્ત કરી ૭૨ વર્ષની ઉંમરે મોક્ષલાભ કર્યો. લોકોએ દીપકો પ્રગટાવી તેમને વિદાય આપી; ત્યારથી દીપાવલી પર્વ ઊજવાય છે, એવી પરંપરા છે.

ચરિત્રની વિશેષતા

તે વખતે ધાર્મિક સમજોમાં નાનામોટા અનેક ધર્મપ્રવર્તકો વિચરતા હતા. પણ તેઓમાં ભગવાન મહાવીરનો પ્રભાવ અભૂતપૂર્વ હતો. એમના શ્રમણ-સંઘોએ બ્રાહ્મણ ધર્મમાંથી હિંસાનું નામનિશાન ભૂંસી નાખવા માટે અતિ ઉગ્ર પ્રયત્ન કર્યો હતો. આનું પરિણામ એ આવ્યું કે ધર્મના નામે થતી હિંસાનું તો નિર્મૂલન જ થઈ ગયું. જે યજ્ઞોની પૂર્ણાહુતિ પશુવધ કર્યા વિના થઈ શકતી ન હતી, એવા યજ્ઞો તો ભારતવર્ષમાંથી પ્રાયઃ અદૃશ્ય થઈ ગયા છે. પુષ્યમિત્ર જેવા કટ્ટર હિંદુ રાજાઓએ તે નામશેષ યજ્ઞોને પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કરી જોયો, પણ તેને પણ શ્રમણસંઘોના અપ્રતિહત પ્રભાવ તેમ જ તેમના ત્યાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તપશ્ચર્યાના શુભ પરિણામને કારણે તે હિંસક યજ્ઞોનું પુનર્જીવન લાંબા સમય સુધી ટકાવી રાખવામાં સફળતા મળી નહિ.

કર્મવાદ

ભગવાન મહાવીરે તો મનુષ્યનું ભાગ્ય, ઈશ્વર અને દેવોના હાથમાંથી ઝૂંટવી લઈ, મનુષ્યના પોતાના હાથમાં સોંપી દીધું છે. દેવની પૂજા-ભક્તિ કરવાથી કે તેમને પશુબલિ દ્વારા તૃપ્ત કરવાથી કોઈ સુખની પ્રાપ્તિ થશે એમ કોઈ માનતું હોય તો તેવાઓને ચેતવણી આપતાં ભગવાન મહાવીરે સ્પષ્ટ જ કહી દીધું છે કે હિંસાથી તો પ્રતિહિંસાને જ ઉત્તેજન મળે છે, લોકોમાં પરસ્પર શત્રુતા-વૈરવિરોધ વધે છે અને પરિણામે સુખની આશા જ નિરાશામાં પરિણમે છે. જો સાચું સુખ ચાહતા હો તો સર્વ જીવો સાથે મૈત્રી બાંધો, પ્રેમ કરો; અને બધાં પ્રાણીઓ ઉપર કરુણા રાખો. આ પ્રેમમાર્ગે જ સાચા સુખની પ્રાપ્તિ થઈ શકશે. બાકી તમને સુખ-દુઃખ આપી શકવાનું સામર્થ્ય ઈશ્વર કે દેવોમાં નથી. તમારાં કર્મો જ તમને સુખી કે દુઃખી બનાવે છે. સારું કર્મ કરો તો સારું ફળ પામો અને ખરાબ કર્મ કરો તો ખરાબ ફળ ભોગવવા માટે તૈયાર રહો.

જીવ જ ઈશ્વર છે

અને ઈશ્વર કે દેવ, એ તો તમે પોતે જ છો. તમારામાં અનંત શક્તિ, અનંત સુખ છુપાયેલાં છે. તેનો આવિર્ભાવ કરી તમે જ ઈશ્વરરૂપ બની શકો છો. પછી તમારામાં અને મારામાં તત્ત્વતઃ કોઈ ભેદ જ રહેતો નથી. આપણે બધા ઈશ્વર છીએ. ભક્તિ કે પૂજા કરવી જ છે તો પોતાના આત્માની કરો. અંતરાત્માને રાગ અને દ્વેષ, મોહ અને માયા, તૃષ્ણા અને ભયથી મુક્ત કરો— એથી વિશેષ કોઈ પૂજા, કોઈ ભક્તિ શ્રેષ્ઠ હોઈ શકે નહિ. જે બ્રાહ્મણોને તમે મધ્યસ્થ બનાવી દેવોનું આહ્વાહન કરો છો, તેઓ તો અર્થશૂન્ય માત્ર વેદપાઠ જ કરી જાણે છે. ખરો બ્રાહ્મણ કેવો હોય છે તે હું તમને બતાવું છું :—

ખરો બ્રાહ્મણ

જે પોતાની સંપત્તિમાં આસક્ત નથી; ઇષ્ટવિયોગમાં શોકાકુલ થતો નથી. તપ્ત સુવર્ણની માફક નિર્મળ છે; રાગદ્વેષ અને ભયથી રહિત છે; તપસ્વી અને ત્યાગી છે, બધા જીવો પ્રત્યે સમભાવ રાખે છે અને તેથી કોઈ પણ જીવની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસા કરતો નથી; ક્રોધ, લોભ, હાસ્ય કે ભયને કારણે અસત્ય બોલતો નથી; ચોરી કરતો નથી; મન, વચન અને કાયાને સંયમમાં રાખે છે; બ્રહ્મચર્ય પાળે છે અને નિષ્પરિગ્રહી છે—તે જ ખરો બ્રાહ્મણ છે. આવા સુચરિત બ્રાહ્મણના સાંનિધ્યમાં રહી પોતાના આત્માનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરી આત્મસાક્ષાત્કાર કરો. આ જ ભક્તિ છે, પૂજા છે અને સ્તુતિ છે.

ખરો યજ્ઞ

ખરા યજ્ઞનું સ્વરૂપ પણ ભગવાને બતાવ્યું કે જીવહિંસાનો ત્યાગ, અસત્ય, ચોરી અને અસંયમનો ત્યાગ, સ્ત્રી, માન અને માયાનો ત્યાગ, આ જીવનની આકાંક્ષાનો ત્યાગ, શરીરના મમત્વનો પણ ત્યાગ—આ પ્રમાણે દરેક પ્રકારની બૂરાઈઓનો જે પરિત્યાગ કરે છે તે જ ખરો મહાયાજી (મોટા યજ્ઞો કરનાર) છે. યજ્ઞ-ત્યાગમાં સર્વભક્ષી અગ્નિનું કાંઈ પ્રયોજન નથી; જરૂર હોય તો તપશ્ચર્યારૂપી તેજસ્વી અગ્નિને પ્રગટાવવાની છે.

પૃથ્વીને ખોદીને કુંડ બનાવવાની કોઈ આવશ્યકતા નથી, જીવાત્મા જ અગ્નિકુંડ છે. લાકડાની બનેલી કડછીની પણ કોઈ જરૂર નથી. મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કડછીનું કામ આપશે. ઇન્ધન બાળવાની પણ શી જરૂર છે? પોતાનાં કર્મોને–પોતાના પાપકર્મોને–જ બાળી દો. આવો સંયમરૂપ યજ્ઞ જ શાન્તિદાયી અને ઋષિઓ દ્વારા પ્રશંસનીય હોવાથી ખરો યજ્ઞ છે.

શૌચ

તે વખતે બહારની શુદ્ધિ–સફાઈનું અને તેના સાધન તીર્થજલનું એટલું બધું મહત્વ વધી ગયું હતું કે કોઈક તીર્થસ્થાને જળસ્નાન કરવામાત્રથી લોકો પોતાને પરમપવિત્ર થયેલ સમજતા હતા. ખરી રીતે આ બાહ્ય શૌચથી અંતઃશુદ્ધિ થતી નથી. સાચું શૌચ કેવું હોવું જોઈએ એનું સ્પષ્ટીકરણ પણ ભગવાને કરી દીધું કે:—

ધર્મ એ ખરું જળાશય છે અને બ્રહ્મચર્ય જ શાંતિદાયક તીર્થ છે. આ તીર્થસ્થાને જલસ્નાન કરવાથી આત્મા નિર્મળ અને શાંત થાય છે. ભગવાને તો કેવળ જલસ્નાન દ્વારા પવિત્રતા થવાની વાતને નિરર્થક બતાવતાં સ્પષ્ટ જ કહ્યું છે કે, સવાર-સાંજ સ્નાન કરવાથી જ જો મોક્ષ-લાભ થતો હોય તો જલચરોને સૌથી પહેલાં અને શીઘ્ર મોક્ષ મળવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખની નવી કલ્પના

ખરી વાત તો એ છે કે, યજ્ઞ-યાગ, પૂજા-પાઠ આદિ બધાં ધાર્મિક કહેવાતાં અનુષ્ઠાનોનું પ્રયોજન સાંસારિક વૈભવોની વૃદ્ધિ કરવી એમ સામાન્યતઃ લોકો સમજતા હતા. કામજન્ય સુખ ઉપરાંત આત્મિક સુખના અસ્તિત્વની અને તેની ઉપાદેયતાની કલ્પના તે વખતના આરણ્યક ઋષિઓમાં પ્રચલિત હતી; પરંતુ તે આરણ્યક ઋષિઓનો અવાજ સાધારણ જનતાના કાન સુધી પહોંચી શક્યો ન હતો. આત્મિક સુખની કલ્પના એક ધાર્મિક ગૂઢ રહસ્યરૂપ હતી. આ કલ્પનાના અધિકારી અમુક તપસ્વી ઋષિઓ જ હતા, પરંતુ ભગવાન મહાવીરને તે ધાર્મિક ગૂઢ રહસ્યને જનતાની સમક્ષ પ્રગટ કરી દેવું યોગ્ય લાગ્યું. એટલે તેમણે તે ધર્મતત્ત્વને ગુફામાં બંધ કરી ન રાખતાં તેનો વિશ્વમાં પ્રચાર કર્યો.

ભગવાન મહાવીરે તો સ્પષ્ટ જ કહી દીધું છે કે સાંસારિક સુખ કે કામજન્ય સુખ, એ વાસ્તવમાં સુખ નથી, પણ દુઃખ છે. જેનું પર્યવસાન દુઃખમાં થાય તેને સુખ જ કેમ કહી શકાય? કામની વિરક્તિમાં જે સુખ મળે છે, તે સ્થાયી હોવાથી ઉપાદેય છે. પ્રત્યેક કામભોગ વિષરૂપ છે, શલ્યરૂપ છે. ઇચ્છા આકાશની માફક અનંત હોવાથી તેની પૂર્તિ કરવી સંભવિત નથી. લોભી મનુષ્યને ગમે તેટલું મળે, અરે! સમસ્ત સંસાર પણ તેને આધીન કરી દેવામાં આવે, તોપણ તેની તૃષ્ણાનો છેડો આવવાનો નથી. એટલા માટે અકિંચનતામાં જે સુખ છે તે કામભોગોની પ્રાપ્તિમાં નથી.

જ્યારે સુખની આ નવી જ કલ્પના ભગવાન મહાવીરે જનસમાજ સમક્ષ રજૂ કરી ત્યારે ક્ષણિક સુખનાં સાધનભૂત ગણાતાં યજ્ઞ-યાગો તથા પૂજા-પાઠોનું ધાર્મિક અનુષ્ઠાનોમાં કોઈ સ્થાન જ રહેવા ન પામ્યું. તેના સ્થાને ધ્યાન, સ્વાધ્યાય, અનશન, રસપરિત્યાગ, વિનય, સેવા—આ ભિન્નભિન્ન પ્રકારની તપશ્ચર્યાઓનો ધાર્મિક અનુષ્ઠાનો રૂપે પ્રચાર થાય એ સ્વાભાવિક હતું.

વૈશ્યધર્મ

ભગવાન મહાવીરે વૈશ્યોને અર્થાત્ વ્યાપારીઓને એવો ઉપદેશ આપ્યો કે, તમે લોકો તમારા વૈભવોને ગમે તે પ્રકારે વધારો એ સારું નથી. વળી, વૈભવ ન્યાયસંપન્ન હોવો જોઈએ એટલું જ બસ નથી, પરંતુ તેનું પરિમાણ—તેની મર્યાદા—પણ નિયત કરવી જોઈએ; અને પ્રતિદિન એવી ભાવના કરવી જોઈએ કે, તે દિવસ ધન્ય બનશે કે જે દિવસ હું સર્વસ્વનો ત્યાગ કરી નિર્ગ્રંથ બની જઈશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું વધારે કમાઈશ તો વધારે દાન કરીશ એટલા માટે કોઈ ખરા કે ખોટા ઉપાયનું અવલંબન લઈ ધનદોલત એકઠી કરવી એમાં કાંઈ ખોટું નથી —આ પ્રકારની દલીલ સાચી નથી, પરંતુ પોતાના આત્માને પતનોન્મુખ બનાવનારી જ છે. ભગવાને દાનનો મહિમા ઘણો બતાવ્યો છે, પરંતુ એનો અર્થ એ નથી કે દાન કરતાં ચડિયાતી બીજી કોઈ ચીજ સંસારમાં છે જ નહિ. ભગવાને તો સ્પષ્ટ કહ્યું છે કે, જે પ્રતિમાસ લાખો ગાયોનું દાન કરે છે તેના કરતાં કાંઈ પણ નહિ આપનાર અકિંચન પુરુષનો સંયમ અધિક શ્રેયસ્કર છે; એટલા માટે ધનદોલતને, પોતાની મર્યાદામાં રહીને, ન્યાયસંપન્ન માર્ગે મેળવવાં અને અંતે સર્વસ્વનો ત્યાગ કરી અકિંચન બની જવું એ જ ભગવાનનો માર્ગ છે,

શૂદ્રધર્મ

ભગવાને શૂદ્રોને લક્ષીને એવો ઉપદેશ આપ્યો છે કે, તમારો જન્મ ભલે શૂદ્ર કુળમાં થયો, પરંતુ તમે પણ સારાં કર્મો કરો તો આ જ જન્મમાં દ્વિજ—બધાનાં પૂજ્ય—બની શકો છો. નીચ કહેવાતા કૂળમાં જન્મ ધારણ કરવો એ કાંઈ સંયમપાલનમાં બાધક નથી.

ક્ષત્રિયધર્મ

પારકા માલનો પોતાને કરી પારસ્પરિક ઈર્ષ્યા, દ્વેષ અને શત્રુતા વધારી એકબીજા સાથે કલેશ—કંકાસ કરવો એ પ્રાય: ક્ષત્રિય લોકોનું કાર્ય હોય, એમ વ્યવહારમાં જોવાય છે. ભગવાન પણ ક્ષત્રિય હતા. એટલા માટે તેમણે જે ક્ષત્રિયધર્મ—સંસારમાં સ્થાયી શાંતિની પ્રતિષ્ઠા કરનાર ક્ષાત્રધર્મ—શીખડાવ્યો છે તેનો અત્રે નિર્દેશ કરવો આવશ્યક છે.

ભગવાને ક્ષાત્રધર્મ સમજાવતાં કહ્યું છે કે, યુદ્ધમાં લાખો જીવોની હત્યા કરી જે કોઈ પોતાને વિજયી સમજતો હોય તો તે અંધારામાં છે. મનુષ્ય ભલે બહારના બધા શત્રુઓને જીતી લે, પરંતુ પોતાની જાતને જીતવી એ જ બહુ મુશ્કેલીનું કામ છે. જ્યાં સુધી પોતાના આત્મા ઉપર વિજય પ્રાપ્ત થતો નથી, ત્યાં સુધી બધાં યુદ્ધોની જડ કાયમ રહે છે; તેનું યુદ્ધ કોઈ દિવસ બંધ થઈ શકતું નથી; વૈર પ્રતિવૈરની પરંપરા ચાલુ જ રહે છે. આત્માને જીતવાનો શો અર્થ છે?—પોતાની પાંચે ઇંદ્રિયોને વશ કરી જિતેન્દ્રિય બનવું, ક્રોધને ક્ષમા દ્વારા પરાજિત કરવો, માનને નમ્રતા દ્વારા પરાજિત કરવું, માયાને સરળતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા જીતવો અને લોભને સંતોષ દ્વારા દબાવી દેવો તથા દુર્જન વાનરપ્રકૃતિવાળા મનને પોતાના વશમાં કરી લેવું, એ જ ખરો આત્મવિજય છે. આવા આત્મવિજયમાં જ્યારે વિશ્વ તન્મય–મસ્ત બનશે, ત્યારે જ સ્થાયી શાંતિની પ્રતિષ્ઠા થઈ શકશે; નહિ તો પછી એક યુદ્ધને દબાવી નવા યુદ્ધના બીજને વાવવા જેવું જ બનશે.

વીરોની વીરતા સુખશીલતાના ત્યાગમાં અને કામનાઓને શાંત કરી અનાસક્તભાવે રહેવામાં જ રહેલી છે. નિર્દોષ પ્રાણીઓની હત્યા કરી વૈભવો વધારવાનું પરાક્રમ કરવું એ તો કેવળ બંધનનો જ હેતુ છે.

અહિંસક માર્ગ

ભગવાન મહાવીરનો આ ઉપદેશ આમ તો સીધો સરલ જણાય છે, પરંતુ તેને જીવનમાં ઉતારવો તેટલો જ મુશ્કેલ છે. એ જ કારણ છે કે વારંવાર થતાં ભયંકર યુદ્ધોનાં દુષ્પરિણામો જોવા છતાં લોકો યુદ્ધને છોડી શકતા નથી, અને અહિંસાના માર્ગને અપનાવવાને બદલે બધા ઝઘડાઓને શાંત કરવાનું સાધન હજી યુદ્ધને જ માનતા અને સમજતા રહ્યા છે! પરંતુ કોઈ એક દિવસ એવો અવશ્ય આવવાનો છે કે જે દિવસે જનસમુદાયે આ હિંસક યુદ્ધનાં સાધનોને છોડી દઈ ભગવાને બતાવેલા ઉક્ત અહિંસક માર્ગનું અવલંબન અવશ્ય કરવું જ પડશે; નહિ તો છેવટે એટમબૉમ્બ અને તેથી પણ અધિક વિઘાતક શસ્ત્રાસ્ત્રોથી પોતાના નાશ માટે તૈયાર રહેવું પડશે. અહિંસક યુદ્ધમાં જેટલો જલદી વિશ્વાસ પેદા થશે તેટલો જ જલદી આ માનવસમુદાયનો ઉદ્ધાર થવાનો છે.[1]

મૂળ હિન્દી ઉપરથી] —જૈન સંસ્કૃતિ સંશોધન મંડળની પત્રિકા ૮

૧. મૂળ હિંદી લખાણનો શ્રી શાંતિલાલ વનમાળી શેઠે કરેલ ગુજરાતી અનુવાદ "જૈન સિદ્ધાંત" માસિકના નવેમ્બર, ૧૯૪૭ અંકમાં છપાયો હતો. ત્યાંથી સાભાર ઉદ્ધૃત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીર જીવનકથાના ત્રણ સ્તરો

ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરનાં જીવનચરિતોનો વિચાર કરીએ તો જણાશે કે તે અનેક સ્તરોમાંથી પસાર થયાં છે. જૈનોમાં સૂત્રાગમ અને બૌદ્ધોમાં પિટક—આ પ્રાચીન શાસ્ત્રોમાં બંનેનાં કથાનો ઝોક એક છે, તો જૈન ટીકાગ્રંથો અને ચરિતગ્રંથો અને બૌદ્ધોમાં અઠ્ઠકથા અને મહાયાની બુદ્ધચરિતોમાં કથાનો વળાંક જરા જુદો જ છે. અહીં એ વિષે જરા વિસ્તારથી વિચાર કરીએ.

પ્રથમ સ્તર

જૈન આગમ સૂત્ર અને પિટકમાં બંને મહાપુરુષોનું જે જીવન સ્ફુટ થાય છે તે એ છે કે એક માનવે કરેલો આધ્યાત્મિક વિકાસ, યાતનાઓમાંથી પસાર થયા પછી, તેની ચરમ સીમાએ કેવી રીતે પહોંચે છે, તેમાં માનવમાંથી અતિમાનવવું સર્જન કેવી રીતે થયું તે સામાન્ય માનવી પણ સમજી શકે છે, અને સહેજે પ્રેરણા પણ મેળવી શકે છે.

પરંતુ સુબદ્ધ સંપ્રદાયના નાયક તરીકે સ્વીકારાઈ ગયા પછી બંને મહાપુરુષનાં જીવનચરિતની કથા તે પછીના કાળમાં જરા બદલાઈ જાય છે. મૂળ સૂત્ર અને પિટકમાં જે વર્ણન છે તે સમકાલીન ગણી શકાય તેવું છે અને એમ સહેજે કહી શકાય કે તેમાં કવિકલ્પનાને બહુ જ ઓછો અવકાશ મળ્યો છે. પણ પછીના ચરિતગ્રન્થોનો કાળ જેમ બદલાઈ ગયો, તેમ લેખકની કલ્પના પણ બદલાઈ ગઈ અને ચરિતગ્રન્થોમાં સાંપ્રદાયિક પુટને વધારે અવકાશ મળ્યો.

પ્રથમ અને પછીના સ્તરોમાં જેવો મૌલિક ભેદ બુદ્ધચરિતમાં જણાય છે, તેવો ભેદ મહાવીરચરિતમાં નથી. તેનું કારણ એ છે કે તીર્થંકર વિષેની મૌલિક માન્યતામાં જૈન સંપ્રદાયોમાં નજીવો ભેદ પડ્યો છે; જ્યારે બુદ્ધ વિષેની માન્યતામાં તો મૌલિક પરિવર્તન થઈ ગયું છે. આથી પિટકગત બુદ્ધ અને મહાયાની બુદ્ધ એક જ છતાં કથાવર્ણનની દૃષ્ટિમાં પણ મૌલિક ભેદ પડી ગયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન-બૌદ્ધની જૂની અને મૌલિક માન્યતા એવી છે કે સંસારચક્રમાં પડેલ માનવી તેના કોઈ પૂર્વજન્મમાં સકલ પ્રાણીને હિતકારી થવાની ભાવના ભાવે છે, તે પ્રમાણે આચરણ કરે છે અને પોતાના આત્માને ઉન્નત કરતો કરતો અંતિમ માનવભવમાં તીર્થંકર કે બુદ્ધ બને છે. સામાન્ય માનવી અને એમનામાં જે કાંઈ ભેદ હોય છે તે આત્માના સંસ્કારનો હોય છે અને એથી તેઓ આધ્યાત્મિક ક્ષેત્રે નેતા બને છે. આવા સ્વાભાવિક ભેદ વિના બીજો કશો ભેદ બીજા સામાન્ય માનવીમાં અને તીર્થંકર કે બુદ્ધમાં હોતો નથી. સારાંશ એ છે કે બંને પ્રારંભથી એટલે કે અનાદિ કાળથી સંપૂર્ણ શુદ્ધ-બુદ્ધ હોતા નથી, પણ ક્રમે કરી શુદ્ધ થાય છે અને તીર્થંકર અથવા બુદ્ધપદને પામે છે.

પ્રાચીન ચરિતો, જેમાં ભગવાન મહાવીર અને બુદ્ધનાં ચરિતોનું વર્ણન છે, તે આ ભૂમિકા સ્વીકારીને થયેલું છે. એથી બંને મહાપુરુષોને આત્માને ઉન્નત બનાવવા માટે સર્વસામાન્ય પ્રયાસ કરવો જરૂરી થઈ પડે છે. આથી બંનેનાં જીવનમાં ગૃહત્યાગ, સંન્યાસ અને તપશ્ચર્યાનું વર્ણન આવે છે. ભગવાન મહાવીરને તપશ્ચર્યાના માર્ગમાં સન્માર્ગ દેખાય છે, જ્યારે બુદ્ધને તે માર્ગ, અમુક અનુભવ પછી, છોડવા જેવો લાગે છે. પણ તે તો તે બંનેની પ્રકૃતિના વૈવિધ્યને કારણે બન્યું હોવું જોઈએ. પણ સામાન્ય માનવી પોતાની ધારણાથી કે બીજા પાસેથી જાણીને જેમ માર્ગાવલંબી બને છે અને સારાસારનો વિવેક ગ્રહણ કરી આગળ વધે છે તે જ રીતે એ બંને મહાપુરુષો આગળ વધ્યા છે તેવી છાપ પ્રાચીન ચરિત્રો આપે છે.

બીજો સ્તર

પણ જ્યારે એ બંને મહાપુરુષોની જીવનકથાના બીજા સ્તરમાં—એટલે કે સમકાલીન નહિ પણ પછીના કાળમાં સંપ્રદાય સુબદ્ધ થયા પછી—કથાનું આલેખન થાય છે, ત્યારે એ બંનેની કથામાં કેટલાંક અલૌકિક તત્ત્વો દાખલ થાય છે અને પૂર્વજન્મની કથાઓનો વિસ્તાર વધી જાય છે.

ભગવાન મહાવીરની જીવનકથા ભગવાન ઋષભથી પણ પહેલાંના કાળના મહાવીરના ભવની વાતથી શરૂ થાય છે અને તીર્થંકર થવાની યોગ્યતા કેવી રીતે પ્રાપ્ત થઈ તે વર્ણન એ કથામાં આવે છે. ઋષભદેવના પૌત્ર તરીકે એટલે કે તીર્થંકરના પૌત્ર; વળી ભાવીમાં ચક્રવર્તી અને તીર્થંકર થવાની આગાહી સાંભળી મનમાં ગર્વ—આવી આવી અનેક જીવનઘટનાઓ ચરિતમાં ગૂંથી લઈને ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરના અંતિમ ભવમાં જે કેટલીક ઘટનાઓ ઘટે છે, તેનો કર્મબંધ અને તેના ફળના નિયમને અનુસરીને, ખુલાસો કરવા પ્રયત્ન કર્યો છે : આમાં મુખ્ય ઉદ્દેશ ભગવાન મહાવીરના મૌલિક સિદ્ધાંત કર્મનિયમની સમજ, ભગવાન મહાવીરના ચરિત દ્વારા, આપવાનો છે. કર્મનો નિયમ એ સકલ જીવને ઈશ્વરની અધીનતામાંથી છોડાવી સ્વાધીન કરે છે. ભગવાન મહાવીરના આ મૌલિક સિદ્ધાંતની આસપાસ તેમની જીવનકથાનું નવીન ઘડતર લેખકોએ કર્યું છે.

અને હવે સંપ્રદાય સુસ્થિર થયો હોઈ તેના નેતા એ સામાન્ય માનવી નહીં, પણ વિશિષ્ટ હતા તે બતાવવા માટે ટાણે-કટાણે જીવનકથામાં દેવોને ભગવાનના સેવકો અને પૂજકો તરીકે ચીતર્યા છે. આનો ઉદ્દેશ પણ એ જ છે કે ભગવાન મહાવીરનો તૃષ્ણાત્યાગનો જે મૂળ આધ્યાત્મિક સંદેશ હતો, તે પ્રત્યે લોકોનું ધ્યાન કેન્દ્રિત કરવું અને બતાવી આપવું કે જે દેવોને માનવો બાહ્ય સંપત્તિ અર્થે પૂજે છે. તે તો આ ભગવાન મહાવીર, જે આત્મિકની સંપત્તિનું વિતરણ કરે છે, તેમના દાસ છે; તો બાહ્ય અને આત્મિક એ બંને પ્રકારની સંપત્તિઓમાં આત્મિક સંપત્તિ જ ચઢિયાતી ઠરે છે. એથી પૂજવા હોય તો તીર્થંકરને જ પૂજવા, જેની પૂજા આ લોકમાં પૂજાતા દેવો પણ કરે છે.

ભગવાન બુદ્ધની જીવનકથા આ બીજા સ્તરમાં જાતકપ્રધાન બની ગઈ છે. એટલે કે તે કાળમાં લોકજીવનમાં સત્કૃત્યોનો મહિમા દર્શાવતી જે કાંઈ કથાઓ પ્રચલિત હતી તે સૌનો યથાયોગ્ય વિનિયોગ કરીને ભગવાન બુદ્ધના પૂર્વભવ સાથે-બોધિસત્ત્વના જીવન સાથે-સાંકળી લેવામાં આવી છે. ભગવાન બુદ્ધે બુદ્ધ બનતાં પહેલાં દાન, કરુણા, મૈત્રી, ક્ષમા, સહનશીલતા, પ્રજ્ઞા આદિ ગુણોને ક્રમે કરી કેવી રીતે વિકસાવ્યા અને અંતે બુદ્ધ કેવી રીતે થયા એ બતાવી આપવાનો એ જીવનકથાનો ઉદ્દેશ છે. ભગવાન મહાવીરની કથાની જેમ આમાં પણ દેવોનું આગમન, એ જ ઉદ્દેશોને સ્વીકારી વર્ણવવામાં આવ્યું છે.

બીજી રીતે વિચારીએ તો, ભગવાન મહાવીર અને બુદ્ધની આ બીજા સ્તરની જીવનકથા એકબીજાની પૂર્તિરૂપ બની ગઈ છે. કર્મનો નિયમ અચળ છે, એ બંનેમાં નિર્દિષ્ટ હોવા છતાં મહાવીરકથામાં તે નિયમને ઉઠાવ આપવામાં આવ્યો છે અને આત્મવિકાસના ક્રમમાં જે જે આવશ્યક ગુણો હોય તેનો વિકાસ કેવી રીતે કરવો તેનો ઉઠાવ બુદ્ધકથામાં છે. બંનેમાં એ સામાન્ય તત્ત્વ તો છે જ કે ક્રમે કરી વિકસિત થઈને જ આત્મા તીર્થંકર યા બુદ્ધ બને છે; તે અનાદિ કાળથી સ્વયંસિદ્ધ નથી હોતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજો સ્તર

ત્રીજા સ્તરમાં મહાવીરકથાનું નિર્માણ પ્રાચીન પ્રાકૃત ભાષાને છોડીને સંસ્કૃતમાં થવા લાગ્યું. આથી સંસ્કૃત સાહિત્યની કવિકલ્પનાઓનો આશ્રય લઈ તેમનું જીવન વર્ણવાયું. આ ત્રીજા સ્તરમાં આ એક ભેદ જણાય છે, જેને તાત્ત્વિક રીતે ભેદ લેખી શકાય નહીં. વળી, તે કાળના મહાપુરુષોની બીજી કથાઓમાંની—જેવી કે કૃષ્ણ-રામની કથાઓમાંની—કેટલીક ઘટનાઓનું સામ્ય પણ મહાવીરકથામાં દેખાય તે સ્વાભાવિક છે. એમ કહી શકાય કે તે કાળના બીજા કાવ્યાત્મક ચરિતગ્રન્થોની હોડમાં પણ આ કાળની ચરિતકથા ઊતરી શકે એવી છે. આથી પ્રાકૃત કથામાં નહીં એવી કેટલીક અસામાન્ય ઘટનાઓ પણ ચરિતમાં દાખલ થાય એ સ્વાભાવિક છે. વળી, શ્વેતામ્બર અને દિગંબર મહાવીરચરિતમાં પણ જે કેટલોક ભેદ પડી ગયો હતો તે પણ આ કાળમાં સ્પષ્ટ થાય છે; જેમ કે ભગવાન મહાવીર પરણ્યા હતા કે નહીં, તીર્થંકર આહાર કરતા હતા કે નહીં આદિ. આ બધું છતાં એક વાત સ્પષ્ટ જ રહી છે કે જૈન સંપ્રદાયની જે મૌલિક ભાવના છે કે આત્મા ક્રમે કરીને જ ઉન્નતિના શિખરે પહોંચે છે, એમાં જરાય ભેદ પડ્યો નથી. એ સિદ્ધાંત કાયમ રાખીને જ તેમના જીવનમાં અલૌકિક ઘટનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

પણ બૌદ્ધોના સંપ્રદાયભેદને કારણે બુદ્ધના ચરિત્રમાં પણ મૌલિક ભેદ પડી પડી ગયો છે. હીનયાનમાં બુદ્ધને માનવ ચીતરવામાં આવે છે, પણ મહાયાનમાં તે માનવ નથી રહેતા, પણ નિત્યસિદ્ધ એવા બુદ્ધના અવતારરૂપ બની જાય છે; આથી તેમની જીવનકથામાં લીલાનું તત્ત્વ દાખલ થાય છે. ઈશ્વરના અવતારરૂપ કૃષ્ણ કે રામ સામાન્ય મનુષ્યની જેમ વર્તે છે તે તેમની લીલા ગણાય છે; તેમ બુદ્ધચરિતમાં પણ વારે વારે કહેવામાં આવે છે કે ભગવાન પણ લોકાનુભવન ખાતર જ ભણવા જાય છે, પરણે છે, અને બીજાં બધાં સાંસારિક કાર્યો કરે છે. ભણવા વિષે મહાવીરકથામાં પણ એમ જ કહેવામાં આવ્યું છે કે તેમને ભણવાની જરૂર ન હતી, કારણ, તેમને એ વખતે વિશિષ્ટ જ્ઞાન હતું; પણ સાથે સાથે એ પણ ખરું કે બાલકાળમાં તેઓ ઈશ્વર કે સર્વજ્ઞ ન હતા. આને આપણે અતિશય-ઋદ્ધિ માનીએ; પણ બુદ્ધચરિતમાં તો સ્પષ્ટ કહ્યું છે કે તેઓ તો સંસારકાળમાં પણ સર્વજ્ઞ જ હતા. વળી, એથી પણ આગળ વધીને, બુદ્ધ કૃષ્ણની જેમ ૮૪ હજાર પત્નીઓને રીઝવે છે તે પણ લોકાનુભવનની લીલા જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આવી તો કેટલીય ઘટનાઓ વિષે બુદ્ધચરિતમાં નિર્દેશ મળે છે. બુદ્ધની પત્નીનું નામ પાલિમાં યશોદા છે, તો સંસ્કૃતમાં ગોપા છે; તે કૃષ્ણની ગોપીઓની યાદ આપે છે. વળી, એ ગોપા રાધાની જેમ સર્વ પત્નીઓમાં પ્રધાન પણ છે.

વળી, બુદ્ધ અને ગોપા એ બંને જાણે કે પ્રારંભથી સર્વગુણસંપન્ન જ હોય પણ લીલા ખાતર સંસાર ચલાવતાં હોય, તેમ તેમને ચીતરવામાં આવ્યાં છે. આવી આવી અનેક ઘટનાઓ છે, જે આપણને સ્પષ્ટ બતાવી આપે છે કે આ કોઈ માનવનું ચરિત નથી, પણ અવતારી પુરુષનું ચરિત છે.

હીનયાનનો આદર્શ હતો કે બુદ્ધ સ્વયં પોતાનું આયુ પૂરું થાય એટલે નિર્વાણને પામે છે. આથી વિરુદ્ધ, મહાયાનનો આદર્શ એ છે કે બોધિસત્ત્વને નિર્વાણ હોય નહીં; તે તો જ્યાં સુધી સંસારમાં એક પણ જીવ બંધનબદ્ધ છે, ત્યાં સુધી મુક્તિલાભ વાંછતા જ નથી. મહાયાનની આ ભાવનાને લીધે પણ આ ત્રીજા સ્તરની બુદ્ધકથામાં ભેદ પડી ગયો છે.

બન્નેની સમાનતા

(૧) વૈદિક પરંપરાનો વિરોધ

ભગવાન મહાવીર અને બુદ્ધ એક જ સમયે થયા અને બંનેએ એક જ પરિસ્થિતિનો સામનો સમાન ભાવે કર્યો. બંનેએ વેદપરંપરાનો વિરોધ કર્યો, વૈદિક દેવોની મહત્તા ઘટાડી અને ભારતીય ધર્મોને એક જુદું જ વલણ આપ્યું. આરાધ્ય દેવ વિષેની કલ્પના બદલવામાં બંનેનું પ્રદાન નોંધપાત્ર છે. માનવસુલભ ક્રોધ, પક્ષપાત, રાગદ્વેષ આદિ દૂષણો વૈદિક આરાધ્ય દેવોમાં હતાં, તેને સ્થાને તેવાં દૂષણોથી રહિત હોય તે જ આરાધ્ય દેવ બને છે એવી ભવ્ય કલ્પના દેવ વિષે બંનેએ આપી.

ભારતીય સમાજમાં તત્કાળે ઘર કરી ગયેલી ઊંચ-નીચપણાની ભાવનાનો નિરાસ કરી માનવસમાજની એકતાની ભાવના પ્રસારવાનો યશ તે બંનેને ફાળે જાય છે. ધાર્મિક ક્ષેત્રે પુરોહિતાઈ ચાલતી હતી એટલે ત્યાં એક રીતે દલાલીની ભાવના પેસી ગઈ હતી. તેને દૂર કરી ધર્માચરણમાં મધ્યસ્થીની સદંતર અનાવશ્યકતાનો નિર્ઘોષ બંનેએ સમાનભાવે કર્યો અને ધર્મદલાલીને દૂર કરી. માનવની એકતા અને સમાનતાને પરિણામે ગુરુપદ, જે માત્ર બ્રાહ્મણો જ પામી શકતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને સ્થાને ગુણવાન વ્યક્તિ—પછી ભલેને તે જન્મે ચંડાલ હોય—ગુરુપદને યોગ્ય બને છે એમ જાહેર કર્યું; એટલું જ નહીં પણ પોતાના ભિક્ષુકસંઘમાં તથાકથિત શૂદ્રોને પણ ઉચ્ચ સ્થાન આપ્યું. આધ્યાત્મિક સાધનામાં સ્ત્રી-પુરુષના ભેદ ખતમ કરીને બંનેને સાધના કરવાનો સમાન હક્ક આપ્યો. બંનેએ આધ્યાત્મિક સંપત્તિને મહત્ત્વ આપ્યું અને ભૌતિક સંપત્તિને તુચ્છ ગણી. બંનેએ સંસ્કૃતને બદલે લોકભાષાને મહત્ત્વ આપ્યું.

આવી ઘણી સમાનતાને કારણે તેમ જ તેમના સંબંધીઓના નામસામ્યને કારણે એક સમય એવો હતો જ્યારે બંનેનું વ્યક્તિત્વ એક જ મનાયું હતું. પણ વિદ્વાનોને જેમ જેમ જૈન-બૌદ્ધ શાસ્ત્રો ઉપલબ્ધ થતાં ગયાં અને એનું અધ્યયન થતું ગયું તેમ તેમ એ ભ્રમ ભાંગી ગયો અને હવે તે બંને મહાપુરુષોને એકમતે સૌ વિદ્વાનો જુદા જ માનતા થયા છે.

(૨) બંનેના ઉપદેશનું સામ્ય

(૧) કર્મ-પુનર્જન્મ—કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત બંને માને છે, એટલું જ નહીં પણ, તે સિદ્ધાંતને તેના ખરા સ્વરૂપમાં તેમણે રજૂ કર્યો છે. એટલે કે ઈશ્વરની દખલગીરી વિના કર્મનો નિયમ સ્વતઃસિદ્ધ છે. કર્મફળ દેવામાં કર્મની જ શક્તિ છે, ઈશ્વરની નહીં—આમ સ્પષ્ટપણે ઉપદેશીને બંનેએ કર્મને આધારે સંસારચક્ર અને સૃષ્ટિના ક્રમને સ્વીકારીને પ્રાણીમાત્રને તેમના પોતાના ભાગ્યના સ્રષ્ટા બનાવી દીધા છે. પોતાનું ભવિષ્ય બગાડવું કે સુધારવું એ બીજાના હાથમાં નહીં, ઈશ્વરના હાથમાં પણ નહીં, પરંતુ પ્રાણીના પોતાના હાથમાં છે આવી સ્પષ્ટ ઘોષણા બંનેએ સમાનભાવે કરી છે.

(૨) ઈશ્વરનું નિરાકરણ—સ્વયં તીર્થંકર મહાવીર કે બુદ્ધ એ બંને ઉપદેશ આપી શકે છે, આદર્શ ઉપસ્થિત કરી શકે છે, મોક્ષનો માર્ગ ચીંધી શકે છે, પણ તેમની કૃપા વડે કોઈ મોક્ષ પામી શકતું નથી, તેમને બંનેને કોઈને પણ પસંદ કરીને મોક્ષે પહોંચાડવાનો અધિકાર નથી. જેણે મોક્ષ મેળવવો હોય તેણે માર્ગગામી બનવું પડે છે. એટલે ખરી રીતે તેઓ માર્ગદર્શક છે.

(૨) યોગમાર્ગ—યજ્ઞથી સ્વર્ગપ્રાપ્તિના ધ્યેયને બદલે બંને એ સમાનભાવે યોગ-સમાધિના માર્ગ દ્વારા મોક્ષની પ્રાપ્તિ બતાવી છે. યજ્ઞમાં પશુહિંસા જેવી સામનસામગ્રીની જરૂર પડતી, તેને સ્થાને બંનેએ આધ્યાત્મિક યજ્ઞનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રચાર કર્યો. એ યજ્ઞમાં કશી જ બાહ્ય સામગ્રીની જરૂર નથી; બલકે બાહ્ય સામગ્રીના ત્યાગનો જ ઉપદેશ છે. આત્મામાં રહેલા ક્લેશો અને દોષોને દૂર કરવા ધ્યાન ધરવું અને આત્માને નિર્મળ કરવા પ્રયત્ન કરવો–એ જ સંક્ષેપમાં યોગમાર્ગ છે. એ માટે એકાંતવાસ, અપરિગ્રહી જીવન અને આત્મનિરીક્ષણની ટેવ–એટલું હોય તોપણ બસ છે.

(૪) સંયમી જીવન—રામ અને કૃષ્ણના જીવનમાં સંન્યાસની વાત નથી. એટલે કે તેઓ સંસારને અસાર સમજીને ભરયુવાનવયે સંસારત્યાગના મહત્ત્વને સ્વીકારતા નથી; એટલું જ નહીં પણ, પોતાના જીવનમાં સંન્યાસના એ પ્રકારના માર્ગને અપનાવતા પણ નથી. તેથી ઊલટું, આ બંને મહાપુરુષો–ભગવાન મહાવીર અને બુદ્ધ–સમાનભાવે સંસારને ત્યાજ્ય સમજે છે; અને જ્યારે પણ વૈરાગ્ય પ્રગટે ત્યારે સંસારને છોડી જવામાં માને છે; અને પોતાના જીવનમાં ભરયુવાન વયે પત્નીને છોડીને સંયમી જીવન સ્વીકારે છે. આમ કરી તેઓ સંસારી જીવો માટે એક નવો જ આદર્શ ઉપસ્થિત કરે છે અને તે છે સંયમનો. ભોગનો માર્ગ સંસારમાં સામાન્ય છે, પણ જન્મીને જે માટે પ્રયત્ન કરવો પડે તે તો સંયમમાર્ગ છે. જીવન ભોગ માટે નથી પણ ત્યાગ માટે છે, અને તેની પ્રતીતિ કરાવવા પોતે ત્યાગમાર્ગનો અંગીકાર કરી આત્યંતિક રીતે ભોગવિમુખ થવાનો પ્રયત્ન કરી મોક્ષ મેળવે છે. બંને સંયમી જીવન સ્વીકારે છે, છતાં પણ બંનેના સંયમમાર્ગમાં એક તફાવત સ્પષ્ટ છે : ભગવાન મહાવીર આકરા નિયમનમાં માને છે અને બુદ્ધ મધ્યમ માર્ગે ચાલનારા છે. આથી બંનેના સંઘોમાં પણ સંયમના ક્ષેત્રમાં ઉત્કટ માર્ગ અને મધ્યમ માર્ગ અપનાવાયો છે.

(૫) તૃષ્ણા અને અજ્ઞાનનો ત્યાગ—બંને સમાનભાવે ઘોષણા કરે છે કે જીવનમાં જે વિપર્યાસ છે તે અજ્ઞાનને કારણે છે. જે આત્મા નથી તેને આત્મા માની જીવો વિવેક ગુમાવી બેસે છે અને તૃષ્ણામાં પડે છે. અને એ તૃષ્ણાવલ્લી-માંથી સમગ્ર સંસારની જાળ ઊભી થાય છે, મમત્વ અને રાગ-દ્વેષનાં જાળાં ગૂંથાય છે, અને સંસારચક્ર ફર્યા કરે છે. આ વિષચક્રના ભેદનનો એક જ ઉપાય છે કે, અજ્ઞાનને દૂર કરી વિવેકી બનવું. આથી તૃષ્ણા પર કુઠારાઘાત થશે અને સમગ્ર સંસારનું મૂળ કપાઈ જશે.

આમ આટલે સુધી બંને એકમાર્ગી છે, પણ પછી અજ્ઞાન દૂર થઈ જે જાણવાનું છે તેનાં બંનેનું દર્શન જુદું છે. બુદ્ધનું દર્શન ક્ષણિકવાદમાં પરિણમ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે મહાવીરનું દર્શન અનેકાંતવાદમાં. જોકે એ ભૂલવું ન જોઈએ કે ભગવાન બુદ્ધનો સર્વ વસ્તુની ક્ષણિકતા ઉપર ભાર હોવા છતાં તેઓ ચાર્વાકની જેમ સર્વથા વિચ્છેદ માનતા નહીં. અને વેદાંત કે ઉપનિષદોની જેમ સર્વથા કૂટસ્થ-નિત્યતા પણ એ સ્વીકારતા નહીં. આથી તેમના દર્શનને અશાશ્વતાનુચ્છેદવાદ કહી શકાય. તેથી વિરુદ્ધ ભગવાન મહાવીર નિત્યાનિત્યવાદ અથવા શાશ્વતવિચ્છેદવાદમાં માનતા હતા. આમાં જે ભેદ છે તે વિધિ અને નિષેધનો છે. ભગવાન બુદ્ધ શાશ્વત કે વિચ્છેદની વિધિમાં માનતા નહીં; જ્યારે મહાવીર તેમાં માનતા. આથી આગળ જઈ બંનેનાં દર્શનમાં પણ જુદાઈ ઊભી થઈ. પણ બંનેને સમાનભાવે કર્મ–પુનર્જન્મની વ્યવસ્થા માન્ય છે. આત્માને બુદ્ધના મતે અશાશ્વતાનુચ્છિન્ન માનવામાં આવે કે મહાવીરને મતે શાશ્વત-વિચ્છિન્ન માનવામાં આવે, પણ કર્મ અને તેનું ફળ અને સંસાર અને મોક્ષ અને પુનર્જન્મની વ્યવસ્થા તો બંનેએ માની જ છે. આથી તાત્ત્વિક રીતે સૂક્ષ્મભેદ ભલે હોય. પણ બંનેની આત્મ વિષેની મૌલિક માન્યતામાં ભેદ નથી, એટલે કે આ બંધનબદ્ધ આત્માએ પ્રયત્ન કરીને મુક્ત થવાનું છે અને પુનર્જન્મના ચક્રને કર્મનો નાશ કરી ભેદવાનું છે—આમાં તો બંનેનું ઐકમત્ય છે.

(૬) તપસ્યા—ભગવાન મહાવીર અને બુદ્ધ બંનેએ આન્તર અને બાહ્ય તપસ્યા પોતાના જીવનમાં આચરી છે એ હકીકત છે, પણ બુદ્ધને છેવટે બાહ્ય તપસ્યાનો ઉત્કટ માર્ગ છોડવો પડ્યો છે એ પણ હકીકત છે. આમ કેમ બન્યું એ વિષે વિશેષ વિચાર કરવો જરૂરી છે. બંનેની જીવનકથાઓનો વિચાર કરતાં એક વાત તો સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરની બાહ્ય તપસ્યા આંતરિક તપસ્યાના ઉત્કર્ષ માટે હતી. તેઓ લાંબા લાંબા ઉપવાસો કરતા હતા, પણ તેની પાછળ મુખ્ય ઉદ્દેશ ધ્યાન અને સમાધિનો હતો; એટલે કે ધ્યાન અને સમાધિમાં અનુકૂળતા રહે તે ખાતર તેઓ લાંબા ઉપવાસો પર ઊતરતા અને ધ્યાનમાં પ્રતિકૂળતા અનુભવાતી ત્યારે પારણું કરતા હતા. આ હકીકત તેમની જીવનકથાથી સ્પષ્ટ થાય છે. પારણું કરવાની ઇચ્છા છતાં ભિક્ષા ન મળે તે કારણે ઉપવાસ અનિવાર્ય થાય એ જુદી વાત છે; આપણે તેમની કથામાં જોઈએ છીએ કે ભિક્ષા લેવા નીકળ્યા છતાં ન મળી તો ઉપવાસ કર્યો. અમુક અભિગ્રહો ધરી ભિક્ષા માગવી એ પણ એક તપસ્યાનો જ પ્રકાર છે અને શરીર ઉપરની મમતા ઓછી કરવા માટેની એ સાધના છે. પણ શરીરને આવશ્યક હોય તે આપવું તે વિષે તેમની પોતાની બેદરકારી નથી. માગવા છતાં ન મળે તો તેનો અસંતોષ અગર રોષ પણ નહીં, પણ મળે તો નિર્મમ ભાવે સ્વીકારતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરાંત, શરીરે નગ્ન રહી શીતોષ્ણતાના જે કંઈ અનુભવ થાય તે સહવા, દંશ–મશકના ઉપદ્રવોથી ગભરાવું નહિ, સમભાવે સહવું—મહાવીરની બાહ્ય તપસ્યા કહો કે કાયાકલેશ કહો તે આ પ્રકારનાં હતાં. સારાંશ કે જે કાંઈ કાયાકલેશ હતો તે યોગ–સમાધિમાં ઉપકારક રૂપે હતો, સમાધિના અંગ તરીકે હતો. બંને તપસ્યા–આંતર અને બાહ્ય–સાથે જ ચાલતી હતી. ભાર આંતર ઉપર હતો અને એથી તેમણે વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરી.

બુદ્ધના જીવનમાં તો ધ્યાનનું મહત્ત્વ દીક્ષા પહેલાં પણ જણાય છે. આથી તો તેમના પિતાને, એ માર્ગથી એમને વિમુખ કરવા માટે, રાગ–રંગની વ્યવસ્થા કરવી પડી અને અનેક સ્ત્રીઓનો સંગ ગોઠવવો પડ્યો. પણ એ જીવ તો ધ્યાનમાર્ગી અને વિરાગમાર્ગી હતો. આથી એણે સંન્યાસ લીધો. સંન્યાસી થઈને બુદ્ધ પ્રથમ કેવળ ધ્યાનમાર્ગનું જ અવલંબન લે છે. એક ગુરુ પાસેથી એ વિદ્યાની જેટલી ઉન્નતિ થઈ શકતી હતી તેટલી સાધીને બીજા ગુરુ પાસે જાય છે. ત્યાં પણ ધ્યાનમાર્ગે જ આગળ વધે છે. આમાં શારીરિક કલેશ એટલે કે ઉપવાસ આદિ વિષે કશું જ કહેવામાં આવ્યું નથી. જેટલો વખત ધ્યાન કરવું હોય તેટલો વખત શરીર સ્થિર રાખવાનું કષ્ટ તો સ્વીકારવું અનિવાર્ય હોય જ, પણ એમાં આહાર છોડવાની વાત નથી. જ્યારે આ બંને ગુરુના ધ્યાનમાર્ગના અનુસરણ પછી પણ બુદ્ધને એમ લાગ્યું કે હજી જે જાણવાનું છે, જે બોધિ પ્રાપ્ત કરવાની છે, તે તો પ્રાપ્ત થતી નથી, ત્યારે એ ધ્યાનમાર્ગ છોડીને બીજા ગુરુની તલાશ કરે છે અને ક્રમે કરી નિરાહારી બને છે, એમ તેમની જીવનકથામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. તેમણે અનશનના – ઉપવાસના માર્ગમાં એટલી બધી ઉત્કટ તપસ્યા કરી કે તેમને જોનાર પારખી શકતા નહીં, કે આ કોઈ જીવિત વ્યક્તિ છે. તેઓ શબ કે હાડપિંજર જેવા થઈ ગયા. તેમની આ તપસ્યા ધ્યાનવિહીન તપસ્યા હતી, એ પણ ફલિત થાય છે. એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તેમને ઉપદેષ્ટાઓએ કહ્યું, કે આ કાયકલેશનો માર્ગ એ જ ખરો મુક્તિનો માર્ગ છે. એટલે તેઓ ધ્યાનમાર્ગ છોડીને આ કાયકલેશને માર્ગે સંચર્યા. પણ આથી તો કેવળ શરીર સુકાયું અને આત્મામાં બોધિનું જાગરણ થયું નહીં ! આથી અંતે હારીને તેમણે આ કાયકલેશનો માર્ગ છોડ્યો અને ફરી પાછો ધ્યાનમાર્ગ અપનાવ્યો; અને સ્પષ્ટ કહ્યું કે આ કાયકલેશનો માર્ગ એ મુક્તિનો માર્ગ નથી.

આટલા વિવરણથી સ્પષ્ટ છે કે ભગવાન બુદ્ધે આંતર, બાહ્ય, આંતર—એમ ક્રમે કરી તપસ્યા કરી, તેના પરિણામરૂપે તેમને કાયકલેશ વિષે કહેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવ થયો. કાયક્લેશની એક મર્યાદા છે, એટલે કે તે માત્ર આંતર તપસ્યાના સાધનરૂપ છે; તેને બદલે મુક્તિના એકમાત્ર સાધનરૂપે કાયક્લેશને માનીને બુદ્ધે તેનું આચરણ કર્યું. આથી તેમને તેમાં નિષ્ફળતા મળે તે સ્વાભાવિક જ છે. પણ જો ભગવાન મહાવીરની જેમ બુદ્ધે પણ કાયક્લેશને મુક્તિના સાક્ષાત્ કારણરૂપે નહીં પણ આંતર તપસ્યાના–ધ્યાનરૂપ તપસ્યાના–સાધનરૂપે માન્યું હોત તો જે પ્રકારની નિરાશા તેમણે અનુભવી તે પ્રકારની અનુભવવી ન પડત. આમ બુદ્ધે તપસ્યાનો માર્ગ એ મુક્તિ માર્ગ નથી એમ જે કહ્યું તે પણ એક રીતે તો સાચું જ છે, કારણ, તેમની તપસ્યામાં માત્ર કાયક્લેશને સ્થાન હતું. પણ મહાવીરનો અનુભવ આથી જુદો જ હતો આથી તેઓ કાયાકલેશને પણ એક ગૌણ સાધન તરીકે સ્વીકારી શક્યા. પરિણામે ભગવાન મહાવીરે પોતાના ઉપદેશમાં કાયાકલેશને પણ સારું એવું મહત્ત્વ આપ્યું છે, જ્યારે બુદ્ધે કાયકલેશની નિન્દા કરી છે.

આ બાબતમાં બુદ્ધના મધ્યમ માર્ગને કારણે સંઘમાં શિથિલતાએ બહુ જલદી પ્રવેશ કર્યો. અને એક સમય એવો આવ્યો, જ્યારે બૌદ્ધધર્મના ભારતમાંથી વિસર્જનનાં અનેક કારણોમાંનું એ પણ એક કારણ બન્યું. ભગવાન મહાવીરનો સંઘ શિથિલ ન જ થયો એમ તો ન કહેવાય, પણ તેનો ક્રમ મંદ રહ્યો. વળી, સમગ્રભાવે સંઘનું વલણ શિથિલતા તરફ નહીં પણ ઉત્કટ બાહ્ય આચાર તરફ રહ્યું. આથી વારંવાર ક્રિયોદ્ધાર થતો રહ્યો અને, ભલે નાના ઝરણ રૂપે પણ, અવિચ્છિન્ન પ્રવાહરૂપે તે ધર્મ ભારતમાં ટકી રહ્યો; જ્યારે બૌદ્ધધર્મ ભારત બહાર તેના નવા રૂપે ફેલાયો, જેમાં ભારતીય બૌદ્ધધર્મની છાપ ઓછી પણ તે તે દેશની ધર્મ–સંસ્કૃતિની છાપ વધારે. આ પ્રકારનો બૌદ્ધધર્મ જીવિત છતાં તેના મૂળ ઉદ્દેશથી વિમુખ છે.

બન્નેની વિશેષતા

(૧) સ્વભાવગત

ભગવાન મહાવીર અને બુદ્ધની સ્વભાવગત વિશેષતા એ જણાય છે કે ભગવાન મહાવીરમાં શ્રદ્ધાપ્રધાન વલણ વધારે છે, જ્યારે બુદ્ધમાં તર્કપ્રધાન. આનું મુખ્ય કારણ તો એ જણાય છે કે ભગવાન મહાવીરની પરંપરા જૂની હતી અને તેમનો માર્ગ નિશ્ચિત રીતે અંકાયેલો હતો. તે માર્ગની સીધી લીટીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમને ચાલી જવાનું હતું. એટલે કે ભગવાન મહાવીર પ્રાચીન જૈનધર્મના અનુયાયી બની સાધના કરે છે. પાર્શ્વનાથના સંઘમાં જે સાધનામાર્ગ પ્રચલિત હતો અને જે દર્શનસરણી વિદ્યમાન હતી તેમાં ગણનાપાત્ર નવું કશું કરવાની તેમની અપેક્ષા હતી નહીં; માત્ર જે વસ્તુ સાંભળેલી હતી તેનો સાધના દ્વારા સાક્ષાત્કાર કરવાનો હતો. આથી તેઓ અનેક વાર કહે છે કે આ હું જે કહું છું, ભગવાન પાર્શ્વે પણ તે બાબતમાં એમ જ કહ્યું છે. અર્થાત્ હું કાંઈ નવું નથી કહેતો, અમારો માર્ગ એક જ છે. આચારનો થોડો ભેદ હતો તે બાબતમાં પણ ખુલાસો થઈ ગયો કે ઉદ્દેશ એક જ છે. પછી બાહ્ય ચિહ્નમાં કદાચ થોડો ભેદ પડે તેથી કાંઈ વિશેષતા નથી. પાર્શ્વસંઘની શિથિલતા દૂર કરી મહાવીરેતેને નવું તેજ આપ્યું અને નવેસરથી સંઘની રચના કરી તેમાં પાર્શ્વના સંઘને ભેળવી દીધો. આ કારણે તેઓ તીર્થંકર થયા અને પછીનો સંઘ તેમને નામે ઓળખાયો.

ભગવાન મહાવીર શ્રદ્ધાપ્રધાન છતાં તેમણે દીક્ષિત થઈ કોઈને પોતાના ગુરુ કર્યા નથી. જે કાંઈ સાંભળ્યું હશે અને જે વિષે શ્રદ્ધા બેઠી હશે એ માર્ગે સ્વયં સંચર્યા અને વીતરાગ થયા. પણ બુદ્ધ વિષે એમ નથી બન્યું. તેમણે પ્રથમ શ્રદ્ધાને સ્થાન આપ્યું અને ગુરુ કર્યા. પણ સ્વભાવમાં તર્કનું પ્રાધાન્ય હોઈ એકેક ગુરુ કરી છોડતા ગયા અને છેવટે પોતે પોતાનો માર્ગ કાઢ્યો. એ નવો છે, અપૂર્વ છે, એવો એકરાર એમણે પોતે કર્યો જ છે. પણ સાથે જ તેમણે શ્રોતાઓને પોતાનું કથન અંધશ્રદ્ધાથી માની લેવા પ્રેર્યા નથી; પણ પોતાના તર્કની કસોટીથી કસી જોઈને પછી જ અનુસરવાની ભલામણ કરી છે. આમ છતાં પછીના આચાર્યોએ, બધા જ બુદ્ધો આ જ માર્ગનું પ્રતિપાદન કરે છે અને આ ગૌતમ બુદ્ધ પચીસમા બુદ્ધ છે એમ, સંપ્રદાય સ્થિર થયે, ઠરાવી દીધું છે.

શ્રદ્ધા અને તર્કપ્રધાન બન્ને મહાપુરુષોની છાપ પછીના જૈન–બૌદ્ધ બન્ને ધર્મના ઇતિહાસ ઉપર પણ પડી છે. શ્રદ્ધાપ્રધાન જૈન ધર્મે દાર્શનિક નવાં પ્રસ્થાનો કર્યા નહીં, જ્યારે તર્કપ્રધાન બૌદ્ધધર્મે દાર્શનિક અનેક નવાં પ્રસ્થાનો કર્યાં અને તે તે કાળે અનેક ભારતીય દર્શનોને પડકાર ફેંક્યા. અને તે કારણે ભારતીય દર્શનોમાં નવું ચૈતન્ય લાવવામાં નિમિત્ત પણ તે ધર્મ બન્યો. તેથી ઊલટું, જૈનધર્મના અનુયાયીઓએ પોતાનું મૌલિક મન્તવ્ય સાચવીને પણ તે તે કાળના નવીન વિચારોને જૈનધર્મમાં સમન્વિત કરવાનો પ્રયત્ન કર્યો.

૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્નેના સ્વભાવમાં બીજી એક વિશેષતા એ હતી કે ભગવાન મહાવીર નિયમોના નિર્માણ અને પાલનમાં કડક વલણવાળા હતા, એટલે કે પિતૃહૃદય હતા; જ્યારે બુદ્ધ આ બાબતમાં માતૃહૃદય હતા. આ કારણે સ્વયં બુદ્ધે પોતાના જ સમય દરમિયાન સંઘમાં કેવળ અનેક અપવાદોનું સર્જન જ નહીં, પણ અનેક નિયમોનું વિસર્જન પણ કરી દીધું હતું; જ્યારે મહાવીરે ઉત્સર્ગમાર્ગનો જ આગ્રહ રાખ્યો હતો, અને અનિવાર્ય હોય ત્યાં જ અપવાદ કર્યો હતો; અને તે અપવાદ પણ ભગવાન બુદ્ધના નિયમોની તુલનામાં પાલનની દૃષ્ટિએ કઠોર જ ગણી શકાય એવો હતો.

આગમ અને ત્રિપિટક વાંચતાં, એ બન્ને મહાપુરુષોનું જે ચિત્ર ખડું થાય છે તે એ કે ભગવાન મહાવીર તો ત્રણે લોકની વાતમાં ખૂંપી ગયા છે; ત્રણે લોકની જ નહીં પણ તેમાં રહેલ ચોરાસી લાખ જીવયોનિની વિચારણામાં તન્મય થઈ ગયેલા દેખાય છે. આત્માની જે વિવિધ અવસ્થાઓ ત્રણે લોકમાં થાય છે તેનું વિવરણ કરતાં જાણે તેઓ થાકતા જ નથી. અને છેવટે તો તેમને એ જ કહેવાનું છે કે આ બધા વૈચિત્ર્યમાંથી અને તેમાં અનુભવાતાં અનેક પ્રકારનાં દુઃખોમાંથી મુક્ત થવું હોય તો વીતરાગ બનો, કોઈ પણ જીવને કષ્ટ આપો નહીં. જેમ તમને કષ્ટ નથી ગમતું, તેમ કોઈને પણ નથી ગમતું, માટે અપ્રમાદી બની હિંસાથી વિરત થાવ, ભગવાન મહાવીરને નાનીમોટી સૌ ક્રિયામાં હિંસા નજરે ચડે છે અને સર્વત્ર જીવ અને જીવ જ નજરે ચડે છે, તેથી તેમની હિંસામાંથી કેમ બચવું એની જ ચિંતા એમને રહે છે; અને એની જ વિચારણા અને ઉપદેશ સર્વત્ર દેખાય છે.

ભગવાન બુદ્ધને ત્રણે લોકની ચર્ચામાં કે જીવની અનેક યોનિમા કે તેના વિવરણમાં જરાય રસ નથી; તેમને તો ખરી રીતે આત્માની વિચારણામાં રસ નથી; બ્રહ્મની વિચારણામાં પણ રસ નથી; એમને તો આ લોકમાં અને આ લોકમાં જ જે દુઃખ અનુભવાય છે તે દુઃખના નિવારણનો માર્ગ બતાવવામાં જ રસ છે; અને જે કાંઈ ધર્મના નામે કરો તેના ફળનો રસ અહીં ને અહીં જ કેમ ચાખી શકાય તેનું વિવરણ કરવામાં રસ છે. બાકીની બધી વાતો ફોફાં ખાંડવા જેવી તેઓ માને છે. આથી ભગવાન મહાવીરની જેમ ત્રણે લોકની અને તેમાં રહેનારા જીવોની ચિંતા બુદ્ધને નથી, પણ તેમની સામે ઊભેલ મનુષ્ય તે જ ક્ષણે ધર્મ પામીને ત્યાં જ ધર્મના રસનો આસ્વાદ લેતો કેમ થાય, એની જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતા બુદ્ધ કરે છે. આથી કહી શકાય કે બુદ્ધ એક વ્યવહારુ ઉપદેશક છે, જે સીધો માર્ગ બતાવવામાં રસ ધરાવે છે.

(૨) ધર્મગત અને સંઘગત

ભગવાન મહાવીરના ધર્મમાં, પ્રથમ કહ્યું તેમ, કઠોર ચર્યા ઉપર ભાર છે, જ્યારે ભગવાન બુદ્ધના ધર્મની ચર્યા મધ્યમ માર્ગે ચાલે છે. કઠોર ચર્યાની મર્યાદા આંકી શકાય, પણ મધ્યમ માર્ગની મર્યાદા આંકી શકાય નહીં. બે છેડાની વચ્ચેનો માર્ગ ઘણો લાંબો હોય છે. અને તેમાં આત્યંતિક શિથિલ અને આત્યંતિક કઠોર એ બેની વચ્ચેનો તરતમભાવ અનેક રૂપો ધારણ કરે છે. પરિણામે આચારનું એક નિશ્ચિત સ્તર બંધાતું નથી. પરિણામે, આપણે જોઈએ છીએ કે, જૈન સંઘમાં શ્રાવક હોય કે સાધુ હોય પણ તેના આચારની એક નિશ્ચિત મર્યાદા આપણે જાણી શકીએ છીએ અને એ મર્યાદા બહાર જનારને ઓળખી પણ શકીએ છીએ. કારણ કે આચારનું એક નિશ્ચિત ધોરણ બાંધી શકાય છે. આનો લાભ જૈન સંઘને મળ્યો; અને તેથી જૈન આચારનો સ્તર બાંધી શકાયો છે.

પણ બૌદ્ધધર્મ અને સંઘમાં મધ્યમમાર્ગ માનેલ હોઈ આચારનું એક નિશ્ચિત ધોરણ બાંધી શકાય એમ રહ્યું નહીં. પરિણામે કાળભેદે અને દેશભેદે આચારનાં ધોરણો નિશ્ચિત રહી શક્યાં નહીં. પરિણામ આવ્યું કે તિબેટનો બૌદ્ધધર્મ અને સિંહલનો બૌદ્ધધર્મ બુદ્ધાદિ ત્રિરત્નને માનવા પૂરતી માન્યતામાં સમાન હોવા છતાં, એમની વચ્ચેના આચારભેદની ખાઈ ન પૂરી શકાય એવી થઈ ગઈ અને છતાં બન્ને બૌદ્ધધર્મી ગણાયા. એથી ઊલટું, જૈનધર્મ ગમે તે દેશમાં અને ગમે તે કાળમાં હોય છતાં પણ તેના આચારના નિયમોનું અમુક ધોરણ તો રહેવાનું જ.

બૌદ્ધધર્મ વિશ્વમાં ફેલાયો, પણ તે મૌલિક બૌદ્ધધર્મ રહ્યો નહીં; જ્યારે જૈનધર્મ પોતાના મૂળ સ્થાનમાં ભલે ટકી ન શક્યો, પણ જૈનધર્મ રહ્યો. મધ્યમ માર્ગ અને ઉત્કટ માર્ગના આગ્રહનાં આ બે પરિણામો પ્રત્યક્ષ છે.

—"પ્રબુદ્ધજીવન", તા. ૧-૧૧-૬૪ તથા ૧૬-૧૧-૬૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

અનેકાંતવાદ

(૧) જીવન અને વિચાર માટે અનિવાર્ય

એકાંત એટલે એક છેડો. ગુજરાતીમાં આપણે કહીએ છીએ કે એ તો છેલ્લે પાટલે બેઠો છે; તાત્પર્ય એ કે એ હઠે ચડ્યો છે. કોઈ પણ વસ્તુ વિષે એક રીતે જ વિચારવું અને તે વિષે બીજા દૃષ્ટિબિન્દુને લક્ષ્યમાં લેવું જ નહિ– આવી હઠાગ્રહી–કદાગ્રહી વૃત્તિમાંથી એકાંતવાદ જન્મે છે. તત્ત્વ વિષેના, જીવ, જગત અને ઈશ્વર આદિ વિષેના આવા હઠાગ્રહો એકાંતવાદ છે અને તેથી વિરોધી તે **અનેકાંતવાદ** છે. જીવનમાં જેમ કેવળ હઠાગ્રહથી ચાલતું નથી, માંડવાળ કેળવવી પડે છે, તેમ દાર્શનિક વિચારોમાં પણ એવી માંડવાળ કરવાની વૃત્તિમાંથી અનેકાંતવાદનો જન્મ થાય છે.

સત્યદર્શન માટે અનેકાંતવાદની જરૂર

હાથીની એક મોટી હાર ઊભી હોય. બધા હાથીઓની સૂંઢ પૂર્વ દિશામાં અને પૂંછડું પશ્ચિમ દિશામાં હોય. માત્ર સૂંઢને જોનારને એ ખ્યાલ નહિ આવે કે હાથીને પૂંછડું પણ છે, અને પૂછડાં જોનારને એ ખ્યાલ નહિ આવે કે તેને સૂંઢ પણ છે. હાથીની એક બાજુ જોઈ શકનાર માટે આમ થવું સ્વાભાવિક છે. પણ તેથી કાંઈ હાથીનું પૂછડું કે સૂંઢ મટી જતાં નથી. જોનારની મર્યાદાને કારણે એકાંગી દર્શન થયું છે, પણ જોનારની મર્યાદાને વધારવામાં આવે. તેને એવી જગ્યાએ ઊભો કરવામાં આવે કે તે હાથીના ઉક્ત બંને અવયવો જોઈ શકે, તો પછી તેને વિવાદનું સ્થાન નહિ રહે. આ જ વાતને વસ્તુ વિશેના તત્ત્વવિચારમાં પણ સ્થાન છે. મનુષ્યથી જ્ઞાનમર્યાદા જેમ જેમ વધે છે; તેમ તેમ તે એક જ વસ્તુનાં નવાં નવાં રૂપોને જાણતો થાય છે. પણ પ્રથમ તેણે વસ્તુમાં જે જોયું કે માન્યું તેને જ પકડીને બેસી રહે અને એથી આગળ જોવાને તૈયાર જ ન થાય તો તેને આપણે એકાંતવાદી કહીએ. અને જે વસ્તુ વિષે એક બાજુનો નહિ, પણ સંભવતી બધી બાજુનો પોતાની શક્તિ અનુસાર વિચાર કરવા તૈયાર હોય તે અનેકાંતવાદી ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનવ્યવહારમાં જો મનુષ્ય એકાંતવાદી કે હઠાગ્રહી થાય તો જીવનવ્યવહાર ચાલે જ નહિ અને જીવવું જ મુશ્કેલ થઈ પડે, એટલે તેને હઠાગ્રહી થવું પાલવે નહિ—એમ અનેક અનુભવોથી આપણે શીખ્યા છીએ. પણ જીવનમાંથી ફલિત થતી એ શીખ તત્ત્વજ્ઞો કે દાર્શનિકોએ તત્ત્વવિચારમાં સર્વાંશે સ્વીકારી નથી. કેટલીક વાર એ શીખ વિચારક્ષેત્રમાં પણ જાણ્યે-અજાણ્યે કામ કરતી જ હોય છે, પણ તેમનો હઠાગ્રહ તે સ્વીકારવાની ના પાડે છે.

અનેકાંતવાદની સમજૂતી આપવા અંધગજન્યાયનો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. અનેક અંધજનો હાથી કેવો છે તેનું વર્ણન હાથીની સૂંઢ, પૂંછડું, પગ, કાન આદિ જુદા જુદા અવયવોને સ્પર્શ કરીને કરે છે, ત્યારે તેમાં જે વિવાદ ઊભો થાય છે, તેવા પ્રકારનો વિવાદ તત્ત્વવિચારની ભૂમિકાએ કોઈ પણ તત્ત્વ કે વસ્તુના આંશિક દર્શનથી થાય છે; અને એમાંથી એકાંતવાદોનો ઉદ્ભવ થાય છે. પણ જેમ એ બધા અંધોનો વિવાદ દ્રષ્ટા શમાવી શકે છે, કે જે હાથીના પૂરા રૂપને જોઈને તેનું વર્ણન તેઓ સમક્ષ કરવા સમર્થ છે, તેમ અનેકાંતવાદ પણ આંશિક દર્શનથી થતા વિવાદને, વસ્તુના પૂર્ણરૂપને સ્વીકારીને, શમાવી શકે છે. આથી અનેકાંતવાદમાં અનેક વિરોધી મન્તવ્યોનો સમાવેશ થઈ જતો હોઈ દેખીતો વિરોધ ત્યાં ગળી જાય છે એમ માનવું જોઈએ.

ત્રાજવાની દાંડી એની એ જ છે, પણ ગ્રાહક અને વિક્રેતા તેની દાંડીના ઊંચાનીચાપણામાં જુદો જુદો અર્થ તારવે છે. વસ્તુવાળું ત્રાજવું નીચું જાય તેમાં ગ્રાહકને પોતાનું હિત જણાય છે, જ્યારે વિક્રેતાને નુકસાન. આ બે વિરોધને શમાવવાનો માર્ગ એ છે કે, ત્રાજવું સમધારણ રહે. ત્રાજવાના નીચાપણામાં દૃષ્ટિભેદને કારણે બે વ્યક્તિઓમાં લાભ-અલાભ વિષે વિવાદ થાય એ સ્વાભાવિક છે; કારણ, તેઓ એકબીજાનું દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્નશીલ નથી; બન્ને પોતાના જ લાભનો વિચાર કરે છે, સામાના ગેરલાભનો નહિ. પણ જો તેઓ માત્ર પોતાના લાભનો જ નહિ, પણ ઔચિત્ય કે ન્યાયનો વિચાર કરે, તો તરત જ તેમને સ્પષ્ટ થશે કે ત્રાજવું જો સમધારણ રહે તો જ બન્ને પક્ષે ન્યાય થાય છે. આપણા વિચારો વિષે પણ આવું જ બને છે. આપણે કોઈ એક બાબતમાં કેવળ આપણા જ વિચારની સત્યતા સ્વીકારતા હોઈએ તો સામા પક્ષના સત્યને દેખી શકતા નથી; પણ જો મનને સમન્વયશીલ કે મધ્યસ્થ બનાવીએ તો તરત જ સામાના વિચારમાં રહેલ સત્યનું પણ દર્શન થાય છે. આવા સત્યદર્શનની તાલાવેલીમાંથી જ અનેકાંતવાદ વિકસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાર્મિક અસહિષ્ણુતા

ટિબેટમાં માત્ર બૌદ્ધધર્મનો જ પ્રચાર હતો અને ખ્રિસ્તી લોકો પોતાના ધર્મનો પ્રચાર કરવા દેવાની છૂટ માગવા ત્યાંના રાજા પાસે ગયા. ત્યાંના રૂઢ કારભારીઓ અને એવા જ પ્રજાજનોના અગ્રણીઓએ રાજાને ખ્રિસ્તી લોકોને ધર્મપ્રચારની છૂટ ન આપવા સલાહ આપી, પણ રાજાએ તેમને ઉત્તર આપ્યો કે, "આપણે તેમની વાત જરૂર સાંભળીશું. આપણામાં જ—આપણા ધર્મમાં જ—બધું કહેવાઈ ગયું છે અને હવે કાંઈ નવું જાણવા જેવું રહ્યું નથી એમ કેમ કહેવાય? આપણા માર્ગે આપણે ચાલીએ છીએ; તેમના માર્ગે તેઓ ચાલે છે; પણ જો આપણે તેમના માર્ગના અનુભવો સાંભળીશું અને તેમાં પણ કાંઈ તથ્ય અને યોગ્ય હશે તો તેનો મેળ આપણા માર્ગમાં આપણે કરી લઈશું. તો તેથી આપણો માર્ગ પણ સરલ બનશે. આથી બીજાને સાંભળવામાં અંતે તો આપણે જ ફાયદામાં રહીશું; તો શા માટે તેમને અવકાશ ન આપવો? વળી આપણો ધર્મ તો આપણી રગેરગમાં ઊતરી ગયો છે; ને ત્યાંથી ખસી જવાનો કોઈ ભય નથી; તો બીજાને સાંભળવામાં શું નુકસાન છે?"

રાજાએ તો પોતાની ઉદારતા બતાવી, પણ ખ્રિસ્તીઓ એવી ઉદારતા બતાવી શક્યા નથી. તેઓ જ્યાં જાય છે ત્યાંના ધર્મનાં દૂષણો શોધવાનું જ કામ કરે છે. આથી અંતે તેઓ વિવિધ ધર્મોવાળી પ્રજાઓ સાથે એકરસ થઈ શકતા નથી. ટિબેટના રાજાની ઉદારતાનો ગેરલાભ ઉઠાવી અંતે તેમણે તો રાજાને જ મરાવી નાખ્યો! રોમમાં ખ્રિસ્તીઓએ બાઈબલ અને તેને લગતા સાહિત્ય સિવાય બીજા ધર્મના સાહિત્યની હોળી કરી હતી! મુસલમાનો પણ આવું જ કરે છે. તેમને પણ કુરાન સિવાય અન્યત્ર ધર્મ દેખાતો જ નથી. જોકે સ્વયં કુરાનમાં તો ઘણી જ ઉદારતા બતાવવામાં આવી છે, પણ મુસલમાનોમાં અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતાનો સદંતર અભાવ જ દેખાયો છે; અને જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં વિરોધી ધર્મોને નેસ્તનાબૂદ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. આથી તેઓ પણ અન્ય ધર્મીઓ સાથે એકરસ થઈ શક્યા નથી.

કોઈ પણ સાચો ધાર્મિક પુરુષ પોતાના માની લીધેલા ધર્મમાં એકાંત બંધાઈ ન રહેતાં, જ્યાંથી પણ તેને જે કાંઈ સાચું અને યોગ્ય મળે તેને સ્વીકારતો રહે, તો તે અંતે તો પોતાના જ ધર્મની પુષ્ટિ કરે છે. આ વસ્તુની સચ્ચાઈ કોઈ પણ ધર્મના ઇતિહાસમાંથી પ્રમાણો સાથે સિદ્ધ કરી શકાય તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અને જે ધર્મોએ આવી ઉદારતા નથી દેખાડી તેઓ પૃથ્વી પટ ઉપરથી નાબૂદ પણ થઈ ગયા છે અથવા પૂર્ણ પ્રતિષ્ઠા જમાવી શક્યા નથી.

જૈનધર્મની પ્રગતિશીલતા

જે સમાજ પોતાને સનાતની તરીકે ઓળખાવતો હોય તેમાં પોતાની રૂઢ માન્યતાઓમાં સ્વૈચ્છિક પરિવર્તન કે પરિમાર્જન કરવાની તમન્ના નથી હોતી, પણ આસપાસનાં પરિબળો તેમને તેવું પરિવર્તન કે પરિમાર્જન કરવાની ફરજ પાડે છે, અને અંતે તેના નેતાઓ પોતાનાં રૂઢ મન્તવ્યોને કાયમ રાખીને પણ તેવું પરિવર્તન કાળબળને નામે સ્વીકારી તો લે છે, પણ ગુણગાન તો રૂઢ માન્યતાઓનાં જ કરે છે. પ્રત્યેક ધાર્મિક સમાજની આ એક ખાસિયત હોય છે. આથી રૂઢ સનાતન માર્ગમાં નવું નવું સત્ય સ્વીકાર કરવાના આગ્રહ ધરાવતા અનેકાંતવાદના પ્રવેશને બહુ જ ઓછો અવકાશ રહે છે. અનેકાંતવાદનો પ્રવેશ ત્યાં જ સહજ બને છે, જે સમાજ પ્રગતિશીલ હોય. આ દૃષ્ટિએ સનાતની હિન્દુ–વૈદિક સમાજ કરતાં જૈનધર્મને વધારે પ્રગતિશીલ ગણવો જોઈએ. જૈનધર્મના અનુયાયીઓમાં પણ વૈદિકોની અસર જેવી તેવી નથી થઈ, તેઓ પણ પોતાના સનાતનપણાના સમર્થનમાં અનેક દલીલો કરતા થઈ ગયા છે, પણ સમગ્ર ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે, જૈનદર્શને અને ધર્મે પોતાને સનાતની કહેવરાવવામાં રાચવા છતાં સત્ય સ્વીકાર માટેના પોતાનાં દ્વારો હંમેશાં ખુલ્લાં જ રાખ્યાં છે. અને સમાજના આચરણમાંથી કે આસપાસના દાર્શનિક વિચારોમાંથી જે કાંઈ ઉચિત જણાયું, સત્ય જણાયું, તેને પોતાના આચાર અને દર્શનમાં સ્વીકારીને આત્મસાત્ કરી લીધું છે, અને તેમ કરવામાં ગૌરવનો જ અનુભવ કર્યો છે. આનું કારણ જૈન દર્શનની પ્રકૃતિમાં જ અનેકાંતવાદની ભાવના મૂળથી રહી છે તે છે. આથી નિઃસંશય કહી શકાય કે ભારતીય વિવિધ સમાજોમાં જૈન સમાજ પ્રગતિશીલતાની દૃષ્ટિએ અગ્રણી મનાવો જોઈએ. દાર્શનિકોને એક યા બીજી રીતે વિચારક્ષેત્રમાં અનેકાંતવાદનો આશ્રય લીધા વિના ચાલતું જ નથી; પણ જૈન દર્શન જ એવું દર્શન છે કે જેણે પોતાના સમગ્ર દાર્શનિક વિચારોને અનેકાંતવાદની ભૂમિકા ઉપર જ ગોઠવ્યા છે. તેથી તે વાદ જૈનોનો પોતાનો થઈ ગયો હોઈ, બીજા દાર્શનિકો જૈનોની જેમ અનેકાંતવાદી બનવામાં ગૌરવનો અનુભવ નથી કરતા. પણ કોઈ ગૌરવનો અનુભવ કરે કે ન કરે, તેથી કાંઈ અનેકાંતવાદનું ગૌરવ ઘટતું નથી. સત્યદર્શન અને વિચારવિકાસ માટે અનેકાંતવાદનો સર્વ ક્ષેત્રે સ્વીકાર કર્યા વિના બીજો કોઈ રસ્તો છે જ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) અનેકાંતવાદનું મૂળ અહિંસા

આટલી અનેકાંતવાદની સામાન્ય ચર્ચા પછી જૈન દર્શન અનેકાંતવાદની ભૂમિકા ઉપર જ કેમ ઊભું થયું એ વિચારવાનું પ્રાપ્ત થાય છે. ભગવાન મહાવીરના જીવનનો મંત્ર એક જ હતો અને તે છે અહિંસા. ભગવાન મહાવીરે જગતના અણુઅણુમાં જીવોનો વાસ જોયો. તેમનું સંવેદનશીલ સમભાવી હૃદય અનુભવવા લાગ્યું, કે જીવન મને જેમ પ્રિય છે, તેમ આ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુ-ઓને પણ પ્રિય છે; મને દુઃખ ગમતું નથી તેમ એ સર્વને પણ દુઃખ અપ્રિય છે. તો મારે જીવનવ્યવહાર એવી રીતે ગોઠવવો જોઈએ, જેથી અન્ય જીવની હિંસા થાય નહિ. આવા તીવ્ર સંવેદનમાંથી મહાવીરે અહિંસક જીવનવ્યવહાર અપનાવ્યો અને લોકજીવનમાં સંયમનો ઉપદેશ દીધો.

વિચારસંપત્તિનું મૂલ્ય

અહિંસક જીવનવ્યવહારમાંથી જ બીજાના વિચારોને ઠેસ ન પહોંચાડવાની વૃત્તિનો જન્મ થાય છે; કારણ કે એ અનુભવની વાત છે કે, સૌને મન પોતાની બાહ્ય સંપત્તિની જેમ વિચારસંપત્તિનું પણ બહુમૂલ્ય હોય છે. એ પણ અનુભવાય છે કે માણસની બાહ્ય સંપત્તિ ભલે ફના થતી હોય, પણ પોતે નક્કી કરેલ વિચાર કે મંતવ્યને છોડવા તે ઝટ તૈયાર થતો નથી. આમ પોતાના મત, મંતવ્ય કે વિચાર પ્રત્યે વ્યક્તિને એક પ્રકારની નિષ્ઠા અને મમતા હોય છે. એની એ નિષ્ઠાને કે મમતાને જ્યારે આપણે વગર વિચાર્યે ઝટ જૂઠી કહી દઈએ છીએ ત્યારે તે આંચકો અનુભવે છે, તેને તીવ્ર દુઃખ થાય છે અને તેનો પ્રતીકાર કરવા તે તૈયાર થઈ જાય છે; અને પોતાનાં સાચાં-ખોટાં મંતવ્યોને વધારે બળપૂર્વક વળગી રહેવા તૈયાર થાય છે. સામી વ્યક્તિ પણ પોતાનાં મંતવ્યોને તે જ પ્રમાણે વળગી રહેવા તૈયાર હોય છે. આથી વાદ-વિવાદની, વૈર-પ્રતિવૈરની પરંપરા જ વધે છે, અને આ હિંસા જ છે. આ વૈચારિક હિંસાના નિવારણરૂપે જ અનેકાંત-વાદનો વિકાસ કરવાનું ભગવાન મહાવીરે ઉચિત માન્યું અને તેમણે પોતાના દર્શનને અનેકાંતવાદની ભૂમિકા ઉપર જ વિકસાવ્યું. જીવની હિંસા જો વર્જ્ય હોય તો જીવના કોઈ પણ મંતવ્યને ઝટ દઈ ખોટું કહી દઈ તેને દુઃખ પહોં-ચાડવું, એ પણ હિંસા જ છે અને તેથી તેમ કરવું પણ વર્જ્ય ગણાવું જોઈએ. આથી કોઈ મંતવ્યને જો ખોટું ન કહેવું હોય તો તેમાંથી સત્ય શોધવાની પ્રવૃત્તિ કરવી જ જોઈએ. જ્યાં સુધી વિરોધીના મંતવ્યને અસત્ય માનતા હોઈએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં સુધી તે મંતવ્ય આદરપાત્ર તો બને જ નહિ; એટલે તેમાંથી સત્ય શોધવાનો પ્રયત્ન અનિવાર્ય બને છે. આ પ્રયત્નમાંથી એક દૃષ્ટિએ નહિ પણ અનેક દૃષ્ટિએ વસ્તુનું નિરીક્ષણ કરવાની પ્રવૃત્તિ વધે છે, અને તે જ અનેકાંતવાદને જન્મ આપે છે. આમ અહિંસાની ભૂમિકા ઉપર જ અનેકાંતવાદનો પ્રાસાદ ઊભો થાય છે.

સમન્વયની સંજીવની

આચાર્ય સિદ્ધસેને કહ્યું છે કે, જેટલા વચનમાર્ગો છે તેટલા જ નયો છે અને જેટલા નયો છે તેટલાં જ પરદર્શનો છે. આ જ વાતને આગળ વધારીને આચાર્ય જિનભદ્રે સ્પષ્ટ કરી છે કે જેટલાં પરદર્શનો છે તે બધાં મળીને જૈન દર્શન બને છે. પરસ્પરવિરોધી મંતવ્યોમાં વિરોધ ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી એ બધાંને સંગત કરી તેમનો એમ સમગ્ર–પૂર્ણ દર્શનરૂપે સમન્વય કરવામાં ન આવે. વિરોધનો આધાર પરસ્પરમાં રહેલ દોષો કે ન્યૂનતાઓ છે. પણ જેમ કોઈ મંતવ્યમાં દોષ કે ન્યૂનતા હોય છે, તેમ તેમાં ગુણ અને વિશેષતા પણ હોય છે. જે ક્ષણે એ ગુણ અને વિશેષતા તરફ ધ્યાન આપવામાં આવે છે, તે ક્ષણે જ વસ્તુદર્શનનો એ પણ એક પ્રકાર છે, નય છે, એમ સ્પષ્ટ થાય છે અને વસ્તુદર્શનની પૂર્ણતામાં એ પણ એક અંગ બની જાય છે. જેમ નાના પ્રકારના, જુદા જુદા રંગનાં મોતીઓ જ્યાં સુધી પૃથક્ હોય છે, ત્યાં સુધી તેમની જુદાઈ તરફ જ વિશેષ ધ્યાન જાય છે અને તેમની એકતાને બદલે પાર્થક્ય વિષે જ મત દૃઢ બનતો જાય છે. પણ એ બધાં મોતીઓનો જ્યારે એક હાર બનાવવામાં આવે છે, ત્યારે તેઓ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈને એક હારના અંગ રૂપે બની જાય છે. તેમાં એક નવા જ પ્રકારની સંગતિ તેઓ ઊભી કરે છે. આ જ રીતે જ્યાં સુધી ભિન્ન ભિન્ન દર્શનો પોતાની જ સચ્ચાઈ વિષે આગ્રહ રાખે ત્યાં સુધી તે દર્શનો મિથ્યા કહેવાય, કારણ, તેઓ આંશિક સત્યને પૂર્ણ સત્ય માનીને રાચતાં હોય છે; પણ જ્યારે તેઓમાંથી પૂર્ણતાનો આગ્રહ દૂર કરીને તેમને પૂર્ણદર્શનના અંગ તરીકે, નય તરીકે, એક પ્રકાર તરીકે જૈન દર્શનમાં મૂકવામાં આવે છે, ત્યારે તેઓ મિથ્યા મટીને સત્ય બની જાય છે. અને એવા આંશિક સત્યોને એકત્ર કરીને વિવિધ નયોમાંથી જૈન દર્શનનો પ્રાસાદ ખડો કરવામાં આવે છે. એટલે તે મિથ્યામાંથી ઊભો થયેલ છતાં પોતે મિથ્યા નથી, એટલું જ નહિ પણ, પ્રથમ જે મિથ્યા હતા તેમાંથી પણ મિથ્યાત્વને ગાળી નાખનાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ અનેક દિશામાંથી આવનારી નદીઓ સમુદ્રમાં મળીને એક થઈ જાય છે, પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે, તેમ અનેકાંતવાદમાં પણ અનેક એકાંતવાદી મતો મળી જાય છે અને પોતાનું અસ્તિત્વ ખોઈ નાખે છે. અર્થાત્ તેઓ જુદા હતા ત્યારે મિથ્યા કહેવાતા, પણ જ્યારે અનેકાંતમાં સમન્વિત થઈ ગયા ત્યારે તેમનું જુદું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે અને સત્યના એક ભાગ તરીકે જ વર્તમાનમાં રહે છે; આથી તેઓ મિથ્યા મટી જાય છે. અનેકાંતવાદની સંજીવની શક્તિ એવી છે કે, એ મતોને નવતર રૂપ આપી દે છે; તેમાંથી કદાગ્રહનું વિષ નીકળી જતું હોઈ તે મિથ્યા રહેતા નથી; સત્યના એક અંશ તરીકે નવજીવન પ્રાપ્ત કરે છે.

જૈન દર્શનની આ સંજીવની જેમનામાં હાડોહાડ વ્યાપી ગઈ છે તેવા આચાર્ય હરિભદ્ર કે હેમચંદ્રને કહેવાતા મિથ્યાદર્શનમાં કે મિથ્યાત્વી દેવમાં કશો જ દોષ જણાતો નથી. અને તેથી; આપણે જોઈએ છીએ કે, આચાર્ય હરિભદ્ર અન્ય દર્શનોના કપિલ આદિ પ્રણેતાઓને પણ જૈન તીર્થંકરની કોટિથી ઊતરતા ગણવા તૈયાર નથી; અને આચાર્ય હેમચંદ્ર જે ભક્તિભાવથી તીર્થંકરની સ્તુતિ કરે છે એ જ ભક્તિભાવથી શિવની પણ સ્તુતિ કરી શકે છે. એમને શિવ પણ એક વીતરાગી દેવ તરીકે જ દેખાય છે: આ છે અનેકાંતવાદની સંજીવની શક્તિ.

દેવોમાં એકતાનું ભાન કરવું એ તો કદાચ મનુષ્યમાં ઉદારતા હોય તોપણ સંભવે પરંતુ વિભિન્ન મતોમાં સામંજસ્ય સ્થાપવું એ સરલ નથી. સામાન્યપણે એમ કહી દેવું કે, બધાં દર્શનોનો સમૂહ એ જૈન દર્શન છે એ એક વાત છે, પણ એ બધાંનો સમન્વય કરીને એક વ્યવસ્થિત દર્શન ઊભું કરવું એ અત્યંત કઠણ કામ છે. કારણ કે, અનેક વિરોધી મંતવ્યોમાં રહેલ એકતા શોધવાનું કાર્ય સરલ નથી. પણ જૈન દાર્શનિક આચાર્યોએ એ પોતાનું ધ્યેય જ બનાવ્યું છે કે પોતાના સમય સુધી જે જે નવાં નવાં મંતવ્યો ઊભાં થયાં હોય છે તે સૌનો યથાસંભવ તાર્કિક સમન્વય કરીને તેને અનેકાંતવાદના વિશાળ પ્રાસાદમાં યોગ્ય સ્થાન આપી દેવું. આમ કરવામાં તેમની તાર્કિકતાની અને મધ્યસ્થપણાની પૂરી કસોટી થઈ જાય છે. કારણ, આ માટે સમગ્ર ભારતીય દર્શનની પૃષ્ઠભૂમિમાં તે તે મંતવ્યનું સ્થાન, સમગ્ર દાર્શનિક વિકાસક્રમમાં તેમનું ઉપયુક્ત સ્થાન, તે તે મંતવ્યોના ઉત્થાનનાં અનિવાર્ય કારણો, તે તે મંતવ્યોના ગુણદોષો, તે તે મંતવ્યોમાં પરસ્પરનો વિરોધ, અને છેવટે સમન્વયનો માર્ગ—આટલી બાબતોની વિચારણા અનિવાર્ય થઈ પડે છે. આ વિના અનેકાંતવાદના પ્રાસાદમાં તે તે મંતવ્યનું સ્થાન નિશ્ચિત થઈ શકતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેકાંતવાદના પ્રાસાદની ભવ્ય રચના અને વિકાસ માટે ભગવાન મહાવીરથી માંડીને ઉપાધ્યાય યશોવિજય સુધી બરાબર કાળક્રમે પ્રયત્ન થતો રહ્યો છે. પરિણામે એમ નિઃસંકોચપણે કહી શકાય કે ભારતીય સમગ્ર દર્શનોના વિકાસ સાથે સાથે જૈન દર્શન પણ તે સૌને આત્મસાત્ કરતું ભારતીય દર્શનોની વૈજયન્તી લહેરાવે છે. અને એ એક જ દર્શનનો અભ્યાસ કરવામાં આવે તો સમગ્ર ભારતીય દર્શનના વિકાસનો તાદશ ઇતિહાસ વાચક સમક્ષ ખડો થઈ જાય છે.

(૩) અનેકાન્તદૃષ્ટિએ વિવિધ મતોનો સમન્વય

જૈન દર્શનની અનેકાંતવાદની ભાવના વિષે આટલો વિચાર કર્યા પછી તેનું અવતરણ કેવા કેવા માર્ગે ક્યાં ક્યાં જૈનોએ કર્યું છે તે વિષે સંક્ષેપમાં વિચાર કરી લઈએ.

સૌ ધર્મોમાં પોતપોતાનાં શાસ્ત્રોની જે પ્રતિષ્ઠા હોય છે તે અનુપમ છે. જૈનધર્મમાં પણ પોતાનાં શાસ્ત્રની પ્રતિષ્ઠા અનુપમ છે જ. છતાં પણ ત્યાં અનેકાંતભાવના કેવી નિરાગ્રહવૃત્તિ ધારણ કરી શકે છે, તેનું ઉદાહરણ જૈનોનું નંદીસૂત્ર નામનું શાસ્ત્ર પૂરું પાડે છે. નંદીસૂત્રમાં સમ્યક્શાસ્ત્ર અને મિથ્યાશાસ્ત્રની કસોટી આપવામાં આવી છે. તેમાં કહ્યું છે કે, સ્વયં વ્યક્તિ જો સમ્યક્ત્વી અર્થાત્ વિવેકી, જ્ઞાની હોય તો તેને માટે જૈન આગમો કે અજૈન મહાભારત આદિ શાસ્ત્રો એ બધાં જ સરખી રીતે સમ્યક્ શાસ્ત્રો છે. પણ જો વ્યક્તિ સ્વયં મિથ્યાત્વી અર્થાત્ અવિવેકી, અજ્ઞાની હોય તો તેને માટે જૈન-અજૈન સર્વ શાસ્ત્રો મિથ્યાશ્રુત-મિથ્યાશાસ્ત્રો બની જાય છે. આમ માનવાનું કારણ એ છે કે, એકની એક વસ્તુ જેમ દ્રષ્ટાની ભાવના પ્રમાણે વિવિધ રૂપો ધારણ કરે છે, તેમ શાસ્ત્રો પણ દ્રષ્ટાની ભાવના પ્રમાણે જ વિવિધ રૂપો ધારણ કરે છે. આથી કોઈ એક શાસ્ત્ર એકાંત સમ્યક્ કે મિથ્યા છે એવો નિયમ કરી શકાય નહિ.

સૂર્ય પ્રકાશ આપે છે ખરો, પણ ઘૂવડને એ કશા કામનો નથી, ચોરોને એ પોતાની ઇષ્ટ સિદ્ધિમાં બાધક જ બને છે, તેમ તીર્થંકરો કે મહાપુરુષો વિષે પણ છે. સર્વજનહિતનું ધ્યેય લઈ ચાલવા છતાં તેઓ સરખી રીતે સૌના પૂજ્ય બનતા નથી; કારણ, ગ્રાહકની યોગ્યતા-અયોગ્યતાને લીધે તેમના પ્રત્યે આકર્ષણ-વિકર્ષણ થાય છે. એટલે તીર્થંકર પણ સૌને માટે સરખી રીતે તીર્થંકરરૂપ બની શકતા નથી. આ જ ન્યાય સૌ વસ્તુ વિષે અનુભવાય છે. વસ્તુ એની એ છતાં, દ્રષ્ટાના દૃષ્ટિબિંદુ પ્રમાણે, તે વિવિધ દર્શનો ઊભાં કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય—વસ્તુદર્શનના જે નાના પ્રકારો છે એ બધાનું વર્ગીકરણ જૈન આચાર્યોએ, ભગવાન મહાવીરને અનુસરીને, બે દૃષ્ટિ કે બે નયોમાં કર્યું છે : એક છે ભેદદર્શન અને બીજું છે અભેદદર્શન; એક છે વિશેષગામી દર્શન અને બીજું છે સામાન્યગામી દર્શન; એક છે અનેકત્વનું દર્શન અને બીજું છે એકત્વનું દર્શન. દર્શન ગમે તે હોય, પણ તે આ બેમાંથી ગમે તે એકમાં સમાવિષ્ટ થઈ જ જવાનું. જૈન પરિભાષામાં અભેદ દર્શનને દ્રવ્યાર્થિક નય અને ભેદદર્શનને પર્યાયાર્થિક નય કહે છે. ભારતીય તો શું પણ વિશ્વના કોઈ પણ દાર્શનિક મન્તવ્યનો આ બેમાંથી ગમે તે એકમાં સમાવેશ થઈ શકે છે એવો દાવો જૈન આચાર્યોનો છે. અને તેમણે અત્યાર સુધીમાં ઊભા થયેલા તેમને જ્ઞાત સમગ્ર દર્શનોને આ બેમાંથી ગમે તે એકમાં કેવી રીતે સમાવી શકાય છે તે યુક્તિપૂર્વક બતાવ્યું પણ છે. એ બે નયોના અવાંતર ભેદો સાત કરવામાં આવ્યા છે અને તે સાત નયોમાં ભારતીય દર્શનોના સમગ્ર વિસ્તારને સમાવી લેવામાં આવ્યો છે.

વ્યવહારનય—દ્રવ્યાર્થિક નયના એક ભેદ તરીકે વ્યવહારનય માનવામાં આવે છે. વ્યવહારનું તાત્પર્ય એ છે કે લોકવ્યવહારને પ્રમાણ માનીને ચાલવું. લોકવ્યવહાર વસ્તુગત સૂક્ષ્મ ભેદોને ધ્યાનમાં લીધા વિના જ સ્થૂલ અભેદ માનીને ચાલે છે. આથી વ્યવહારનય દ્રવ્યાર્થિકનો ભેદ છે અને જ્ઞાનને નહિ, પણ અજ્ઞાનને મહત્ત્વ આપે છે. ચાર્વાકો વ્યવહારનયવાદી જ છે, કારણ કે તેઓ પણ માત્ર ભૂતોને જ માને છે અને સ્વતંત્ર એવા જ્ઞાનમય ચૈતન્ય આત્માને માનતા નથી, કારણ કે તેઓ લોકવ્યવહારને જ પ્રમાણ માનીને ચાલે છે; આત્મા જેવી સૂક્ષ્મ વસ્તુના વિચારમાં પડતા નથી. આથી તેઓ અજ્ઞાનવાદનો જ આશ્રય લે છે. ચાર્વાકનો વિરોધ તો દાર્શનિકોએ આત્મતત્ત્વ સ્વતંત્ર માનીને કર્યો જ છે. જૈન દર્શનમાં જીવ અને અજીવ તત્ત્વોની માન્યતા સ્થિર થયેલી છે. આથી જડ ભૌતિક વસ્તુ પૂરતું ચાર્વાક દર્શન સાચું છે, પણ ચૈતન્ય વિષેની તેની માન્યતા ભ્રામક છે; એટલે તે પણ એક નયને અનુસરે છે એમ માનવું રહ્યું. અને એક નયમાં પૂર્ણ સત્ય પ્રગટ થતું નથી, પણ સર્વનયોમાં પૂર્ણ સત્ય પ્રગટ થાય છે. આથી ચાર્વાકને પણ એકાંત અસત્ય દર્શન કહી શકાય નહિ; તેમાં પણ આંશિક સત્ય તો છે જ, એમ જૈન દર્શન કહે છે. સંસારી જીવાત્મામાં અધિકાંશ એવા છે, જેમને આત્મ-અનાત્મનો વિવેક છે જ નહિ. અને તેઓ અજ્ઞાનને કારણે શરીરને જ આત્મા માનીને વ્યવહાર કરે છે. આ વ્યવહાર ચાર્વાક દર્શનને આધારે છે એમ જ કહેવું જોઈએ. વ્યવહારનયનું મન્તવ્ય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પ્રમાણોનાં વિવિધ લક્ષણો, જે દાર્શનિકો દ્વારા આપવામાં આવ્યાં છે, તે એકબીજાંથી જુદાં પડે છે. એટલે એમાંથી કોને સાચું માનવું? પ્રમાણ કોને માનવું?—એ જ્યાં નક્કી થઈ શકતું ન હોય, ત્યાં તે દ્વારા વસ્તુતત્ત્વનું જ્ઞાન કરવા જવું, એ વળી, તદ્દન અશક્ય છે. માટે લોકમાં સાચું માનીને જે વ્યવહાર ચાલે છે તે ઉચિત છે, વસ્તુતત્ત્વનું યથાર્થ જ્ઞાન અશક્ય જ છે, જ્ઞાન થઈ શકતું નથી, માટે અજ્ઞાન જ શ્રેય છે—આમ વ્યવહારનયને આશ્રયે અજ્ઞાનવાદનું ઉત્થાન છે. લોકમાં આવા અજ્ઞાનવાદનો આશ્રય આપણે જ્યાં ત્યાં જોઈએ જ છીએ અને શાસ્ત્રોમાં પણ એનું સમર્થન કરે એવાં વાક્યો છે. ઋગ્વેદમાં જ કહ્યું છે :—

"को अद्धा वेद...कुत आजाता कुत इयं विसृष्टि: : ।......... ...यो अस्याध्यक्ष: परमे व्योमन् सो अङ्ग वेद यदि वा न वेद ।"

ભર્તુહરિએ કહ્યું છે :—

"यत्नेनानुमितोऽप्यर्थः कुशलैरनुमातृभि: ।
अभियुक्ततरैरन्यै-रन्यथैवोपपाद्यते ॥"

એક કુશલ પુરુષ એક રીતે અનુમાનથી વસ્તુજ્ઞાન કરે છે, પણ તેથી વધારે કુશલ પુરુષ હોય તો તેના એ અનુમાનજ્ઞાનને ઉથલાવી પાડે છે. ત્યાં કોના અનુમાનજ્ઞાન ઉપર ભરોસો કરવો? જૈન શાસ્ત્રોમાં પણ અજ્ઞાનવાદનો ક્રિયાવાદ આદિ ચાર વાદોના એક ભેદ તરીકે ઉલ્લેખ આવે જ છે. આમ અજ્ઞાનવાદ ખરી રીતે મનુષ્યજાતિ જેટલો જ જૂનો ગણી શકાય. વળી, મીમાંસકોએ તો જ્ઞાન કરતાં કર્મને જ મહત્ત્વ આપ્યું છે અને તે રીતે જ્ઞાન નહિ તે અજ્ઞાન એ અર્થમાં તેમનો કર્મવાદ પણ એક પ્રકારનો અજ્ઞાનવાદ જ છે. આ બધા પ્રકારના અજ્ઞાનવાદનો સમાવેશ જૈનસંમત વ્યવહાર-નયમાં છે. અને તે મતનો સમન્વય જૈનોએ જીવ અને અજીવ તત્ત્વ માનીને તથા આત્મામાં—સંસારી આત્મામાં—જ્ઞાન-અજ્ઞાન બન્ને માનીને કરેલ છે. પરમ તત્ત્વનું ભલે પ્રત્યક્ષ જ્ઞાન ન હોય, પરંતુ પરોક્ષ જ્ઞાન એ કાંઈ અજ્ઞાન જ છે એમ કહી ન શકાય. વળી, અજ્ઞાનવાદીએ દાર્શનિકોનાં લક્ષણોમાં વિરોધ દર્શાવ્યો છે, પણ તે વિરોધદર્શનને તો તેને જ્ઞાન જ માનવું પડે છે, અન્યથા વિરોધ સિદ્ધ નહિ થાય. આમ લોકવ્યવહારમાં પણ જ્ઞાન—અજ્ઞાન બન્નેથી કાર્યસિદ્ધિ થાય છે, નહિ કે એકલા અજ્ઞાનના આશ્રયથી. મીમાંસક વેદોનું તાત્પર્ય ભલે કર્મમાં માને, પણ એ કર્મ વિષે તો યથાર્થ જ્ઞાન જોઈએ જ ને? આમ કર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે ભલે જ્ઞાન રૂપ ન હોય, પણ તે વિષેનું જ્ઞાન જો ન હોય અને અજ્ઞાન જ હોય તો અમુક જ કર્મમાં પ્રવૃત્તિ અને અમુકમાં નિવૃત્તિ કેવી રીતે થાય? માટે મીમાંસકોએ પણ એકાંત કર્મ નહિ પણ જ્ઞાનને પણ માનવું જરૂરી છે. માત્ર દવા લેવાની ક્રિયાથી-કર્મમાત્રથી રોગમુક્તિ નથી થતી, પણ યોગ્ય દવા કઈ એ જાણીને દવા લેવાથી રોગમુક્ત થવાય છે. માટે જ્ઞાન અને કર્મના સમુચ્ચયનો માર્ગ એ જ હિતાવહ છે.

મીમાંસકોએ વેદોને અપૌરુષેય માન્યા, તેમાં પણ અજ્ઞાનવાદનો જ આશ્રય છે. કયા પુરુષે અને ક્યારે તે રચ્યા તે જાણી શકાતું નથી માટે તે અપૌરુષેય છે. પણ તેથી વિરુદ્ધ, જૈનોનું કહેવું છે કે, વિદ્યાઓ ભલે અનાદિ હોય અને તે તે વિદ્યાઓના આદિ ઉપદેષ્ટા જ્ઞાત નથી માટે તે દૃષ્ટિએ ભલે તેને અપૌરુષેય કહો, પણ તે તે વિદ્યાઓને નવું નવું રૂપ આપનાર તો પુરુષો જ છે અને તેઓ જ્ઞાત પણ છે. ઋચાના અમુક મંત્રોના દ્રષ્ટા અમુક ઋષિઓને માનવામાં આવે જ છે, તો પછી એ દૃષ્ટિએ વેદોને પૌરુષેય માનવામાં શો બાધ છે? જૈનોનાં બાર અંગો વિશે પણ જૈનોની ધારણા છે કે, તે અનાદિ-અનંત છે અને છતાં વિદ્યમાન અંગો ભગવાન મહાવીરના ઉપદેશને અનુસરીને ગણધરોની રચના છે. આમ તે પણ પૌરુષેય અને અપૌરુષેય સિદ્ધ બને છે.

સંગ્રહનય—એક તરફ ચાર્વાક છે, જેણે માત્ર જડ તત્ત્વો જ માન્યાં; પણ તેથી વિરુદ્ધ વેદાંત કે ઔપનિષદ દર્શન છે, જેણે માત્ર ચૈતન્યને જ માન્યું. એ વેદાંત દર્શનનો સમાવેશ જૈનસંમત સંગ્રહનયમાં છે. લોકમાં જે કાંઈ છે તે સર્વનો સંગ્રહ-સમાવેશ સત્તત્ત્વમાં થઈ શકે છે, કારણ તે બધું સત્ તો છે જ—એમ સંગ્રહનય પણ માને છે. વેદાંત દર્શન તત્ત્વને માત્ર સત્ કહીને જ સંતુષ્ટ નથી થતું, પણ તે સત્ ચૈતન્યરૂપ જ છે, જે પુરુષ કે બ્રહ્મ કે આત્મા કહેવાય છે-આમ પણ આગ્રહ ધરાવે છે. જૈન દર્શન ચૈતન્યતત્ત્વના અસ્તિત્વમાં તો સંમત છે જ, પણ તે માને છે કે, ચૈતન્ય ઉપરાંત અચેતન કહી શકાય તેવું તત્ત્વ પણ હોવું જોઈએ, અન્યથા ચૈતન્યમાં બંધ અને મોક્ષ, સંસાર અને નિર્વાણની ઘટના સંભવે નહિ. વેદાંતમાં માયા, મિથ્યાત્વ, અજ્ઞાનને ચૈતન્યવિરોધી માનવામાં આવે છે, પણ માયાને સત્ શબ્દથી કહેવામાં તેઓ સંમત નથી, પણ તેને અનિર્વાચ્ય કહે છે. તે એટલા માટે કે, બ્રહ્મથી માયાને ભિન્ન પણ નહિ તેમ જ અભિન્ન પણ નહિ એવી તેઓ માને છે. એ ગમે તે હો, પણ માયા જેવું કાંઈક પણ—ભલે તેને તેઓ સત્ શબ્દથી કહેવા ન માગે—માન્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના તો ચાલતું જ નથી. એ જ તો જૈનો કહે છે કે, જડ તત્ત્વ છે, જેને કારણે આત્મા બંધનમાં પડે છે. માયાને જો સત્ માનવામાં આવે તો બ્રહ્મ અને માયા એમ બે સત થાય તો અદ્વૈત સિદ્ધ ન થાય અને જો માયાને અસત્ કહેવામાં આવે તો અસત્થી પ્રપંચ કેમ ઘટે ? આત્મા આત્માથી બંધાય નહિ પણ અનાત્માથી બંધાય, માટે આત્મા અને અનાત્મા—અજીવતત્ત્વ—બન્ને સ્વીકારવાં આવશ્યક છે, આથી વેદાંત દર્શનને પણ આંશિક સત્યરૂપે સંગ્રહનયમાં જૈનાચાર્યોએ સમાવિષ્ટ કર્યું છે.

જૈનોની જેમ જ સાંખ્યો પણ જીવ અને અજીવ એ બે તત્ત્વોને પુરુષ અને પ્રકૃતિરૂપે માને છે. અને પ્રકૃતિમાંથી જ સમગ્ર જડસૃષ્ટિનો વિકાસ પુરુષ સંપર્કને કારણે સ્વીકારે છે. નૈયાયિકાદિ દર્શનો પણ જીવ અને જડ સૃષ્ટિ સ્વીકારે છે. આથી કેવળ જીવ—આત્મા માનવો એ જૈન દૃષ્ટિએ આંશિક સત્ય છે; પૂર્ણ સત્ય જીવ અને અજીવ બંને માનવામાં આવે તો બને.

આ જ ન્યાયે કેવળ વિજ્ઞાનવાદ, શૂન્યવાદ અને શબ્દાદ્વૈતવાદને પણ જૈનો આંશિક સત્ય માની સંગ્રહનયમાં સ્થાન આપે છે.

ઋજુસૂત્રનય—વેદાંતને મતે સત્ તે કહેવાય, જે ત્રૈકાલિક હોય. પણ તેથી વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે, સત્ તે જ કહેવાય, જે માત્ર વર્તમાનકાલિક હોય, અન્ય નહિ. વેદાંતને મતે સર્વ પ્રપંચનો સંગ્રહ એક બ્રહ્મમાં—એક સામાન્ય સત્માં થઈ જાય છે. તેથી પૃથક્ કાંઈ રહેતું નથી. પણ તેથી વિરુદ્ધ બૌદ્ધોએ કહ્યું કે, સામાન્ય જેવી વસ્તુ કોઈ છે જ નહિ, જે સર્વ સંગ્રાહક હોય; માત્ર વિશેષો જ છે, અને તે સૌ પૃથક્ પૃથક્ છે, અને ક્ષણિક છે; સંસારમાં નિત્ય એવી કોઈ વસ્તુ જ નથી. બૌદ્ધોનો આ વાદ પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્રમાં સમાવિષ્ટ છે. બૌદ્ધ અને વેદાંત પરસ્પરવિરોધી મંતવ્યો છે. પણ જૈનોએ એ બંનેને આંશિક સત્ય માની પોતાનાં દ્રવ્ય—પર્યાયવાદમાં સમાવી લીધાં છે. દ્રવ્ય એ ત્રૈકાલિક સત્—નિત્ય છે. પણ તેનાં પરિણામો—વિશેષો અનિત્ય છે. એમ કહી ઉક્ત બંને વિરોધી વાદોનો એણે સમન્વય કર્યો છે. વેદાંતનો જૈન સંમત સંગ્રહનયમાં સમાવેશ છે, તો બૌદ્ધોનો પર્યાયનયના એક ભેદ ઋજુસૂત્ર નામના નયમાં છે. જૈનો વસ્તુને સામાન્ય-વિશેષાત્મક માને છે, આથી તે બંને નયોને તેમાં સ્થાન છે.

નૈગમનય—વેદાંતને મતે સત્ તે જ કહેવાય જે ત્રૈકાલિક હોય. આની સામે ન્યાય—વૈશેષિક દર્શનની માન્યતા છે કે આત્મા આદિ પદાર્થો ત્રૈકાલિક સત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, પણ બધાં કાર્યદ્રવ્યો ત્રૈકાલિક સત્ નથી હોતાં. તેઓ તો પ્રથમ અસત્ હોય, પણ પછી સત્ થાય અને પાછા અસત્ થઈ જાય. વળી કેટલાક પદાર્થો માત્ર સામાન્ય છે, કેટલાંક માત્ર વિશેષ છે અને કેટલાક સામાન્ય–વિશેષ છે. પણ વેદાંતની જેમ જે કાંઈ સત્ છે તે માત્ર સામાન્ય જ છે, અર્થાત્ સર્વસંગ્રહી જ છે, એક જ છે, એમ ન્યાય–વૈશેષિકો માનતા નથી. વૈશેષિકોના આ મંતવ્યને જૈન દર્શને નૈગમનય કહ્યો છે, એટલે કે તેઓ સામાન્ય અને વિશેષ બન્નેને માને છે. માત્ર સામાન્ય કે વિશેષને નહિ; પરંતુ આમ છતાં તેઓ એક જ વસ્તુને સામાન્ય–વિશેષાત્મક તો નથી જ માનતા, જેવી રીતે જૈનો માને છે. આથી તેઓનો મત પણ એક સ્વતંત્ર નય છે. જૈનોનું મંતવ્ય છે કે, સામાન્ય વિના વિશેષ ન હોઈ શકે અને વિશેષ વિના સામાન્ય ન હોઈ શકે. આથી બંને પરસ્પરાશ્રિત હોઈ સ્વતંત્ર નથી; એક જ વસ્તુના બે પાસા છે.

વેદાંતની જેમ જ સાંખ્યો પણ સત્‌ને ત્રૈકાલિક જ માને છે. આથી તેમના મતે કોઈ પણ કાર્ય નવું ઉત્પન્ન થતું નથી, પણ તલમાંથી તેલની જેમ માત્ર આવિર્ભાવને પામે છે. વેદાંતના બ્રહ્મની જેમ સાંખ્યોની પ્રકૃતિ સર્વપ્રપંચાત્મક છે. પ્રકૃતિમાંથી નવાં નવાં પરિણામો–કાર્યો આવિર્ભૂત થાય છે અને તેમાં જ પાછાં વિલીન થઈ જાય છે. આ બધાં કાર્યોનો સમન્વય એક જ પ્રકૃતિમાં હોઈ બધા એક જ રૂપ છે. આથી કોઈ પણ વસ્તુનો ક્યાંય પણ અભાવ નથી. સર્વ સર્વાત્મક એવી માન્યતા સાંખ્યોની છે. તેમના આ વાદને સત્કાર્યવાદ કહેવામાં આવે છે. આથી વિરુદ્ધ નૈયાયિકો, વૈશેષિકો અને બૌદ્ધો અસત્કાર્યવાદી છે. તેમને મતે કાર્ય જો ઉત્પત્તિની પહેલાં પણ સત્ હોય તો તેના ઉત્પાદનો પ્રયત્ન વ્યર્થ લેખાય. માટે કાર્યને તેની ઉત્પત્તિની પૂર્વે અને વિનાશની પછી અસત્ જ માનવું જોઈએ. આ બંને વિરોધી મંતવ્યોનો સમન્વય જૈનોએ દ્રવ્યપર્યાયવાદથી જ કર્યો છે. દ્રવ્યરૂપે સત્ છતાં પર્યાયરૂપે અસત્ માનવું જોઈએ. માટી એની એ જ છતાં તેમાંથી નવાં નવાં પાત્રો બનાવી શકાય છે. સુવર્ણ એનું એ છતાં તેમાંથી નવા નવા ઘાટ ઘડાવી શકાય છે. માટે માટી કે સુવર્ણ રૂપે નિત્ય સ્થિર છતાં જુદા જુદા ઘાટો તો નવા બનતા–બગાડતા હોઈ તે તે રૂપે તે અનિત્ય પણ છે. આ વિવાદ પણ દ્રવ્ય-પર્યાયનયોનો છે.

અર્થનય અને શબ્દનય—વસ્તુવિચાર કરનારા અર્થનયો છે, પણ વ્યવહારાતા શબ્દોનો અર્થ કેવી રીતે કરવો એમાં પણ વિવિધ મંતવ્યો છે. એ બધાંનો સમાવેશ શબ્દનયોમાં છે. ઉપર જેમને વિષે વિચાર કર્યો છે તે બધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થનયો છે, એટલે કે, નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર એ અર્થનયો છે; જ્યારે શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ શબ્દનયો છે. બધા જ શબ્દનયો પર્યાયાર્થિક નયમાં ગણાય છે, કારણ કે, તે સામાન્યને–દ્રવ્યને નહિ, પણ વિશેષને –પર્યાયને પોતાના વિષય બનાવે છે. શબ્દનયોમાંના પ્રથમ શબ્દનયનો એવો અભિપ્રાય છે કે, ઇન્દ્ર શબ્દથી જે અર્થનો બોધ થાય છે તે જ અર્થનો બોધ શચીપતિ શબ્દથી પણ થાય છે. માત્ર કારકભેદે કે કાલભેદે અર્થભેદ છે, પર્યાય-ભેદે નહિ. પણ સમભિરૂઢ તો પર્યાયભેદે પણ અર્થભેદ સ્વીકારે છે. એટલે કે સમભિરૂઢના મત પ્રમાણે કોઈ બે શબ્દનો એક જ અર્થ હોઈ શકે નહિ. આથી ઇન્દ્ર અને શચીપતિ એક નથી, કારણ, શબ્દોની વ્યુત્પત્તિ જુદી જુદી હોય છે. આથી પણ વધારે સૂક્ષ્મતાથી શબ્દાર્થની વિચારણા એવંભૂત નય કરે છે. તેના મતે તો શબ્દની વ્યુત્પત્તિ જે ક્રિયાને લઈ હોય તે ક્રિયાનો અર્થ જો વસ્તુમાં ન મળે તો તેને તે શબ્દનો અર્થ કહી શકાય નહિ. જેમ કે ગૌ શબ્દના મૂળમાં ગમનક્રિયા છે, એટલે કે ગમન કરે તે ગૌ. તો પછી એવંભૂતના મત પ્રમાણે બેઠેલી હોય ત્યારે તે ગૌ ન કહેવાય, પણ જો ચાલતી હોય તો જ ગૌ કહેવાય. આમ આ શબ્દનયો પણ આંશિક સત્યો ઉપર ભાર આપે છે, પણ તેમને અને-કાંતવાદમાં સ્થાન છે. તેમાંના એક પણ નયનો નિરાસ જૈન દર્શન કરતું નથી, પણ તે સૌનો સ્વીકાર કરી એમને યથાસ્થાને ગોઠવે છે.

અને આ રીતે, આપણે જોયું તેમ, તે પોતાની સર્વનયમયતા સાધે છે અને આચાર્ય જિનભદ્રની એ ઉક્તિ કે, જૈન દર્શન એ સર્વ દર્શનોના સમૂહરૂપ છે, તેને સાચી ઠરાવે છે.

આ અનેકાંતની વિચારણાની પુષ્ટિ અર્થે જ સાત ભંગોની રચના કરી વસ્તુના ધર્મોનું પ્રતિપાદન કરવાની એક ખાસ પ્રણાલી પણ જૈન દર્શનમાં અપનાવવામાં આવી છે અને તેમાં સ્યાત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે; તે એટલા માટે કે, જે કાંઈ પ્રતિપાદન છે તે એક કોઈ અપેક્ષાએ છે, કોઈ એક નય પ્રમાણે છે, નહિ કે, એકાંત; આમ 'સ્યાત્' શબ્દના પ્રયોગને કારણે અનેકાંત-વાદનું બીજું નામ સ્યાદ્વાદ પણ પ્રસિદ્ધ થયું છે.

(૪) આક્ષેપ-પરિહાર

સંશયાદિ દોષનો પરિહાર—સાંપ્રદાયિક અભિનિવેશને કારણે અનેકાંત-વાદ, જે જીવનમાં સ્વાભાવિક છે અને તેથી જ દર્શનમાં જે અનિવાર્ય છે, તે

૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષે દાર્શનિકોએ માત્ર ખંડનદૃષ્ટિ અપનાવી તેનો જે નિરાસ કર્યો છે, તે સર્વથા અનુચિત છે. શંકરાચાર્ય જેવા મહાન દાર્શનિક ગણાતા આચાર્યે પણ અનેકાંતવાદમાં ગુણ જોવાને બદલે, પોતાની સાંપ્રદાયિકતાને કારણે, દોષો જોયા છે, અને તેનું જે ખંડન કર્યું છે તે તેમની કીર્તિને ઉજ્જવલ કરનાર તો નથી જ. સ્યાદ્વાદને સંશયવાદ કહેવો એ તો જ સાચું ઠરે જો જૈનો બે ધર્મો વિષે ડોલાયમાન સ્થિતિમાં હોય અને બેમાંથી એક વિષે પણ નિર્ણય આપી શકતા ન હોય. જૈનોએ બે વિરોધી ધર્મોની અપેક્ષાભેદે સિદ્ધિ જ કરી છે, તો પછી તેમાં સંશય જેવું ક્યાં રહ્યું ? સામે ઊભેલ સ્ત્રીમાં માતૃત્વ અને પત્નીત્વ એ બંને ધર્મ વિષે નિશ્ચિત મત હોય અને એ બંને ધર્મ વિષે નિશ્ચિત દલીલો પણ હોય, તો પછી તે બંને ધર્મો માનવામાં સંશયને સ્થાન નથી જ. તે રીતે જ તેમાં વિરોધ પણ નથી, કારણ કે એને માતા માનવામાં અને પત્ની માનવામાં અપેક્ષાઓ જુદી જુદી છે. એક જ અપેક્ષાએ તેમાં માતૃત્વ–પત્નીત્વ માનવા જતાં જરૂર વિરોધ આવે, પણ તેમ તો જૈનો માનતા જ નથી. વસ્તુમાં એકતા, નિત્યતા માનવામાં દ્રવ્યદૃષ્ટિનો આશ્રય છે અને અનેકતા, અનિત્યતા માનવામાં પર્યાયદૃષ્ટિનો આશ્રય છે; તો પછી વિરોધ ક્યાં રહ્યો ?

વેદમાં દેવસમન્વય—અનેકાંતની ભાવના તો ઋગ્વેદ જેટલી જૂની મળે છે. જ્યારે અનેક દેવવાદ ચાલ્યો ત્યારે ઇન્દ્રદેવ મોટા કે વરુણ મોટા એ વિવાદ શરૂ થયો. ભક્તો પોતપોતાના ઇષ્ટદેવને ઊંચા ઠરાવવા પ્રયત્ન કરે તે સ્વાભાવિક છે. પણ અંતે એ વિવાદનો અંત તો અનેકાંત જ કરી આપે છે. દીર્ઘતમા ઋષિએ કહ્યું કે—"एकं सत् विप्रा बहुधा वदन्ति" (ઋગ્વેદ ૧, ૧૬૪, ૪૬) પરમ સત્ એક જ છે, પણ કવિઓ તેમને જુદા જુદા નામે કહે છે. આમ અનેક દેવોનો સમન્વય એકમાં કરવામાં આવ્યો. ક્યાં વરુણ અને ક્યાં ઇન્દ્ર—એ બેનો અને તેવા જ બીજા અનેક દેવોનો દેખીતો વિરોધ ગાળીને તેમને સૌને એક બનાવી દેવામાં આવ્યા અને વિવાદને શમાવી દેવામાં આવ્યો. આમ કરવામાં ઋષિને અનેકાંતવાદમાં ન તો અજ્ઞાનવાદની ઝાંખી થઈ કે ન સંશયવાદ દેખાયો. અને ન વિરોધ પણ દેખાયો. તો પછી શંકરાચાર્ય જેવા વિદ્વાન દાર્શનિકને જૈન અનેકાંતમાં એ બધા દોષો શા માટે દેખાયા ? ઉત્તર શંકરાચાર્યની સાંપ્રદાયિક દૃષ્ટિમાંથી જ મળી રહે છે.

બ્રહ્મમાં સમન્વય—એ જ શંકરાચાર્ય, જેમને જૈન અનેકાંતમાં સંશય, અજ્ઞાન, વિરોધ આદિ દોષો દેખાયા છે, તેમણે જ્યારે ઉપનિષદની ટીકા રચી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તેઓ અનેકાંતના એ દોષોને ભૂલી જાય છે. બ્રહ્મને ઉપનિષદમાં સત્, અસત્ જેવા વિરોધી શબ્દો વડે કહેવામાં આવ્યું છે. એટલું જ નહિ, પણ, તેનું પૃથ્વી, પાણી, વાયુ આદિ સાથે પણ એકત્વ માનવામાં આવ્યું છે અને ઉપનિષદોનાં એવાં અનેક વિરોધી મંતવ્યોનો સમન્વય એક માત્ર બ્રહ્મમાં સ્વયં શંકરાચાર્યે કરીને વેદાંત દર્શનને સ્થિર કર્યું છે; બ્રહ્મને "अणोरणीवान् महतो महीयान" (કઠ. ૧-૨-૨૦)—તે બ્રહ્મ અણુથી પણ અણુ અને મહત્‌થી પણ મહત્ છે; વળી "क्षरमक्षरं च व्यक्ताव्यक्तम्" (શ્વેતાશ્વતર ૧-૮)—તે બ્રહ્મ ક્ષર પણ છે અને અક્ષર પણ છે, વ્યક્ત પણ છે અને અવ્યક્ત પણ છે; "तदेजति तन्नैजति" -ईशावास्य-તે ચંચલ છે અને અચંચલ છે—આવા આવા અનેક વિરોધી ધર્મોવાળું બ્રહ્મ ઉપનિષદોમાં જણાવવામાં આવ્યું છે અને એ બધા વિરોધોનું સમાધાન શંકરાચાર્યે ઉપનિષદોની ટીકામાં આપ્યું છે. તેમાં તેમને તે સમન્વય કરવામાં કોઈ દોષ દેખાયો નથી; પણ જૈનો જ્યારે વસ્તુને તેવા જ વિરોધી ધર્મોવાળી સિદ્ધ કરે છે, ત્યારે તેમને અનેકાંતમાં-સમન્વયવાદમાં અનેક સંશયાદિ દોષો સૂઝે છે— આ તેમની સાંપ્રદાયિક દૃષ્ટિનું જ પરિણામ છે.

નિર્વિકલ્પ અને સકવિલ્પ—આપણા રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનની વિશેષતા એ છે કે તેઓ આધુનિક કાળના એક મોટા સમન્વયદર્શી પુરુષ છે. તેમનાં લખાણોમાં, બીજા દાર્શનિકોની જેમ, ધર્મ વિષે કે દર્શન વિષે કદાગ્રહ જવલ્લે જ દેખાય છે. આથી તેઓ પૂર્વ અને પશ્ચિમનાં ધર્મો અને દર્શનોના મહાન સમન્વેતા તરીકે પ્રખ્યાત થયા છે. તેમને અનેકાંતમાં વિરોધ આદિ દોષો ન જણાય તે સ્વભાવિક છે, પણ તેમના ઉપર પણ અદ્વૈતબ્રહ્મનો પ્રભાવ અજબ પડ્યો છે. આથી તેમણે અનેકાંતવાદ વિષે ટીકા કરતાં કહ્યું છે કે અનેકાંતવાદમાં ત્રુટિ હોય તો તે એક જ છે અને તે એ કે તેમાં absolute ને (પરમતત્ત્વ--બ્રહ્મ જેવા એકાંત તત્ત્વને) સ્થાન નથી. અહીં બહુ જ નમ્રતાપૂર્વક જણાવવાનું કે અનેકાંતમાં absolute-એકાંતને સ્થાન ન હોય તે અનેકાંતવાદનું દૂષણ નથી પણ ભૂષણ છે. અનેક પ્રકારના asbolute‌નો વિરોધ કરવા માટે જ તો અનેકાંતવાદ (non-absolute) નો જન્મ થયો છે. તો પછી તેમાં તેવા એકાંત તત્ત્વને પરમતત્ત્વ રૂપે સ્થાન કેવી રીતે હોઈ શકે? તેમને મતે તો પરમતત્ત્વ absolute જે કાંઈ હોય તે non-absolute-અનેકાંતાત્મક જ હોઈ શકે. વળી તેવા absoluteને અનેકાંતમાં અવકાશ જ નથી એમ પણ કહી શકાય તેમ છે નહિ; કારણ કે, પહેલાં જણાવી ગયા તેમ, અદ્વૈતવેદાંતસંમત બ્રહ્મની કલ્પનાને—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

absoluteને જૈનોએ પોતાના સંગ્રહનયમાં આંશિક સત્ય તરીકે સ્થાન આપ્યું જ છે. અનેકાંતવાદ આવા અનેક પ્રકારના કલ્પિત absoluteમાંથી જ ઊભો થાય છે અને તેમને તેમનું સ્થાન સંપૂર્ણ સત્યમાં ક્યાં છે તે નિશ્ચિત કરી આપે છે. આવા અનેક absoluteનો સમન્વય જો કરવામાં ન આવે તો અનેકાંતવાદનું ઉત્થાન પણ ન થઈ શકે. આ પ્રમાણે ડૉ. રાધાકૃષ્ણનનો આક્ષેપ પણ તેમના બ્રહ્મ વિશેના પક્ષપાતને લઈને જ છે એમ માન્યા વિના છૂટકો નથી.

એ સાચું જ છે કે વિવાદ શબ્દવ્યવહારને કારણે જ થાય છે અને ઉત્કૃષ્ટ ધ્યાનની ભૂમિકામાં જ્યાં વિતર્ક કે વિચારને અવકાશ નથી અને વળી જ્યાં ધ્યાનના વિષયભૂત એકમાત્ર આત્મતત્ત્વ કે એવા જ કોઈ ધ્યેયપદાર્થનું સાક્ષાત્કરણ છે, ત્યાં અખંડ બોધ થાય છે અને એવા બોધને absolute–નિર્વિકલ્પ શબ્દથી વર્ણવવામાં આવે છે. પણ એ જ નિર્વિકલ્પનું જ્યારે વર્ણન કરવામાં આવે છે, ત્યારે વિકલ્પો ઊભા થાય છે. આમ નિર્વિકલ્પ અને સવિકલ્પનો પણ અનેકાંતવાદમાં સ્વીકાર છે જ. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુની વાચ્યતા અને અવાચ્યતા બંનેનો સ્વીકાર અનેકાંતવાદમાં છે જ. આ રીતે પણ absoluteને અનેકાંતવાદમાં સ્થાન નથી એમ કહેવું તે, મારા નમ્ર મત પ્રમાણે, વિચારણીય ઠરે છે. અનેકાંતમાં absolute ને પણ સ્થાન છે જ, પણ માત્ર absoluteને જ સ્થાન છે એવું નથી. અનેકાંતવાદના સ્વરૂપને કારણે આમ બને છે. અનેકાંતવાદની એ વિશેષતા છે કે તે ધ્યાનગમ્ય અને ઇન્દ્રિયગમ્ય વસ્તુની સચ્ચાઈનો નિષેધ કરતો નથી; તેને મતે જેમ નિશ્ચયનય સાચો છે, તેમ વ્યવહારનય પણ સાચો છે. વસ્તુવ્યવસ્થા કેવળ નિશ્ચયથી કે કેવળ વ્યવહારથી જૈન દર્શનમાં નથી બતાવી; તેથી જ આત્માને અરસ, અગન્ધ આદિ વિશેષણોથી નવાજવા સાથે સંસારી આત્મામાં રૂપ, રસ, ગંધ આદિનો સ્વીકાર પણ કર્યો છે. આત્માનો મોક્ષ કે આત્માની મુક્તાવસ્થા જેટલી સાચી છે તેટલી જ સાચી તેની સંસારાવસ્થા પણ છે. ભેદ છે તો તે એ કે એક ત્યાજ્ય છે, જ્યારે બીજી ઉપાદેય છે. પણ આથી બંનેની સચ્ચાઈમાં ભેદ નથી. અદ્વૈતવેદાંત અને જૈન દર્શનમાં અહીં જ ભેદ પડે છે. અદ્વૈતવેદાંત કહે છે કે જે મુક્તાત્મા–બ્રહ્મ છે તે જ સત્ય છે અને સંસારાવસ્થા મિથ્યા છે, ત્યારે જૈન દર્શન આત્માની મુક્તાવસ્થાની જેમ જ સંસારી આત્માને પણ સત્ય કહેશે. વેદાંત આત્માની ત્રૈકાલિક સત્તાને સત્ય માને છે, પણ આત્માની કાલમર્યાદિત કોઈ પણ અવસ્થાને સત્ય માનતું નથી, જ્યારે જૈનો ત્રૈકાલિક આત્મચૈતન્યની જેમ જ આત્માનો મનુષ્યજન્મ આદિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે મર્યાદિત કાલની વિવિધ અવસ્થાઓ છે, તેને પણ સત્ય માને છે. ટૂંકામાં, અદ્વૈતવેદાંત જે પ્રપંચને મિથ્યા માને છે, તેને જૈન દર્શન સત્ય માને છે. જૈન દર્શનમાં પરમબ્રહ્મનો સમાવેશ નિશ્ચયનયમાં છે અને પ્રપંચનો સમાવેશ વ્યવહારનયમાં છે. અને નિશ્ચય તથા વ્યવહાર બંનેને જૈન દર્શન સત્ય માને છે. આથી જ નિશ્ચયનયની દૃષ્ટિએ absoluteને જૈન દર્શનમાં સ્થાન છે જ, પણ માત્ર absoluteને જ જૈન દર્શનમાં સ્થાન છે એવું નથી. non-absoluteને પણ જૈન દર્શન માને છે, કારણ કે, તે વ્યવહારને પણ સત્ય માને છે.

શ્રી અરવિંદનો સમન્વય—શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાં એક પરમતત્ત્વ માનવામાં આવ્યું છે, જેને ખરી રીતે તેઓ અવર્ણનીય કહે છે, છતાં પણ કંઈક વર્ણન કરવું જ હોય તો તેને તેઓ સચ્ચિદાનંદ કહેવાનું પસંદ કરે છે. એમના મતે આ એક જ તત્ત્વમાંથી ચેતન અને જડ બંને તત્ત્વોની સૃષ્ટિ થાય છે. અર્થાત્ એક જ તત્ત્વમાં જડ-ચેતનનો કશો જ વિરોધ નથી. શંકરની જેમ તેઓ જડને માયિક નથી માનતા, પણ જ્યારે સત્તત્ત્વમાં ચેતનશક્તિ કે જ્ઞાન-શક્તિ સુપ્ત હોય છે ત્યારે તે જડ કહેવાય છે અને ક્રમે કરી તે વિકસે ત્યારે અંતમાં ચૈતન્ય એના પૂર્ણ સ્વરૂપમાં આવી જાય છે. બાહ્ય જે ભૌતિક વસ્તુઓ છે તે પણ શ્રી અરવિંદના મતે સત્ છે. એને શંકરની જેમ શ્રી અરવિંદ માયિક નથી કહેતા, જૈન દૃષ્ટિએ પણ સત્ સામાન્ય તત્ત્વ એક જ છતાં તેના બે વિશેષો છે : એક ચૈતન્ય અને બીજું જડ. આમ એક રીતે અનેકાંતને શ્રી અરવિંદના મતમાં પણ સ્થાન છે જ.

બૌદ્ધ વગેરેમાં અનેકાંતવાદ—ભગવાન બુદ્ધના અનુયાયી ધર્મકીર્તિ અને શાંતરક્ષિત જેવા આચાર્યોએ પણ અનેકાંતવાદમાં વિરોધાદિ દોષ જોયાં છે, પણ સ્વયં બુદ્ધ વિભજ્યવાદી હતા. આથી જ તેઓએ અનેક પ્રકારના એકાંતોનો નિષેધ કરીને પોતાના માર્ગને મધ્યમ માર્ગનું નામ આપ્યું છે. તેમણે વસ્તુને ક્ષણિક કહી છે એ સાચું છે, પરંતુ સાથે જ ધર્મકીર્તિ અને શાંતરક્ષિત પણ પ્રવાહનિત્યતા માનીને પુનર્જન્મની વ્યવસ્થા ઘટાવે જ છે. આમ અનેકાંતવાદનો નિષેધ કરવા છતાં તેઓ આડકતરી રીતે તેનો સ્વીકાર કરે છે જ.

મીમાંસક કુમારિલ એક તરફ એમ કહે છે કે જૈન-બૌદ્ધનો અહિંસા આદિનો ઉપદેશ સારો તો છે, પણ તે ચામડાની બોખમાંના પાણીની જેમ અગ્રાહ્ય છે, કારણ કે તે વેદવિરોધીઓના મુખથી થયેલ છે. પણ એ જ કુમારિલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે વસ્તુવિચાર કરે છે, અને ખાસ કરી આત્મવિચાર કરે છે, ત્યારે જૈનોના અનેકાંતવાદને સંમત એવા ભેદાભેદનો આશ્રય લે છે. અને દ્રવ્ય-પર્યાયવાદનો આશ્રય લઈ વસ્તુની નિત્યતા-અનિત્યતા સિદ્ધ કરે છે.

નૈયાયિકોને અનેકાંતવાદમાં વિરોધ જણાયો છે, પણ એ જ નૈયાયિકોએ અવાન્તર જાતિના એક પ્રકારને સામાન્ય–વિશેષ કહ્યો છે; જેમ કે ગોત્વ જાતિ એ ગાયોની અપેક્ષાએ સામાન્ય છે, પણ અશ્વત્વની અપેક્ષાએ વિશેષ છે.

રામાનુજ, વલ્લભ આદિ બ્રહ્મના પરિણામવાદને માનનારા હોઈ તે વિષે તેઓ પણ અનેકાંતવાદી જ કહેવાય, છતાં પણ તેઓ શંકરાચાર્યે કરેલ અનેકાંતવાદના ખંડનમાં સંમત થાય છે, તે સાંપ્રદાયિક અભિનિવેશ જ છે.

—'પ્રબુદ્ધજીવન', ૧–૩–૬૩, ૧–૪–૬૩, ૧૬–૪–૬૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

ધર્મની કસોટી

ભગવાન મહાવીરના ધર્મનું રહસ્ય એક શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે તમે તમારા પોતાના ઉપર ભરોસો રાખી આગળ વધો. તમારો ઉદ્ધાર અગર નાશ તમે પોતે જ કરી શકો છો. આ રહસ્ય ભૂલવાને કારણે જ આપણે ધર્મની ચાવી બીજાના હાથમાં સોંપી દીધી છે. જૈનધર્મનું ઉત્થાન શાથી થયું એ જો ઇતિહાસજ્ઞને પૂછવામાં આવે તો તે કહેશે કે હિંદુધર્મના ગુરુઓએ અને ઈશ્વરે લોકોના ઉદ્ધારની ચાવી પોતાની પાસે રાખી લોકોને નિર્બળ અને અસહાય બનાવી મૂક્યા હતા, એ તેમની અસહાયતા ટાળવા માટે જ જૈન અને બૌદ્ધ ધર્મો આગળ આવ્યા છે. આચાર્ય હરિભદ્રે ધર્મની શી કસોટી છે તે ટૂંકામાં બતાવી છે. જેમ સોનાની તાપ, છેદ અને કષથી પરીક્ષા થાય છે. તેમ ધર્મની પણ એ ત્રણ પરીક્ષાઓ છે.

કષ—કોઈ પણ જીવની હિંસા ન કરવી. હિંસાનો અર્થ માત્ર મારવું એ નથી, પણ મન-વચન-કાયાથી કોઈ પણ જીવને ન દૂભવવો એ તો છે જ; તે ઉપરાંત પોતાના આત્મામાં પણ ક્લેશને ઉત્પન્ન ન થવા દેવો તે પણ છે. આવા વ્યાપક અર્થમાં (૧) હિંસાનો નિષેધ અને (૨) આત્માને શાંતિ મળે તેવા ઉપાયોની યોજના કરવી–એ બે વસ્તુ જેમાં હોય તે ધર્મ છે, તે શુદ્ધ ધર્મ છે: ધર્મના વિષયમાં આ પરીક્ષા **કષ** કહેવાય છે.

છેદ—કોઈ પણ બાહ્યાનુષ્ઠાન એવું ન હોય, કોઈ પણ વ્યવહાર એવો ન હોય, કોઈ પણ આચરણ એવું ન હોય, જેથી ઉપલી બે બાબતમાં બાધા આવે. અર્થાત્ ધર્મને નામે સમાજમાં કલહવૃદ્ધિ, ઇર્ષ્યા. દ્વેષનો વધારો થાય એવું કોઈ પણ કૃત્ય કરવાની ધર્મમાં છૂટ નથી. ધર્મના વિષયમાં આ પરીક્ષા **છેદ** કહેવાય છે.

તાપ—જીવ છે, તેને સંસાર છે, બંધ છે અને મોક્ષ પણ છે એવી માન્યતા જેમાં હોય તે ધર્મ છે. આ પરીક્ષા **તાપ** કહેવાય છે.

આમ સોનું જેમ તવાઈ, છેદાઈ અને કસોટી ઉપર ચઢી શુદ્ધ થાય છે. અને બધી પરીક્ષામાં પાર ઊતરે છે અને શુદ્ધ ઠરે છે, તેમ ધર્મ પણ ઉપલી ત્રણે પરીક્ષામાં પસાર થાય તો તેને શુદ્ધ ધર્મ કહેવો, અન્યથા મિથ્યા ધર્મ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવટી ધર્મ, ઠગારો ધર્મ કહેવો. એવા ધર્મથી જીવનું ભલું થવાને બદલે અહિત જ થવાનું છે.

નિશ્ચય અને વ્યવહારની સમતુલા

આ કસોટી ઉપર ચડાવી જો ધર્મની પરીક્ષા કરવામાં આવે તો તે નહિ મળે એકાંત નિશ્ચયના ઉપદેશ કરનારામાં અને નહિ મળે માત્ર વ્યવહારની મોટી મોટી વાતો કરનારામાં. ઉપદેશ નિશ્ચયનો હોય કે વ્યવહારનો, પણ તેથી સમાજમાં કલહવૃદ્ધિ જો થતી હોય તો તે ધર્મ હોઈ શકે જ નહિ અને તેના ઉપદેશક ક્યાંઈક ભૂલે છે એમ જરૂર માનવું જોઈએ. ધર્મના ઉપદેશ અને અનુષ્ઠાનને પરિણામે જો જીવનમાં અશાંતિ જ લાધતી હોય તો સમજવું કે તે ધર્મ નથી, ધર્માનુષ્ઠાન નથી, પણ ધર્મના નામે કાંઈક ભળતું જ આપવામાં આવ્યું છે.

હરિભદ્રાચાર્ય એક સ્થળે વ્યવહારધર્મ અને નિશ્ચયધર્મનો સમન્વય કરતાં કહે છે કે જૈન સિદ્ધાંતમાં તે બંને નયોનું સમપ્રાધાન્ય છે. જો તું જૈન મતને સ્વીકારતો હોય તો પછી એ એમાંથી એકને પણ છોડીશ નહિ. વ્યવહારના ઉચ્છેદથી તીર્થનો ઉચ્છેદ થાય છે અને વ્યવહારમાં પ્રવૃત્તિ થવાથી ક્રમશઃ જીવનો શુભ પરિણામ થઈ તે દ્વારા તે પરિણામે તો કર્મબંધનોને ઢીલા કરી મોક્ષમાર્ગે ચડે છે અને તે જ તો નિશ્ચયનયને ઇષ્ટ છે. તો પછી વ્યવહાર છોડી નિશ્ચયમાં શા માટે રાચવું?

આચાર્ય ભદ્રબાહુના શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે જેમને આકરાં અનુષ્ઠાનો ગમતાં નથી, કાંઈક કરવું પડે તેમાં આળસ ચડે છે, તેઓ નિશ્ચયની વાતો કરીને ભગવાનના શાસનનો નાશ કરે છે.

પણ તેથી ઊલટું, જે લોકો ખાલી વ્યવહારની વાતો કરે છે, ભાવની—નિશ્ચયની પરવા નથી કરતા, વ્યવહારના નામે સમાજની શાંતિને પણ જોખમમાં નાખે છે, તેઓ સમાજને શાંતિના માર્ગે તો લઈ જતાં જ નથી, ઊલટું આડંબરમાં જ પડી ધર્મના રહસ્યને, સાધારણ મનુષ્યની સમાજમાં તે આવવા જ ન પામે તેવી રીતે, ગોપવી રાખી મહાપાતક કરે છે.

એટલે ગમે તેનો ઉપદેશ સાંભળીએ, પણ તેની કસોટી સદાય પોતાની હોવી જોઈએ; તે કસોટી આચાર્ય હરિભદ્રે બતાવી છે તે અગર તેવી જ પોતે ઘડી કાઢવી જોઈએ અને તે કસોટીએ કસી જોયા પછી જ એ ઉપદેશનો આદર અગર અનાદર કરવો જોઈએ.

—"પ્રબુદ્ધજીવન", તા. ૧૫-૮-૪૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१४

आत्मदीपो भव—આત્મદીપ બનો !

ભગવાન મહાવીરનો અંતિમ સંદેશ કયો એ જાણવું જરૂરી છે. કોઈ ઉત્તરાધ્યયન સૂત્રને તેમનો અંતિમ સંદેશ કહે છે; તો કોઈ કહે છે કે, કેટલાક અણપૂછ્યા પ્રશ્નોના ઉત્તર તેમણે અંતિમ કાળમાં આપ્યા તે. એ ગમે તેમ હો, પણ એક વાત નક્કી છે કે, તેમણે ગૌતમને જે રીતે ઉપદેશ આપ્યો અને ગૌતમનો જે પ્રકારે મોહ નષ્ટ થયો, એ આપણે જાણીએ તો તેમના અંતિમ ઉપદેશનું રહસ્ય મળી રહે છે.

મૂર્છા-મોહનો ત્યાગ

ભગવાન મહાવીરના સમગ્ર ઉપદેશનો સાર 'મૂર્છાત્યાગ'માં સમાયો છે. અને એ મૂર્છાત્યાગનો આધાર મનુષ્યનો પોતાનો 'પુરુષાર્થ' છે; તેમાં કોઈની પણ કૃપા કામ કરી શકતી નથી.

ગૌતમ ભગવાનના અનન્ય ઉપાસક હતા. અને તેઓ ભગવાનને સર્વસ્વ માનતા. એમ પણ કહી શકાય કે તેમની ભગવાન પ્રત્યેની ભક્તિ સૂક્ષ્મ મૂર્છા–મોહમાં પરિણામી હતી. આ સૂક્ષ્મ મોહ જ તેમના કેવળજ્ઞાનમાં બાધક હતો, એ ભગવાન પણ સારી રીતે જાણતા હતા. ભક્તિ અને મોહમાં જે ભેદ છે–જે સૂક્ષ્મ ભેદ છે–તેનું રહસ્ય પોતાના જીવનની અંતિમ ક્ષણોમાં બતાવવા માટે ભગવાને સ્વયં ગૌતમને પોતાથી અળગા કર્યા. ગૌતમને પોતાને જીવનભર એ દુઃખ રહ્યું હતું કે, મારા પોતાના શિષ્યો કેવળજ્ઞાનને પામ્યા, છતાં હું કેમ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો નથી? પણ તેમની પોતાની સૂક્ષ્મ મૂર્છા તેમાં બાધક હતી, તેનો ખ્યાલ તેમને ન હતો. આ રોગનું નિદાન ભગવાને કર્યું : પોતાના નિર્વાણ સમયે જ ગૌતમને પોતાથી અળગા કર્યા અને પોતે નિર્વાણને પામ્યા.

આ વાતની ખબર જ્યારે તેમને પડી ત્યારે જ ગૌતમે પોતાના જીવનમાં એક અપૂર્વ આંચકો અનુભવ્યો. તેમને લાગ્યું કે ભગવાનની આ કેવી નિર્મમતા કે અંતિમ ક્ષણે જ મને અળગો કર્યો! જીવનભરના સાથીની આવી ઉપેક્ષા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને ક્ષણભર રોષ પણ આવ્યો અને એ રોષમાંથી જ તેઓ તેમના જીવનના અંતિમ ઉદ્ધારને માર્ગે વળ્યા. તેમણે વિચાર્યું કે મેં ભગવાનની અનન્યભાવે ઉપાસના તો કરી, પણ મારા પોતાના 'આત્માની ઉપાસના' હું ચૂકી ગયો ! ઉપાસના આવશ્યક છે, પણ તેમાં જીવ જો પોતાના આત્માને જ ચૂકી જાય તો તે ઉપાસના ગમે તેટલી તીવ્ર હોય છતાં તે પોતાનો ઉદ્ધાર કરી શકે નહિ. એટલે ઉપાસના એ ઉપાસના ખાતર જ નહિ, ઉપાસ્ય ખાતર પણ નહિ, પણ ઉપાસકના 'આત્મા' ખાતર જ છે એનું ભાન સતત રહેવું જોઈએ. આવું ભાન જો રહે તો તે ઉપાસક ઉપાસના ગમે તેની કરે પણ તે ઉપાસનાનું પરિણામ તો પોતાની ઉપાસનામાં જ આવે અને ત્યારે જ તે પોતાનો ઉદ્ધાર પોતે કરી શકે. ભગવાનનો હું અનન્ય ઉપાસક છતાં તેમને મારામાં રાગ–મોહ હતો નહિ, એટલે જ તેઓ મારા જેવા અનન્ય ઉપાસકને પણ છોડી શક્યા, મારા પ્રત્યેનો રાગ તેમને બાંધી શક્યો નહિ, મારી ઉપાસના તેમને રોકી શકી નહિ; તો મારો પણ એ જ માર્ગ હોઈ શકે. તેઓ મારા ઉપાસ્ય ખરા પણ મારી મહાવીરની ઉપાસના મારા પોતાના આત્માની ઉપાસનાના એક સાધનરૂપ જ છે. તેમની ઉપાસના કરતો કરતો હું જો મારા આત્માની ઉપાસનાને ભૂલી જાઉં કે તેમની ઉપાસના દ્વારા આત્માની ઉપાસનાને માર્ગે ન વળું અને કેવળ તેમની જ ઉપાસનાને વળગી રહું તો એ પણ એક મોહ છે, સૂક્ષ્મ મૂર્છા જ છે. આવી મૂર્છા મારામાં છે જ અને એ મૂર્છાનો જ્યાં સુધી નાશ ન થાય ત્યાં સુધી મારી આત્મોપાસના પૂર્ણ થતી નથી અને એવી આત્મોપાસના વિના આત્મોદ્ધારનો માર્ગ મળતો નથી.

આવી જ કોઈક વિચારણાને આધારે ગૌતમે મૂર્છામાં અટવાઈ પડેલા આત્માને પ્રાપ્ત કર્યો અને તેમનાં બંધનો તૂટી ગયાં; તેઓ નિર્મોહી બન્યા અને કેવળ જ્ઞાનને પામ્યા.

આપણે જ આપણા ઉદ્ધારક

આ ઘટના ઉપરથી આપણે સહેજે એ તારવી શકીએ છીએ કે, જૈન ધર્મમાં ભક્તિનું સ્થાન છે ખરું, પણ એ ભક્તિ એકપક્ષીય છે; એટલે કે જેની આપણે ભક્તિ કરીએ છીએ તેઓ આપણા ઉપર કશી જ કૃપા કરતા નથી, તેઓ આપણા ઉપર રાગ કરતા નથી, એટલે છેવટે તો આપણો ઉદ્ધાર આપણે જ કરવાનો છે. ઉપાસ્ય એ તો માત્ર ધ્રુવતારો છે, એ બતાવે છે કે, માર્ગ કયો છે. એ માર્ગ નિર્મમતાનો છે. એટલે આપણે પણ છેવટે નિર્મમ જ થવાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ધ્રુવમંત્ર એ ધ્રુવતારા રૂપ ઉપાસ્ય પાસેથી આપણે પ્રાપ્ત કરીએ છીએ અને એમાંથી જ આપણા ઉદ્ધારને માર્ગે આપણે વળીએ છીએ.

આત્મદીપ બનીએ

ભગવાનનો અંતિમ ઉપદેશ કયો તે એક શબ્દમાં કહેવું હોય તો તે પરિગ્રહત્યાગ છે. આપણે આંતર–બાહ્ય પરિગ્રહોના ત્યાગની ભાવના પ્રબળ બનાવીએ અને 'આત્મદીપ' બનીએ એ જ આત્માને પામવાનો મુખ્ય માર્ગ છે.

બાહ્યદીપ ભગવાન છે. એ દીપથી આત્મદીપ સળગાવી આપણે આપણા જીવનને સાર્થક બનાવીએ અને બીજાને માટે બાહ્યદીપ બનીએ. અને એ દીપ પરંપરા સદા જલતી રાખવામાં આપણા જીવનની સાર્થકતા અનુભવીએ તો જ આપણું જીવન અને આપણી સાધના સાર્થક બને.

— "જૈનપ્રકાશ', તા. ૧–૧૧–'૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org